
No Pages to Display

આ પુસ્તક
શ્રી ગંગાદાસ ઘાલે
તરફથી ભેટ મળેલું છે.



આ પુસ્તક ~~દસ~~, ~~પંદર~~, ત્રીસ, દિવસ સાચવી શકાશે.

22 SEP 2020

17826

શિક્ષણ પત્રિકા-૧૯૫૯

22 SEP 2020

પુસ્તક સમયે

ત

)

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
भावनगर

P
050
SHI-59
17826

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૧ : એપ્રિલ, ૧૯૫૯



એકાંગી રમતો નકામી

સારા બાળમંદિરમાં બાળકના કેવળ બુદ્ધિ-વિકાસનો જ વિચાર ન થવો જોઈએ. દરેક બાળકને બળ વધારનાર જોશદાર રમતની તેમજ શાંતિથી રમી શકાય એવા બને પ્રકારની રમતોની જરૂર હોય છે. આવી રમતોમાંથી જ એમનાં શરીર અને મનનો સુસંગત વિકાસ થાય છે. આવી રમતોમાં તેમની સામાજિકતાનો વિકાસ થાય છે એટલે પૂર્વપ્રાથમિક શાળાએ બાળકોની રમતોનું સ્વરૂપ એકાંગી ન બને તે ખાસ ધ્યાન રાખીને જોવું જોઈએ.

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ રૂ. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : સરસ્વતી પ્રેસ : ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૧ : એપ્રિલ, ૧૯૫૯



એકાંગી રમતો નકામી

સારા બાળમંદિરમાં બાળકના કેવળ બુદ્ધિ-વિકાસનો જ વિચાર ન થવો જોઈએ. દરેક બાળકને બળ વધારનાર જોશદાર રમતની તેમજ શાંતિથી રમી શકાય એવા બને પ્રકારની રમતોની જરૂર હોય છે. આવી રમતોમાંથી જ એમનાં શરીર અને મનનો સુસંગત વિકાસ થાય છે. આવી રમતોમાં તેમની સામાજિકતાનો વિકાસ થાય છે એટલે પૂર્વપ્રાથમિક શાળાએ બાળકોની રમતોનું સ્વરૂપ એકાંગી ન બને તે ખાસ ધ્યાન રાખીને જોવું જોઈએ.

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ રૂા. ૪/૭૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : સરસ્વતી પ્રેસ : ભાવનગર

ઉંમર વધી
ગઇ છે
દાંત વા
મહેંદ નથી...





વાળને કુદરતી રીતે શ્યામ કરવા માટે દુનિયાભરમાં માન્યતા પામેલ.

માથાના વાળ ગમે તેટલા સફેદ કેમ ન હોય પણ "લોમા" તેને અચૂક રીતે શ્યામ બનાવે છે.

યાદ રાખો કે "લોમા" એ કલર નથી પણ વાળને કુદરતી રીતે શ્યામ કરતું શ્રેષ્ઠ કેશ પ્રસાધન પણ છે કે જેમાં સારા ગણાતા તેલમાં હોય તે બધાજ ગુણો ઉપરાંત મોહક સુગંધ પણ છે.

સોલ એજન્ટસ: એમ. એમ. પંચાલવાલા, અમદાવાદ ૧.

એજન્ટસ: સી. નરોત્તમ એન્ડ કું., મંગલદાસ રોડ, મુંબઇ ૨.

MPS—



૮૮, સી. નાગૂ સયાજી વાડી,
ન્યૂ પ્રભાદેવી રોડ, મુંબઈ ૨૩.

શિક્ષણ-પત્રિકા


સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન માળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ


એપ્રિલ ૧૯૫૯

અનુક્રમ

બાલશિક્ષણ અને સંઘસમાચાર 3
સંપાદકીય ૫
મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ૭
રેતીનો ખાડો ૧૧
ક્ષોભ પ્રક્ષોભ ૧૫
બાળકની પ્રગતિનોંધ ૧૮
કેળવણીના વહેતા પ્રવાહો ૨૧
ફ્રોબેલનુ બાલોદ્યાન ૨૩



પુનિર્ડમ્પ બ્રધર્સ પ્રા. લિ., મુંબઈ, ૨૬



પ્લાસ્ટિક કંટેનરમા પણ મળે છે.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

મોરારજી વસનજી બાલમંદિર ઘાટકોપર: રામજી આસર વિદ્યાલયની વ્યવસ્થા હેઠળ ૧૯૨૮માં સ્થાપન થએલ આ સંસ્થાનો ચાલુ વર્ષનો વાલીદિન વિશેષ ઉત્સાહથી ઉજવાયો. ઉત્સવ નિમિત્તે આ બાલમંદિરને મોટી સખાવત આપનાર સ્વ. શેઠ શ્રી મોરારજીભાઈના આફ્રિકાવાસી પુત્ર શ્રી ધરમસી મોરારજી અધ્યક્ષપદે બિરાજ્યા હતા. એમના શુભ હસ્તે સંસ્થા માટે ચોજેલું નવું બાલક્રીડાંગણ ખોલવામાં આવ્યું. આ પ્રસંગે બાળકોએ સુંદર મનોરંજન કાર્યક્રમો રજૂ કર્યા હતા. અને નૂ. બા. શિ. સંઘના મંત્રી શ્રી શેષ નાભલે તથા મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુદાસ ઉપાધ્યાયે વાલીઓને ઉદ્દેશીને પ્રવચનો કર્યાં હતાં.

મીઠાપુર બાલમંદિર : સંસ્થાની કાર્યવાહીની ચૂંટણી તા. ૨૮ના રોજ થઈ જેમાં કુલ ૯ સભ્યો ચૂંટાયા છે. શ્રી સો. બી. જોષી પ્રમુખ, શ્રી એલ. આર. ગોહેલ મંત્રી શ્રી એમ. ડી. વાયેડા સહમંત્રી શ્રી આર. ડી. ચૌહાન કોષાધ્યક્ષ શ્રી એમ. ડી. થાદા સહકોષાધ્યક્ષ અને શ્રી મઝુ સક્રિય સભ્ય હોદ્દેદારો તરીકે ચૂંટાયા છે.

મુકુલ ભારતી બાલનિકેતન માંડવી વડોદરા. દશમા વાર્ષિકોત્સવ નિમિત્તે 'અંતરની આરસી' મથાળા નીચે સંસ્થાએ કરેલી પ્રગતિનો વિગતવાર ખ્યાલ આપ્યો છે. નાનકડી શરૂઆત કરીને સંસ્થાએ આજે જે રૂપ ધારણ કર્યું છે તે માટે શ્રીમતી પ્રભાવતીબેન પંજવાણી તથા તેમના સાથીદારોને અમે ધન્યવાદ આપીએ છીએ અને સંસ્થાનો એવો ઉત્તરોત્તર ઉત્કર્ષ થાય એમ ઇચ્છીએ છીએ.

નૂ. બા. શિ. સંઘ સૂરત શાખાના ૧૯૫૮-૫૯ના વર્ષનો અહેવાલ અમને મળી ગયો છે. આ વર્ષ શાખાએ સૂરત શહેર તેમ જ જિલ્લાનાં બાલમંદિરોની માહિતી મેળવવાનું કામ હાથ ધર્યું હતું તે માટે પ્રશ્નપત્રકો મોકલવામાં આવ્યાં હતાં. કુલ ૧૭ સંસ્થાઓની માહિતી મળી હતી. આ સંસ્થાઓમાં કુલ ૪૦૫ બાળકો તાલીમ લે છે. એમ તાલીમ પામેલા ૧૮ શિક્ષકો છે અને વગર તાલીમ પામેલા ૨૮ છે. શાળા તરફથી જૂનમાં બાળકેળવણીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગિજુભાઈ જયંતી અંગે શહેરમાં સ્નેહસંમેલન યોજાયું હતું. શાળાને સહકાર આપતાં દસ બાળમંદિરોએ નીચે મુજબ ફાળો ભેગો કર્યો હતો. મદરેસા બાળમંદિર રૂપિયા ૧૨=૫૦, શ્રીમતી નિરંજનાબહેન રૂા. ૧૪=૦૦, જનતા બાળમંદિર રૂા. ૫=૪૩ વિકાસ બાળમંદિર રૂા. ૪ શ્રી જડાવબેન રૂા. ૭=૩૫ જીવનભારતી બાલભવન તથા કિશોરભવન રૂા. ૫૭=૩૦ એ રીતે કુલ રૂા. ૧૦૦=૫૮ જયંતી નિમિત્તે મળ્યા. શાળાના કાર્યકરોને અમારા તરફથી ધન્યવાદ.

સંઘની પ્રવેશ અને પ્રાવીણ્ય પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર રોજ સવારે ૮થી ૧૦ તથા ૮થી ૧૧ એ સમયમાં તા. ૨૦, ૨૨, ૨૩ તથા ૨૪ના રોજ પરીક્ષાઓ રાખવામાં આવી છે.

ચર્ચા પરિષદ અને સંસ્કાર વર્ગો: આ અંકમાં જે સંપાદકીય આપ્યું છે તે તરફ અમે બાલશિક્ષકો તેમ જ અધ્યાપકોનું ધ્યાન દોરીએ છીએ. અને તેમને વિનતિ કરીએ છીએ કે આ પ્રકારની પરિષદો અને વર્ગોને માર્ગદર્શન થાય તે માટે બાળમંદિરોના તેમ જ અધ્યાપન મંદિરોના શિક્ષણ વિષયક પ્રશ્નો કાર્યાલય પર મોકલી આપે. આ ઉપક્રમો બને તેટલા ઉપયોગી બને તે માટે આપની સૂચનાઓ થશે તો વિચારમાં લઈ શકાશે.

નોકરી જોઈએ: પ્રહ્લાદભાઈ દેવરામ વ્યાસ મેટ્રિક Pre P. T. C. C/o પોપટલાલ નારણજી



૮૮, સી. નાગૂ સયાજી વાડી,
ન્યૂ પ્રભાદેવી રોડ, મુંબઈ ૨૩.

શિક્ષણ-પત્રિકા


સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન માળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ


એપ્રિલ ૧૯૫૯

અનુક્રમ

બાલશિક્ષણ અને સંઘસમાચાર	૩
સંપાદકીય	૫
મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ	૭
રેતીનો ખાડો	૧૧
ક્ષોભ પ્રક્ષોભ	૧૫
બાળકની પ્રગતિનોંધ	૧૮
કેળવણીના વહેતા પ્રવાહો	૨૧
ક્રોળિલનુ બાલોદ્યાન	૨૩



યુનિકેમ લેબોરેટરીઝ, મુંબઈ, ૨૬



પ્લાસ્ટિક કંટેનરમા પણ મળે છે.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

મોરારજી વસનજી બાલમંદિર ઘાટકોપર: રામજી આસર વિદ્યાલયની વ્યવસ્થા હેઠળ ૧૯૨૮માં સ્થાપન થએલ આ સંસ્થાનો ચાલુ વર્ષનો વાલીદિન વિશેષ ઉત્સાહથી ઉજવાયો. ઉત્સવ નિમિત્તે આ બાલમંદિરને મોટી સખાવત આપનાર સ્વ. શેઠ શ્રી મોરારજીભાઈના આફ્રિકાવાસી પુત્ર શ્રી ધરમસી મોરારજી અધ્યક્ષપદે બિરાજ્યા હતા. એમના શુભ હસ્તે સંસ્થા માટે યોજેલું નવું બાલક્રીડાંગણ ખોલવામાં આવ્યું. આ પ્રસંગે બાળકોએ સુંદર મનોરંજન કાર્યક્રમો રજૂ કર્યા હતા. અને મુ. બા. શિ. સંઘના મંત્રી શ્રી શેષ નાભલે તથા મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુદાસ ઉપાધ્યાયે વાલીઓને ઉદ્દેશીને પ્રવચનો કર્યાં હતાં.

ભીઠાપુર બાલમંદિર : સંસ્થાની કાર્યવાહીની ચૂંટણી તા. ૨૮ના રોજ થઈ જેમાં કુલ ૯ સભ્યો ચૂંટાયા છે. શ્રી સો. બી. જોષી પ્રમુખ, શ્રી એલ. આર. ગોહેલ મંત્રી શ્રી એમ. ડી. વાયેડા સહમંત્રી શ્રી આર. ડી. ચૌહાન કોષાધ્યક્ષ શ્રી એમ. ડી. થાદા સહકોષાધ્યક્ષ અને શ્રી મશ્રુ સક્રિય સભ્ય હોદ્દેદારો તરીકે ચૂંટાયા છે.

મુકુલ ભારતી બાલનિકેતન માંડવી વડોદરા. દશમા વાર્ષિકોત્સવ નિમિત્તે 'અંતરની આરસી' મથાળા નીચે સંસ્થાએ કરેલી પ્રગતિનો વિગતવાર ખ્યાલ આપ્યો છે. નાનકડી શરૂઆત કરીને સંસ્થાએ આજે જે રૂપ ધારણ કર્યું છે તે માટે શ્રીમતી પ્રભાવતીબેન પંજવાણી તથા તેમના સાથીદારોને અમે ધન્યવાદ આપીએ છીએ અને સંસ્થાનો એવો ઉત્તરોત્તર ઉત્કર્ષ થાય એમ ઇચ્છીએ છીએ.

મુ. બા. શિ. સંઘ સૂરત શાખાના ૧૯૫૮-૫૯ના વર્ષનો અહેવાલ અમને મળી ગયો છે. આ વર્ષ શાખાએ સૂરત શહેર તેમ જ જિલ્લાનાં બાલમંદિરોની માહિતી મેળવવાનું કામ હાથ ધર્યું હતું. તે માટે પ્રશ્નપત્રકો મોકલવામાં આવ્યાં હતાં. કુલ ૧૭ સંસ્થાઓની માહિતી મળી હતી. આ સંસ્થાઓમાં કુલ ૪૦૫ બાળકો તાલીમ લે છે. એમાં તાલીમ પામેલા ૧૮ શિક્ષકો છે અને વગર તાલીમ પામેલા ૨૮ છે. શાળા તરફથી જૂનમાં બાળકેળવણીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગિજુભાઈ જયંતી અંગે શહેરમાં સ્નેહસંમેલન યોજાયું હતું. શાળાને સહકાર આપતાં દસ બાળમંદિરોએ નીચે મુજબ ફાળો ભેગો કર્યો હતો. મદરેસા બાળમંદિર રૂપિયા ૧૨=૫૦, શ્રીમતી નિરંજનાબહેન રૂા. ૧૪=૦૦, જનતા બાળમંદિર રૂા. ૫=૪૩ વિકાસ બાળમંદિર રૂા. ૪ શ્રી જડાવબેન રૂા. ૭=૩૫ જીવનભારતી બાલભવન તથા કિશોરભવન રૂા. ૫૭=૩૦ એ રીતે કુલ રૂા. ૧૦૦=૫૮ જયંતી નિમિત્તે મળ્યા. શાળાના કાર્યકરોને અમારા તરફથી ધન્યવાદ.

સંઘની પ્રવેશ અને પ્રાવીણ્ય પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર રોજ સવારે ૮થી ૧૦ તથા ૮થી ૧૧ એ સમયમાં તા. ૨૦, ૨૨, ૨૩ તથા ૨૪ના રોજ પરીક્ષાઓ રાખવામાં આવી છે.

ચર્ચા પરિષદ અને સંસ્કાર વર્ગો: આ અંકમાં જે સંપાદકીય આપ્યું છે તે તરફ અમે બાલશિક્ષકો તેમ જ અધ્યાપકોનું ધ્યાન દોરીએ છીએ. અને તેમને વિનતિ કરીએ છીએ કે આ પ્રકારની પરિષદો અને વર્ગોને માર્ગદર્શન થાય તે માટે બાળમંદિરોના તેમ જ અધ્યાપન મંદિરોના શિક્ષણ વિષયક પ્રશ્નો કાર્યાલય પર મોકલી આપે. આ ઉપક્રમો બને તેટલા ઉપયોગી બને તે માટે આપની સૂચનાઓ થશે તો વિચારમાં લઈ શકાશે.

નોકરી જોઈએ: પ્રહ્લાદભાઈ દેવરામ વ્યાસ મેટ્રિક Pre P. T. C. C/o પોપટલાલ નારણજી

મહેતા, તેલંગ રોડ, મોતી બીલ્ડીંગ પેલે માળે મુંબઈ ૧૯

ધી ફ્રેાર્ટ નર્સરી એન્ડ ઈન્ફન્ટ સ્કૂલ પારસી બઝાર સ્ટ્રીટ મુંબઈ–સંસ્થાનેા ૧૬ મેા વાર્ષિક અહેવાલ મળ્યેા. પૂર્વપ્રાથમિક સંસ્થાનેા એક સારેા આદર્શ રજૂ કરતી આ સંસ્થા અને તેના માનનીય ડિરેક્ટ્રેસ શ્રીમતી તેહમિના એસ. દેસાઈ તથા તેમના સાથીદારેાના પ્રયત્નેાને અમે સફળતા ઇચ્છીએ છીએ.

શિશુવિહાર દાદર મુંબઈ ૧૪ શ્રીમતી તારાબેન મેાડક પ્રણીત આ સંસ્થાના આગામી રૌપ્ય મહેાત્સવની યેાજના વિચારવા માટે શિશુવિહાર અને બાલઅધ્યાપન મંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહ સંમેલન આવતા માસમાં યેાજવામાં આવશે. આ સંમેલનનાં નિમંત્રણેા બધાને મેાકલી શકાય તે માટે સંસ્થાના વિદ્યાર્થીઓ પેાતપેાતાના ચાલુ સરનામા મુખ્ય અધ્યાપક પર મેાકલી આપવાની કૃપા કરે.

નૂ. બા. શિ. સંઘની ૧૯૫૯ની પ્રવેશ અને પ્રાવીન્ પરીક્ષા: લેખા પરીક્ષાઓ તા. ૨૦ થી ૨૩ એપ્રિલ સુધીમાં યેાજવામાં આવશે. એ છેલ્લી પરીક્ષામાં દરેક કેન્દ્રમાંથી પરીક્ષાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

ઈંદેાર કેન્દ્રઃ ૪૭, અમદાવાદઃ ૨, સુરેન્દ્રનગરઃ ૨, કેાસવાડઃ ૧.

શ્રી ભાટુંગા ગુજરાતી સ્ત્રી મંડળ બાળ-મંદિર સંસ્થાનેા વાર્ષિકેાત્સવ તા ૧ માર્ચના રેાજ શ્રી શેષ નામલેની ઉપસ્થિતિમાં ઉજવાયેા.



મુંબઈ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાઓ માન્ય કરેલ

નૂતન બાળશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] એપ્રિલ ૧૯૫૯ [અંક : ૧

સંપાદકીય

ચર્ચા પરિષદ અને સંસ્કારવર્ગ યોજવા જ જોઈએ

પૂર્વ–પ્રાથમિક શિક્ષણની પુનર્રચના કરવાની દિશામાં પાણંદીકર સમિતિએ પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાનો અભ્યાસક્રમ અદ્યતન બનાવીને આ શિક્ષણના માર્ગમાં એક મહત્ત્વનું પગલું ભર્યું છે. જૂન ૧૯૫૮ થી આ પ્રશિક્ષણક્રમ મુંબઈ રાજ્યના પંદર અધ્યાપન મંદિરમાં શરૂ થઈને આ મહિનામાં પૂરો થશે. આ નવા પ્રશિક્ષણ ક્રમની પરીક્ષામાં લગભગ સાતસો શિક્ષક વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ આ વર્ષે બેસવાના છે. આ પરીક્ષાનું સામાન્ય રીતે ૮૦ટકા પરિણામ લક્ષમાં લેતાં સાડાપાંચસો કરતાં થોડા વધારે નવા પ્રશિક્ષિત બાલશિક્ષક બાલશિક્ષિકા આ રાજ્યમાં કામ શોધવા લાગશે. આમાંથી કેટલાક નોકરી કરશે તથા કેટલાક નોકરી કરશે નહિ, તથા કેટલાકને સરકારે પૂર્વપ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક શાળાના શરૂઆતના વર્ગો લેવા માટે નકારવાથી બેકાર રહેવું પડશે, એમ માનીએ તો પણ આ નવા શિક્ષકોમાંથી બહુસંખ્ય શિક્ષકો પૂર્વપ્રાથમિક શિક્ષણની ચાલુ અથવા નવી સંસ્થામાં કામ કરવા લાગશે.

શિક્ષકોનું જ્ઞાન કેવી રીતે જૂનું થાય છે ?

આ સંસ્થામાં જૂના અને નવા પ્રશિક્ષિત શિક્ષકોને ભેગા કામ કરવું પડશે. સામાન્ય પ્રશિક્ષિત શિક્ષક જ્યારે સંસ્થામાં કામ કરવાની શરૂઆત કરે છે ત્યારે વાલીઓની અપેક્ષા, સંચાલકોની અપેક્ષા, સંસ્થાની પરિસ્થિતિ તથા વાતાવરણ, શિક્ષકની ગૃહજીવનની વધતી જતી જવાબદારી આ બધાના સંયુક્ત પરિણામે શિક્ષકોની કાર્યક્ષમતાનો આલેખ (ગ્રાફ) સતત ઊતરતો રહ્યો છે એવો સામાન્ય અનુભવ છે. પ્રશિક્ષણ સંસ્થામાં મેળવેલું જ્ઞાન "પોથીમાંનાં રીંગણાં" જેવું બને છે. શિક્ષકોનું પોતાનું જ્ઞાન તાજું રાખવાની દૃષ્ટિથી આજના પૂર્વપ્રાથમિક શિક્ષકોને કોઈ પણ પ્રકારનું પ્રોત્સાહન મળતું નથી. શિક્ષકના ધંધા માટે બાલમંદિરમાં ખાસ પુસ્તકો પણ હોતા નથી. કેટલીક સંસ્થામાં પુસ્તકો હોય છે તો તેનો ઉપયોગ કરવાનો અવકાશ શિક્ષકોને હોતો નથી. આ બધી બાબતો લક્ષમાં લઈએ તો ચાલુ શિક્ષકોનો કસ કેમ ઊતરતો હશે એની સ્પષ્ટ કલ્પના આવી રહે છે તેથી જ સુધરેલા રાષ્ટ્રમાં શિક્ષકોને પોતાના ધંધામાં અદ્યતન રાખવા માટે દરેક ત્રણ વર્ષે સંસ્કાર વર્ગની (Refreshers Course) ખાસ યોજના કરવામાં આવે છે. પૂર્વ-પ્રાથમિક શિક્ષકો માટે આવા પ્રકારનો શિક્ષણક્રમ ગયા કેટલાંક વર્ષોમાં ન થયો હોવાથી ઠેકઠેકાણેના શિક્ષકોને આવા સંસ્કાર વર્ગોની આવશ્યકતા કેટલી જણાવા લાગી છે. એ નૂતન બાળશિક્ષણ સંઘના કાર્યાલયમાં આ અંગે આવેલા પત્રો ઉપરથી સચોટ રીતે ધ્યાનમાં આવે છે.

સંસ્કારવર્ગની યોજના

મુંબઈ રાજ્યના બધા વિભાગમાં કેટલાએ બાલ-શિક્ષકોને પોતાની આજુબાજુના લત્તામાં કયાંક થાય અને તેમાં આપણે ત્યાં પૂર્વપ્રાથમિક શિક્ષણ અંગેના જે નવા નવા પ્રયોગો થાય છે તે અંગેની અદ્યતન માહિતી મળવી જોઈએ એવું એમને લાગે છે. એટલે સંસ્કાર વર્ગની જે કોઈ પણ જાહેરાત કરે છે તેમાં શિક્ષકો જોડાય છે. તેને માટે પોતાની પાસે પૈસા ન હોય તો પણ ગમે ત્યાંથી એ ખર્ચ પણ કરે છે. સંસ્કાર વર્ગમાં દાખલ થનારા કેટલાએ શિક્ષકોને કેટલાક સંચાલકો પોતે મોકલે છે. શિક્ષકો અને સંસ્થાનો આવો ઉત્સાહ હોય ત્યાં તેને યોગ્ય અને વ્યવસ્થિત પ્રોત્સાહન મળવાની આજે ખૂબ જરૂર છે.

મુંબઈ રાજ્યમાં આવા સંસ્કાર વર્ગો વ્યવસ્થિત રીતે ચલાવવાની દૃષ્ટિથી (૧) સૌરાષ્ટ્ર–કચ્છ, (૨) ગુજરાત, (૩) મુંબઈમાં ગુજરાતી તેમ જ મરાઠી ભાષામાં એમ બે વર્ગો, (૪) મહારાષ્ટ્ર, (૫) વિદર્ભ તથા (૬) મરાઠવાડા એમ ઓછામાં ઓછા છ સંસ્કાર વર્ગો તો ચલાવવા જ જોઈએ.

સંસ્કાર વર્ગોનું આયોજન કોણે કરવું ?

ઉપરના કેટલાએ વિભાગમાં કેટલીક બાલઅધ્યાપન સંસ્થાઓ ચાલે છે. સૌરાષ્ટ્ર–કચ્છ આ વિભાગમાં ભાવનગર અને સુરેન્દ્રનગર. આ બન્ને શહેરોમાં ત્રણ અધ્યાપન સંસ્થા છે. ગુજરાતમાં અમદાવાદ તથા નડિયાદ એક બે અધ્યાપન સંસ્થા છે. ખુદ મુંબઈમાં બે; મહારાષ્ટ્રમાં પુનામાં, સાંગલીમાં તથા સોલાપુરમાં એમ કરીને ત્રણ અધ્યાપન સંસ્થા છે. વિદર્ભ અને મરાઠવાડામાં પણ ચાર સંસ્થા છે. સંઘની સાથે જોડાએલી નાગપુરની ભગિની સમાજે ચલાવેલી સંસ્થા બધામાં જૂની હોવાથી આ સંસ્થાએ પોતાના પ્રદેશમાં સંસ્કારવર્ગ ચલાવવાના ઉપક્રમમાં નેતૃત્વ સ્વીકારવું જોઈએ. બાકીની સંસ્થાઓનો સહકાર મેળવીને આ કાર્ય વ્યવસ્થિત રીતે કરી બતાવવું જોઈએ. આ પ્રમાણે આ અધ્યાપન સંસ્થાઓએ સંસ્કાર વર્ગની યોજના પોતપોતાના પ્રદેશ માટે યોજવાથી તેનો લાભ અનેક રીતે બાલશિક્ષણની પ્રગતિને મળશે.

અધ્યાપન સંસ્થાનું કર્તવ્ય

પૂર્વ–પ્રાથમિક શિક્ષણમાં હજી કેટલાંક વર્ષો તો સરકાર નેતૃત્વ સ્વીકારશે એવી આશા કરવી વ્યર્થ છે. તેથી આ કાર્ય માટે બાલઅધ્યાપન સંસ્થાએ પોતે જ આગળ આવવું જોઈએ. આપણી સંસ્થા-માંથી પ્રશિક્ષણ લઈને બહાર નીકળેલા નવા શિક્ષકોને કાર્યક્ષમ રાખવાની ઘણીખરી નૈતિક જવાબ-દારી અધ્યાપન સંસ્થાઓ ઉપર જ છે. સંસ્થાએ આ બાબતમાં આંગળ પડતો ભાગ લેવો, એટલે પોતાનું કર્તવ્ય કર્યા બરાબર જ છે જેને લીધે અધ્યાપન સંસ્થાને પોતાના જૂના વિદ્યાર્થીઓ સાથે સંબંધ રહે છે.

અધ્યાપન સંસ્થાઓને જ આ શક્ય છે

નવા પ્રશિક્ષણ ક્રમનો અધ્યાપન સંસ્થાએ ગયું આખું વર્ષ અભ્યાસ કર્યો છે, આગળ ઉપર આ અભ્યાસક્રમ તેમને ચાલુ રાખવો પડશે તે દૃષ્ટિથી જ આઠથી દસ દિવસનો અભ્યાસ બે મહિનામાં અથવા જૂનની શરૂઆતમાં કરવાથી અધ્યાપન સંસ્થાઓને પણ પોતાના વિદ્યાર્થીઓની ખરી મુશ્કેલીઓની કલ્પના આવશે. અધ્યાપન સંસ્થાઓના અધ્યાપકોમાં એક પ્રકારનો સાચો સહકાર નિર્માણ થશે અને બાલશિક્ષકોને પણ પોતપોતાની અધ્યાપન સંસ્થા આધારરૂપ લાગવા માંડશે. સરકારી મદદ મળે કે ન મળે અધ્યાપન સંસ્થાએ આ કાર્ય સ્વીકારીને પોતાનું કર્તવ્ય કરવું એવી અમારી આગ્રહભરી વિનંતી છે. આ સંસ્કારવર્ગ માટે નાનકડી એવી ફી રાખીને તેમાંથી શિક્ષકો માટે વાંચવા યોગ્ય સાહિત્ય અને બાલશિક્ષણનાં નવાં સાધનો બનાવી શકાશે. અધ્યા-પન સંસ્થાનાં સાધનોમાં તથા પુસ્તકોમાં આને લીધે વધારો થશે.

અધ્યાપકોની ચર્ચા પરિષદ

બાલશિક્ષકોના સંસ્કારવર્ગોની સાથોસાથ જ ગયા વર્ષે જે પ્રમાણે રાજ્યમાંની બધી બાલઅધ્યાપન સંસ્થાનાં અધ્યાપકો અને મુખ્ય અધ્યાપકોની ચર્ચા પરિષદ (સેમિનાર) યોજવામાં આવી હતી. તે પ્રમાણે આ વર્ષે પણ ફરી પરિષદ થવી જરૂરી છે. આ વર્ષે આ પરિષદ જૂલાઈના પહેલાં અઠવાડિયામાં ભરવાનો નૂતન બાલશિક્ષણ સંઘનો વિચાર છે. ગયા વર્ષે કાર્યપદ્ધતિ અંગે પરિષદે જે નિર્ણય લીધો તે બદલ જુદી જુદી સંસ્થાને શું અનુભવ થયો છે એની એક બીજાને ખબર પડવી જોઈએ. મુક્તવ્યવસાય, ઇન્દ્રિય શિક્ષણ, નિસર્ગપરિચય પ્રયોજિત પ્રવૃત્તિઓ, હસ્તવ્યવસાય શારીરિક શિક્ષણ એ બાબતનો અભ્યાસક્રમ કરતી વખતે કઈ કઈ મુશ્કેલીઓ આવી. દરેકે તેમાંથી શી રીતે માર્ગ કાઢ્યો એ સમજવું જોઈએ. સાધનપોથી, પરિભાષા, સંદર્ભ-ગ્રંથ, પાઠોનું સ્વરૂપ આ અંગેના અનુભવોના અનુસંધાનનાં છૂટથી ચર્ચા થવી જોઈએ.

ગયે વર્ષે ચર્ચા પરિષદમાં મુખ્યત્વે કાર્યપદ્ધતિ યોજવા જોઈએ. અને પરીક્ષાનો વિચાર થયો પરંતુ લેખી વિભાગના પ્રશિક્ષણનાં પ્રશ્નો પણ કંઈ ઓછા નથી. આ વર્ષે કેટલાક અધ્યાપકોના અમને જે પત્રો આવ્યા તે ઉપરથી બાલમાનસશાસ્ત્ર બાલશૈક્ષણિક ઇતિહાસ, પ્રચલિત પ્રશ્નો, બાલ આરોગ્ય આ વિષયોના પ્રશિક્ષણ અંગે ખુલાસો કરનારી ચર્ચા વિચારણા પણ પરિષદમાં થવી જોઈએ. આ પ્રકારની પરિષદોની ઉપયોગિતા વિષે લખવાની જરૂર નથી.

પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પુનર્રચના

પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પુનર્રચનામાં અધ્યાપન સંસ્થાનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. આ સંસ્થામાંનો અધ્યાપન વર્ગ ઉચ્ચ અભ્યાસની કક્ષાએ રહીને પૂર્વ-પ્રાથમિક શિક્ષણના બધા પ્રશ્નોનો વિચાર કરતો હોવાથી પૂર્વ-પ્રાથમિક શિક્ષણને યોગ્ય સ્વરૂપ આપવાનું કાર્ય આ સંસ્થા જ કરવાની છે. તેથી આ સંસ્થાના અધ્યાપકોએ, મુખ્ય અધ્યાપકોએ અને સંચાલકોને, અમે આવ્હાન કરીએ છીએ. તેમણે શિશુશિક્ષણને યોગ્ય સ્વરૂપ આપીને તેને યોગ્ય દિશામાં પ્રગતિ કરાવવા માટે સર્વ શક્ય ઉપાય

— નાઝલે



મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ

Free Universal and Compulsory System of Primary Education.

કોઈ પણ દેશમાં અને કોઈ પણ સમાજને શિક્ષણની આવશ્યકતા છે. કારણ શિક્ષણને લીધે વ્યક્તિને પોતાની સંસ્કૃતિનું અને સમાજનું વિશેષ જ્ઞાન મળે છે. સમાજના ઉત્પાદનનાં સાધનો, જીવનનો વ્યવહાર અને પોતાની કાર્યક્ષમતાની કલ્પના આવે છે. શિક્ષણને લીધે વ્યક્તિને ઉદ્યોગ-ધંધો સૂઝે છે, પોતાની આર્થિક પરિસ્થિતિ સુધારી શકે છે અને આજુબાજુની પરિસ્થિતિનો લાભ કેવી રીતે મેળવવો તે સમજાય છે. જે દેશમાં સાર્વત્રિક, ફરજિયાત અને મફત શિક્ષણની સગવડ નથી હોતી ત્યાં ભણેલા અને અભણ એવા સમાજના બે ભાગ પડે છે. ભણેલ લોકોના હાથમાં સમાજનાં ઉત્પાદનનાં સાધનો જાય છે; તેને લીધે ભણેલા લોકોનું જીવન વધુ ને વધુ સુધરતું જાય છે. ભણેલા લોકો અભણ લોકોને પોતાના સુખ માટે ગુલામીમાં બાંધીને તેમનું શોષણ કરી શકે છે. તેમના ઉપર અન્યાય

કરી શકે છે. એને લીધે ભણેલા લોકોના ઘરો સારા, તેમને વાપરવા માટેનું અન્ન અને કાપડ ઊંચું, આર્થિક સ્થિતિ ઊંચી હોવાથી તેમનાં છોકરાંઓને ભણવાગણવાની સારી સગવડો મળી શકે છે. અભણ લોકોની પરિસ્થિતિ આનાથી બિલકુલ ઊંધી હોય છે. દિવસે દિવસે તેમને ગુલામની સ્થિતિ પ્રાપ્ત થતી જાય છે. તેમનું જીવનધોરણ નીચું જતું જાય છે. તેમના હાથમાંથી ઉત્પાદનનાં સાધનો ભણેલા લોકોના હાથમાં સરતાં જાય છે. સમાજનો વ્યવહાર ન સમજવાથી તેમને શું કરવું તે તેમને સમજાતું નથી. આર્થિક ધોરણ નીચું જાય છે. તેમનું શોષણ થાય છે. ખરાબ ઘરો, અન્ન–વસ્ત્રનું દારીદ્ર્ય, છોકરાંઓને ભણાવી શકતા નથી. આવા દેશમાં ભણેલો અથવા તો શિક્ષિત સમાજ મુઠ્ઠીભર હોય છે અને અભણ સમાજનું પ્રમાણ ખૂબ મોટું હોય છે. સમાજના બે ભાગની વિષમતા સતત વધતી જઈને એકને ભાગે બધું સુખ, તો બીજાને ભાગે બધું દુઃખ એવું અન્યાયનું સામ્રાજ્ય દેખાવા લાગે છે. આવો અન્યાય હંમેશને માટે ચાલી શકતો નથી. તેમાંથી ન્યાય મેળવવા માટે અને પોતાનું માથું ઊંચું લાવવા માટે સમાજમાં ક્રાંતિકારી સંઘટના નિર્માણ થાય છે. આ સંઘટનાને લીધે વર્ગ–વર્ગ વચ્ચે ઝઘડા તથા સંઘર્ષ શરૂ થાય છે. આખરે બળવો, રક્તપાત, યુદ્ધો થઈને રાજ્યસત્તામાં ક્રાન્તિ થાય છે.

શિક્ષણ ફરજિયાત શા માટે ?

વિષમતા સંઘર્ષ, રક્તપાત યુદ્ધો અને ક્રાન્તિ ટાળવા માટે સુંવરેલાં બધાં રાષ્ટ્રમાં સાર્વત્રિક, ફરજિયાત અને મફત પ્રાથમિક શિક્ષણની યોજના ઘડાય છે. આવી યોજનાને લીધે શિક્ષણનો લાભ ગરીબ લોકોને પણ મળી શકે છે. જેમની પાસે પોતાનાં છોકરાંઓના શિક્ષણ માટે પૈસા નથી આવા છોકરાંઓને શિક્ષણ લેવાનું આવશ્યક તથા શક્ય બને છે.

ફરજિયાત શિક્ષણની આપણા દેશમાંની યોજના

આપણને સ્વાતંત્ર્ય મળ્યા બાદ આપણા દેશની રાજકીય સત્તા આપણા લોકોના હાથમાં છે. આપણા દેશની રાષ્ટ્રપતિની અને રાજ્ય ચલાવનારી લોકસભા તથા રાજ્યસભામાં કામ કરનારા લોકોની ચૂંટણી લોકો કરતા હોય છે. આપણા કેન્દ્રિય પ્રધાનમંડળો, રાજ્યના પ્રધાનમંડળો લોકોએ જ ચૂંટેલા હોય છે. એવા પ્રકારની રાજ્યવ્યવસ્થાને લોકશાહી કહેવાય છે. લોકશાહી રાજ્ય ચલાવનારા લોકોની ચૂંટણી લોકો જ કરતા હોવાથી આ ચૂંટણી યોગ્ય રીતે થવી જરૂરી છે. રાજ્ય ચલાવનારા લોકોની ચૂંટણી યોગ્ય રીતે કરવી હોય તો લોકો અજ્ઞાન રહીને ન ચાલે. રાજ્યકર્તાની ચૂંટણી યોગ્ય રીતે કરવી હોય તો લોકોને સારું શિક્ષણ મળવું જોઈએ. તેથી આપણા દેશને સ્વાતંત્ર્ય મળ્યા બાદ રાજ્ય–કારભાર ચલાવવા માટે એક મોટી નિયમાવલી તૈયાર કરવામાં આવી તેને જ ભારતીય રાજ્યઘટના કહે છે. આ ઘટનામાં આપણા દેશના શિક્ષણનું ધોરણ કેવા પ્રકારનું હોવું જોઈએ એ અંગેના કેટલાક ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા છે.

ભારતીય ગણરાજ્ય ઘટનાના કેટલાક ઉદ્દેશો

ભારતીય ઘટનાની ૪૫મી કલમમાં લખ્યું છે કે "આ રાજ્ય ઘટના શરૂ થયા પછીના દશ વર્ષના કાળમાં ચૌદ વર્ષ સુધીનાં બધાં છોકરાંઓ માટે મફત, સાર્વત્રિક અને ફરજિયાત શિક્ષણની સગવડ કરવાની દૃષ્ટિથી રાજ્ય બધા પ્રકારના પ્રયત્નો કરતું રહેશે." શિક્ષણ અંગેના આ ઉદ્દેશ પ્રમાણે ઘટનામાં રાજ્યના સ્વરૂપ વિષે, આ દેશમાં નિર્માણ કરવાના સમાજ વિષે, વ્યક્તિના હક્ક વિષે અનેક પ્રકારના ઉદ્દેશો નોંધ કરવામાં આવ્યા છે. બધાં ભારતીઓને પોતાનો વિકાસ કરી લેવા માટે સમાન તક પ્રાપ્ત કરી આપવી તે આ ઘટનાનો મુખ્ય ઉદ્દેશ છે. આ

ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે આપણા દેશની યોજનાબદ્ધ પ્રગતિ સાધવા માટે પંચવાર્ષિક યોજના રાખવામાં આવે છે. ૧૯૫૫–૫૬ માં આપણી પહેલી પંચવાર્ષિક યોજના પૂરી થઈ ને હવે બીજી યોજનાના ત્રણ વર્ષ પૂરાં થયાં છે. આ યોજનામાંથી ફરજિયાત પ્રાથમિક શિક્ષણની પ્રગતિને વેગ આપવાની દૃષ્ટિથી કાર્યક્રમ યોજેલો છે.

૧૯૫૦ સાલની પ્રાથમિક શિક્ષણની સ્થિતિ

૧૯૫૦ માં ભારતીય ઘટનાને આખરી સ્વરૂપ આપવામાં આવીને તેનો અમલ શરૂ થયો. ચૌદ વર્ષ સુધીની વયનાં બાળકોના શિક્ષણની જવાબદારી ઘટના પ્રમાણે રાજ્યે લીધી હોવા છતાં તે ઉદ્દેશને પહોંચી વળવા માટે પહેલા પ્રાથમિક શિક્ષણનો જ એટલે કે ૭ થી ચૌદ વર્ષની વયના શિક્ષણનો જ પ્રશ્ન સરકારે પહેલા હાથ ધરવાનું નક્કી કર્યું. ૧૯૫૦–૫૧ ની સાલમાં ૧૧ થી ૧૪ વર્ષની વયના બધાં બાળકોમાંથી ફક્ત ૪૨ ટકા અને ૧૧ થી ૧૪ વયના ૧૪ ટકા જ બાળકો જ પ્રાથમિક શિક્ષણ લેતા હતા. આનો અર્થ એમ થયો કે ૬ થી ૧૧ વર્ષની વયના ૫૮ ટકા છોકરાંઓને અને ૧૧ થી ૧૪ વર્ષની વયના ૮૬ ટકા બાળકોને શિક્ષણ મળ્યું નહોતું.

પંચવાર્ષિક યોજનાના ઉદ્દેશો

૧૯૫૫–૫૬ ની સાલમાં પૂર્ણ થએલી પહેલી પંચ વાર્ષિક યોજનાને લીધે ૬ થી ૧૧ વર્ષની વયના બાળકોના શિક્ષણનું પ્રમાણ ૪૨ ટકા ઉપરથી ૫૧ ઉપર આણવામાં આવ્યું છે અને ૧૧ થી ૧૪ વર્ષની વયના બાળકોનું શિક્ષણનું પ્રમાણ ૧૯.૨ ટકા ઉપર લાવવામાં આવ્યું છે. બીજી પંચવાર્ષિક યોજનામાં આ પ્રમાણ ૧૯૬૦ની આખરે અનુક્રમે ૬૨.૭ અને ૨૨.૫ ઉપર લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું છે. ભારતીય ઘટનામાં ઘટના શરૂ થયા પછીના પહેલા દશ વર્ષમાં (૧૯૫૦–૬૦) બધાં ભારતીય બાળકોને ફરજિયાત, મફત શિક્ષણ આપવાનો ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યો હોવા છતાં ઘટનામાં જાહેર થયેલાં ફરજિયાત શિક્ષણનો ઉદ્દેશ સાધવાની દૃષ્ટિથી આપણે હજી ખૂબ પાછળ રહ્યા છીએ અને આનું કારણ આપણા દેશની આર્થિક સ્થિતિ જ છે.

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગેની મુંબઈ રાજ્યની પ્રગતિ

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ–યોજનાની પ્રગતિ ભારતના બધા રાજ્યમાં સરખી નથી. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ૧૯૫૫–૫૬ સુધી સાક્ષરતાનું પ્રમાણ ૯–૧૦ ટકા સુધી છે. કેરળ, પશ્ચિમ બંગાળ, મુંબઈ અને મદ્રાસ રાજ્યમાં આ પ્રમાણ ૪૦.૮૮, ૨૪.૦૨, ૨૧.૬૪, તથા ૨૦.૮૧ છે.

ત્રાવણકોર–કોચીન રાજ્યમાં શાળાએ જનાર છોકરાંઓની સંખ્યામાંથી ૯૯.૮ ટકા છોકરાંઓ શાળાનો લાભ લે છે. મુંબઈમાં આ પ્રમાણ ૬૧.૧ હોવાની નોંધ કરવામાં આવી છે.

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ–યોજના સામે પ્રશ્ન

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ–યોજના આગળ વધારવા માટે પૈસા તો જોઈએ જ પરંતુ તેને લીધે આ શિક્ષણની પ્રગતિ ફક્ત પૈસાથી જ થાય છે એવું માનવું ભૂલ ભરેલું છે. ખાસ કરીને ગ્રામીણ વિભાગમાં જ્યાં આ શિક્ષણ ફરજિયાત કરવામાં છે ત્યાં બધાં જ બાળકો શાળાએ જાય છે એવું નથી. ૬ થી ૧૧ વયનાં બાળકો પણ ગરીબ કુટુંબમાં આર્થિક દૃષ્ટિથી મદદરૂપ બને છે. ખાસ કરીને જે કુટુંબમાં નાનાં નાનાં બાળકો છે એવા બાળકોની સંભાળ લેવાનું કામ આ વયનાં બાળકોને સોંપવામાં આવે છે. તેને લીધે માતા મજૂરી કરવા જઈ શકે છે આમ કુટુંબ અર્થોત્પાદન કરી શકે છે. આ વયના બાળકોને ખેતીના અથવા એવા કોઈ બીજા કામે મોકલીને કુટુમ્બના ઉત્પન્નમાં બાળકો પણ થોડી ઘણી મદદ કરે છે.

આથી ખૂબ ગરીબ કુટુમ્બોનો આ શિક્ષણ-યોજનામાં સહકાર મળતો નથી. ફરજિયાત શિક્ષણ ટાળવા માટે આ કુટુમ્બો શક્ય તે પ્રયત્નો કરે છે. એને લીધે આ શિક્ષણ-યોજનાનો યશ આપણે ત્યાંના કુટુમ્બની આર્થિક-સ્થિતિ ઉપર પણ ઘણું ખરું અવલંબે છે. આવી પરિસ્થિતિમાં કુટુમ્બને ફક્ત મફત શિક્ષણની સગવડ કરી આપવું પૂરતું નથી. તેથી આ શિક્ષણ આપવા માટે આ બાળકોના ખાવા-પીવાનો, કપડા-લત્તાનો ખર્ચ કર્યા ઉપરાંત તે છોકરાંઓનાં નાના ભાંડરડાંને સંભાળવાની પણ વ્યવસ્થા થવી જોઈએ. મુંબઈ રાજ્યમાં આ દૃષ્ટિથી જ આશ્રમ-શાળાની યોજના કરવામાં આવી છે. આ શાળામાં બાળકોના ખાવાપીવાનો, કપડાલત્તાનો લગભગ બધો જ ખર્ચ મુંબઈ રાજ્ય કરે છે.

આ ઉપરાંત જે શિક્ષણ ફરજિયાત કરવાનું હોય તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ, આ શિક્ષણ માટે શિક્ષક વર્ગનું શિક્ષણ કેવું હોવું જોઈએ, આ શાળાની ઇમારત કેવી હોવી જોઈએ, આ છોકરાંઓના આરોગ્ય માટે શું શું કરવું જોઈએ, છોકરાંઓના વાલીઓનો સહકાર કેમ મેળવવો જોઈએ, વાલીઓના સહકાર સિવાય પ્રાથમિક શિક્ષણ પરિણામકારક થઈ શકતું નથી તેથી વાલીઓનું શિક્ષણ કેવા પ્રકારનું યોજવું, શિક્ષણના સાધનો, ફર્નીચર કેવા પ્રકારનું હોવું જોઈએ પાઠ્યપુસ્તકો કેવા પ્રકારના હોવા જોઈએ? શાળા છોડીને જતા રહેતા છોકરાંઓનો પ્રશ્ન, નાપાસ થનાર છોકરાંઓનો પ્રશ્ન એવા કેટલાએ તાત્કાલિક મહત્ત્વના પ્રશ્નો ફરજિયાત પ્રાથમિક શિક્ષણ-યોજના સામે ઊભા છે.

ભારતીય સરકારે ફરજિયાત પ્રાથમિક શિક્ષણનું સ્વરૂપ બેઝિક એટલે મૂલોદ્યોગી પદ્ધતિનું હોવું જોઇએ એવું સ્વીકાર્યું છે. પરંતુ મૂલોદ્યોગી શિક્ષણપદ્ધતિ પણ હજી ગર્ભાવસ્થામાં જ હોવાથી તેનું પણ સ્વરૂપ ઘડાતું જાય છે. આ સ્વરૂપની પૂર્ણ કલ્પના આવે ત્યાં સુધી પહેલાંનું જે પુસ્તકીય પ્રાથમિક શિક્ષણ છે તે અટકાવવું શક્ય નથી. તેથી હાલની બેઝિક પ્રકારની પ્રાથમિક શાળા અને જૂના પ્રકારની પ્રાથમિક શાળા એની સંખ્યામાં સતત વધારો કરવાના પ્રયત્ન ચાલુ છે. બેઝિક શિક્ષણનું સ્વરૂપ નવું હોવાથી તેનો તો સુશિક્ષિતો તરફથી પણ વિરોધ થાય છે. તેમાં કેટલાક શિક્ષણતજ્ઞો તથા શિક્ષકો પણ છે. આવી સ્થિતિમાંથી ફરજિયાત, સાર્વત્રિક, મફત શિક્ષણ-યોજનાને એનો માર્ગ કાઢવાનો છે. શિક્ષણની આ વિકટ પ્રશ્નમાળામાંથી આપણી જનતા અને સરકાર માર્ગ કાઢશે જ એવી આશા સેવીએ.

— શેષ નાગલે



દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.
ફેકટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઇ ૩૮

રેતીને ખાડે

ગઈ કાલે કહ્યા પ્રમાણે અનસૂયાબેનને લઈને પ્રકાશની પાછળ પાછળ યશોદાબેન બાળમંદિરમાં આવ્યાં. આજે પ્રકાશે તેમની આંગળી પકડી નહોતી. માથી આગળ ઝટપટ પગલાં ભરતો તે મારી પાસે આવ્યો.

"નમસ્તે બે...ન, અમે આવ્યા."

"બા તમે અહીં બેસો. હું હવે રમવા જાઉં છું." એમ કહીને પ્રકાશ સીધો રેતીના ખાડા આગળ ગયો. કેટલાંક છોકરાંઓ એનાથી પણ વહેલાં ત્યાં આવી પહોંચ્યાં હતાં અને રમવા મંડી પડ્યાં હતાં.

બાળમંદિરની ઓસરીને જોડીને જ વેલીનો મંડપ બાંધેલો છે. આ મંડપના એક ખૂણામાં ૮"×૮"નો એક ખાડો છે. ખાસી દોઢ–બે ફૂટ તેની ઊંડાઈ હશે. સીમેંટથી તેને સારી રીતે બાંધી દીધો છે. તેની પાળ બિલકુલ જમીનની સાથોસાથ છે. તેમાં સમુદ્ર કિનારાની સ્વચ્છ, ઝીણી, કરકરી રેતી લગભગ ફૂટ–દોઢ ફૂટ ભરી છે. રેતીની સપાટી જમીનની સપાટી કરતાં ૭ ઈંચ નીચી રાખી છે. આ રેતીના ખાડામાં સતત છોકરાંઓ રમતા હોય છે. પ્રકાશને પણ શરૂઆતથી જ આ રેતીના ખાડાનું આકર્ષણ લાગ્યું હતું. યશોદાબેન તેની નાની નાની હિલચાલ તરફ બારીકાઈથી જોતાં હતાં. પ્રકાશ હમણાં જ અઢી વર્ષનો થયો હતો. ખાડામાં ચાલતી બીજાં છોકરાંઓની રમતનું પણ તેઓ નિરીક્ષણ કરતાં હતાં. વયાનુસાર બાળકોની રેતીની રમતમાં કેવો ફરક પડે છે તે તેઓ જોતાં હતાં. રેતીના ખાડામાં બે–અઢી વર્ષથી તે છ–સાત વર્ષ સુધીનાં બાળકો હતાં. તેમાંથી કોઈ એકલા એકલા તો કોઈ એકબીજા સાથે સહકાર સાધીને રમતાં હતાં. એક ખૂણામાં ત્રણચાર મોટાં બાળકોએ ભેગા મળીને એક મોટો ડુંગર બનાવ્યો હતો. તેમાંથી એક છોકરો તાજો જ બેજંટાની ગુફા જોઈ આવ્યો હતો. એ ડુંગરના તળીએ ચંદ્રાકારની નદી વહે છે. આ ડુંગરમાં તેણે ગુફા બનાવવાનું શરૂ કર્યું. બીજાં છોકરાંઓને એ શું કરે છે તે ખબર ન હોવાથી વચ્ચે વચ્ચે તે પોતાના બેજંટાના પ્રવાસની વાત કહેતો જતો હતો: "આ રસ્તો આમ છે. આ રસ્તામાં અહીં અમારી બસ અટકી. અહીં અમે ઊતર્યા. રસ્તાની બન્ને બાજુએ કડવા લીમડાનાં ઝાડો હતાં.

રેતીના ખાડાની એક બાજુ અઢી ત્રણ ફૂટ ઊંચાઈના ત્રણ ઘોડાઓ હતા. તેમાં એકમાં વાહનો, એકમાં જુદા જુદા પ્રકારનાં નાનાં નાનાં પ્રાણી, એક ઠેકાણે પક્ષીઓ, એક ખાનામાં જુદા જુદા આકારના ટીનના ડબ્બા, બીજા એક ખાનામાં જૂના ચમચા, લોખંડની ને લાકડાની સળીઓ, રમકડાંના ઘરો, જુદા જુદા પ્રકારનાં વૃક્ષોના નમૂના, જુદા જુદા આકારના પત્થરો, નાની મોટી લાકડાની ઢીંગલીઓ એમ કેટલીયે વસ્તુઓ એમાં ગોઠવી રાખી હતી. પેલો મોટો છોકરો એમાંથી ઝડપથી વસ્તુઓની પસંદગી કરતો હતો. જ્યાં એની બસ અટકી હતી ત્યાં એને એક રમકડાંની બસ ગોઠવી રસ્તો બતાવવા માટે નાના નાના પત્થરોની હાર કરી, રસ્તાની બંને બાજુએ પહેલા તેણે કૂંડા ગોઠવ્યા. વચ્ચે એક છોકરાએ કહ્યું, કે રસ્તા ઉપર કંઈ કૂંડા હોય? બધા વિચારમાં પડી ગયાં. આખરે એક બાળકને સૂઝયું, મેંદીની નાની નાની ડાળીઓ લગાડીએ તો?"

"બેન! બેન! અમે મેંદીની ડાળીઓ લઈ આવીએ છીએ." બસ આખી સેના ડુંગર છોડીને મેંદીની ડાળીઓ લાવવા નીકળી પડી.

પ્રકાશ આ બધું શાંતિથી જોતો હતો. એમાંના દરેક બાળકની હિલચાલ તથા વાતચીત તરફ તેનું ધ્યાન હતું. બાળકોનું જૂથ કૂદકા મારતું મેંદી લાવવા માટે મંડપની બહાર નીકળ્યું તેની સાથે તે

પણ કૂદતો કૂદતો બહાર નીકળ્યો. બાળકો મેંદીની ડાળીઓ કયાંથી લઈ આવે છે તે હું મંડપમાં ઊભી રહીને જોતી હતી. યશોદાબેન બોલ્યાં: "જોયું ને અનસૂયાબેન, રેતીના બાડામાં પણ શિક્ષણ છે ને! બાળકોને ભીની રેતીમાં રમવાનું મન થાય છે. પ્રકાશ અને એના મિત્રો સમુદ્રકિનારે જાય એટલે શઢમાં હવા ભરેલી હોડીની માફક તેઓ દોડતા હોય છે. ભીની માટીમાં કેટલાએ પ્રકારની રમતો તેઓ રમતા હોય છે. પણ પ્રકાશ અહીં કંઈ રમતો નથી."

"અનસૂયાબેન વચ્ચે જ બોલ્યા, "એક તો એ નાનો છે. બીજું એ બાળમંદિરમાં હજી નવો જ છે. અન્ય બાળકો શું રમે છે, કેવી રીતે રમે છે તેનું તે નિરીક્ષણ કરે છે. સમુદ્ર કિનારાની રેતીના પટનું વાતાવરણ સાવ જુદું જ પડી જાય છે. અહીં રેતીથી રમવા માટે અનેક સાધન સામગ્રી પડી છે. બાળકની આવા પ્રકારની રમતોની જરૂરિયાતો સમજીને અહીં નાની મોટી વસ્તુઓ ભેગી કરીને મૂકી છે."

યશોદાબેન બોલ્યા, "મને પહેલાં આ રેતીના બાડાની જરૂરિયાત જ સમજાતી નહોતી. એમાંથી શું શિક્ષણ મળતું હશે એનો હું વિચાર જ કરતી હતી. પણ આજે એનો ઉપયોગ કેવી રીતે થાય છે તે પ્રત્યક્ષ થાય છે."

"આ બાળકો પાછા ફરીને શું કરશે?" અનસૂયાબેન માળીની સાથે બોલતાં બાળકો તરફ નજર નાંખતા બોલ્યા. માળીના શબ્દો સંભળાતા હતા. "હમણાં જ મેં મેંદી કાપી છે, એ ચાલશે કે તમને? "છોકરાંઓએ કહ્યું, હા! હા! માળી દાદા અમે મોટો ડુંગર બનાવ્યો છે. તેમાં ગુફા કરવાના છીએ. અમને બૂબ બૂબ મેંદી આપો."

માળીએ દરેકને મેંદીની ડાળીઓ આપી. આખું ટોળું દોડતું પાછું વળ્યું. "આ ડુંગર ઉપર તમે જંગલ બનાવો, હું રસ્તા ઉપરનાં ઝાડો બનાવું છું. રમેશ તું આ લોખંડની સળીથી ગુફા કોરવાનું કામ કર. અને સામેથી જવા માટે ડુંગર ઉપર પણ રસ્તો રાખવાનો હં કે! બાળકો ઘોડામાં ગોઠવેલ રમકડાં તરફ જોતાં હતા. આ રમકડાંઓ જોઈને તેમને નવી નવી કલ્પનાઓ સૂઝતી હતી, કે પોતાના મનમાં આવેલા પ્રવાસનાં દશ્યો નિર્માણ કરવા માટે આ રમકડાંનો ઉપયોગ કરતા હતા? શું થતું હતું કોને ખબર! પણ જંગલમાં હરણ, સસલા, શિયાળ, ગોઠવવામાં આવ્યા હતા. ઝાડ ઉપર પક્ષીઓ ગોઠવવામાં આવ્યા. વચ્ચે જ ચોકીદારોના ઝૂંપડાં ગોઠવવામાં આવ્યા. પાંચ ગુફાઓ અને તેની આગળનો રસ્તો તૈયાર થયો.

"પણ નદી કેમ બનાવાય?" ફરી પ્રશ્ન ઉપસ્થિત થયો. એક જણ બોલ્યું, "બરોબર પાણી રેડીએ તો?" બીજાએ કહ્યું, "પણ પાણી રેડીશું તો દેખાશે જ નહિ. રેતીમાં પાણીનો રંગ દેખાવો જોઈએ ને? પાણી વહેતું દેખાવું જોઈએ. રેતી તો પાણી ચૂસી જશે.,'

મેં સહેજ સૂચવ્યું, "લાકડાનો રંગીન વહેર નહિ ચાલે કે?"

"પણ એને લાકડાંના વહેરથી રેતી ખરાબ નહિ થાય કે?"

"વહેરમાંથી રેતી કેમ છૂટી પાડવી તે હું બતાવીશ તમને. તમને ભૂસું ચાલે તો જરૂર વાપરો."

છોકરાઓ બોલ્યા, "લાકડાના વહેરથી નદી બતાવી શકાશે. અને એમાં વચ્ચે વચ્ચે થોડી હોડીઓ તરવા મૂકી શકાશે." બસ!! છોકરાંઓને આ કલ્પના ગમી ગઈ. તેઓ આગળના કામે લાગ્યા. પ્રકાશે ધીરેથી રેતીના બાડાનો એક ખૂણો હસ્તગત કર્યો. પોતાની નાની નાની આંગળીઓ વડે રેતીમાં બાડો ખોદીને એક નાના ડુંગર બનાવવાના કામમાં પડી ગયો. બધાં બાળકોને પોતપોતાને કામે લાગેલા જોઈને હું વાલીઓનાં ખૂણા તરફ વળી. યશોદાબેન અને અનસૂયાબેન બાળકોની રમત તરફ ઉત્સુકતાથી જોતા હતાં. મને જોઈને તરત બોલ્યાં:

"બાળકોને પોતાની ઇચ્છા પ્રમાણે કામની સગવડ કરી આપીએ તો તેઓ શું શું કરે છે અને રમતમાં કેટલાં સમરસ થઈ જાય છે! હું ક્યારથી જોઉં છું કે કોઈ એકબીજાની સાથે ઝઘડતા નથી. અજંટાની ગુફાનું પોતાની મેળે એને કેટલું સુંદર દૃશ્ય ખડું કર્યું છે."

મેં કહ્યું; "રેતી એ એટલું બધું આકર્ષક સાધન છે કે તેનો બાળકોને કદી જ કંટાળો આવતો નથી. આ રેતીના સાધનની એ ખૂબી છે કે બે અઢી વર્ષના બાળકથી તે છેક મોટી વય સુધીના બાળકો આ રેતીનો ઉપયોગ પોતાની કલ્પના પ્રમાણે કરી શકે છે. તેથી આ એક જ સાધન ઉપર નાનાં-મોટાં બાળકો ભેગાં અથવા છૂટાં રમી શકે છે. એકબીજાનું જોઈને શીખી શકે છે. અહીં ખરું સામાજિક શિક્ષણ મળી રહે છે. બીજાની સાથે સહકાર કેમ સાધવો એ દરેક બાળક અહીં સ્વાભાવિક રીતે શીખે છે."

"અરે બેન અહીં આટલા બધાં રમકડાં નાંખ્યા છે તે બાળકો રેતીમાં નાંખીને નથી જતા? એમાંથી કોઈ ઘરે લઈ જતા નથી?" અનસૂયાબેને મનમાં જે કંઈ લાગતું હતું તેનો ખુલાસો માંગ્યો.

મેં કહ્યું, "શરૂઆતમાં થોડા દિવસ આ રમકડાં જાય છે પરંતુ એ સંભાળવાની જવાબદારી છોકરાંઓ ઉપર જ નાંખવાથી તે ધીમે ધીમે ઓછું થાય છે. રમતનાં સાધનો ફરીને જ્યાંના ત્યાં મૂકવાનો અમે ખૂબ આગ્રહ રાખીએ છીએ."

"અને આ આગ્રહની સાથોસાથ રમકડાં ખૂબ જ સહેલાઈથી મૂકી શકાય એની સગવડ પણ તમે કરી છે." યશોદાબેન વચ્ચે જ અમે કરેલી વ્યવસ્થાની પ્રશંસા કરતાં બોલ્યાં.

મેં કહ્યું, "દરેક સાધનનો ઉપયોગ અને વિકાસ એ ઘણું ખરું શિક્ષક ઉપર જ આધાર રાખે છે. મારા વખાણ કરવા માટે હું નથી કહેતી પરંતુ હાલ કેટલીએ શાળાઓમાં રેતીના ખાડાની રમત યોજવામાં આવી છે. પરંતુ આ સાધન એટલે બાળકોનો સમય વિતાડવાનું સાધન એમ જ જ્યારે શિક્ષક પોતે માને છે ત્યાં એનો યોગ્ય રીતે ઉપયોગ અને રમત વિકાસ પામતા નથી. શિક્ષકને પોતાને પણ આ સાધનનો ઉપયોગ કેટલો સારી રીતે થઈ શકે છે એની કલ્પના ન હોવાથી આ સાધન તરફ એનું વિશેષ લક્ષ હોતું નથી. આવે ઠેકાણે બાળકની કલ્પનાશક્તિનો પણ કંઈ વિશેષ વિકાસ થયેલો દેખાતો નથી. એનાથી વિરુદ્ધ એકબીજાના માથામાં રેતી નાખવી, કપડાં મેલાં કરવા, અથવા ફક્ત ખાડા અથવા કૂવા ખોદતા બેસવું, બીબા પાડવા, હુંગર કરતા રહેવું એવાં કામો ચાલે છે. આવા પ્રકારની રમતમાં બાળકનો ખાસ વિકાસ થતો નથી. શિક્ષકને પણ એમ લાગે છે કે બાળકને આમાં રોકી રાખ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી."

"આ સાધનનો યોગ્ય ઉપયોગ થવા માટે તમે શું કરો છો?" અનસૂયાબેને પૂછ્યું.

મેં સામે પૂછ્યું, "સમુદ્ર ઉપરની રેતી આપણને શા માટે ગમે છે કહો જોઉ? અને મેં જ ખુલાસો કર્યો: જ્યારે જઈએ ત્યારે એ રેતી સ્વચ્છ હોય છે. બાળકોને પણ એ રેતીમાં રમવું ખૂબ ગમે છે."

"પરંતુ આ રેતીમાં રમવામાં કયો શૈક્ષણિક હેતુ છે?" અનસૂયાબેનને પોતાના મનમાં ઊભી થયેલી શંકા વિના સંકોચે ઉચ્ચારી. પણ હું કંઈ ઉત્તર આપવા જાઉં એ પહેલાં એ જ બોલ્યાં, "કેટલું એ શિક્ષણ થાય છે આ સાધન ઉપર. જેમ જેમ બાળકોની વય વધતી જાય છે તેમ તેમ તેઓ પોતાના હાથનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી શકે છે. તેમના હાથના આંગળાના સ્નાયુઓને સારી કસરત મળે છે. શરીરને પણ કસરત મળે છે, આ તો થયો શારીરિક વિકાસ. પોતાની કલ્પના પ્રમાણે નાનીમોટી અનેક બાબતો તેઓ કરી શકે છે."

"બેન તમને બોલાવવા આવતા દેખાય છે."

"બેન ! બેન ! ચલો અમારી અજંટાની ગુફા જોવા."

મેં કહ્યું, "આપણે ત્યાં આવેલા મહેમાનોને પણ બોલાવોને ?"

"બધા જ ચાલોને !" એક બાળક ધીમેથી બોલ્યો.

અમે ત્રણે એમની ગુફા જોવા ઊઠ્યાં.

ગુફા જોઈ રહ્યાં પછી ચંદુ બોલ્યો, "બેન રેતી અને લાકડાનો વ્હેર કેવી રીતે જુદો કરવો એ તમે બતાવવાના છો ને ?"

"ખરેખર એ તો ભૂલી જ ગઈ હતી." તેથી મેં તેમને સૂચવ્યું, "જ્યાં ભૂસું પાથર્યું છે ત્યાંથી તે રેતી સાથે ચમચાથી આમ ભરી લો." એમ કહીને બે-ચાર ચમચા ભૂસું ભરી બતાવ્યું. બાળકોએ એમ કરીને બધું ભૂસું ડબ્બામાં ભરી દીધું.

મેં કહ્યું, "ભૂસાનો એક પણ કણ ન રહે એમ કરજો." પછી એક કાચના ગ્લાસમાં અર્ધું પાણી ભરીને હું લઈ આવી. પછી રેતીવાળા ભૂસાનો એક ચમચો લઈને તે પ્યાલામાં નાંખ્યો. અને મોટાં છોકરાંઓને પ્રશ્ન કર્યો કે ભૂસું ડૂબશે કે તરશે !

છોકરાંઓએ ઉત્તર આપ્યો, "તરશે."

ભૂસું પાણીમાં નાંખતાની સાથે પાણીની ઉપર આવ્યું અને રેતી તળીએ જઈને બેઠી. આમ રેતી અને ભૂસું જુદું થઈ જવાથી છોકરાંઓ તાળી પાડી ઊઠ્યાં, આમ બધાં જ ભૂસામાંથી રેતી જુદી પાડી દીધી. આમ બાળકોને નવું કામ મળ્યું.

યશોદાબેન બોલ્યાં, "આ તો વિજ્ઞાનના પ્રયોગ તરીકે અમે મેટ્રિકમાં કર્યો હતો. એટલે રેતીના બાડાની રમતમાંથી તમે વિજ્ઞાન પણ શીખવો છો કે શું ?"

મેં કહ્યું, "દરેક પ્રવાસમાં કેવી રીતે જવું, ક્યાં જવું, ત્યાં શું જોવાનું એનો નકશો અમે રેતીના બાડામાં કરીએ છીએ. પ્રવાસમાંથી આવ્યા પછી ત્યાં જોયેલા કોઈ દૃશ્યોનાં ચિત્રો પણ આમાં જ કરીએ છીએ. શરૂઆતના બાળકોમાં એટલી બધી કલ્પનાનો વિકાસ થએલો હોતો નથી. પણ મોટા બાળકોનું જોઈ જોઈને તેઓને પણ ધીરે ધીરે નવી બાબતો સૂઝે છે. બાળકોની કલ્પના-શક્તિને અને સૌન્દર્ય દૃષ્ટિને અહીં અવકાશ મળે છે."

બાળકોને નાસ્તાનો સમય થયો હોવાથી અમે રજા લીધી.

—'ક્ષ' બેન

ફ્રોબેલનું બાલોદ્યાન

(પાન ૨૪ નું સાંધણ)

એકસો વીસ વર્ષ પહેલાંના ફ્રોબેલની બાલોદ્યાન શાળાનું વર્ણન આજની એકાદી આધુનિક પૂર્વ-પ્રાથમિક સંસ્થા જેવું લાગે છે. ખાસ કરીને હસ્તવ્યવસાયની પ્રવૃત્તિનું સંચાલન આજના સમયમાં પણ અનુકરણીય લાગે છે. તેમાં વાતચીતદ્વારા શિક્ષકે જે રીતે હેતુ-પ્રોત્સાહન આપ્યું છે તે આપણા બધાનું ધ્યાન ખેંચે એવું છે. કિંડરગાર્ટનમાં પણ દરેક બાળકની વ્યક્તિગત પસંદગીને અવકાશ આપીને શિક્ષક કેવું સહકારનું વાતાવરણ સર્જે છે તે જોવા જેવું છે. આના પરથી ફ્રોબેલના વખતમાં કિંડરગાર્ટન પદ્ધતિ એટલે યાંત્રિક રીતે કાર્યકરનારી સમૂહ પદ્ધતિ ન હતી તેનો સ્પષ્ટ પુરાવો મળે છે. હસ્તવ્યવસાયની જેમજ બાગકામમાં પણ વ્યક્તિગત અને સામૂહિક કામો બાળકોને અપાતાં તેમજ બાળકોમાં રહેલી સ્વાભાવિક કરુણા કેળવવા માટે વસતીનાં ગરીબ બાળકોને મહેમાન તરીકે બોલાવવાની તેમજ એ બાળકોને પોતાના પરિશ્રમથી બનાવેલી વસ્તુઓ ભેટ તરીકે આપવાની કલ્પના આજની આપણી સારી સંસ્થા-ઓમાં પણ જોવા મળતી નથી. કિંડરગાર્ટન પદ્ધતિ વિશેના આપણા ખ્યાલો સુધારવા માટે આ લેખનો ઉપયોગ થશે એમ હું માનું છું.

ન.

ક્ષોભ પ્રક્ષોભ

પ્રેમ અગાધ

ગઈ કાલે હું સંગીત માટે ખૂબ મોડો પડેલો.

હું હજુ નહાવા જતો હતો ત્યારે તો સંગીત માટે પ્રમુખ શિવપ્રસાદ લાઈનિ કરાવતા હતા. લાઈનિ થઈ ગઈ અને પ્રાર્થના શરૂ થઈ ત્યારે હું બાથરૂમમાં કપડાં ધોતો હતો.

પણ મેં બાથરૂમની બહાર શિવપ્રસાદનો અવાજ સાંભળ્યો.

એ મૂકેશને નવરાવવા આવ્યા હતા.

હમણાં હમણાં નિયમિત રીતે શિવપ્રસાદ મૂકેશને નવરાવે છે.

મૂકેશ પાંચ વરસનો છે. એ નવું બાળક છે અને 'પછાત' પણ છે.

શિવપ્રસાદ હમણાં રોજ એને નવરાવીને માથું ઓળી, કપડાં પહેરાવીને તૈયાર કરે છે.

આ કામ કોઈએ એમને સોંપ્યું નથી.

બાથરૂમમાં એમનો અવાજ સંભળાયો અને જ્યારે મેં જાણ્યું કે એ મૂકેશને નવરાવવા બેઠા છે ત્યારે મારા મન ઉપર પહેલો પ્રત્યાઘાત તો ક્રોધનો જાગ્યો.

મને થયું : આ શિવપ્રસાદ પોતે પ્રમુખ છે. એ બધાંને લાઈનિ ઉપર ભેળાં કરી સંગીતમાં મોકલે છે અને પોતે સાહેબ તો સંગીતમાં જવાને બદલે અહીં મૂકેશને નવરાવવામાં વખત બગાડે છે !

પણ કોણ જાણે કેમ, હું મૂંગો રહ્યો.

પછી બહાર જે રીતે એ મૂકેશને મનાવીને, સમજાવીને પ્રેમથી નવરાવતા ગયા તેમ તેમ મારો ક્રોધ ઉભરાની જેમ શમી ગયો !

આ મૂકેશ કોઈને પણ ગાંઠતો નથી. એને નહાવા સામે ભારે અણગમો છે.

એને શિવપ્રસાદ રોજ નવરાવી શકે છે એ જ એમની મોટી શક્તિ બતાવે છે.

અને, એમણે આ કામ શા માટે માથે લીધું એ જ પ્રશ્ન છે !

આવું પ્રેમભર્યું વર્તન કરવા, ધીરજથી મૂકેશની હઠને પીગળાવવાની એમને કોણે પ્રેરણા આપી હશે ?

અને આમ પ્રેમથી, સ્વેચ્છાએ, કોઈ ઈનામ કે વાહવાહની જ્યાં જરાકે આશા નથી એવે સ્થાને એમને આમ નિયમિત કામ કરવાની કેમ પ્રેરણા જાગતી હશે ?

આમ મારા મનમાં વિચારો ઘોળાવા લાગ્યા.

અને થયું કે એ જ તો છે આ બાલગૃહનું વાતાવરણ !—જેને કદાચ ઢંગધડા વગરનું પણ કહી શકાય !

અહીં કોઈ નિયમનો આગ્રહ નથી રહેતો !

અરે અમે મોટેરાંઓ એવો આગ્રહ રાખવા મક્કમ થઈએ છીએ તો ય એ રહેતો નથી !

હવે તો આ બાળકોએ જ એક એમનું આગવું વાતાવરણ તૈયાર કર્યું છે. જેમાં જેમ જેમ હું વિશેષ ઊંડો ઊતરતો જાઉં છું તેમ તેમ મને અમે મોટેરાંઓ જ કેવા ખોટા માર્ગે વિચારીએ છીએ તેની ખાતરી થતી જાય છે.

આ ઠેકાણે મને થયું :

'આવા પ્રેમ ભરપુર કાર્યને હું ઉતાવળમાં એક જ ઝટકે વીખી નાખત. અકરમાત હું મૂંગો રહી ગયો એ કેવું સારું થયું !

બાળકો કુદરતી રીતે જ કેવું પ્રેમનું જગત રચે છે તેના દર્શન કરવા પામ્યો !

આવા પ્રેમજીવન પાસે સંગીતની બે લીટી ધૂંટી તો ય શું ને ન ધૂંટી તો ય શું ? અને એ પણ

થયા વગર રહેતું તો નથી જ. મેં જોયું છે કે બાળક સંગીતમાં આવે કે ન આવે, એ સંગીત શીખી જ જાય છે.

આ ઠેકાણે કોઈ પણ શિક્ષણકાર મારી જેમ જ ઉતાવળ કરીને હુકમ કરી બેઠો હોતઃ

" શિવપ્રસાદ, અત્યારે આ નવરાવવાનું ન હોય. તમે તમારે સંગીતમાં જાઓ. આમ રખડ્યા કરો એ ન ચાલે. મૂકેશને વન્જેસિંગ નવરાવશે. "

અને આમ કરવાનો તાર્કિક (Logicaly) બચાવ પણ થઈ શકયો હોત. પણ સાથે જ માનસ-શાસ્ત્રીય રીતે (Psychologicaly) એ કેવી મોટી ભૂલ થઈ હોત ?

પણ આ વાત અહીં પૂરી નથી થતી.

આ તેરચૌદ વર્ષના વિદ્યાર્થી શિવપ્રસાદનો ઇતિહાસ અહીં લખવો જરૂરનો છેઃ

હમણાં ભાણુજીભાઈ રાયપુરથી આવ્યા હતા. એમણે એમની કેટલીક વાત કહી. કહેઃ

' આ શિવપ્રસાદનો બાપ એક દિવસ મારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યાઃ

" ભાણુજીભાઈ, તમે અમને અમારા આ લડકાથી છોડાવો. નહીં તો કોઈ દિવસ હું ક્રોધમાં એનો કયાંક જીવ લઈ લઈશ. આ છોકરો અમને એટલો ત્રાસ આપે છે. "

' એટલે મેં એમને અહીં મોકલવાની સૂચના કરેલી.

' હમણાં ફરી હું એમને મળેલો ત્યારે શિવ-પ્રસાદ વિશે પૂછ્યું તો કહેઃ

" અચ્છા કિયા, ઇસે ભેજ દીયા સો. હમારા ઉસસે પીંડ છૂટા, ઉસકા હમસે. "

' હવે તો શિવપ્રસાદ ઘણો શાન્ત થઈ ગયો છે અને હોશિયાર પણ ઘણો થયો છે એમ એ કહેતા હતા. '

શિવપ્રસાદ ઉત્તર હિંદુસ્તાની છે. પણ હવે તો એ સાવ ગુજરાતી બની ગયો છે !

એને મૂકવા એના માબાપ બંને આવ્યાં હતાં.

એમના પિતા જેમ ક્રોધમાં એને મારી નાખે એવા ગરમ સ્વભાવના છે તેનો જ આ છેલ્લો પુત્ર હોઈ લાડ કરવામાં પણ બાકી નથી રાખી.

એમણે પણ થોડી વાતો કહેલીઃ

' અમે તો બબનને (શિવપ્રસાદને) ઘણા વખતથી મૂકું મૂકું કરતા હતા. પણ દિલ ચાલતું નહોતું. પણ આ મયારામને રજામાં પાછો આવેલો જોયો કે તરત જ નક્કી કરી નાખ્યું કે હવે મૂકી જ આવવો.

આ મયારામમાં તો જાદુ જેવો ફેર પડી ગયો છે !

આને એનો બાપ સૂરજ ઊગ્યા વગર રહે તો એને માર્યા વગર રહે. એને આખો દિવસ ઓરડામાં પૂરી રાખે. કેટલી તો સોંટી ભાંગી હશે. ભણવાનું તો નામ નહીં. અને એના દોસ્તો એટલે ચોરી કરવાવાળા, જુગાર રમવાવાળા અને જેલ જવાવાળા !

એ છોકરો આટલો શાંત અને ડાહ્યો થયેલો જોયો કે થયું કે હવે પુત્રમોહ રાખવો એ ઠીક નથી. નહીં તો છોકરો હાથથી ખોઈ બેસશું.

એટલે એ મૂકવા આવેલા.

જતી વખતે માબાપની આંખોમાંથી ચોધાર આંસુ ચાલી રહ્યાં હતાં.

પણ પુત્રના ભલા માટે માબાપ પોતાની બધી લાગણીઓને દબાવીને એને અહીં મૂકતા ગયા.

અને ત્યાર પછી ?

આ સાહેબની ઉપાધિ શરૂ થઈઃ

માબાપ ગયાં અને એણે રડવું શરૂ કર્યું. બૂમો મારવી શરૂ કરીઃ

' મૂઝે રાયપુર ભેજ દો. મૂઝે ચચ્ચા કે પાસ ભેજ દો. ઓ અમ્મા...અમ્મા ! '

'નહીં ભેજોગે તો મૈં રેલકી પટરી પર પાંઉ પાંઉ રાયપુર ભાગ જાઉંગા.'

આમ ચાલ્યું !

પણ સદ્‌ભાગ્યે એ લાંબો સમય ન રહ્યું.

શિવપ્રસાદ, એ કોઈ માનસિક પશ્ચાત કે અસમધારણ બાળક નહોતો. એની તો શક્તિ અંદર સમાઈ સમાતી નહોતી. એ કૂદકા મારી રહી હતી. એને માર્ગ જોઈતો હતો.

શરૂ શરૂમાં એનું કામ બહાર કંપાઉન્ડમાં કૂદવા, નાચવા અને રમવાનું ચાલ્યું.

એ એક પણ શૈક્ષણિક કે સાંસ્કૃતિક પ્રવૃતિમાં ભાગ નહોતો લેતો. પણ બહારની રમતમાં એ હંમેશા નેતા જ બનતો (બને છે) અને એની રમતોમાં પણ કંઈ ને કંઈ સર્જનની નવી કલ્પનાઓ દેખાઈ રહેતી હતી.

એવી જ રીતે એણે, કોઈને ખબર પણ ન પડી એ રીતે દીવાલનું ઘડિયાળ ઉતારીને એના બધા ય ચક્કરોને બંધનમોક્ષ કરી દીધા !

આમ એક દોઢ વર્ષ એણે માત્ર રમતા સિવાય બીજું કંઈ જ ન કર્યું. એ ન સંગીતમાં ગયો, ન નાટકમાં, ન કલાસમાં, ન કોઈ કામમાં ભાગ લીધો. એને કોઈ પણ 'ઉપયોગી' પ્રવૃત્તિ સામે જ વિરોધ હતો.

પણ સદ્‌ભાગ્યે એ વર્ષ પછી ઘરે ગયો ત્યારે ઘણો શાન્ત થઈ ગયેલો. એટલે એમના માબાપને ઘણો સંતોષ થયેલો.

જો કે મને તો જરાકે સંતોષ નહોતો.

પણ એ એને રસ્તે છે અને અમુક સમયે એ બધાં રઝળપાટનો બદલો વાળી દેશે એવી મને ખાતરી હતી.

અને એમ જ બન્યું.

એની સર્જનશીલ કલ્પનાઓ તો હવે ખૂબ ખીલી છે. પણ સાથે તે વ્યવસ્થિત સ્વરૂપ લઈ રહી છે.

એ નાટકમાં તો એક્કો છે. એ તો રંગભૂમિ માટે જ જન્મ્યો હોય એમ લાગે છે. અરે એ નાટ્યકાર થઈ શકે એની એની કલ્પના નાટકમાં ખીલે છે. એનો સંવાદ અને નાટકને એની આગળ રીતે નવી જ વસ્તુથી આપતો ઝોક એની મૌલિકતા બતાવે છે.

ઉપરાંત મેઘકચ્યપ કે ડ્રેસીંગમાં તો એને હું મારા ગુરુ ગણું છું. એ સાદી વસ્તુઓમાંથી એવો તો કોઈ અદ્‌ભુત વેશ સર્જે છે કે મને એમાંથી શીખવાનું મળે છે.

એનું કાગળનું કામ, ફૂલો, તોરણો એમ અનેક નવી વસ્તુઓ એ સર્જે છે.

હવે એની શૈક્ષણિક બાજુ પણ ખીલી ઊઠી છે. છે. અને એ બધી પ્રવૃત્તિમાં રસ લે છે. વળી બહાર તો રખડવાનું જાણે કે એના જેવા માટે પોતાની કક્ષાથી નાના બાળકોનું કામ હોય એવા ભાવથી ભીન્ન રમતાં બાળકો તરફ જુએ છે.

એ ભાઈ તો બજાર ખરીદી માટે કે એવી મોટી પ્રવૃત્તિમાં જ રહે છે.

અને એની વ્યવસ્થાશક્તિને કારણે એ ઉપરાઉપર શિશુસભામાં પ્રમુખ તરીકે ચુંટાઈ આવે છે.

અહી પ્રમુખની જવાબદારી ઘણી મોટી હોય છે.

અને એવો તો પ્રેમળ છોકરો છે કે એ રજાઓમાં ઘેર જાય ત્યારે બધો વખત દીદી માટે, ભાઈ માટે સાધનાબેન માટે અહીથી લઈ જવાની વસ્તુઓ જ ભેળી કરતો હોય છે.

આવો એ, હવે મૂકેશને નવરાવવાનું બહુ ધીરજ માગી લેતું કામ હાથ લઇ બેઠો છે !

આ બધો પ્રેમનો પ્રતાપ છે.

એને માબાપનો અસીમ પ્રેમ મળ્યો છે. માત્ર માબાપ એની શક્તિને યોગ્ય માર્ગ અને વાતાવરણ ન આપી શક્યા એ કારણે જ આ 'કેસ' દુણાયો હતો.

એ અહીના પ્રેમપ્રધાન વાતાવરણમાં ઠેકાણે પડી ગયો છે.

— ઓજસ

બાળકની પ્રગતિ નોંધ

લેખાંક ત્રીજો : સંચયશીલ પ્રગતિ નોંધ

કલા કૌશલ્યની હિલચાલનો વિકાસ :

કોઈપણ સાધનોનાં ઉપયોગમાં બાળક પ્રારંભિક બુદ્ધિ દર્શાવે છે કે ? આ સાધનના ઉપયોગમાં તેનું એવું કંઈ વૈશિષ્ટય છે ? બધાં પ્રકારનાં સાધનો વાપરી જુએ છે કે જે રમતની માહિતી છે તે વડે જ તે રમ્યા કરે છે ? એ ઉપરથી એની અભિરુચિ, વૈશિષ્ટય સમજાય છે. બાળક રમતું હોય ત્યારે બીજી એક બાબત લક્ષમાં લેવી જોઈએ અને તે એ કે તેનું " અવધાન ક્ષેત્ર. " બાળક એક વાર જ્યારે રમતની પસંદગી કરે છે ત્યારે તે એક જ રમતમાં ખૂબ વાર સુધી મગ્ન રહે છે કે થોડી વાર એક સાધન, પછી તરત બીજું સાધન, પછી ત્રીજું સાધન એવી રીતે એક બાબત ઉપરથી બીજી બાબત ઉપર તેનું લક્ષ્ય પતંગિયાની જેમ ભમતું રહે છે ? રમતી વખતે તેને મઝા પડે છે કે ? ચહેરા ઉપર આનંદ ઉત્સાહ દેખાય છે, કે કંઈ જ ભાવ હોતા નથી ?

રમત અથવા સાધનના ઉપયોગમાં બાળકની કલ્પનાશક્તિનું આપણે ઝીણવટથી અવલોકન કરવું જોઈએ. બાંધકામના ઈંટ–ધન, શોભારચના, રેતી, માટી, ચિત્રકામ, ઢીંગલીની રમત, ટ્રાયસિકલ, જંગલજીમ જેવાં સાધનોનો ઉપયોગ કરતી વખતે યાંત્રિકતા હોય છે ? તે ને તે જ બાબત યાંત્રિક રીતે, કરતો હોય છે કે કંઈક મૌલિકતા (Originality) પ્રયોગશીલતા, શોધકબુદ્ધિ દેખાઈ આવે છે ?

કલા સાધનના ઉપયોગમાં શિક્ષકે તેની પાત્રતાનો થોડો અંદાજ કાઢવો જોઈએ. ચિત્રકામ, માટીકામ, હુન્નરવિભાગ, વાર્તા કહેવી, કાતરકામ, નાટક, નૃત્ય, આ વિષયોમાંથી કયા વિષમાં તેને વધુ રસ છે ? જે વિષયમાં તેને રસ છે તેમાં તે પોતાના મનનો આશય યોગ્ય રીતે પ્રકટ કરી શકે છે ?

જેમ જેમ બાળક સાધનનો ઉપયોગ કરવા લાગે છે તેમ તેમ તેના મનમાં સાધન માટેનો આદર વધવા માંડે છે. તેથી બાળક સાધનની કેટલી હદ સુધી કાળજી લે છે ? કામ પૂરું થયા પછી વ્યવસ્થિત રીતે જેમ હતું તેમ બાળક સાધન મૂકે છે ? શિક્ષક કહે છે એટલે સાધન મૂકે છે કે એને પોતાને એ મૂકવા ગમે છે એનું ઝીણવટથી અવલોકન કરીને આ બાબતની નોંધ કરવી જોઈએ. સાધનના ઉપયોગમાં એક બીજી બાબતની નોંધ કરવી જોઈએ. તે એ કે બાળક પોતાની આજુ બાજુની પરિસ્થિતિ વિશે કેટલે સુધી સંવેદનશીલતા બતાવે છે ? વિવિધ પ્રકારનાં દૃશ્યો, વિવિધ પ્રકારના અવાજો, આકાર, રંગ, અથવા ઘટનામાંથી કઈ બાબત તરફ તેનું ધ્યાન વિશેષ ખેંચાય છે ? કુદરતમાં થનારા ફેરફારો, સામાજિક ઉત્સવને લીધે આજુબાજુની પરિસ્થિતિમાં થનારા ફેરફારો બાળકના ધ્યાનમાં આવે છે ? એ બાબતમાં તેની સૌંદર્યાભિરુચિ જણાય છે કે ? " પ્રતીમાબેન ભીંત ઉપર લગાડેલું ચિત્ર મને ખૂબ ગમે છે. સુંદર છે ને ! " એવું એ કહે છે ? આકાશ, સૂર્ય, ચન્દ્ર, પાન, ફૂલ, ફળ, બીયા, જીવજંતુ, કીટક એ અંગે તેને કેટલું કુતૂહલ હોય છે ? ગીતો, વાર્તા, નવાં નવાં નાટકો એ અંગે એ પોતાની પસંદગી વ્યકત કરે છે ?

સાધનના ઉપયોગમાં અથવા રમતનાં અંતર, સમય, અવકાશ વગેરેનો અંદાજ તેને કરતા આવડે છે ?

સંચયશીલ પ્રગતિપત્રકના પહેલા ખાનામાં : વર્ગશિક્ષકે અવલોકનની તારીખ, વર્ગનું નામ, અને પોતાનું નામ લખવાનું હોય છે. નિવેદન પત્રકના બીજા ખાનામાં : (૧) શરીર તથા હિલચાલનો વિકાસ તથા (૨) સાધનોનો ઉપયોગ. આ બને

મુદ્દાઓ એક જ ખાનામાં યોજવામાં આવ્યા છે. ખાનાને મોટી જગ્યા મળે એ હેતુથી જ આમ કરવામાં આવ્યું છે. આ બને મુદ્દાનું વિવરણ સ્વતંત્ર ફકરો કરીને લખવાથી નિવેદન માટે જોઈએ તે મુદ્દો ઝટ શોધી શકાય છે.

બાળકો અને શિક્ષકો સાથેનું વર્તન

આ ખાનામાં ઉપર પ્રમાણે જ નિવેદનમાંના બે મુદ્દાની નોંધ કરવી : (૧) પોતાની સાથેનાં બાળકો સાથેનું વર્તન (૨) તથા વડીલ વ્યક્તિઓ સાથે અથવા શિક્ષકો સાથેનું વર્તન. આ બને મુદ્દામાં બાળકની સામાજિકતાના વિકાસની તથા તે અંગેના પ્રશ્નોની કલ્પના આપણને આવવી જોઈએ. જન્મ વખતે બાળક સામાજિક નથી. બીજાઓની સાથે કેમ વર્તવું એ એને બીજાઓનું વર્તન જોઈને શીખવું પડે છે. તેને બીજાઓએ, ખાસ કરીને કુટુમ્બના માણસો જે રીતે વર્તતા હોય, અને એની સાથે જે રીતે વર્તતા હોય તેની જ પ્રતિક્રિયા ઘણું ખરું બીજા બાળકો સાથેના તેના વર્તનમાં અથવા શિક્ષકો સાથેના વર્તનમાં જણાઈ આવે છે. આ વર્તન યોગ્ય દિશામાં છે કે નહિ તે જોઈને તેને યોગ્ય માર્ગદર્શન કરવાની જરૂર છે : બાલમંદિરનું વર્તન લોકશાહી સ્વરૂપનું હોય છે. અહીં શિક્ષિકા બાળકની અનુમતિથી સમૂહનું શાસન કરે છે અથવા શાસન કરવાનું પણ બાળકોને સોંપે છે. બાળમંદિરમાં આવતા દરેક બાળકને સરખો હક્ક હોય છે. આ બાબતમાં પક્ષપાત કરી શકાતો નથી. કુટુમ્બનું વાતાવરણ આવા જ પ્રકારનું હોવાથી બાળકના સામાજિક વિકાસમાં મદદરૂપ બને છે. પરંતુ હજી કુટુમ્બમાં બાળકની સામાજિકતાનો વિચાર જાગ્રતપણે થતો ન હોવાથી બાળમંદિર ઉપર જ બાળકના સામાજિક વિકાસનો વિશેષ ભાર હોય છે તેથી આ અંગે બાળકનું ઝીણવટભર્યું નિરીક્ષણ થવું જરૂરનું છે.

બાળકો સાથેનું વર્તન

બાળક પોતાની સાથેના અન્ય બાળકો સાથે કેવા પ્રકારનો સંબંધ સ્થાપે છે એ જોવા માટે સૌથી પહેલી વાત એટલે એને બીજાં બાળકો સાથે રમવું ગમે છે કે નહીં ? એ જોવું જોઈએ. આ બાળકો તેની કરતા વયમાં નાના હોય છે કે મોટા કે સમાન વયના હોય છે, હંમેશ તેના તે જ બાળકો હોય છે કે તે નવા નવા મિત્રો બનાવે છે, જૂના મિત્રોને ભૂલી જાય છે ? એ બધું જોવું જોઈએ. મિત્રોની સંખ્યા કેટલી હોય છે ? મિત્રો સાથે કેવા પ્રકારનો સંબંધ રાખે છે, તેમનો સાથ સાધીને તે શું કરે છે, તે મિત્રોનું અવલોકન કરતો હોય છે કે તેમની ક્રિયાની, વર્તનની ટીકા કરતો હોય છે ? મિત્રોની સાથે રમતા તેનું વર્તન મૈત્રિનું હોય છે એટલે સહકારનું હોય છે કે વિરોધનું ? રમતમાં બધાંને રૂચે એવી સૂચના કરે છે ? કંઈ બોલવાનો પ્રયત્ન કરે છે ? બોલવામાં સહાનુભૂતિ પ્રેમ, કોમલતા જણાય છે કે ? કે મારામારી, બીજાને ચીડવવું, બીજાની મશ્કરી કરવી, બીજાની રમતમાં માથું મારવું, પોતાની સત્તા સ્થાપવી, મોટાઈ દેખાડવી, શક્તિ દેખાડવી, બીજાને ધક્કા મારવા, બટકા ભરવા, બીજાને વળગવું વગેરે પ્રકાર દેખાય છે ?

ખાસ કરીને બીજાં બાળકો પાસે આવે એટલે એની પ્રતિક્રિયા કેવી હોય છે ? તેમાં સહકારની ભાવના હોય છે કે વિરોધની ? એ છોકરાઓમાં ઝઘડો ઊભો કરે છે ? તેમાંનાં કેટલાંકને તે પસંદ કરે છે, કેટલાંકને હડસેલે છે એવું કરે છે કે ? આ બાળકો સાથે રમતી વખતે પોતાના હક્કોનું રક્ષણ કરે છે કે ? રક્ષણ કરવા માટે બળનો ઉપયોગ કરે છે ? કે ફક્ત બોલીને જ પોતાનું રક્ષણ કરે છે ? સમૂહમાંથી દૂર ભાગવાની વૃત્તિ દેખાય છે કે ? તેની પ્રતિક્રિયામાં રડવું અથવા મોટી વ્યક્તિની મદદ લેવાનો પ્રયત્ન હોય છે કે ? બાળકોમાં એ કેટલે સુધી લોકપ્રિય છે ? બાળકોને એનો સહવાસ જોઈએ છે કે

બાળકની પ્રગતિ નોંધ

લેખાંક ત્રીજો : સંચયશીલ પ્રગતિ નોંધ

કલા કૌશલ્યની હિલચાલનો વિકાસ :

કોઈપણ સાધનોનાં ઉપયોગમાં બાળક પ્રારંભિક બુદ્ધિ દર્શાવે છે કે ? આ સાધનના ઉપયોગમાં તેનું એવું કંઈ વૈશિષ્ટ્ય છે ? બધાં પ્રકારનાં સાધનો વાપરી જુએ છે કે જે રમતની માહિતી છે તે વડે જ તે રમ્યા કરે છે ? એ ઉપરથી એની અભિરુચિ, વૈશિષ્ટ્ય સમજાય છે. બાળક રમતું હોય ત્યારે બીજી એક બાબત લક્ષમાં લેવી જોઈએ અને તે એ કે તેનું " અવધાન ક્ષેત્ર. " બાળક એક વાર જ્યારે રમતની પસંદગી કરે છે ત્યારે તે એક જ રમતમાં ખૂબ વાર સુધી મગ્ન રહે છે કે થોડી વાર એક સાધન, પછી તરત બીજું સાધન, પછી ત્રીજું સાધન એવી રીતે એક બાબત ઉપરથી બીજી બાબત ઉપર તેનું લક્ષ્ય પતંગિયાની જેમ ભમતું રહે છે ? રમતી વખતે તેને મઝા પડે છે કે ? ચહેરા ઉપર આનંદ ઉત્સાહ દેખાય છે, કે કંઈ જ ભાવ હોતા નથી ?

રમત અથવા સાધનના ઉપયોગમાં બાળકની કલ્પનાશક્તિનું આપણે ઝીણવટથી અવલોકન કરવું જોઈએ. બાંધકામના ઈંટ–ચન, શોભારચના, રેતી, માટી, ચિત્રકામ, ઢીંગલીની રમત, ટ્રાયસિકલ, જંગલજીમ જેવાં સાધનોનો ઉપયોગ કરતી વખતે યાંત્રિકતા હોય છે ? તે ને તે જ બાબત યાંત્રિક રીતે કરતો હોય છે કે કંઈક મૌલિકતા (Originality) પ્રયોગશીલતા, શોધકબુદ્ધિ દેખાઈ આવે છે ?

કલા સાધનના ઉપયોગમાં શિક્ષકે તેની પાત્રતાનો થોડો અંદાજ કાઢવો જોઈએ. ચિત્રકામ, માટીકામ, હુન્નરવિભાગ, વાર્તા કહેવી, કાતરકામ, નાટક, નૃત્ય, આ વિષયોમાંથી કયા વિષમાં તેને વધુ રસ છે ? જે વિષયમાં તેને રસ છે તેમાં તે પોતાના મનનો આશય યોગ્ય રીતે પ્રકટ કરી શકે છે ?

જેમ જેમ બાળક સાધનનો ઉપયોગ કરવા લાગે છે તેમ તેમ તેના મનમાં સાધન માટેનો આદર વધવા માંડે છે. તેથી બાળક સાધનની કેટલી હદ સુધી કાળજી લે છે ? કામ પૂરું થયા પછી વ્યવસ્થિત રીતે જેમ હતું તેમ બાળક સાધન મૂકે છે ? શિક્ષક કહે છે એટલે સાધન મૂકે છે કે એને પોતાને એ મૂકવા ગમે છે એનું ઝીણવટથી અવલોકન કરીને આ બાબતની નોંધ કરવી જોઈએ. સાધનના ઉપયોગમાં એક બીજી બાબતની નોંધ કરવી જોઈએ. તે એ કે બાળક પોતાની આજુ બાજુની પરિસ્થિતિ વિશે કેટલે સુધી સંવેદનશીલતા બતાવે છે ? વિવિધ પ્રકારનાં દૃશ્યો, વિવિધ પ્રકારના અવાજો, આકાર, રંગ, અથવા ઘટનામાંથી કઈ બાબત તરફ તેનું ધ્યાન વિશેષ ખેંચાય છે ? કુદરતમાં થનારા ફેરફારો, સામાજિક ઉત્સવને લીધે આજુબાજુની પરિસ્થિતિમાં થનારા ફેરફારો બાળકના ધ્યાનમાં આવે છે ? એ બાબતમાં તેની સૌંદર્યાભિરુચિ જણાય છે કે ? " પ્રતીમાબેન ભીંત ઉપર લગાડેલું ચિત્ર મને ખૂબ ગમે છે. સુંદર છે ને ! " એવું એ કહે છે ? આકાશ, સૂર્ય, ચન્દ્ર, પાન, ફૂલ, ફળ, બીયા, જીવજંતુ, કીટક એ અંગે તેને કેટલું કુતૂહલ હોય છે ? ગીતો, વાર્તા, નવાં નવાં નાટકો એ અંગે એ પોતાની પસંદગી વ્યકત કરે છે ?

સાધનના ઉપયોગમાં અથવા રમતનાં અંતર, સમય, અવકાશ વગેરેનો અંદાજ તેને કરતા આવડે છે ?

સંચયશીલ પ્રગતિપત્રકના પહેલા ખાનામાં : વર્ગશિક્ષકે અવલોકનની તારીખ, વર્ગનું નામ, અને પોતાનું નામ લખવાનું હોય છે. નિવેદન પત્રકના બીજા ખાનામાં : (૧) શરીર તથા હિલચાલનો વિકાસ તથા (૨) સાધનોનો ઉપયોગ. આ બને

મુદ્દાઓ એક જ ખાનામાં યોજવામાં આવ્યા છે. ખાનાને મોટી જગ્યા મળે એ હેતુથી જ આમ કરવામાં આવ્યું છે. આ બને મુદ્દાનું વિવરણ સ્વતંત્ર ફકરો કરીને લખવાથી નિવેદન માટે જોઈએ તે મુદ્દો ઝટ શોધી શકાય છે.

બાળકો અને શિક્ષકો સાથેનું વર્તન

આ ખાનામાં ઉપર પ્રમાણે જ નિવેદનમાંના બે મુદ્દાની નોંધ કરવી : (૧) પોતાની સાથેનાં બાળકો સાથેનું વર્તન (૨) તથા વડીલ વ્યક્તિઓ સાથે અથવા શિક્ષકો સાથેનું વર્તન. આ બને મુદ્દામાં બાળકની સામાજિકતાના વિકાસની તથા તે અંગેના પ્રશ્નોની કલ્પના આપણને આવવી જોઈએ. જન્મ વખતે બાળક સામાજિક નથી. બીજાઓની સાથે કેમ વર્તવું એ એને બીજાઓનું વર્તન જોઈને શીખવું પડે છે. તેને બીજાઓએ, ખાસ કરીને કુટુમ્બના માણસો જે રીતે વર્તતા હોય, અને એની સાથે જે રીતે વર્તતા હોય તેની જ પ્રતિક્રિયા ઘણું ખરું બીજા બાળકો સાથેના તેના વર્તનમાં અથવા શિક્ષકો સાથેના વર્તનમાં જણાઈ આવે છે. આ વર્તન યોગ્ય દિશામાં છે કે નહિ તે જોઈને તેને યોગ્ય માર્ગદર્શન કરવાની જરૂર છે : બાલમંદિરનું વર્તન લોકશાહી સ્વરૂપનું હોય છે. અહીં શિક્ષિક બાળકની અનુમતિથી સમૂહનું શાસન કરે છે અથવા શાસન કરવાનું પણ બાળકોને સોંપે છે. બાળમંદિરમાં આવતા દરેક બાળકને સરખો હક્ક હોય છે. આ બાબતમાં પક્ષપાત કરી શકાતો નથી. કુટુમ્બનું વાતાવરણ આવા જ પ્રકારનું હોવાથી બાળકના સામાજિક વિકાસમાં મદદરૂપ બને છે. પરંતુ હજી કુટુમ્બમાં બાળકની સામાજિકતાનો વિચાર જાગ્રતપણે થતો ન હોવાથી બાળમંદિર ઉપર જ બાળકના સામાજિક વિકાસનો વિશેષ ભાર હોય છે તેથી આ અંગે બાળકનું ઝીણવટભર્યું નિરીક્ષણ થવું જરૂરનું છે.

બાળકો સાથેનું વર્તન

બાળક પોતાની સાથેના અન્ય બાળકો સાથે કેવા પ્રકારનો સંબંધ સ્થાપે છે એ જોવા માટે સૌથી પહેલી વાત એટલે એને બીજાં બાળકો સાથે રમવું ગમે છે કે નહીં ? એ જોવું જોઈએ. આ બાળકો તેની કરતા વયમાં નાના હોય છે કે મોટા કે સમાન વયના હોય છે, હંમેશ તેના તે જ બાળકો હોય છે કે તે નવા નવા મિત્રો બનાવે છે, જૂના મિત્રોને ભૂલી જાય છે ? એ બધું જોવું જોઈએ. મિત્રોની સંખ્યા કેટલી હોય છે ? મિત્રો સાથે કેવા પ્રકારનો સંબંધ રાખે છે, તેમનો સાથ સાધીને તે શું કરે છે, તે મિત્રોનું અવલોકન કરતો હોય છે કે તેમની ક્રિયાની, વર્તનની ટીકા કરતો હોય છે ? મિત્રોની સાથે રમતા તેનું વર્તન મૈત્રિનું હોય છે એટલે સહકારનું હોય છે કે વિરોધનું ? રમતમાં બધાંને રૂચે એવી સૂચના કરે છે ? કંઈ બોલવાનો પ્રયત્ન કરે છે ? બોલવામાં સહાનુભૂતિ પ્રેમ, કોમલતા જણાય છે કે ? કે મારામારી, બીજાને ચીડવવું, બીજાની મશ્કરી કરવી, બીજાની રમતમાં માથું મારવું, પોતાની સત્તા સ્થાપવી, મોટાઈ દેખાડવી, શક્તિ દેખાડવી, બીજાને ધક્કા મારવા, બટકા ભરવા, બીજાને વળગવું વગેરે પ્રકાર દેખાય છે ?

ખાસ કરીને બીજાં બાળકો પાસે આવે એટલે એની પ્રતિક્રિયા કેવી હોય છે ? તેમાં સદ્ભાવની ભાવના હોય છે કે વિરોધની ? એ છોકરાઓમાં ઝઘડો ઊભો કરે છે ? તેમાંનાં કેટલાંકને તે પસંદ કરે છે, કેટલાંકને હડસેલે છે એવું કરે છે કે ? આ બાળકો સાથે રમતી વખતે પોતાના હક્કોનું રક્ષણ કરે છે કે ? રક્ષણ કરવા માટે બળનો ઉપયોગ કરે છે ? કે ફક્ત બોલીને જ પોતાનું રક્ષણ કરે છે ? સમૂહમાંથી દૂર ભાગવાની વૃત્તિ દેખાય છે કે ? તેની પ્રતિક્રિયામાં રડવું અથવા મોટી વ્યક્તિની મદદ લેવાનો પ્રયત્ન હોય છે કે ? બાળકોમાં એ કેટલે સુધી લોકપ્રિય છે ? બાળકોને એનો સહવાસ જોઈએ છે કે

તેની તરફ દુર્લક્ષ કરે છે ? કે તેઓ તેના ઉપર આક્રમણ કરે છે ?

પોતાનું સાધ્ય પ્રાપ્ત કરવા માટે તે કઈ પદ્ધતિ અપનાવે છે એની પણ બરાબર નોંધ થવી જોઈએ. તેમાં ધમકાવવાનો મારવાનો ઉપયોગ કરે છે ? કોઈ લાલચ બતાવે છે ? કે વ્યવહારમાં સોદો કરે છે ? સમાન્તર રીતે લેવડદેવડ કરે છે કે પોતાનું સાધ્ય કરવા માટે લાંચ આપવાનો પ્રયત્ન કરે છે ? કોઈ બાળકો વિનંતી અથવા અરજ કરીને માંગે છે ? કોઈ મારામારી કરીને વસ્તુ સાધે છે, કોઈ પોતાની હોંશિયારી (લુચ્ચાઈ) નો ઉપયોગ કરે છે ? કોઈ રડીને ધમાલ મચાવીને પોતાનું સાધ્ય પ્રાપ્ત કરે છે ? આ બધું કરવા છતાં બાળકોમાં તેનું શું સ્થાન છે તે શિક્ષકે જોવું જોઈએ. અન્ય બાળકો જ્યારે એનું કહ્યું સાંભળે છે ત્યારે એને પોતાને કેવું લાગે છે તે જોવું જોઈએ, કોઈ વાર બાળકો તેને ચાહે છે, કોઈ વાર બાળકો તેનો વિરોધ કરે છે, કોઈ વાર હસે અથવા ફજેતી કરે છે, કોઈ વાર તેની ટીકા કરે છે. આ બધી વખતે એનું વલણ કેવું હોય છે એની નોંધ પણ શિક્ષકે કરવી જોઈએ.

નાના બાળકો સાથે એ કેવી રીતે વર્તે છે, તેનું વર્તન સુખદ છે ? તેમના રક્ષણની કાળજી બતાવે છે ? કે તેમના ઉપર આક્રમણ કરે છે ? કોઈ કોઈ વાર પોતાને નિષ્ક્રિય રહીને તેમનામાં લક્ષ્ય પરોવવાની વૃત્તિ જણાય છે, કોઈ વાર નાના બાળકોનો વિરોધ તો કોઈ વાર તેમની સાથે સ્પર્ધા કરવાની વૃત્તિ તેનામાં જણાય છે ? મોટા બાળકો સાથે તેનું વર્તન કેવું હોય છે ? સુખદ હોય છે ? તેમનું કહેવું સ્વીકારે છે ? કે ત્યાં પણ સ્વપ્રસ્થાપન હોય છે ? બાળકના નેતાની સ્તુતિ કરે છે ? કે તેની સાથે સ્પર્ધા કરવાનો પ્રયત્ન કરે છે ?

બીજા બાળકો હોય છે ત્યારે સારું રમે છે કે નથી હોતા ત્યારે રમે છે ?

શિક્ષકો સાથેનું વર્તન

બાળમંદિરના વાતાવરણમાં મોટી મંડળીમાં શિક્ષિકા, મુખ્ય શિક્ષિકા, નોકર, માળી વગેરેના સંબંધ આવે છે. આ બધી વ્યક્તિઓ સાથે મૈત્રી બાંધવાનો પ્રયત્ન કરે છે કે તેમની સત્તાનો વિરોધ કરે છે ? વર્તનમાં સ્વતંત્રતા બતાવે છે કે મોટી વ્યક્તિઓ પર અવલંબન બતાવે છે ? શરમાળપણું, સ્વાભાવાતિરેક, (Self-consciousness) પલાયનવૃત્તિમાંથી શી વૃત્તિ હોય છે ? મોટાઓનું કહ્યું માને છે કે તેના ઉપર ટીકા કરે છે કે કહેલી વાતો ટાળે છે ? શિક્ષકે આ સંબંધમાં તે ઘરે મોટી વ્યક્તિઓ સાથે શી રીતે વર્તે છે એની પણ નોંધ તેના માતા-પિતા સાથેના વાર્તાલાપમાંથી મેળવી લેવી જોઈએ.

કેટલાંક બાળકો શિક્ષકોને ઘણા વળગે છે તો બીજા કેટલાંક એમનાથી દૂર રહે છે, કેટલાંક બાળકોને શિક્ષક જે કહે તે જ પ્રમાણ માને છે તો બીજા કેટલાંક તેનો વિરોધ જ કરતા હોય છે. તેમના કહેવા તરફ દુર્લક્ષ કરે છે. કેટલાકમાં રમતિયાળપણું દેખાય છે. બાળકોની સામાજિકતામાં વયાનુસાર અને અનુભવને લીધે ફરક પડતો હોય છે તે પણ આપણે ધ્યાનમાં લેવું જોઈએ. સંચયશીલ નોંધમાં આપણે મહિના પછી નોંધ કરીએ છીએ ત્યારે ધ્યાનમાં આવતી નવી વાતો નોંધવી જોઈએ.

— શેષ નાભણે

કેળવણીના વહેતા પ્રવાહો

સ્વ. મૌલાના અબુલ કલામ આઝાદ

[આ લેખમાળામાં ભારતીય વિચારકોના કેળવણી અંગેના ખ્યાલો રજૂ કરવામાં આવે છે.]

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી રાષ્ટ્રીય કેળવણી એ એક આપણા ખાસ ધ્યાન ખેંચનાર પ્રશ્નોમાંનો એક મહત્ત્વનો પ્રશ્ન છે. આપણી કેળવણીની યોજનામાં કંઈક ખોટું થાય છે. આજની પરિસ્થિતિ જે માગે છે તે કેળવણીમાંથી ફલિત થતું નથી. તેથી તેમાં સુધારો થવો જ જોઈએ એવી બધેથી બૂમ સંભળાય છે.

દરેકના ધ્યાનમાં આવતો આ ચાલુ કેળવણીનો દોષ એ છે કે સામાન્ય લોકોને જે પ્રકારની કેળવણી તે લોકોની ગરજ સારતી નથી ને પૂરતી પણ નથી. જે અલ્પ સંખ્યાંક લોકોને વિશ્વવિદ્યાલયની ઊંચી કેળવણી પ્રાપ્ત કરવાનું ભાગ્ય મળે છે તે લોકોને પણ આ કેળવણીથી કોઈ ઉપયોગી કામધંધો મળતો નથી. અત્યારે આપણાં વિદ્યાપીઠોમાં સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. આપણા દેશની પાંત્રીશ કરોડ પ્રજાના પ્રમાણમાં આ આંકડો મોટો છે એમ કહી શકાય નહિ. છતાં એટલાં લોકોને પણ એ કેળવણીને લીધે કામધંધો મળતો નથી તેથી આપણી કેળવણીમાં એવો કોઈ દોષ છે, જે સાચે જ ગંભીર છે.

એ પણ એક કમનસીબ વાત છે કે આપણાં દેશમાં જે લોકો ઊંચી કેળવણી પામે છે તે બધાનો ઉદ્દેશ સરકારી નોકરી મેળવવાનો હોય છે. સરકાર બધાને નોકરીઓ પૂરી પાડી શકે નહિ એ દેખીતું છે. એનું પરિણામ એ આવે છે કે આપણી કેળવણીની યોજનામાં સમાજને ઉપયોગી એવી વ્યક્તિઓનું ઘડતર થવાને બદલે સમાજને બોજારૂપ બને એવી વ્યક્તિઓનું નિર્માણ થાય છે. જેને લીધે સમાજની શક્તિ વધવી જોઈએ તે જ લોકો સમાજને નબળો બનાવવામાં નિમિત્તરૂપે બને છે.

આ પ્રશ્ન વિશે મને શું લાગે છે તે હું અત્રે કહીશ. વ્યક્તિની શક્તિનો વિકાસ થઈ તે જીવનનો પૂર્ણોપભોગ લેવા માટે સમર્થ બને તે જ પ્રકારની કેળવણી મળે—એ દરેક વ્યક્તિનો હક્ક છે—દરેક નાગરિકનો તે જન્મસિદ્ધ હક્ક છે. દરેક વ્યક્તિને જ્યાં સુધી જ્ઞાન અને પોતાના ઉદ્ધારનાં સાધનો સરખાં મળતાં નથી ત્યાં સુધી કોઈ પણ રાજ્ય પોતે પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે કરી રહ્યું છે એવો દાવો કરી શકે નહિ. હું માનું છું આપણી દુય્યમ કક્ષાની કેળવણી આ પ્રકારની આશાઓ પૂરી કરી શકશે. લોકોને કામધંધો આપવાની વાત બાજુએ મૂકીએ તો પણ રાજ્યે બધા નાગરિકોને દુય્યમ કેળવણી બધાને આપવાનો પ્રબંધ કરવો જ જોઈએ એ વિશે મારી ખાતરી થઈ છે. પ્રાથમિક—માધ્યમિક અને ઉચ્ચ એમાંથી પ્રાથમિક અને માધ્યમિક અવસ્થા હું વધુ મહત્ત્વની ગણું છું. કારણ રાષ્ટ્રીય કેળવણીના ભવ્ય મકાનનો પાયો આ જ બે અવસ્થામાં નખાય છે. આ પાયો કાચો હોય અથવા ખોટો નખાય તો એના પર થવાની રચના અસુરક્ષિત અને સદોષ બનશે. તેથી આ બે અવસ્થામાં અપાતી કેળવણી બુનિયાદી પદ્ધતિએ જ આપવી એવું આપણે સ્વીકાર્યું છે. રાષ્ટ્રીય કેળવણીના ઘડતરની દૃષ્ટિએ આ અત્યંત મહત્ત્વની ઘટના છે.

આ પછીની કેળવણીની વાત જુદી છે. ઉચ્ચ કેળવણીની સગવડોનો જ્યારે અત્રે રાજ્યની કેળવણીની દૃષ્ટિથી વિચારીએ ત્યારે એ કેળવણી સમાજની જરૂરિયાતો પર આધારેલી છે કે નહિ તે આપણે જોવું જોઈએ. આ અવસ્થામાં માંગ અને પુરવઠામાં જો મેળ ના હોય તેથી અનેક પ્રશ્નો ઊભા થશે. ગમે તે કરીને આ પરિસ્થિતિ ઊભી ન થાય

તે રાજ્યે જોવું જોઈએ. નહિ તો પણ ઉચ્ચ શિક્ષણ એટલું મોંઘું છે કે તે કોઈ પણ રાજ્ય અમુક મર્યાદા પછી વધારી જ ન શકે.

અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં માંગ અને પુરવઠામાં હંમેશ નિકટ મેળ રહેવો જોઈએ એવો નિયમ છે. આ નિયમની અવગણના થાય તો સમાજ સંકટમાં સપડાય. ઉચ્ચ કેળવણીના ક્ષેત્રને પણ આ જ નિયમની ખાસ જરૂર છે, નહિ તો પુરવઠો માગણીના પ્રમાણમાં ઓછો પડે તો પાછળ પડે છે અને જો વધુ પડતો થાય તો સમાજમાં બેકારી વધે છે. આપણી કેળવણીનાં આયોજનમાં આ નરી આંખે દેખાતા દોષનો આપણે વિચાર કરતા નથી. સરકારી નોકરી માટે વિદ્યાપીઠની પદવીને આપણે વધુ પડતું મહત્ત્વ આપ્યું છે તેથી સામાન્ય રીતે વ્યકિત તે પદવી મેળવવા પાછળ પડે છે. પછી પદવી મેળવ્યા બાદ જ્યારે બજારમાં તેની કોઈ કીંમત કરતું નથી એમ દેખાય છે ત્યારે પૈસો અને વર્ષો નકામા ગયાનું ભાન થાય છે.

આવું કમનસીબ પરિણામ ટાળવું હોય તો આપણી કેળવણીનું એવું આયોજન થવું જોઈએ કે જેથી વધુ સંખ્યામાં લોકો ઉચ્ચતમ કેળવણી પ્રાપ્ત કરે કે તરત જ તેમને વિવિધ વ્યવસાય કામધંધો કે ઉદ્યોગો મળે અને સમાજને જરૂર હોય એટલા જ લોકોને વિદ્યાપીઠોમાં કેળવણી મળે.

આપણે લોકોને વિદ્યાપીઠોની કેળવણી લેવાની મનાઈ કરી શકીએ નહિ. પણ જે લોકો જ્ઞાન માટે નહિ પણ કેવળ પદવીઓ મેળવવા માટે વિદ્યાપીઠોમાં જોડાય છે તેમના પ્રલોભનો ઓછા કરીને એવી પરિસ્થિતિ જરૂર સર્જી શકીએ કે જેથી લોકોને યોગ્ય દિશામાં જવાનું મન થાય.

એથી પ્રશ્ન એ થાય છે કે આપણે ત્યાં સરકારી નોકરીઓ માટે વિદ્યાપીઠોની પદવી પર જે એકલો ભાર મૂકાય છે તે શું યોગ્ય છે? આજે આપણા લોકો એમ માની બેઠા છે કે વિદ્યાપીઠોની પદવીઓ એટલે નોકરીઓ માટેનો પરવાનો. આ પરિસ્થિતિનું પરિણામ આપણી વિદ્યાપીઠો પર દેખાય છે. "શકય એટલા વધુ વિદ્યાર્થીઓ લઈએ અને શકય એટલી જુદી જુદી પદવીઓ યોજીએ." વિદ્યાપીઠોના આ વલણથી કેળવણીનું ધોરણ નીચે ને નીચે જઈ રહ્યું છે. આજના કોઈ પણ પદવીપ્રાપ્ત વ્યકિતના જ્ઞાનની સ્થિતિ પરથી તે જોઈ શકાશે.

બીજા દેશોમાં સરકારી નોકરની ભરતી આ રીતે થતી નથી. દાખલા તરીકે ઇંગ્લેંડમાં કેટલીક જગ્યાઓ માટે પદવી અનિવાર્ય મનાય છે. જેમકે જેમાં વ્યાવસાયિક પ્રાવીણ્યની ખાસ જરૂર હોય છે એવો–ડૉકટરો, પ્રોફેસરો અથવા ઇજનેરોનો વ્યવસાય. પરંતુ બાકીની જગ્યાઓ પર તો વ્યકિતની ઉંમર અને તેની પાત્રતાને જ વધુ મહત્ત્વ અપાય છે. કેવળ વિદ્યાપીઠની પદવીને લાયકાતનું પ્રમાણ મનાતું નથી.

આપણા દેશમાં પણ આવી જ કોઈ રીત અજમાવવાનો સમય હવે પાકી ગયો છે. હવે વિદ્યાપીઠની પદવી એટલે નોકરી માટે પરવાનો બને તે આપણે કેમ ચલાવી લઈએ? આપણે વ્યકિતઓની પાત્રતા પર ભાર આપવો જોઈએ. આપણા પબ્લિક સર્વિસ કમિશને વ્યકિતની પાત્રતા સમજવા માટેની કેટલીક કસોટીઓ (tests) શોધવાના રહેશે.

અર્થાત્ જ્યાં વ્યાવસાયિક ઉચ્ચ પ્રાવીણ્યની વાત છે ત્યાં વિદ્યાપીઠોની પદવીઓનું જરૂર મહત્ત્વ રાખીએ. એમાં આપણે કોઈ પણ પ્રકારની કચાસ ન રાખીએ. એ માટે પબ્લિક સર્વિસ કમિશનોની સંખ્યા વધારવી પડે તો ભલે વધારીએ અથવા બીજી કોઈ વ્યવસ્થા થઈ શકે તો કરીએ.

('કેળવણીનું ભવિતવ્ય 'ના આધારે)

× × ×

શ્રી મૌલાનાનાં કેળવણી અંગેના વિચારોમાંથી બાળકેળવણીને સ્પર્શે છે તે મુદ્દાઓ :—(૧) કેળવણી અને સમાજના જીવન પ્રશ્નો એમાં તફાવત ન પડવો જોઈએ. આમ સમાજનો વિચાર કરતાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણીની અવસ્થાઓ અત્યંત મહત્ત્વની છે. એ અવસ્થામાં જીવન અને કેળવણી વચ્ચે અંતર ન રહે તે માટે બુનિયાદી કેળવણીની પદ્ધતિનો રાષ્ટ્રે સ્વીકાર કર્યો છે. કેળવણીએ સમાજને અનુલક્ષીને વ્યકિતને વિકસવાની પૂર્ણ તકો આપવી જોઈએ. –સં.

ફ્રોબેલનું બાલોદ્યાન

ઈ. સ. ૧૮૩૭ માં જર્મનીમાં બ્લેંકનબર્ગમાં સ્થાપન થએલી પહેલી કિંડરગાર્ટન સંસ્થાને ફ્રોબેલે 'શિશુવિકાસ સંસ્થા an institution for the fostering of little children એવું નામ આપ્યું હતું. પરંતુ આ નામ તેમને પસંદ નહોતું. બ્યાના કરતાં વધુ સૂચક નામનો તે વિચાર કરતો હતો.

એક દિવસ પાસેના જ 'કિલ્હૌ' નામના ગામમાંથી મિડેનડૉર્ફ તથા બૅરોપ નામના બે શિષ્યો સાથે ફ્રોબેલ બ્લેંકનબર્ગ તરફ આવતો હતો. વચલો રસ્તો ડુંગરાળ હતો. ડુંગરા અને ખીણો ચડ્યા પછી 'સ્ટીગર' ખીણમાંથી ઊતરે કે તરત જ બ્લેંકનબર્ગ ગામ આવતું. ફ્રોબેલના પગ ગતિમાં હતા. પરંતુ એના મનમાં સંસ્થાના નવા નામની શોધ વિષેના વિચારો તો અતિ વેગે ગતિ કરી રહ્યા હતા. ઘાટની ટોચ ઉપરથી નિસર્ગનું ભવ્ય દૃશ્ય અને બ્લેંકનબર્ગનાં ઘરો દેખાતાં હતાં. વિચાર કરતાં કરતાં એ વચ્ચે જ એકદમ અટકયો. એની આંખો કશુંક શોધ્યા પછીના આનંદથી ચમકી ઊઠી અને એ ખૂમ પાડી ઊઠયો. "બસ મારી સંસ્થાનું નામ 'કિંડરગાર્ટન' (બાલોદ્યાન). ફ્રોબેલના શિષ્યો એની તરફ જોઈ જ રહ્યાં. "કેટલું બધું યોગ્ય નામ છે આ! કેટલાએ દિવસથી હું એ શોધી રહ્યો હતો." બ્લેંકનબર્ગની સંસ્થાને આ નામ આપીને તેને આ સંસ્થા માટે પોતાની બધી શક્તિ અર્પણ કરીને તેના નામનું સાર્થક કર્યું.

ફ્રોબેલના જીવનનાં છેલ્લાં વર્ષોમાં બૅરોનેસ બર્થા વૉન મારેન્હોલ્ટસ બ્યૂલો નામના એક રજવાડા કુટુમ્બની સ્ત્રી એની મહાશિષ્યા બની. ફ્રોબેલ પછી આ શિષ્યાના કાર્યને લીધે જ ફ્રોબેલના બાલોદ્યાનનો પ્રચાર થયો. ફ્રોબેલે અને તેમના શિષ્યોએ સ્થાપિત કરેલી અનેક બાલોદ્યાન સંસ્થાઓ જોઈ હતી. તેમણે ફ્રોબેલની કલ્પનાની બાલોદ્યાન સંસ્થાનું સુંદર વર્ણન કર્યું. તેમનું એ વર્ણન ઉદ્બોધક હોવાથી તેમના જ શબ્દોમાં અહી આપું છું.

બૅરોનેસ બ્યૂલોનું બાલોદ્યાનનું વર્ણન

"બાલોદ્યાનની શાળામાં દાખલ થતાં જ ગીતોના મધુર સૂર જોવા આવનાર મહેમાનને કાને પ્રથમ પડતાં. અંદર દાખલ થતાં જ ૩ થી ૫–૬ વર્ષના બાળકો ગોળાકારમાં સામેના વૃક્ષની છાયામાં અભિનય ગીત ગાતાં દેખાતાં. તેમના અભિનય ગીતમાં કયારેક રોપવું કાપવું વગેરે કૃષિવિષયક ક્રિયાનો અભિનય, કયારેક પક્ષીઓના માળા બાંધવાનો અભિનય, અને તેમાંથી બચ્ચાંઓનો ફર્‌ર્‌ર્‌ કરીને ઊડવાનો અભિનય દેખાતો. કયારેક કયારે દુકાનમાંથી ખરીદવાના નાટકનું દૃશ્ય પ્રગટ થતું. શબ્દોનો સંપૂર્ણ અર્થ કરતો અભિનય અને અભિનયને સંપૂર્ણ અર્થ કરનારા શબ્દો એવું જ આ કાર્યક્રમનું વર્ણન કરવું પડશે.

આ કાર્યક્રમોના પુનરાવર્તનોથી શરીર અને મન બન્નેને કસરત મળતી. કેટલી યે ક્રિયાના અભિનયમાં તે તે સ્નાયુને કસરત મળીને ક્રિયા અને શબ્દોના સાહચર્યને લીધે બાળકોની અવલોકન શક્તિને પોષણ મળતું. અનુકરણ વૃત્તિ અને ઇચ્છાશક્તિનો ઉપયોગ થતો."

હસ્ત વ્યવસાય કેવી રીતે આપવામાં આવતું

પેલી તરફ બાગમાંના મંડપની નીચે પાંચ–દશ ટેબલો અને ખુરશીઓ દેખાય છે. દરેક ટેબલ આગળ એક એક બાળક દેખાય છે. તેમાંનાં કેટલાંક આઠ–દશ વર્ષ સુધીનાં છે. દરેક જણ પોતાના કાર્યમાં તલ્લીન છે. એક ટેબલ ઉપર રંગીન કાગળના કટકા ઘાસ અને ચામડાંની પટ્ટીઓ દેખાય છે. એ વસ્તુમાંથી કંઈક બનાવેલા નમૂના ટેબલ ઉપર મૂકેલા જણાય છે. તેમાંથી એક ટપાલ પેટી તથા એક સાદડી દેખાય

છે. મોટાં બાળકોએ બનાવેલા નમૂનામાં પોતાની સ્વતંત્ર કલ્પના જણાય છે. તેમના નમૂના તેમના માતપિતાને, ભાઈબહેનને અથવા સગાવહાલા–મિત્રોને ભેટમાં દેવાતા હોય છે.

બીજા એક ખૂણાના ટેબલ ઉપર ઘન ઈંટોની કંઈ રચના ચાલે છે. બધા જ ટેબલો પણ સરખા પ્રકારની રચના કરેલી જણાય છે. એટલીવારમાં એ બધાં બાળકોનું ધ્યાન શિક્ષકોએ પોતાના તરફ ખેંચી લીધું છે. બધા જ બાળકો શિક્ષિકાબેનનું કહેવું ધ્યાનપૂર્વક સાંભળે છે. તેઓ જે કહે છે તેનો સંબંધ બાળકોએ તૈયાર કરેલા પેલા હસ્તવ્યવસાયના નમૂનાઓ સાથે જોડી દીધો છે.

કોઈ વાર આ બાળકો આંકના ગડીઆ બોલે છે. ઈંટોના આકારની તૂલના કરે છે. એની આગળના ટેબલ આગળ કાગળનું ઘડીકામ ચાલતું દેખાય છે. જુદાં જુદાં હથિયારના આકારો, પેટીઓ, વહાણ, અને ફૂલો એ બધું મૂળ ભૌમિતિક આકાર ઉપરથી નીપજાવેલું દેખાય છે. અહીં ભૂમિતિના આકારોની પ્રાથમિક કલ્પના ફક્ત શબ્દો દ્વારા કે રેખાકૃતિથી નથી આપતા. સર્જનાકૃતિમાંથી તેનું અવલોકન કરીને તેના ઉપરથી ભૂમિતિનું જ્ઞાન આપવામાં આવે છે.

બાગકામ

હવે શાળાના કામનો અડધો કલાક પસાર થઈ ગયો છે. શિક્ષિકાની વાર્તા પૂરી થઈ. હવે પછીનો સમય બાળકોએ ફક્ત બેસીને સાંભળવાનું નથી. આ જુઓ, નાનો પાવડો અને લાંબા હાથાની ખૂર્પી લઈ બાળકો બહાર નીકળ્યા છે. ઝાડનાં નાનાં નાનાં કુંડાઓ પણ સાથે લીધા છે. દરેક બાળકને પોતાનું એક એક કુંડું સંભાળવું પડે છે. બાગમાં શાકભાજીના ફૂલઝાડના તથા ફળના રોપ વાવ્યા છે. તેમાં પાણી પાવાનું ખોદવાનું વગેરે કામો આ નાની નાની મંડળીઓ સહકારથી કરે છે.

બાગમાં ફક્ત ઝાડો જ નથી. અનેક પ્રાણીઓ પણ ત્યાં દેખાય છે. સસલા, બકરી, કૂતરા, કૂકડા, પીલુ, કુક્કર, અને કબૂતર–પાળેલા બહીઆ છે. એના ઉછેરનું ઘણું કામ છોકરાંઓ કરે છે. શરૂઆતમાં જે બાળકો અભિનય ગીતમાં આપણે જોયાં હતાં તે હવે મોટાં બાળકોના ટેબલ ઉપર ગયાં છે.

સળીની આકૃતિઓ બનાવવી–
ગરીબ બાળકોનાં રમકડાં

પેલા ખૂણામાં બધાં બાળકો સળીની જુદી જુદી ઘટનાકૃતિઓ બનાવે છે. શોભાવતિ, ભૌમિતિક આકૃતિ ઉપયોગી વસ્તુ બનાવવી, ઘરની આકૃતિ બનાવે છે. સમકેન્દ્રી રેખાની જુદી જુદી ઘટના બનાવે છે. બાળકો જે કંઈ સર્જન કરે છે તેને વર્ગના કાચના કબાટમાં રાખવામાં આવે છે. વર્ષગાંઠની અથવા નાતાલની ભેટ તરીકે આનો ઉપયોગ થતો નથી. આમાંનાં કેટલાંક રમકડાંઓ નાતાલના સુશોભન વૃક્ષ-ઉપર મૂકવામાં આવશે. **તે સમયે આજુ-બાજુનાં ગરીબ બાળકો શાળાના આ આનંદોત્સવમાં ભાગ લેશે.** આ બાળકોને ખાસ મહેમાન તરીકે બોલાવવામાં આવે છે.

પ્રાર્થના ગીત

હવે કામનો સમય પૂરો થયો. સમૂહગીતમાં ભાગ લેવા માટે બધાં ભેળાં થાય છે. થોડી જ વારમાં સૂરીલું પ્રાર્થના ગીત શરૂ થશે. નાનાં બાળકોએ પોતાના શિક્ષકો સાથે એક વર્તુળમાં રહીને ગાવાની શરૂઆત કરી છે. તેમના ચહેરા ઉપર ભક્તિના ભાવભાવ જણાય છે. તેઓ પ્રાર્થના ગીત ગાય છે. બોલોદ્યાન આ જ રીતે દરરોજ શરૂ થાય છે અને પૂરું થાય છે. આમ આ નાનાં બાળકોનાં ત્રણ–ચાર કલાક કયારે પૂરા થાય છે તે જણાતું જ નથી. તેમના ઘરની વ્યક્તિઓ–માતાપિતા, ભાઈબહેન, નોકર તેમને તેડવા માટે આવ્યાં છે. તેમની પાસે જઈને આજે શાળામાં શું શું કર્યું છે તે કહેવા માટે તેઓ આતુર છે. કેટલાંક બાળકો પોતાનાં અધૂરાં કામો પૂરાં કરવા માટે ઘરે લઈ જતાં જણાય છે.”

[અનુસંધાન પાન ૧૪ ઉપર




સૌંદર્ય
પ્રસાધનોમાં
અગ્રસ્થાને



— સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ —
વે. વી. વઘર. બે. બોન્ડ કું., મુંબઈ ૯.

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ ડિલ્યરંજન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સીક્રેસ, મુંબઈ-૭
શાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગ્રાંટરોડ, મુંબઈ-૭



નવા મતદાર યુગનું
આવકાર
સ્વીકારવા માટે

પરીશ્રમ પૂર્વક સંશોધન
કર્યા પછી. ૧૮ ઔષધીયુક્ત
વનસ્પતિના અર્ક નાખી.
અમારી

"વિકો વજ્રદંતી"

પાવડર અગર પેસ્ટ આપને પસંદગી મુજબ વાપરો

વિકો લૉબોરેટરીઝ
ઉત્પાદકો: ધાતકીવાડી, ભાવનગર

મુદ્રક અને પ્રકાશક : નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૨ : મે, ૧૯૫૯



> દબાણને લીધે થતું આજ્ઞાપાલન અહિતકારક હોય છે. કોઈ કોઈ વાર કામ કરતું દેખાય છે પણ તેમાં કાં તો તે શિક્ષકથી દબાતું હોય છે અથવા પોતાના પરની શિક્ષકની મહેરબાની ઓછી ન થાય તે માટે આજ્ઞા-પાલન થતું દેખાય છે. ઘણી શાળાઓમાં આજ્ઞાપાલન આ પ્રકારનું હોય છે. પણ ખરી શિસ્ત તો ત્યારે જ કહી શકાય કે જ્યારે બાળક પોતાની સમજથી આજ્ઞાપાલન કરતું થાય છે. આવું આજ્ઞાપાલન એક લક્ષ પર કેન્દ્રિત એવા સમાજમાં જોવા મળે છે. સામા-જિક સમરસતા એ શાલેય જીવનના સમાજ-રચનાનું પહેલું પગથિયું છે.
>
> એજ્યુકેશન ફોર ન્યૂવર્લ્ડમાં મોન્ટેસોરી

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નાભલે


☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા


કાર્યાલય : શિક્ષણ પત્રિકા : સરસ્વતી પ્રેસ : ભાવનગર

તેલીનો લોટો નથી પણ વાળને
સરળતાથી શ્યામ કરે તેવું
તો માત્ર "લોમા"જ છે

પ્રમાણિક સેલ્સમેન







એ ફલર નથી પણ વાળને સરળતાથી શ્યામ કરતું એક શ્રેષ્ઠ કેશ પ્રસાધન પણ છે કે જેમાં સારા તેલોમાં હોવા જોઇએ એ બધાજ તત્વો સમાયેલાં છે.

સોલ એજન્ટસ:

એસ. એસ. ખંભાતવાલા, અમદાવાદ ૧.

એજન્ટસ:

સી. નરોત્તમ એન્ડ કું., મુંબઈ ૨.

MPS

ખંભાત : ચેલ્લેટ પ્રેસમાં ફિલિપ્સ એન્ડ કંપની માટે ઈશ્વરલાલ ચુનીલાલ ત્રિવેદી દ્વારા મુદ્રિત અને પ્રકાશિત : ચેલ્લેટ પ્રેસ, પહેલો માળ, વડોરા—ચોક ફિલિપ્સ એન્ડ કંપની, પી. ઝેડ. ૬૬૫૬, ૧ ઓક્ટો, ૧૯૫૬, ચોપાટી સ્ટ્રીટ, મુંબઈ ૭



* "ફિલિપ્સ" રે. ઓપ. ગ્રાહક, સેવા, ચો., ખંભાત, ફિલ્મ્સ ઓફ્ફિસ્ટ્રોનિક્સ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) પ્રા. લિ.ની ૬ ફૂલી ફ્રેન્ચ ડેસ્ટ્રક્ટિવ ઇન્ડક્ટન્સ ધરાવતી ટ્રાન્ઝિસ્ટર રેડિયો સેટ

ફિલિપ્સ * ટ્રાન્ઝિસ્ટર

ફિલિપ્સ ચુનીલાલ ત્રિવેદી દ્વારા

SISTA73-SC-71-GU



૮૮, સી. નાગૂ સયાજી વાડી,
ન્યૂ પ્રભાદેવી રોડ, મુંબઈ ૧૩.

શિક્ષણ-પત્રિકા

સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન ગાળણી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ


મે ૧૯૫૬

અનુક્રમ

બાલશિક્ષણ અને સંઘસમાચાર ૩
સંપાદકીય ૪
રચનામાંથી કેળવણી અને કેળવણીમાંથી નવરચના ૭
મૂલ્યોદ્યોગી પૂર્વ પ્રાથમિક શિક્ષણ ૧૧
રાન્ત સુપડકન્નો ૧૪



ધ્રુવિદેવ લેબોરેટરીસ્, મુંબઈ, ૨૬



પ્રસિદ્ધિ ઉત્તેજનમાં પણ મળે છે.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

સ્થાનિક શાખાઓ શરૂ કરવા અંગેનો ખુલાસો : સૂરતથી એક ભાઈ સ્થાનિક શાખા કાઢવા માટે કેન્દ્રિય કાર્યાલયમાંથી સાહિત્ય મંગાવે છે. સંઘની જ્યાં જ્યાં પ્રાદેશિક શાખાઓ છે ત્યાં સ્થાનિક શાખા શરૂ કરવા માટે અને તે બાબતમાં સલાહ સૂચન મેળવવા માટે પ્રાદેશિક શાખાના મંત્રીઓ સાથે પત્રવ્યવહાર થવો જોઈએ. જ્યાં પ્રાદેશિક શાખા ન હોય ત્યાં કેન્દ્રિય કાર્યાલય મદદ કરી શકશે. જ્યાં પ્રાદેશિક શાખા ન હોય ત્યાં એ શાખાની મંજૂરી અને સહકારથી જ શાખા શરૂ કરી શકાય.

સૂરત શાખા : તાલીમ પામ્યા વગરના પરંતુ બાળમંદિરમાં કામ કરતા અનુભવી શિક્ષકો માટે નવા વર્ષથી શનિ રવિ વર્ગો ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમ જ માતાઓના શિક્ષણ વર્ગોની યોજના અંગે પણ એ શાખાના કાર્યકરો વિચારી રહ્યા છે.

શ્રી મુગટ બાળમંદિર કપડવણજ : દિનાંક ૩૦–૪–૫૬ને દિને અહીના બાળમંદિરના સંચાલકોએ બાલઉત્સવની ઉજવણી કરી જેમાં બાળકોના મનોરંજન કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

યશોરમણ ટ્રસ્ટ : ગુજરાત બાલઅધ્યાપન મંદિર અમદાવાદ : સંસ્થાનો પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર વિતરણ સમારંભ આ વર્ષે સંઘની અમદાવાદ શાખાના પ્રમુખ બાળપ્રેમી ડૉ. શ્રી નાનુભાઈ દેસાઈના પ્રમુખપદે ઉજવાયો.

અમદાવાદ શાખા : શાખા પ્રમુખ ડૉ. શ્રી નાનુભાઈની નિમણૂક મુંબઈના બૉમ્બે હૉસ્પિટલના સર્જન તરીકે થઈ હોવાથી શાખાએ પ્રમુખને અભિનંદીને તેમણે શાખાની કરેલી સંસ્મરણીય સેવા બદલ અત્યંત ભાવભર્યું માનપત્ર આપ્યું.

શ્રી મીઠાપુર બાળમંદિર : ઓખા મંડળ (સૌરાષ્ટ્ર) આ સંસ્થામાં પ્રી. વી. ટી. સી. થયેલ શિક્ષક શિક્ષિકાની જરૂર છે. જૂના અનુભવી શિક્ષકોને વધુ પસંદગી. પગાર, અનુભવ તથા પ્રમાણપત્રો સાથે સંસ્થા પર લખો.

પુષ્પ બાળમંદિર મણીનગર અમદાવાદ : સંસ્થાનો ૧૮મો વાર્ષિકોત્સવ દિનાંક ૨૩ એપ્રિલના રોજ ઉજવવામાં આવ્યો. શ્રી દુર્ગેશ શુકલ રચિત 'વિશ્વ કેતુ' એ નાટિકાનો પ્રયોગ રજૂ કરવામાં આવ્યો.

વિદ્યા કેળવણી મંડળ એલિસબ્રિજ અમદાવાદ : સંસ્થા તરફથી આ વર્ષે બાળકો માટે છાત્રાલય શરૂ કરવાની યોજના કરવામાં આવશે. સંસ્થામાં શિક્ષક શિક્ષિકાઓની જરૂર છે. પત્રવ્યવહાર વ્યવસ્થાપક સાથે કરવો.

કેશવજી કરસનદાસ બાળમંદિર મુંબઈ : દિનાંક ૨૪–૪–૫૬ના રોજ માતાઓની સભા યોજવામાં આવી હતી. જેમાં સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી પ્રભુભાઈ ઉપાધ્યાયે 'બાળકોના પ્રશ્નો' સંબંધી પ્રવચન કર્યું હતું.

ગુજરાત નઈ તાલીમ સંઘ : કન્યા આશ્રમ મઢી : સંઘ તરફથી છઠ્ઠી બાલવાડી શિબિર બોચાસણમાં દિનાંક મે ૮થી ૨૨મી સુધી યોજવામાં આવશે. શિબિરને ઉદ્‌બોધન કરવા અનુભવી કાર્યકરો આવવાના છે. પાંચમી બાલવાડી શિબિરનો ખ્યાલ આપતી જે નિવેદન પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે તે પૂર્વ બૂનિયાદી કેળવણીના રસિકોને ઘણી ઉપયોગી થઈ છે.

વિકાસવાડી કોસબાડ–જી. થાણા : વિકાસવાડી અધ્યાપન મંદિરની પહેલી ટુકડી તેમજ બાલઅધ્યાપન મંદિરની છેલ્લી ટુકડીને વિદાય આપવાનો સમારંભ ગ્રામ બાલ શિક્ષા સમિતિના પ્રમુખ શ્રી. આર્યોર્ય ભિમેના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રાચાર્ય શ્રી. ભાગવત, નિયામક શ્રી. તારાબેન મોડકના પ્રસંગોચિત પ્રવચનો થયાં.

નોકરી જોઈએ છે : ગુજરાત સૌરાષ્ટ્રમાં બાલમંદિરોનું સંચાલન કરવાનો અનુભવ છે એવા ભાઈ શ્રી. ચંદુલાલ નાગરદાસ, મંજુવિલા સામે, જોરાવરનગર-સૌરાષ્ટ્ર સાથે પત્ર વ્યવહાર કરવો.

મુંબઈ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાએ માન્ય કરેલ
નૂતન બાળશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] એ ૧૯૫૯ [અંક : ૨

સંપાદકીય

જુલાઈની બાલઅધ્યાપન ચર્ચાપરિષદ

ગયા અંકમાં અમે પૂર્વ-પ્રાથમિક શિક્ષકો માટે સંસ્કાર વર્ગની અને બાલઅધ્યાપન સંસ્થા માટે ચર્ચાપરિષદની શા માટે આવશ્યકતા છે એ અંગે અમારા વિચારો પ્રગટ કર્યા હતા. આ કાર્યક્રમ સરકારી કક્ષાએ થાય તેથી નૂ. બા. શિ. સંઘના મંત્રીએ શિક્ષણખાતાને લખીને સમજાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ પૂર્વ-પ્રાથમિક કેળવણીને સરકાર ક્રમ આપતી ન હોવાથી આ બાબતમાં સરકારી શિક્ષણખાતા તરફથી વિચાર કરાશે એ અપેક્ષા ખોટી ઠરી છે. તેથી કંઈ નહિ તો આ વર્ષે પણ આપણા જ જોર ઉપર આપણા પ્રશ્નો ઉકેલવાનો વિચાર બાલ-અધ્યાપન સંસ્થાએ સ્વીકારવો એ જ હાલની પરિસ્થિતિમાં વધુ શક્ય લાગે છે.

પ્રશિક્ષણ સંસ્થાએ જ નેતૃત્વ લેવું જોઈએ.

પૂર્વ-પ્રાથમિક કેળવણીની બાબતમાં સરકારી કેળવણીખાતાએ પ્રશિક્ષણ સંસ્થાનો શિક્ષણક્રમ સુધારવાનું કામ કર્યું. હવે આ બાબતની આગળની જવાબદારી શિક્ષણખાતાની રહેલી નથી એવું સરકારી ધોરણ જણાય છે. સરકારથી જે કંઈ શક્ય હતું તે કર્યું છે, હવે જે લોકોને આ પ્રશ્નો વિષે વિશેષ ચાહના હોય તેમણે હવે પૂર્વ-પ્રાથમિક કેળવણીનું જે કંઈ શક્ય હોય તે કરવું એવો જ અમે સરકારી પ્રત્યુત્તરનો અર્થ કરીએ છીએ. આ રીતે સરકારે પોતાની મર્યાદા સ્પષ્ટ કર્યા પછી આ કેળવણીમાં જેને આસ્થા છે એવી વ્યક્તિઓએ તથા સંસ્થાઓએ આ બાબતમાં શું કરવું એ નક્કી કરવું જોઈએ.

ગયા અંકમાં સૂચવ્યા પ્રમાણે પૂર્વ-પ્રાથમિક કેળવણીને અદ્યતન સ્વરૂપ આપવા માટે બે બાબતો થવી આવશ્યક છે. આમાંની પહેલી વાત એટલે ચાલુ બાલમંદિરના શિક્ષકો માટે સંસ્કાર વર્ગની યોજના કરવી અને બીજી વાત એટલે પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થામાં કામ કરનારા અધ્યાપકો માટે ચર્ચા પરિષદની યોજના કરવી. આ બંને બાબતો આખરે પ્રશિક્ષણ સંસ્થાના નેતૃત્વ ઉપર જ અવલંબે છે. રાજ્યના દરેક શિશુ-શિક્ષકો માટે કોઈ એક ઠેકાણે સંસ્કાર વર્ગ કાઢવાથી કામ પૂરું થએલું ગણાશે નહિ. શિશુ-સંસ્થાની સંખ્યા ધ્યાનમાં લેતા સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, વિદર્ભ-મરાઠવાડા એમ પાંચ વિભાગ પાડીને તે તે વિભાગમાંની પ્રશિક્ષણ સંસ્થાના અધ્યાપકોએ સંસ્કારવર્ગની યોજના કરીને ત્યાંના પૂર્વ-પ્રાથમિક શિક્ષણની નવરચના કરવાની જવાબદારી સ્વીકારીને તે પાર પાડવી જોઈએ. સંસ્કાર વર્ગની સાથોસાથ જ પરિષદ યોજીને પૂર્વ-પ્રાથમિક કેળવણીની પુનર્રચનાની દૃષ્ટિથી તે ચકાસવાનું કાર્ય પણ પ્રશિક્ષણ સંસ્થાના નેતૃત્વ ઉપર જ આધાર રાખે છે.

આજના લેખમાં પ્રશિક્ષણ ચર્ચા પરિષદની સામેના પ્રશ્નોની રૂપરેખા આપવાનો અમારો વિચાર

છે. સંસ્કાર વર્ગના સ્વરૂપ અંગેની ચર્ચા આગળ ઉપર યોગ્ય સમયે જુદી લખીને કરી શકાશે. અધ્યાપકોની ચર્ચાપરિષદમાં પણ સંસ્કાર વર્ગ કેવી રીતે ચલાવવો તથા તેનું સ્વરૂપ કેવું હો ' જોઈએ આ અંગેનું માર્ગદર્શન મળવાની દૃષ્ટિથી આ વિષય યોજવો જોઈએ એવી અમારી સૂચના છે.

ચર્ચાપરિષદ કયા અને કયારે યોજવી ?

કેટલાક અધ્યાપકોને આ પરિષદ મે મહિનામાં યોજવી જોઈએ એવું લાગે છે. પરંતુ કેટલાક અધ્યાપકોને રજાના દિવસોમાં કંઈ વશેષ કાર્યક્રમ હોય છે તેથી મેની રજાઓ તેમને અનુકૂળ આવતી નથી. કંઈ નહિ તો આ વર્ષે તો મે મહિનાનો વિચાર કરવો એ શકય લાગતું નથી. જૂન મહિનામાં બાલ અધ્યાપન સંસ્થાના નવા સત્રની શરૂઆતને લીધે કામ હોવાથી જૂલાઈ મહિનાની મધ્યમાં આ વર્ષ પૂરતો વિચાર કરવો પડશે. કેટલીક વ્યકિતઓએ જૂલાઈ ૧૭, ૧૮, ૧૯ ને ૨૦ આ ચાર દિવસો સૂચવ્યા છે. એમાં દિનાંક ૧૭ મીએ મોહરમની રજા છે. દિનાંક ૧૮ ને ૧૯ એ અનુક્રમે શનિવાર ને રવિવાર આવે છે. ૨૦ મીને સોમવાર એ જ એક કામનો દિવસ પરિષદ માટે લેવો પડશે. આ દૃષ્ટિથી સૂચવેલા દિવસો સગવડવાળા લાગે છે.

પરિષદના સ્થળની દૃષ્ટિથી હજી સુધી કોઈ ઠેકાણેથી પણ નિમંત્રણ મળ્યુ નથી. આમ કોઇનું નિમંત્રણ ન આવે તો શિશુવિહાર દાદર અથવા ગ્રામબાલ શિક્ષાકેન્દ્ર આ સંસ્થાના સંચાલકોને વિનંતી કરીને પરિષદ મુંબઈ અથવા કોસબાડમાં બોલાવી શકાય.

પરિષદમાં સૂચવાએલા કેટલાક વિષયો

પૂર્વપ્રાથમિક કેળવણીને સ્વરૂપ આપવાનું કાર્ય બાલ અધ્યાપન સંસ્થાનું જ કર્તવ્ય હોવાથી " પૂર્વ પ્રાથમિક કેળવણીનું સ્વરૂપ " અંગેના પરિસંવાદ આ વર્ષે યોજવો એવી એક સૂચના કરવામાં આવી છે. ફ્રોએલ મોન્ટેસોરી મુક્તવ્યવસાયવાદ અને પૂર્વ-બુનિયાદી વિચારમાંથી આપણે શું લેવું, કઈ બાબતને કેટલું મહત્ત્વ આપવું આ અંગે જુદા જુદા અધ્યાપકોના વિચાર એકબીજાને સમજાય અને તેના ઉપરથી અધ્યાપનની કાર્યપદ્ધતિને પણ નિશ્ચિત માર્ગદર્શન મળવાની દૃષ્ટિથી પ્રયત્ન થવો જરૂરી છે.

આ ઉપરાંત કેટલાંક સૂચવવામાં આવેલા વિષયો નીચે પ્રમાણે છે: (૧) પાઠ અને નિદર્શનનું સ્વરૂપ તથા પ્રાત્યક્ષિકો, (૨) અવલોકનનું તંત્ર એનું સમયપત્રક અને એની સાથે સંબંધિત વિષય, (૩) નવી સાધનપોથી કેવી હોવી જોઈએ ? (૪) શિક્ષણક્રમમાં સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમની મર્યાદા, (૫) બાલમાનસશાસ્ત્રનું અધ્યાપન, પરિભાષા અને સંદર્ભ ગ્રંથ, (૬) બાલવાર્તા અને બાલ-ગીતોની પસંદગી, (૭) બાલપ્રવાસોનો કાર્યક્રમ, (૮) બાલશિક્ષણની તાત્ત્વિક બાજુનું અધ્યાપન, (૯) શાલેય વ્યવસ્થાનો આદર્શ, (૧૦) કાર્યપદ્ધતિનું અધ્યાપન, (૧૧) વાલી શિક્ષણ માટે શું કરી શકાય, (૧૨) પ્રચલિત પ્રશ્ન માટેનું સંદર્ભ સાહિત્ય, (૧૩) ભારતીય પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો ઈતિહાસ, (૧૪) અભ્યાસક્રમમાં સૂચવવા જેવો ફેરફાર, (૧૫) પરીક્ષાપદ્ધતિ તથા મૂલ્યાંકન અંગેનાં સૂચનો, (૧૬) નૂ. બા. શિ. સંઘના તથા શિક્ષણપત્રિકાના પ્રચાર માટે શું કરી શકાય, (૧૭) પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સંસ્થાની સાધન સામગ્રીની યાદી, (૧૮) પૂર્વપ્રાથમિક શિક્ષકો માટે સંસ્કાર વર્ગ.

પરિષદ માટે સૂચવવામાં આવેલા આ વિષયોની યાદી જોતા પરિષદ કેવળ ચાર જ દિવસમાં આ વિષયો ઉપર પરિસંવાદ યોજી શકશે એવી ભૂલ ઓછી શકયતા છે.

અધ્યાપકોએ પ્રબંધ લખવો

આ યાદી જોયા પછી એક બાબત અમને સૂચવવા જેવી લાગે છે. તે એ કે આ વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપણને બહારથી મળવાનો સંભવ નથી. સરકારી શિક્ષણ અધિકારીઓ પાસેથી

આ અંગે કંઈ વિશેષ અનુભવ મળશે એવી ખાસ શકયતા નથી. પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું પ્રશિણનું કાર્ય અથવા અધ્યાપન કાર્ય જે મંડળી પ્રત્યક્ષ કરે છે તેમને જ આ અંગે પ્રયોગ–વાચન–મનન કરીને પોતાના વિચારો–કરીને રાખવા જોઈએ. આ બધા વિષયો બાલ અધ્યાપન સંસ્થાના અધ્યાપક મંડળમાં વહેચી લેવા જોઈએ. અને તે અંગેનું સાહિત્ય પ્રયત્નપૂર્વક મેળવીને અભ્યાસ કરવો જોઈએ. આવા અભ્યાસ ઉપર અધ્યાપકોએ પ્રબંધ લખીને પરિષદની આગળ વાંચવો અથવા આ બધાનું વાંચન શકય ન થાય તો પરિષદમાં તે ઉપર ચર્ચા થઈને દરેક સંસ્થાએ પોતાનો પ્રબંધ કેન્દ્રિય ઉપસમિતિને સોંપે તો તેના ઉપરથી કેટલાક તારણ કાઢીને એક માર્ગ-દર્શક ગ્રન્થ પ્રકાશિત કરી શકાય. ટૂંકમાં અધ્યાપકોએ આગળ ઉપર માર્ગદર્શન માટે બીજા કોઈની અપેક્ષા ન કરતા પોતે જ તે અંગે શું કહી શકે એ અંગે લખી રાખવું તે આ પરિષદ સફળ કરવાની દૃષ્ટિથી આ ખૂબ મહત્ત્વનું છે. કાર્યાલયને આ પ્રકારનો પ્રબંધ ૩૦ જૂન સુધી મોકલાવવો એવી અમારી સૂચના છે.

પ્રશિક્ષણ સંસ્થાના સંચાલકોને વિનંતી.

પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા અને પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા માટેનું સરકારી ખાતાનું ધોરણ ખૂબ જુદું જુદું છે. પ્રાથમિક શિક્ષણની જવાબદારી સરકાર પોતાની સમજતાં હોવાથી પ્રાથમિક શિક્ષણના વિસ્તારણને સરકારે પોતાના શિક્ષણ વિષયક ઉપ-ક્રમમાં મહત્ત્વ આપ્યું છે પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાના અનુદાનનું ધોરણ જુદું છે. આ સંસ્થા ઉપર નિયંત્રણનું ધોરણ પણ જુદું છે. પ્રાથમિક શિક્ષકોના પગારનું ધોરણ રજા અને અન્ય નિયમોનો અમલ પણ બરાબર થાય છે કે નહિ એ પણ સરકાર ખાસ ધ્યાન દઈને જુએ છે. પૂર્વ–પ્રાથમિક શિક્ષણ અંગેની આ પ્રકારની જવાબદારી સરકારે લીધી નથી, એને લીધે પૂર્વ–પ્રાથમિક શિક્ષણને યોગ્ય સ્વરૂપ આપવું, તે પ્રગતિને પંથે જાય એવી કાળજી લેવાનું કામ પણ પ્રશિક્ષણ સંસ્થાએ જ કરવું પડશે અને તે બરાબર છે એવું અમને લાગે છે. પ્રશિક્ષણ સંસ્થામાં જે શિક્ષકનું શિક્ષણ થાય છે તે શિક્ષકને કાર્યક્ષમ અને આદ્યવર્ત રાખવાની નૈતિક જવાબદારી કંઈ પણ કહીએ તો પણ પ્રશિક્ષણ સંસ્થા તરફ જ વળે છે. તેથી પ્રશિક્ષણ સંસ્થાએ આ માટેનું પોતાનું કર્તવ્ય સમજવું જોઇએ.

પોતપોતાના પ્રદેશમાંના શિક્ષકોનો સંસ્કારવર્ગ યોજવા માટે તે જ પ્રમાણે અધ્યાપકોની સંઘટના વધારવાની દૃષ્ટિથી જે કંઈ ઉપક્રમ કરવા જેવા લાગે તેને સંસ્થા સંચાલકોએ પ્રોત્સાહન આપવું જરૂરી લાગે છે. જુલાઈમાં યોજનારી ચર્ચા પરિષદ માટે અધ્યા-પકોએ સંસ્થાના ખર્ચે મોકલવા શાળાના કામમાંથી તેમને જરૂરી સગવડ કરી આપવી એ સંચાલકોએ પોતાનું કર્તવ્ય સમજવું જોઈએ. ચર્ચા પરિષદોને લીધે વ્યક્તિગત અધ્યાપકોને લાભ મળતો હોય છે તેમ છતાં તેની સંસ્થાની કાર્યક્ષમતા ઉપર અસર થાય છે એ લક્ષમાં લેવું. આ કાર્યમાં અધ્યાપકોને–મુખ્યાધ્યાપકોને જરૂરી પ્રોત્સાહન આપવું એવી તેમને અમે વિનંતી કરીએ છીએ. પૂર્વ–પ્રાથમિક શિક્ષણની જવાબદારી લોકો ઉપર છે તેથી તેમણે તે યોગ્ય રીતે પાર પાડવા માટે આગળ આવવું જોઈએ.

— શેષ નામલે

વાલી વિભાગ

રચનામાંથી કેળવણી અને કેળવણીમાંથી નવરચના

આંખને અને કલ્પનાને દેખાએલી મૌની વિદ્યાપીઠ

ગ્રામીણ જીવનના ઉદ્ધારની કલ્પનાથી શરૂ થયેલ આ શિક્ષણ કેન્દ્રની સ્થાપનાને ગઈ ચાર તારીખે સાત વર્ષ પૂર્ણ થયા છે. આ શિક્ષણકેન્દ્ર દક્ષિણ મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના ભૂદરગડ તાલુકાના ગારગોટી ગામમાં સ્થાપવામાં આવ્યું છે. આ કેન્દ્ર દ્વારા ગારગોટી પ્રદેશમાંના પંચાણું ગામડાંના પ્રદેશોનું પુનરુત્થાન કરવું અને આ પુનરુત્થાનના આચાર-વિચારમાંથી શિક્ષણની રચના કરવી તે જ આ પછાત પ્રદેશની પુનર્રચના કરવા માટે, નાગરિક નિર્માણ કરવાનો આ શિક્ષણકેન્દ્રની યોજનાનો ભવ્ય અને પ્રત્યક્ષ ઉદ્દેશ દેખાય છે.

આ ગ્રામીણ શિક્ષણકેન્દ્રની મૂળ કલ્પના, કેન્દ્રના સંસ્થાપક પ્રમુખશ્રી વ્હી. ટી. પાટીલની છે. આ પ્રદેશના પ્રસિદ્ધ ઐતિહાસિક સત્પુરુષ શ્રી મૌની મહારાજના સ્મારક તરીકે ગારગોટી ગામની ટેકરી ઉપર પચ્ચીસ એકર જગા મેળવીને ત્યાં ૧૯૪૬ ની સાલમાં પ્રારંભમાં એક નીચલી કક્ષાની માધ્યમિક મરાઠી શાળા શરૂ કરવામાં આવી. આગળ ઉપર ૧૯૫૧ ની સાલમાં કોલ્હાપુરના "શ્રી ગોવિંદરાવ કોરેગાંવકર ધર્મદાય સંસ્થા" "ધી પ્રિન્સ શિવાજી એજ્યુકેશન સંસ્થા કોલ્હાપુર" (જેના પ્રમુખ શ્રી વી. ટી. પાટીલ છે) અને શ્રી જે. પી. નાઈકિની "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન" આ ત્રણે સંસ્થાના દૂરદર્શી કાર્યકર્તાઓએ ગ્રામીણ ઉદ્ધારના શિક્ષણની નવી કલ્પનાથી પ્રેરાઈને ભેગા થયા અને આ નવી સંસ્થાને "શ્રી મૌની વિદ્યાપીઠ" નામ આપીને સ્થાપન થયેલી આ પ્રથમ ગ્રામીણ શિક્ષણના કેન્દ્રનો વિકાસ કરવાનું નક્કી કર્યું.

મહારાષ્ટ્રમાં શિક્ષણ અંગેના જૂના અને નવા વિચારનો જે સંઘર્ષ દેખાય છે તેમાં શ્રી મૌની વિદ્યાપીઠનું કાર્ય નિર્ણાયક સ્વરૂપનું નીવડશે એમાં શંકા નથી. શિક્ષણ અંગેના વિચારમાં મહાત્મા ગાંધીએ જે પ્રકારની ક્રાંતિની શરૂઆત કરી તે જ પ્રેરણા આ ગ્રામીણ શિક્ષણ કેન્દ્રના મૂળમાં છે. આ કેન્દ્રમાં ગાંધીજીની મૂળમાં છે. આ કેન્દ્રમાં ગાંધીજીના મૂળોદ્યોગી શિક્ષણ–વિચારોને જીવન શિક્ષણનું વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે. સંસ્થાના ઉપકુલ ગુરુપદે આચાર્ય ભાગવત છે અને મંત્રીપદે શ્રી જે. પી. નાયક છે જેઓની વિચારસરણી કોઈ પણ સંપ્રદાયને વળગી રહેનારી દેખાતી નથી.


આ અંગે શ્રી નાઈકિને મેં જ્યારે સીધો જ પ્રશ્ન પૂછ્યો કે "તમારા આ ગ્રામીણ શિક્ષણ કેન્દ્રના અને સૌરાષ્ટ્રના સણોસરામાં સ્થાપન થએલા શ્રી નાનાભાઈ ભટ્ટના 'ગ્રામભારતી'ના શૈક્ષણિક ધોરણમાં શું ફરક છે? શ્રી નાઈકે એનો ઉત્તર તરત આપ્યો "તેમણે ગાંધીજીના વિચારોની મર્યાદા પોતા માટે બાંધી દીધી છે. તેવી મર્યાદા અમે બાંધી લીધી નથી. તેને લીધે વિચારોની બાબતમાં અમને બંધન નથી." તેઓ આગળ બોલ્યા "દા. ત. સંતતી નિયમનની બાબતમાં અહી અમે ઑપરેશન્સ કરીએ છીએ. કેવળ ગાંધીજીના વિચારોમાં જ જેમને શ્રદ્ધા છે એવી વ્યક્તિઓ આ બાબત કરી શકશે નહિ. અમે આ બાબત કરીએ છીએ. શ્રી નાઈકિના આ ઉત્તર ઉપરથી સંસ્થાના સ્વતંત્ર ધોરણની સ્પષ્ટ કલ્પના આવી. ગયા સાત વર્ષમાં અહી નીચે પ્રમાણેની ઉપસંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

(૧) શિશુભવન–પૂર્વપ્રાથમિક શાળા (૨) જવાહર બાલભવન–જીવનોદ્યોગી પ્રાથમિક શાળા. આ શાળા ઉપરાંત વિદ્યાપીઠે ભૂદરગડ તાલુકાના જુદાં જુદાં ગામડાંમાં ૪૦ જીવનોદ્યોગી પ્રાથમિક શાળાઓ ચલાવી છે. (૩) શ્રી શાહુ કુમાર ભવન: શરૂઆતમાં આ નીચલી કક્ષાની માધ્યમિક શાળા હતી. તેનું વિવિધ-લક્ષી ઔદ્યોગિક માધ્યમિક શાળામાં રૂપાંતર થયું છે. (૪) શ્રી ઉદાજીરાવ અધ્યાપક ભવનમાં (પ્રાથમિક શિક્ષકો માટે પ્રશિક્ષણ સંસ્થા) વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૩૭ છે. તેને માટે સ્વતંત્ર વસતિગૃહની વ્યવસ્થા છે. ખેતી અને વસ્ત્ર વિદ્યા આ બે મૂલોદ્યોગ લીધા છે. (૫) આચાર્ય જાવડેકર વિનય ભવન (Graduates Basic Training Centre) પદવીધર વિદ્યાર્થીઓ માટે અહીં બેસિક શિક્ષણનો વર્ગ ચાલે છે. (૬) શ્રી મૌની વિદ્યાપીઠ રુરલ ઇન્સ્ટિટ્યૂટ–ભારત સરકાર આ પ્રકારની સંસ્થાઓ માટે જે શિક્ષણક્રમ યોજ્યો છે તે આ સંસ્થામાં ચલાવવામાં આવે છે. ગ્રામસેવાના આ ઉચ્ચશિક્ષણ-ક્રમ ત્રણ વર્ષનો હોઈને તેમાં પ્રથમ વર્ષ પસાર થયેલા વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળે છે. આ શિક્ષણ-ક્રમનું પ્રમાણપત્ર વિશ્વવિદ્યાલયની પદવીના જેટલી જ માન્યતા પામ્યું છે.


હાલ ગ્રામીણ ઇન્જિનિઅરિંગનો શિક્ષણક્રમ શરૂ થયેલો છે. ઉપરાંત ટૂંક સમયમાં કૃષિવિદ્યા અંગેનો શિક્ષણક્રમ શરૂ કરવાનો સંસ્થાનો ઇરાદો છે.

(૭) દી. જી. કે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ રુરલ એજ્યુકેશન: ગ્રામીણ પ્રશ્નોના સંશોધન માટે આ સંસ્થા શરૂ કરવામાં આવી છે. તેને પૂના વિદ્યાપીઠની માન્યતા મળી છે. અહીં M. Ed. તથા Ph. D. માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. આ સંસ્થા સાથે "પ્રકાશન વિભાગ" જોડાએલો હોઈ તેની મારફત "ગ્રામીણ શિક્ષણ" માસિક તથા પુસ્તકોનું પ્રકાશન થતું હોય છે. (૮) ધી સોશિયલ એજ્યુ-કેશન ઑર્ગનાયઝર્સ ટ્રેનિંગ સેંટર: ભારત સરકારના સમાજ વિકાસ ખાતા મારફત આ કેન્દ્ર મૌની વિદ્યા-પીઠ મારફત ચલાવવામાં આવે છે. જુદા જુદા રાજ્યો-માંથી આ શિક્ષણક્રમ માટે વિદ્યાર્થીઓ મોકલવામાં આવે છે. સમાજ વિકાસ ઘટકમાં ગ્રામીણ, સામા-જિક, શિક્ષણાધિકારી તૈયાર કરવા માટે જ આ શિક્ષણક્રમ યોજેલો છે. (૯) જનતા ઘર: આ સંસ્થાનું કાર્ય વિદ્યાપીઠની આજુબાજુના પ્રદેશના લોકજીવનની પુનર્રચના કરવાનું છે. આ સંસ્થા તર-ફથી પ્રદેશના ગામડાંઓનું નિરિક્ષણ કરવામાં આવે છે. રસ્તા બાંધવા, સહકારી સોસાયટીઓની સ્થાપના કરવી, વિદ્યાર્થીઓની શિબિરો યોજવી, વાચનાલયો સ્થાપવા વગેરે કામો કરવામાં આવે છે. (૧૦) મહિલા મંડળ: આ મૌની વિદ્યાપીઠની વસ્તી પૂરતું અને ગારગોટી ગામ પૂરતું મર્યાદિત છે. ખાસ કરીને સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમની યોજના કરવી તથા તેનો વિકાસ કરવો એ આ મંડળનો ચાલુ ઉપક્રમ છે. (૧૧) સોશલ વેલફેઅર બોર્ડનું કાર્યાલય: ભૂદરગડ અને રાધાનગરી આ બંને ક્ષેત્રમાંના પ્રોજે-કટસની જવાબદારી આ કાર્યાલય પાસે છે. દરેક પ્રોજેકટમાં ૧૨ ઉપકેન્દ્રો હોઈને તે દરેકમાં બાલવાડી, મહિલામંડળ, સાક્ષરતા વર્ગ, આરોગ્ય કેન્દ્ર ચલાવ-વામાં આવે છે. (૧૨) વૈદકીય અને આરોગ્ય વિભાગ: ગ્રામીણ જનતાને વૈદકીય મદદ પહોંચાડવાની દૃષ્ટિથી આ વિભાગ મારફત નેત્રયજ્ઞ, કુટુંબ–નિયોજન–પ્રચાર દવાખાના કાઢવા વગેરે કામો કરવામાં આવે છે. (૧૩) વિદ્યાર્થી સહાયક નિધિ: આ સંસ્થા વિદ્યા-થીઓના છાત્ર નયો ચલાવવા, વિદ્યાર્થીઓ માટે અભ્યાસગૃહો ચલાવવા, તેમને શિષ્યવૃત્તિઓ આપવી, કેન્ટીન્સ ચલાવવી વગેરે કામો કરે છે તથા નફો આ નિધિને મળે છે. (૧૪) સહકારી સ્ટોર્સ: વિદ્યા-પીઠના વસાહતીઓની બધી જરૂરિયાતો ધ્યાનમાં લઈને આ દુકાન ચલાવવામાં આવે છે.

મૌની વિદ્યાપીઠ સંસ્થાનો ટૂંક અહેવાલ જોતા ગયા સાત વર્ષના ટૂંક સમયમાં આ સંસ્થાએ કેટલા વેગથી પોતાના વિસ્તાર યોગ્ય દિશામાં વધાર્યો છે તેની કલ્પના આવે છે. ગ્રામીણ પ્રદેશોનું પુનરુત્થાન–



ખોરાક અને ખામી



એક પુરાણી કહેવત છે કે 'ભૂખે પેટે કામ ન સુઝે.' તેથીજ આપણા આ વિશાળ દેશમાં રચાઇ રહેલા આર્થિક અને સામાજિક ક્રાંતિકારી પરિવર્તનની જવાબદારી જેમને પૂરતું પોષણ પણ નથી મળતું એવા લોકો સંભાળે એની આશા ન રાખી શકાય

આપણા લોકોને પૂરતો ખોરાક નથી મળતો એમ કહેવાનો જરાય આશય નથી. આપણે ત્રણ ચાર ટંક પેટ ભરીને આરોગીએ અને છતાં પણ આપણને પૂરતું પોષણ ન મળે; આપણે દરરોજ સ્વાદિષ્ટ ભોજન જમીએ તો પણ આપણને પૂરતુ પોષણ ન મળે. યોગ્ય પોષણ મેળવતા માણસનો આહાર સાદો હોવા છતાં પણ સમતોલ હશે. દરરોજ તેમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ખનિજ દ્રવ્યો, વિટામિન અને સ્નિગ્ધ પદાર્થોનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ થતો હોય છે. કામકાજ કરતાં મોટાં અને ઉછરતાં બાળકો માટે સ્નિગ્ધ પદાર્થો ઘણાં જ જરૂરી છે કારણકે તેઓ ઘઉં અથવા ચોખા કરતાં ૨૧/૨ ગણી શક્તિ પૂરી પાડે છે અને રોગનો સામનો કરવા માટે શરીરમાં વધારાની શક્તિનો સંગ્રહ કરે છે.

'ડાલ્ડા' વનસ્પતિ શુદ્ધ વનસ્પતિજ તેલોમાંથી બનાવવામાં આવે છે અને તેમાં પ્રત્યેક ચૌદ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે. તે ઉપરાંત તેમાં પ્રત્યેક ચૌસ દીઠ ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી' પણ ઉમેરવામાં આવે છે. ઉત્પાદન દરમિયાન 'ડાલ્ડા'ને હાથ લગાડવામાં આવતો નથી અને રાંધવા માટે તેના અનેક વિવિધ ઉપયોગો છે. દર વર્ષે ભારતભરમાં વધારે ને વધારે કુટુંબો 'ડાલ્ડા' ઉપર ભરોસો રાખતા થાય છે અને એ રીતે ભોજનમાં અધિક પોષણ ઉમેરી ને તેને સલામત અને સમતોલ બનાવે છે.


હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઇ.

DL. 474-X52 GU

ને પ્રદેશના જીવન પ્રશ્નો તરફ આંખમીચામણા કરીને તેનાથી દૂર લઈ જનારા પુસ્તકીય શિક્ષણથી થશે નહિ, આ અનેક શિક્ષણતજ્ઞોએ જાણ્યું છે પરંતુ જે કંઈ સમજાય છે તે આચરણમાં આણીને કરી બતાવવાનું ધૈર્ય ખૂબ થોડા શિક્ષણતજ્ઞોએ બતાવ્યું છે. કેળવણીમાંના નવા વિચાર પ્રત્યક્ષ કૃતિમાં ઉતારવાની દૃષ્ટિથી મૌની વિદ્યાપીઠે જે સર્વસ્પર્શી પ્રયત્ન શરૂ કર્યો છે તેમાં અમને ભારતનું પુનરુત્થાન કરનારા નૂતન શિક્ષણનો પાયો નંખાતું દેખાય છે. આ પાયો નંખાતી વખતે આગળ ઉપર એના ઉપર રચાનારી ઈમારતનું ચિત્ર જેમની આંખ સમક્ષ ખડું થતું નથી તેમનું લક્ષ સ્વાભાવિક રીતે આજે થતા પાયાના કામ ઉપર કેન્દ્રિત થાય છે. પાયાનું કામ કદી જ આંખને સારું લાગતું નથી; તેને લીધે પ્રત્યક્ષ કામ કરનારી વ્યક્તિઓને પણ જે કામ ચાલી રહ્યું છે તે માટે અસમાધાન અને અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે; તો પછી બહારથી સંસ્થા જોવા આવનારાઓને એવું થાય એમાં શું મોટી નવાઈ છે ! અતિ વેગથી પોતાના કાર્યનો વિસ્તાર કરતી વખતે સંસ્થાના માર્ગમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે. ઉપસ્થિત થતા પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ આણવો પડે છે; આવી રીતે આણેલા નિકાલો, નિકાલ કાઢનારાને પણ સમાધાનકારક લાગે છે એવું નથી. પરિસ્થિતિમાંથી માર્ગ કાઢયા વગર બીજો કોઈ ઈલાજ નથી.

મૌની વિદ્યાપીઠમાં દરેક કામની પુષ્કળતા દેખાય છે. મુખ્ય કાર્યકર્તાઓ ઉપર કામનો ખૂબ જ બોજો જણાય છે. આવી સ્થિતિમાં નવા નવા કાર્યકર્તાઓ સંસ્થાને મળે છે, કેટલાક સંસ્થામાં તૈયાર થાય છે. કેટલાએ વિભાગોની હજી ઈમારતો તૈયાર થાય છે. સાધન–સામગ્રી મેળવીને ભેગી કરવાનો પ્રયત્ન થાય છે આ દરેક બાબતો પ્રગતિશીલ સંસ્થાના જીવનની એક આવશ્યક અવસ્થા હોય છે. ગ્રામીણ પ્રદેશના શિક્ષણની જે દિશા સંસ્થાએ લીધી છે તે ભૂલ વગરની હોઈ સંસ્થાએ પોતાની સામે ધરેલો ઉદ્દેશ પાર પાડશે એ વિષે અમને ખાતરી છે. આવા પ્રકારની સંસ્થા દરેકેદરેક જિલ્લામાં થાય તો આપણા દેશના ગ્રામીણ પુનરુત્થાનના કાર્યને વિશેષ વેગ મળશે એવું અમને લાગે છે. સંસ્થાના નાના મોટા બધા કાર્યકર્તાઓને અમે હૃદયપૂર્વક સફળતા ઇચ્છીએ છીએ.

— શેષ નાગલે



મૂલોદ્યોગી પૂર્વપ્રાથમિક શિક્ષણ

લેખાંક ૧ : મૂલોદ્યોગી શિક્ષણ અને પૂર્વપ્રાથમિક અવસ્થા

મૂલોદ્યોગી શિક્ષણ પદ્ધતિનો મુખ્ય સિદ્ધાંત "જીવનોપયોગી ક્રિયા અને જ્ઞાન" એ છે. આ સિદ્ધાંત પ્રમાણે જ્ઞાન પ્રાપ્તિનું સ્વાભાવિક અને પ્રભાવી મુખ્ય માધ્યમ પુસ્તક નહિ પરંતુ જીવનોપયોગી ક્રિયા છે. ક્રિયાશીલ જીવન એટલે 'શ્રમ જીવન' "આ શ્રમ-જીવન અને જ્ઞાની અથવા વિદ્વાનોનું જીવન જુદું જુદું હોવું એ જ સ્વાભાવિક છે. તેને એક કરવાનો પ્રયત્ન થાય તો વિદ્વાની અને જ્ઞાનની પ્રગતિ મંદ થશે અને તેને લીધે રાષ્ટ્રને ફાયદો થવાને બદલે નુકસાન જ થશે" એવું કેટલાંક વિદ્વાનોનું કહેવું છે. આ વિચારોની સામે મૂલોદ્યોગી શિક્ષણ પદ્ધતિએ આવાહન આપ્યું છે. બુદ્ધિનું ઉચ્ચ શિક્ષણ પણ શ્રમના સ્વાભાવિક માધ્યમ દ્વારા થઈ શકે છે. ફક્ત પુસ્તકોને આધારે થએલા શિક્ષણથી વ્યક્તિની કાર્યક્ષમતા મંદ બને છે, એટલું જ નહિ તો બુદ્ધિ-શિક્ષણને પણ પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. આ મૂલોદ્યોગી શિક્ષણ પદ્ધતિનો મુખ્ય આશય છે.

પૂર્વપ્રાથમિક શિક્ષણમાં પુસ્તકીય શિક્ષણનું સ્થાન :

પૂર્વપ્રાથમિક શિક્ષણમાં પુસ્તકીય માધ્યમનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. પ્રાથમિક શિક્ષણમાં પુસ્તકીય શિક્ષણને મહત્ત્વ મળવાથી આજના પૂર્વ-પ્રાથમિક [illegible] લખવું-વાંચવું અને અંકજ્ઞાન ઉપર ભાર આવ્યો છે. પ્રાથમિક શિક્ષણમાંથી હાલ પુસ્તક ઉપર જ કેન્દ્રિત થએલો ભાર ઓછો થાય તો પૂર્વ-પ્રાથમિક શિક્ષણમાંથી પણ તે ઓછો થઈ જશે. પૂર્વપ્રાથમિક શિક્ષણમાં બાળકોની ક્રિયા એ જ તેમના શિક્ષણનું સાચું માધ્યમ છે એમ આ શિક્ષ-ણના ઇતિહાસની શરૂઆતથી જ સ્વીકારવામાં આવ્યું છે. તેને લીધે મૂલોદ્યોગી શિક્ષણનો સિદ્ધાંત પૂર્વપ્રાથમિક શિક્ષણને સૌથી નિકટનો લાગે છે. પૂર્વપ્રાથમિક શિક્ષણના વિકાસમાં ફ્રોબેલ અને મોન્ટેસોરીના પ્રયોગને ખૂબ મહત્ત્વનું સ્થાન છે. બાળકોની સ્વયંસ્ફૂર્ત ક્રિયાને આ પદ્ધતિમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે, અને આ સ્વયંસ્ફૂર્ત ક્રિયાના અનુસંધાનમાં પૂર્વપ્રાથમિક શિક્ષણનો કાર્યક્રમ સૂચવ-વામાં આવ્યો છે. મોન્ટેસોરી પછી મનોવિશ્લેષણ-વાદીઓ ફ્રોબેલ અને મોન્ટેસોરીએ બાળક માટે સ્વાતંત્ર્યની ચિકિત્સા કરી બાળકોની મુક્ત ક્રિયા ઉપર બાળકના વિકાસની દૃષ્ટિએ વિશેષ ભાર આપ્યો છે. આજના પૂર્વપ્રાથમિક શિક્ષણમાં ફ્રોબેલ મોન્ટે-સોરી, અને મનોવિશ્લેષણવાદીઓના દૃષ્ટિબિન્દુનો સમન્વય થયેલો દેખાય છે. પૂર્વપ્રાથમિક શિક્ષણના આ સ્વરૂપમાં મૂલોદ્યોગી શિક્ષણ વિષયક વિચારોને સ્થાન છે કે ? આ સ્થાન મળે તો પ્રચલિત અને પૂર્વપ્રાથમિક શિક્ષણના સ્વરૂપમાં અને કાર્યપદ્ધતિમાં કયા કયા ફેરફાર થશે ? આ ફેરફારોને બાલમાનસ-શાસ્ત્રનો અને શિક્ષણશાસ્ત્રનો આધાર છે ? આવા કેટલાંએ પ્રશ્નો જે મનની સામે ખડા થાય છે તેની સ્પષ્ટતા કરવાના ઉદ્દેશથી જ આ લેખમાળા શરૂ કરવામાં આવી છે.

જીવનની શરૂઆતનો વિકાસ ક્રિયામૂલક હોય છે

બાલવિકાસ અંગેના હાલના સંશોધનમાં બાળક-ની હિલચાલનો વિકાસ અને બુદ્ધિવિકાસના પરસ્પર સંબંધ ઉપર ઘણો પ્રકાશ પડ્યો છે. જીવનની શરૂઆતના કાળમાં તો હિલચાલના વિકાસ ઉપરથી જ બાળકની બુદ્ધિ અથવા 'ચપળતા' સમજી લેવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. ચલનચાપલ્ય કંઈ ફક્ત સ્નાયુની સુસ્થિતિનું પરિણામ નથી. સ્નાયુના સહકારમાંનું ચાપલ્ય તથા સ્નાયુના નિયં-ત્રણને લીધે જ બાળક પોતાની આજુબાજુની

પરિસ્થિતિ સાથે સંયોજન સાધી શકે છે. તેમની આ સંયોજનપાત્રતા ઉપરથી જ અથવા હિલચાલમાંના બુદ્ધિતત્ત્વ ઉપરથી જ બાળકના વ્યક્તિત્વનો અંદાજ આપણે કરતા હોઈએ છીએ. બાળકે માથું ટટ્ટાર રાખવું, બેસવું, સમતોલપણું સાચવવું, ઊભા રહેવું, ચાલવું વગેરે ક્રિયા જે બાળકોની વ્યવસ્થિત થાય છે તેમની પ્રગતિ સામાન્ય રીતે સારી હોય છે. જે બાળકોની આ ક્રિયા સમયસર થાય છે તેઓ આજુ-બાજુના જગતનો નવો નવો અનુભવ મેળવી શકે છે તેને લીધે તેનો વિકાસ વ્યવસ્થિત રીતે થતો રહે છે. જીવનની શરૂઆતમાં આ રીતે જેને આપણે ચલનવિકાસ, હિલચાલનો વિકાસ અથવા ક્રિયાનો વિકાસ કહીએ છીએ તેનો બાળકના સમગ્ર વિકાસની દૃષ્ટિથી મહત્ત્વ હોય છે એવું જણાઈ આવે છે.

બ્યૂહેરની ક્રિયાચિકિત્સા

બાળકની ક્રિયાના વિકાસમાં મુખ્યત્વે ત્રણ અવસ્થા જણાય છે: (૧) પહેલા વર્ષમાંની બાળકની ક્રિયા સાધનકેન્દ્રી હોતી નથી. બાળકની સામે રમકડાં ધરીએ તો પણ તેમની હિલચાલમાં સાધન અંગેની ઉત્સુકતા, આસ્થા અથવા વિચારને ખાસ સ્થાન હોતું નથી. આ અવસ્થામાં જે રમકડાંથી કે સાધનથી બાળક રમે છે તેનું તેને ખાસ મહત્ત્વ જણાતું નથી. અથવા સાધન સાથે તેની જે ક્રિયા થાય છે તેનાં પરિણામો પણ બાળકના ધ્યાનમાં આવ્યા હોવાનું જણાતું નથી. પોતાના અવયવોમાંના સ્નાયુનો આંતરિક સહકાર સાધવા માટે તેની એક પ્રકારની કસરત જ ચાલુ હોય છે. સ્નાયુમાંની કાર્યસ્થાપના Function training આ તેમની હિલચાલનો આશય હોય છે.

(૨) પહેલા વર્ષને અંતે લગભગ અગિયારમા બારમા મહિનામાં તેમની આ ક્રિયાને એક નવી વાત દેખાઈ આવે છે. તેઓ હાથમાં લીધેલી વસ્તુ ધીમેથી નીચે મૂકે છે; તે વસ્તુ અંગેની કાળજી વ્યક્ત કરતા દેખાય છે. પહેલા જે પોતાની હિલચાલ ઉપર જ બાળકનું લક્ષ કેન્દ્રિત હતું તે હવે કોઈ એક વસ્તુ તરફ વળ્યાનું દેખાય છે. પોતાની હિલચાલ અને વસ્તુના સંબંધમાં તેઓ સમરસ થતા દેખાય છે.

(૩) સામાન્યરીતે દોઢ વર્ષના સુમારે આ હિલ-ચાલમાં વધુ પ્રગતિ દેખાય છે. સામે પડેલી વસ્તુની રચના કરતા તેઓ દેખાય છે. આ રચનાની શરૂઆત કદાચ આકસ્મિકરીતે થતી હશે. બે વસ્તુ એકની ઉપર એક દેખાવાને લીધે કહો અથવા પોતે એકની ઉપર એક ગોઠવવાથી કહો તેમને વસ્તુની રચનાની કલ્પના આવે છે. અને આમ પોતે જે ક્રિયા કરતા હોય તેના પરિણામ તરફ તેમનું ધ્યાન ખેંચાય છે. પોતાની હિલચાલ અને તેના પરિણામનું જે ભાન આવતું જાય છે તેને લીધે જ આગળ ઉપર તેને કામ કર્યાનો આનંદ અથવા અનુભવ સંપાદન કરતા આવડે છે. અત્યારસુધી દેખાતી અહેતુક ક્રિયાને બદલે પરિણામલક્ષી ક્રિયાની અથવા કામની શરૂઆત થાય છે. અહિંથી આગળ ૭ વર્ષ સુધી આ કામ (work)ના સ્વરૂપની ક્રિયાનો વિશેષ પ્રભાવ બાળકના જીવનમાં દેખાય છે. આ ઉપયોગી ક્રિયાને લીધે તેઓ પોતાનું વસ્તુવિષયક જ્ઞાન વધારે છે એટલું જ નહિ પણ તેઓ વસ્તુનું 'નવનિર્માણ' પણ કરતા હોય છે. વસ્તુ ઉપર વિવિધ પ્રયોગ કરીને તેમાં તેઓ નવીનતા નિર્માણ કરતા હોય છે.

કામના સ્વરૂપની અથવા કાર્યલક્ષી ક્રિયાનો વિકાસ

(૧) તદ્દન શરૂઆતમાં બાળક જે કંઈ કરે છે તે ફક્ત રચનાના સ્વરૂપનું હોય છે. નામ ન હોય તેવી ગમે તે રચના હોય છે. શું કરે છે એમ પૂછીએ તો બાળક કંઈ કહેતું નથી. કારણ એકાદી કલ્પના મનમાં લાવીને બાળકે કંઈ રચના કરી હોતી નથી. પરંતુ વસ્તુ જુદી જુદી રીતે ઉપર, નીચે, બાજુમાં ગોઠવીને તે નવી નવી રચના કરતું હોય છે.

(૨) આવી રચના કરતી વખતે તેમાંની કેટલીક રચનાને બાળક પોતાના અનુભવમાંથી કોઈ નામ આપે છે. અર્થાત આ વખતે રચનાને નામ આપવું

અથવા મનમાં એકાદી કંઈ કલ્પના લાવીને કંઈ કરવું એ સાંકેતિક સ્વરૂપનું (Symbolic) હોય છે. કંઈ થોડું સાદૃશ્ય (સરખાપણું) નિર્માણ કરીને બાળક તેને નામ આપતું હોય છે.

(૩) સાડા પાંચ વર્ષ પછી જ આ તેની નિર્મિતીમાં વાસ્તવિક બાબતોનો ઉમેરો થવા માંડે છે. આગળ ઉપર સાધન અથવા વસ્તુનો તેઓ નિશ્ચિત હેતુથી ઉપયોગ કરતા દેખાય છે. પહેલા મનમાં કલ્પના અથવા હેતુ ઊભો થઈને તે પ્રમાણે પોતાની ક્રિયાનું નિયંત્રણ કરતા તેઓ દેખાય છે.

ક્રિયાના વિકાસની આ નોંધ ધ્યાનમાં લેવાથી પહેલા અહેતુક, પછી હેતુગર્ભિત અને પછી હેતુકેન્દ્રિત એવો તેનો વિકાસ થતો દેખાય છે. આ વિકાસમાં બુદ્ધિતત્ત્વનો સતત વિકાસ થતો દેખાય છે. તે ન થાય તો આપણે બાળકને સમવાયણ કહીશું નહિ. બુદ્ધિતત્ત્વના વિકાસની સાથે બાળકની ક્રિયા અર્થપૂર્ણ, સફાઈદાર અને વ્યવસ્થિત રીતે થવા લાગે છે. અને તે જ પ્રમાણે હિલચાલમાં મળેલા અનુભવને લીધે બાળકોની બુદ્ધિનો વિકાસ પણ તેની તેની કક્ષા પ્રમાણે થાય છે.

પૂર્વપ્રાથમિક અવસ્થાના બાળકોની ક્રિયા હેતુલક્ષી થતી જાય છે એમ આપણે કહીએ તો પણ આ હેતુનું સ્વરૂપ શું છે? તે હેતુ કયાંથી નિર્માણ થાય છે? એ ઉપર હાલના માનસશાસ્ત્રીઓએ ખૂબ પ્રકાશ પાડયો છે. શરૂઆતમાં કહ્યા પ્રમાણે મૂલોદ્યોગી શિક્ષણનો મુખ્ય સિદ્ધાન્ત "જીવનોપયોગી ક્રિયા અને જ્ઞાન" અંગેનો છે. શિક્ષણ ફક્ત ક્રિયાલક્ષી પણ ન હોવું જોઈએ. ક્રિયા અને જ્ઞાનના સમન્વયને લીધે વિકાસની પ્રગતિ થાય છે. મૂલોદ્યોગી શિક્ષણમાંની ક્રિયા એ જીવનોપયોગી હોવી જોઈએ એવું આ શિક્ષણનું તાત્પર્ય છે. તેથી ક્રિયાના હેતુનો વિકાસ પૂર્વપ્રાથમિક અવસ્થામાં કેવી રીતે થાય છે એ બાલ માનસશાસ્ત્રીય ભૂમિકામાંથી જોવું જરૂરનું છે; આ અંગેના વિચારો આગળના લેખમાં આવશે.

— શેષ નામલે



દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ બ્રધર્સ ચેંબૂર પ્રાયવ્હેટ લિ.
ફેક્ટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઈ ૩૮

બાલ વિભાગ

રાજા સુપડકન્નો

(સંગીત રૂપક)

ગીત સંગીત–નૃત્ય–દિગ્દર્શન : શ્રી અનિરુદ્ધ તન્ના

દૃશ્ય પહેલું

ખેલવાળો આવી બાળકોને આમંત્રે છે. એની પાસે
બાળવાર્તાઓનો ભંડાર છે.

ખેલવાળો :– ઓ બાણુ રે, ઓ બાણુ રે,
દૂર દેશનો ખેલવાળો આવ્યો રે, આવ્યો રે.
કાશ્મીર પણ ભમી આવ્યો ને કાશીએ જઈ ભણી આવ્યો,
મારવાડ પણ મ્હાલી આવ્યો તે અઠે કઠેની ખોલી લાવ્યો,
ઓ બાણુ રે, ઓ બાણુ રે.
મારો ખેલ જોતા જાવ, મઝાનો ખેલ જોતા જાવ.
આવો છોકરાં રે,
આવો છોકરી રે.
બાબા આવો, બેબી આવો, છગન મગનની જોડી આવો.
ટીનુ મીનુની જોડી આવો આવો, દમુ રમુની જોડી આવો.
ટપુ બબુની જોડી આવો....
નાના આવો, મોટા આવો.
મારો ખેલ જોતા જાવ, મઝાનો ખેલ જોતા જાવ.

બાણુ એક પૈસામાં (૨)
સાત પૂંછડીઆ ઉંદરની હું, અલક મલકની વાત બતાવું,
બાણુ વાત બતાવું.....

બાણુ બે પૈસામાં (૨)
સરસ મજાનો પંખીનો એક સુંદર ખેલ બતાવું,
બાણુ સુંદર ખેલ બતાવું.

એમાં કાગડો આવશે, કા.....કા.....કરશે,
ચકલી આવશે, ચીં.....ચીં .....કરશે,
કોયલ આવશે કુહુ.....કુહુ .... કુહુ....
ધીનક તીન તાની (૨)
મોર નાચે થૈ થૈ, તા તા થૈ થૈ,
થનગન થનગન મોર નાચે.
કળા કરીને મોર નાચે,
કલગી હલાવી મોર નાચે.
ધીનક તીન તાની (૨).....મોર નાચે થૈ થૈ૦
ઓ બબુ રે, ઓ બાણુ રે.
મારો ખેલ જોતા જાવ, મઝાનો ખેલ જોતા જાવ રે.
આવો છોકરાં રે,
આવો છોકરી રે.

બાણુ એક આનામાં (૨)
રાજાનો એક સુંદર ખેલ બતાવું.

બાળકો :– હું.....સુંદર ખેલ બતાવે ?
ખેલવાળો :– હું.....સુંદર ખેલ બતાવું.

રાજા સુપડકન્નો (૨)

ખેલવાળોઃ– લાવો બેબી એક આનો, લાવો બાબા એક આનો,
મારો ખેલ જોતા જાવ, મઝાનો ખેલ જોતા જાવ.

*

દૃશ્ય બીજું

(રાજા સુપડકનાની વાત શરૂ થાય છે. રાજાનો દરબાર)

દૂર દેશનો મોટો રાજા,
કાર્તિક એનું નામ.
સાથે પ્રધાન હતા, પંડિત હતા
એનું રાજ ઘણું મોટું હતું.
એનાં મોટાં મોટાં કામ,
એને મોટો મોટો મહેલ હતો,
એને સૈનિકોનો પાર ન હતો,
એને ચાર ચાર રાણી હતી ને
બધી ય માનીતી હતી ને
કોઈ અણમાનીતી નહોતી...
એક કુંવર કુંવરી હતાં,
હસતાં રમતાં મોટાં થતાં,
નાચતાં કૂદતાં મોટાં થતાં.

(નૃત્ય)

સાસા નીની ધધ પપ મમ ગગ રેરે સા
સારે ગ મ પ, (૨) સારે ગમ
છમક છમક (૨) કુંવરી નાચે છમક છમક
છમક છમક છમ (૨) છમ છમ છમ
ઘાઘે છમ છમ છમ....છમક છમ (૨)
કુંવરી નાચે છમક છમક.

સંગે એની સહિયર નાચે,
સાસા નીની ધધ પપ મમ ગગ રેરે સા
સારે ગમપ (૨) સારે ગમ...છમક છમક.

પાયે રૂપલા ઝાંઝર ઝમકે,
હાથે રૂડાં કંકણ રણકે,
ભાલે ટીલડી ચમકે ચમક ચમક (૨)...કુંવરી નાચે૦

ઓઢણી ઓઢી રૂમ ઝુમ નાચે,
રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ નાચે,
એનું મુખડું મલકે મલક મલક (૨)...કુંવરી નાચે૦

(દરબાર વિસર્જન થાય છે ને કુંવર ઘોડો ખેલાવતો આવે છે.)

કુંવર :– તબડક તબડક.....

ચલ મારા ઘોડા રે.....તબડક તબડક,
મારો ઘોડો દોડે રે ભાઈ તબડક તબડક.
ખેતર વટાવે પાદર વટાવે,
નદીઓ આવે નાળાં આવે,
એ તો દોડે કેવો રે ભાઈ તબડક તબડક..ચલ૦

રાજાજી:— શું થયું રે ? શું થયું ?
કહો મારા શાણા કુંવર !
શું થયું રે ? શું થયું ?
કહો મારી શાણી કુંવરી !
કોણે કીધું ? કોણે માર્યું ?
નામ દો તો હાજર કરું,
હમણાં હમણાં શિક્ષા કરું.

કુંવર-કુંવરી:—ના, ના, ના.....એવું કાંઈ નથી
અમને તો જાવું શિકારે, તમારી સંગે આવવું શિકારે,
નાના અમે બહાદુર વીર, સરરર કરતું છોડશું તીર.

રાજાજી:—ના....ના....ના...તમે તો છો નાના બાળ,
મોટાં થઈને કરજો શિકાર, તમે તો છો નાના બાળ

ત્યાં તો વાઘવરૂનો બહુ ભો છે,
રસ્તો બહુ વિકટનો છે,
શિકાર કરતાં રાત પડે, ઘોર અંધારી રાત પડે,
તમે નાના શું કરો ?.....
ના...ના...ના...શિકારે તો આવશો નહિ,
શું શું લાવું ? (૨) તમારે માટે, શું શું લાવું ?
કહો મારા લાડલા કુંવર,
કહો મારી લાડલી કુંવરી...તમારે માટે૦

ફળ લાવું, ફૂલ લાવું, મોર લાવું ઢેલ લાવું,
કહો તો નાનું સસલું લાવું, પોચું પોચું સસલું લાવું,
નાનું નાનું હરણું લાવું.....

વાંકી ચૂંકી કેડીઓ આવે,
ઊંચા ઊંચા પહાડ આવે,
એને થાક જરી યે ના લાગે,
એ તો દોડે કેવો રે ભાઈ તબડક તબડક....ચાલ.

રસ્તામાં જો રાત પડે, કાળી કાળી રાત પડે,
ઘોર અંધારી રાત પડે,
જંગલમાંથી આવું ત્યારે.....
વાઘ વરૂની બીક ન લાગે,
સિંહ હરણનો શિકાર કરું....તો યે હું તો જરી ના ડરું.

(કુંવરી ને સખીઓ નાનકડા કુંવરને બીવડાવે છે ત્યાં તો રાજાજી ને પ્રધાનજી લશ્કર સાથે શિકારે જવા તૈયાર થઈ આવે છે.)

રાજાજીની સવારી આવે,
ધમ ધમ લશ્કર સાથે આવે,
પ્રધાનજી પણ સાથે આવે,
ચાલે ધમ ધમ ધમ (૨)....રાજાજી૦

રાજાજી તો શિકારે ચાલ્યા,
ઘોડે બેસી શિકારે ચાલ્યા,
વાઘ વરૂનો શિકાર કરવા, રાજાજી તો શિકારે ચાલ્યા.
ચાલે ધમ ધમ ધમ (૨)....રાજાજી૦

(રાજાજી જાય છે તે જોઈ કુંવર-કુંવરી રડવા માંડે છે.)

કુંવર કુંવરી રડી પડ્યાં,
મોટે મોટે રડી પડ્યાં...કુંવર૦

રાજાજી તો વિચાર કરે, કુંવર કુંવરી કેમ રડે...?

કુંવરી:– મારે માટે સુંદર મોર લાવજો,
સુંદર મઝાના પીંછા લાવજો;
રંગબેરંગી ફૂલ લાવજો,
વેણી માટે ફૂલ લાવજો.

કુંવર :– હુપ હુપ હુપ.....(૨)
વાનર નાનો લાવજો, હુપ હુપ કરતો લાવજો,
નાચતો કૂદતો લાવજો...હુપ હુપ હુપ

કુંવર–કુંવરી :–જાવો બાપુ ! જાવો બાપુ !
શિકાર કરીને વહેલા આવજો,
સુંદર મઝાની ચીજો લાવજો,
ડાહ્યા થઈને રહેશું અમે, કજિયો જરી ના કરશું અમે,
નાચશું, કૂદશું, અમે રમશું ને ફરશું,
આવજો બાપુ ! આવજો બાપુ !
શિકાર કરીને આવજો બાપુ !
વહેલા વહેલા આવજો બાપુ...

(રાજાજી વિદાય લે છે.)

કુંવર :–હુપ હુપ હુપ, હુપ હુપ કરતો વાનર લાવશે.

કુંવરી :–થનક થનક થન થૈ, તાતા થનક થનક થન થૈ,
મોર લાવશે (૩) મારે માટે મોર લાવશે.

કુંવર–કુંવરી :–કેવી મજા ભાઈ કેવી મજા,
રમત ગમત કેવી મજા,
મજા મજા ભાઈ મજા મજા,
રમત ગમ્મત કેવી મજા.

❀

દૃશ્ય ત્રીજું

(જંગલમાં શિકાર શોધતાં સહુ આવે છે.)

રાજાજી તો જાય શિકારે, લશ્કર સાથે જાય શિકારે,
પ્રધાન સાથે જાય શિકારે, ઘોડે બેસી જાય શિકારે.

ઘોડા દોડે તબડક તબડક,
જાતાં જાતાં રાત પડી, ઘોર અંધારી રાત પડી.

મોટું મોટું જંગલ આવ્યું, ઘોર ઘોર જંગલ આવ્યું,
જાતાં જાતાં રાત પડી,
વાઘવરૂનો અવાજ આવે, સિંહની તો ત્રાડ આવે,
આગળ આગળ લશ્કર ચાલે, વચ્ચે રાજાજી પણ ચાલે,
પ્રધાન ચાલે, વજીર ચાલે,
શોધવા શિકાર ચાલે, શોધવા શિકાર....
સહુ આમ શોધે ને તેમ શોધે, શોધ્યો શિકાર જડે નહિ,
શું કરવું ભાઈ, શું કરવું ? (૨)...આમ શોધે૦

વિચાર જડ્યો.....(૨) હા.....હાં.....હાં
રાજાજીને વિચાર જડ્યો૦

રાજી રાજી સહુ થયાં, ઝટ દઈને ભેગા થયાં....વિચાર૦
ચારે કોર (૨) મોકલ્યાં સિપાઈ (૨)
કોઈ ગયું પશ્ચિમ ભણી, કોઈ ગયું પૂર્વ ભણી,
રાજાજી તો ગયા ઉત્તરે, પ્રધાનજી તો ગયા દક્ષિણે,
શોધવા શિકાર ચાલ્યા, શોધવા શિકાર....
આમ ગયા ને તેમ ગયા, શોધવા શિકાર ચાલ્યા,
શોધવા શિકાર.

ખૂણે ખૂણે શોધી વળ્યા, ઝાડે ઝાડે જોઈ વળ્યા,
ઉપર જોયું, નીચે જોયું, આગળ જોયું, પાછળ જોયું;
સહુ ઠેકાણે જોઈ વળ્યા.
શિકાર હાથ લાગ્યો નહિ...(૨)

(સૈન્ય ને પ્રધાનજી છૂટા પડી રાજાજી થાકયા પાકયા આવે છે)

રાજાજી તો એકલા પડ્યા,
શિકાર શોધી થાકી ગયા, થાકી ગયા.
સુંદર એવી જગ્યા શોધી,
રાજાજી તો થાક ઉતારે, ઝાડ નીચે થાક ઉતારે.
રાજાજીને ભૂખ લાગી, કકડીને ભૂખ લાગી,
પ્રધાનજી તો છે નહિ, સિપાઈઓ તો છે નહિ.
ખાવાનું તો લાવશે કોણ?
રાજાજી તો મુંઝાઈ ગયા, શું કરવું રે શું કરવું?
દૂર એક ઝાડ દીઠું, સુંદર મઝાનું ઝાડ દીઠું,
ફળે લચકાતું ઝાડ દીઠું....
રાજાજીને આવ્યો વિચાર.
લાવ, બેચાર ફળ તોડી લઉં. પેટ ભરીને ખાઈ લઉં.
ભૂખ મારી ભાંગી લઉં...(૨)
રાજાજીએ ફળ તોડયું, પેટ ભરી ભરી ખાઈ લીધું,
હોંસે હોંસે ખાઈ લીધું.
રાજાજીને આવી નીંદર, મીઠી મીઠી આવી નીંદર,
રાજાજી તો આડા પડ્યા; ઝાડ નીચે આડા પડ્યા,
પલક વારમાં ઊંઘી ગયા...

(રાજાજી ખોવાયા ને પ્રધાન ચિંતામાં પડયા)

પ્રધાન :–રાજાજીને શું થયું હશે?
વાઘે ફાડી ખાધા હશે કે સિંહે ફાડી ખાધા હશે?
કયાં શોધવું ને કયાં જવું મારે...(૨)
રાણી ચીડાશે ત્યારે, કુંવર કુંવરી રડશે ત્યારે,
પ્રજા આખી પોકારશે ત્યારે જવાબ શું દેવો મારે?
હે પ્રભુ આ શું થયું.....(૩)

(પ્રધાનજી શોધતા આવે છે ત્યાં તો...)

દૂર અચાનક એણે જોયું, ઘરરર અવાજ આવ્યો,
પાસે જઈને જોયું ત્યારે રાજાજી તો ઘરરર ઉંઘે,
હળવે હળવે પાસે જઈને
રાજાજીને ઢંઢોળેજી.

પ્રધાન :–રાજાજી...રાજાજી...ઉઠોજી...ઉઠોજી
આળસ મરડી ઉઠ્યા રાજાજી,
ખડખડ ખડખડ હસ્યા પ્રધાનજી,

રાજાજી :–વાત કરો પ્રધાનજી! કેમ ખડ ખડ હસોજી?

પ્રધાન :–હા હા હા હી હી હી.....(૨)
શું કહું હું રાજાજી?
કાન તમારા મોટા જોઈ, ખડ ખડ હસવું આવ્યું જી.

રાજાજી:– ગજબ થયો રે ગજબ થયો,
આ શો ભારે ગજબ થયો,
રાણી પૂછશે રૈયત પૂછશે,
કુંવર પૂછશે, કુંવરી પૂછશે
શું શું એને જવાબ દેશું.....

હોળી આવી રે...રંગિલી હોળી આવી,
રસિલી હોળી આવી,
થનગન થનગન કરતી આવી,
અબીલ ગુલાલ લેતી આવી,
ભાન ભૂલાવે રે.....રંગીલી હોળી આવી.....

ઢમક ઢમક ઢમ ઢોલ ઢમકયાં,
ઝનક ઝનક ઝન ઝાંઝર ઝમકયાં.
સહુ નાચે તાલે તાલે રે.....રંગીલી હોળી૦

સિપાઇ:–બંધ કરોજી બંધ કરો નાચવું કુદવું બંધ કરો.
રાજાજી તો આવે છે, શિકાર કરી આવે છે,
રાજાજી તો માંદા છે, મળવાની મનાઈ છે,
દૂર હટોજી દૂર હટો, રાજાજી તો આવે છે,
રાજાજી તો આવ્યા મહેલે, હળવે હળવે આવ્યા મહેલે,
વૈદ આવ્યા, હકીમ આવ્યા, મોટા મોટા ડોકટર આવ્યા.

દિવસો ઉપર દિવસો જાય,
રાજાજીને ફેર ના જણાય.
પ્રધાનજી તો વિચાર કરે, રોગ કેમ કરી ટળે?.....

*

દૃશ્ય પાંચમું

એક દિવસની વાત છે, દાઢી મોટી થઈ છે,
રાજાજીને કરડે છે, તેઓ તો અકળાયા છે.

રાજાજી:– પ્રધાનજી ઓ પ્રધાનજી,
બોલાવો ધનીઆ હજામને જી,

પ્રધાન :– શાને ચિંતા કરો રાજાજી ? ઉપાય સુંદર દેખાડું,
છાના માના મહેલે જઈને, તરત બધાને સમજાવું, સમજાવું.

શિકાર કરતાં થાકી ગયાં, થાકી ગયાં.
રાજાજી તો માંદા પડયા, માંદા પડયા.
વાત વહેતી મૂકશું એમ, કોઈને કંઈ ના કહેશું કેમ!
.....વાત૦

દવા દારૂ કરશું ઝટ,
સાજા થઈશું એકદમ ફટ.

વિરામ

*

દૃશ્ય ચોથું

(રાજમહેલમાં હોળીનો ઉત્સવ ઉજવાય છે.)

(રાસ)

ઓ.....લટક મટક કર ફાગણ આયો, ફાગણ આયો રે,
ઓ રંગ રંગની છોળો લેતો ફાગણ આયો રે,
ઓ.....ઝનનન ઝનનન ઝન ઝાંઝર ઝમકે ને,
ધનનન ધનનન ધન ઢોલક બાજે.

કુંવર નાચે કુંવરી નાચે, નાચે સઘળાં જન રે,
ઓ.....રંગ રસિયો રે ફાગણ આયો રે,
સંગે હોળીને લઈને આયો રે...રંગ રસિયો૦

ખૂણે ખૂણે શોધી વળ્યા, ઝાડે ઝાડે જોઈ વળ્યા,
ઉપર જોયું, નીચે જોયું, આગળ જોયું, પાછળ જોયું;
સહુ ઠેકાણે જોઈ વળ્યા.
શિકાર હાથ લાગ્યો નહિ...(૨)

(સૈન્ય ને પ્રધાનજી છૂટા પડી રાજાજી થાકયા પાકયા આવે છે)

રાજાજી તો એકલા પડ્યા,
શિકાર શોધી થાકી ગયા, થાકી ગયા.
સુંદર એવી જગ્યા શોધી,
રાજાજી તો થાક ઉતારે, ઝાડ નીચે થાક ઉતારે.
રાજાજીને ભૂખ લાગી, કકડીને ભૂખ લાગી,
પ્રધાનજી તો છે નહિ, સિપાઈઓ તો છે નહિ.
ખાવાનું તો લાવશે કોણ?
રાજાજી તો મુંઝાઈ ગયા, શું કરવું રે શું કરવું?
દૂર એક ઝાડ દીઠું, સુંદર મઝાનું ઝાડ દીઠું,
ફળે લચકાતું ઝાડ દીઠું....
રાજાજીને આવ્યો વિચાર.
લાવ, બેચાર ફળ તોડી લઉં. પેટ ભરીને ખાઈ લઉં.
ભૂખ મારી ભાંગી લઉં...(૨)
રાજાજીએ ફળ તોડયું, પેટ ભરી ભરી ખાઈ લીધું,
હોંસે હોંસે ખાઈ લીધું.
રાજાજીને આવી નીંદર, મીઠી મીઠી આવી નીંદર,
રાજાજી તો આડા પડ્યા, ઝાડ નીચે આડા પડ્યા,
પલક વારમાં ઊંઘી ગયા...

(રાજાજી ખોવાયા ને પ્રધાન ચિંતામાં પડયા)

પ્રધાન :–રાજાજીને શું થયું હશે?
વાઘે ફાડી ખાધા હશે કે સિંહે ફાડી ખાધા હશે?
કયાં શોધવું ને કયાં જવું મારે...(૨)
રાણી ચીડાશે ત્યારે, કુંવર કુંવરી રડશે ત્યારે,
પ્રજા આખી પોકારશે ત્યારે જવાબ શું દેવો મારે?
હે પ્રભુ આ શું થયું.....(૩)

(પ્રધાનજી શોધતા આવે છે ત્યાં તો...)

દૂર અચાનક એણે જોયું, ઘરરર અવાજ આવ્યો,
પાસે જઈને જોયું ત્યારે રાજાજી તો ઘરરર ઉંઘે,
હળવે હળવે પાસે જઈને
રાજાજીને ઢંઢોળેજી.

પ્રધાન :–રાજાજી...રાજાજી...ઉઠોજી...ઉઠોજી
આળસ મરડી ઉઠ્યા રાજાજી,
ખડખડ ખડખડ હસ્યા પ્રધાનજી,

રાજાજી :–વાત કરો પ્રધાનજી! કેમ ખડ ખડ હસોજી?

પ્રધાન :–હા હા હા હી હી હી.....(૨)
શું કહું હું રાજાજી?
કાન તમારા મોટા જોઈ, ખડ ખડ હસવું આવ્યું જી.

રાજાજી:– ગજબ થયો રે ગજબ થયો,
આ શો ભારે ગજબ થયો,
રાણી પૂછશે રૈયત પૂછશે,
કુંવર પૂછશે, કુંવરી પૂછશે
શું શું એને જવાબ દેશું.....

પ્રધાન :– શાને ચિંતા કરો રાજાજી ? ઉપાય સુંદર દેખાડું,
છાના માના મહેલે જઈને, તરત બધાને સમજાવું, સમજાવું.

શિકાર કરતાં થાકી ગયાં, થાકી ગયાં.
રાજાજી તો માંદા પડયા, માંદા પડયા.
વાત વહેતી મૂકશું એમ, કોઈને કંઈ ના કહેશું કેમ !
.....વાત૦

દવા દારૂ કરશું ઝટ,
સાજા થઈશું એકદમ ફટ.

વિ રા મ

*

દૃશ્ય બીજું

(રાજમહેલમાં હોળીનો ઉત્સવ ઉજવાય છે.)

(રાસ)

એ.....લટક મટક કર ફાગણ આયો, ફાગણ આયો રે,
એ રંગ રંગની છોળો લેતો ફાગણ આયો રે,
એ.....ઝનનન ઝનનન ઝન ઝાંઝર ઝમકે ને,
ધનનન ધનનન ધન ઢોલક બાજે.

કુંવર નાચે કુંવરી નાચે, નાચે સઘળાં જન રે,
એ.....રંગ રસિયો રે ફાગણ આયો રે,
સંગે હોળીને લઈને આયો રે...રંગ રસિયો૦

હોળી આવી રે...રંગીલી હોળી આવી,
રસિલી હોળી આવી,
થનગન થનગન કરતી આવી,
અબીલ ગુલાલ લેતી આવી,
ભાન ભૂલાવે રે.....રંગીલી હોળી આવી.....

ઢમક ઢમક ઢમ ઢોલ ઢમકયાં,
ઝનક ઝનક ઝન ઝાંઝર ઝમકયાં.
સહુ નાચે તાલે તાલે રે.....રંગીલી હોળી૦

સિપાઇ:–બંધ કરોજી બંધ કરો નાચવું કુદવું બંધ કરો.
રાજાજી તો આવે છે, શિકાર કરી આવે છે,
રાજાજી તો માંદા છે, મળવાની મનાઈ છે,
દૂર હટોજી દૂર હટો, રાજાજી તો આવે છે,
રાજાજી તો આવ્યા મહેલે, હળવે હળવે આવ્યા મહેલે,
વૈદ આવ્યા, હકીમ આવ્યા, મોટા મોટા ડોકટર આવ્યા.

દિવસો ઉપર દિવસો જાય,
રાજાજીને :ફેર ના જણાય.
પ્રધાનજી તો વિચાર કરે, રોગ કેમ કરી ટળે ?.....

*

દૃશ્ય પાંચમું

એક દિવસની વાત છે, દાઢી મોટી થઈ છે,
રાજાજીને કરડે છે, તેઓ તો અકળાયા છે.

રાજાજી:– પ્રધાનજી ઓ પ્રધાનજી,
બોલાવો ધનીઆ હજામને જી,

તારે શી પંચાત આ ? કાન ખોલી સાંભળ તું આ !
વાત બહાર જાય નહિ, કોઈને કહેવાય નહિ.

ખબરદાર....ખબરદાર !

તને શિક્ષા કરીશ, તને જેલમાં નાખીશ, તને ઘાણીએ ઘાલીશ,
કોઈને કહીશ નહિ કે
રાજા સુપડકન્નો (૨)

ધનિઓ :—ના, ના, બાપા, ગાય છું; હું તમારી ગાય છું.
તમને પગે લાગું...(૨)
કોઈને વાત નહિ કહું કે....
રાજા સુપડકન્નો (૨)
દાઢી કરીને ધનીઓ ચાલ્યો, રસ્તે સિપાઈ એ હાથ ઝાલ્યો.

સિપાઈ :—અલ્યા ઊભો રહે, ધનીઆ ઊભો રહે
કહે તો જાને કે રાજાને શાની બિમારી ?

ધનીઓ :—ના, ના, ના, બાબા ના, ના, ના,
હું નહિ કહું, (૨)
રાજજી તો શિક્ષા કરે, ઘાણીએ ઘલાવે
મને ઘંટીએ દળાવે, મને જેલમાં નખાવે....
હું નહિ કહું.....
હું તો ધનીઓ હજામ.....(૨)
મને બધી ખબર...(૨) તમને નહિ રે કહું ..(૨)
હસવા જેવી વાત છે, કોઈને નહિ કહેવાય રે,
ગમ્મતની ભાઈ વાત છે, કોઈને નહિ કહેવાય રે.
ના, ના, ના, હું નહિ કહું...(૨)
મને બધી ખબર તમને નહિ રે કહું...

દાઢી મારે કરવી જી, સફાચટ કરવી જી,
બોલાવો ધનીઆ હજામને જી.

હુકમ છુટતાં ધનીઓ આવ્યો, બધું ઝોળી નાખી લાવ્યો,
મોંમા પાન ચાવતો આવ્યો, લટક મટક કરતો આવ્યો.
ગીત ગાતો ગાતો આવ્યો.

ધનીઓ:— હું તો ધનીઓ હજામ (૨)
દાઢી બોળું ફટ ફટ, વાળ કાપું કટ કટ.....(૨)
ધનીઓ હજામ.....
મારો અસ્ત્રો ચટપટ ચાલે.....
ચટપટ ચટપટ ચટપટ ચાલે
દાઢી એ તો ફટફટ કાપે
ફટફટ ફટફટ ફટફટ કાપે...ધનીઓ હજામ૦

પ્રધાન:—એઈ અલ્યા ચુપ કર, મુંગો મુંગો અંદર મર,
રાજાજીની દાઢી કર, ચટપટ ચટપટ દાઢી કર.
ઝોળીમાંથી અસ્ત્રો કાઢયો,
ચટપટ ચટપટ વગાડી જોયો.

દાઢી કરવા મંડ્યો જ્યારે,
ધનીઆ હજામે જોયું ત્યારે,
રાજાજીના કાન જોઈ, મનમાં મનમાં હસ્યો ભાઈ,
બીતાં બીતાં બોલ્યો ભાઈ;

ધનીઓ :—બાપુ ! બાપુ ! શું થયું ? આ તમને શું થયું !
સુપડકાન કેમ થયા ?...(૨)
રાજાજી તો ગુસ્સે થયા, આંખ તાણી બોલી પડ્યાં;

રાજાજી :—ચુપ કર તું, ચુપ કર,
મુંગો મુંગો કામ કર.

સારંગી બનાવું, સિતાર બનાવું,
તબલા બનાવું, મૃદંગ બનાવું.
નવાં નવા હું તાલ કઢાવું...(૨)
ધા ધા ધા, ધા ધીનક ધીન...(૨) ધા ધા ધા
...નવી નવાઈ૦

રાજા પાસે જઈને ભાઈ,
ઢોલ નગારાં દઈને ભાઈ;
વાહ ભાઈ વાહ....વાહ ભાઈ વાહ...(૨)...નવી નવાઈ૦

દૃશ્ય છઠ્ઠું

(સુથાર નવાઈના વાજીંત્રો બનાવી રાજમહેલે પહોંચ્યો...)

સુથાર :–રાજાજીની પાસે જઈ, વાત કરો સિપાઈજી,
દૂર દેશથી આવ્યો છું, વાજીંત્રો લઈ આવ્યો છું.
ભેટ દેવાને લાવ્યો છું, મન બહેલાવવા આવ્યો છું. દૂર૦
રાજાજીનો હુકમ આવ્યો...(૨)
સાજ સાજીંદા લઈને આવો,
દૂર ખૂણે બેસી બજાવો...રાજાજીનો૦

સુથાર :–બમ્મા મારા બાપુને ઘણી ઘણી બમ્મા,
ધા ધીનક ધીન ધા ધીનક, ધીન ધા ધા ધા...(૨)
તબલું આવે...(૨) ધા ધા કરતું તબલું આવે,
સંગે મૃદંગને પણ લાવે...ધા ધા કરતું૦

(ધનીઓ ગયો પણ એના પેટમાં પીડા ઊપડી...)

ધનીઓ :–વાત કોને કહેવી જઈ? આ તો બદબદ બીચડી થઈ,
બદબદ બદબદ (૨) બીચડી થઈ
ક્યાં જવું ? ને કોને કહેવું ?...કે
રાજા સુપડકન્નો...(૨)
લાવ પેલા ઝાડે જઈ, વાત કહું પાસે જઈ કે'
રાજા સુપડકન્નો...(૨)
ધનીઆ હજામને ટાઢક થઈ...હા...શ . (૨)

(ધનીઓ ગયો ત્યાં તો...)

થોડી વારે સુથાર આવ્યો લાકડું લેવા સુથાર આવ્યો,
સાજ સાજીંદા બનાવવાને, સુંદર લાકડું શોધવા આવ્યો.
દૂર ખૂણેથી અવાજ આવ્યો...
અવાજ આવ્યો...(૨)...કે
રાજા સુપડકન્નો . (૨)

આમ જુએ ને તેમ જુએ, સુથાર ઉભો ઉભો જુએ
અવાજ આવ્યો કયાંથી આ...કે
રાજા સુપડકન્નો...(૨)

ધીમે ધીમે પાસે જઈ, કાન દઈને સાંભળ્યું ભાઈ
રાજા સુપડકન્નો....(૨)

સુથાર :–નવી નવાઈ આ તો નવી નવાઈ...(૨)
કરવી મારે આની શરણાઈ.

સિતાર સારંગી તો આવ્યાં...(૨)
સાની સાની સાધ ધની ધ ય
મીઠું મીઠું ગાતાં આવ્યાં...સિતાર૦

તબ્બલું :–ધા ધીનક ધીન (૨) ધા ધા ધા...
રાજા સુપડકન્નો૦

સિતાર :–કોણે કીધું રે તને કોણે કીધું ?

તબ્બલું :–ધનીઆ હજામે કીધું...(૨).

રાજા:–બંધ કરોજી બંધ કરો, વાજીંત્રો હવે બંધ કરો.
ભેદ બધો ખોલ્યો ભાઈ, બોલાવો ધનીઆને આહિં.

સિપાઈ ઓ સિપાઈ!
ધનીઆને બસ શિક્ષા કરો, શિક્ષા કરો.

(આમ રાજા સુપડકન્નાની વાત પૂરી થઈ ને
ખેલવાળાએ બીજે ગામ જવાની તૈયારી કરી)

ખેલવાળોઃ–ખેલ મારો પૂરો થયો, મારે જાવું બીજે ગામ;
જાત જાતના ખેલ બતાવવા ભાત ભાતના ખેલ બતાવવા;

બાળકોના મન રીઝવવા
જાવું બીજે ગામ મારે.....(૨)
મારો ખેલ જોતા જાવ
મઝાનો ખેલ જોતા જાવ રે.....

(આ નાટિકા ભજવતા પહેલાં લેખકની રજા લેવી.)



હાસ્યનો હોજ

અશોકે એક દિવસ બોલબૅટ રમતાં પોતાના ઘરનો કાચ ફોડી નાખ્યો. તેના પિતાજી ઘણા ગુસ્સે થયા. તેના પિતાજીએ અશોકને પૂછ્યું, 'આ કાચ કોણે ફોડયો?' અશોકે કહ્યું, 'કાચ મેં ફોડયો છે.' તેના પિતાએ અશોકને એક લાફો માર્યો.

અશોક રોતો રોતો બોલ્યો, 'પિતાજી તમે તો કહેતા હતા કે સત્ય બોલવાનાં ફળ મીઠાં મળે છે.

*

શિક્ષક : પ્રમોદ, નકશામાં અરબી સમુદ્ર બતાવ?

પ્રમોદ : (નકશા પર આંગળી ફેરવતો જાય છે)

શિક્ષક : કેમ પ્રમોદ નથી આવડતું?

પ્રમોદ : સાહેબ, નકશામાં પાણીનું ટીપું તો દેખાતું નથી.

*

શિક્ષક : પૃથ્વી પોતાની આસપાસની વસ્તુઓને આકર્ષે છે. બોલ મનુ, બીજી એવી કઈ વસ્તુ છે?

મનુ : સાહેબ, આપણું નાક તેની આજુબાજુની હવાને આકર્ષે છે.

*

શાહ બિપીન વિઠ્ઠલદાસ
તંત્રી : વિકાસ, અમદાવાદ

એક ચોર : (બીજા ચોરને) દોસ્ત આજે તો આપણે સારા માલદારનું ઘર ફોડયું છે. તો ચોરીમાં કેટલો માલ હાથ લાગ્યો હશે?

બીજો ચોર : તું યે ભાઈ બુદ્ધુ રહ્યો! અત્યારે ગણવાની તકલીફ કોણ લે? એ તો કાલે સવારે છાપામાં આપણી ચોરીની વાત મોટા અક્ષરોમાં આવી જશે.

*

ઘેર કપડાં ચમકદાર અને સફેદ ધોવા માટે સસ્તો, સારો ને સગવડ ભરેલો સાબુ બધા જ જાણે છે.

ચિ ના સાબુ પાવડર

ચિ ના કુ લ્ડી ના

ચિ ના લૉન્ડ્રી સ્ટાર્ચ

કારણ કે બધા એ જ વાપરે છે.

ઇન્ડિઆ લેબોરેટરી પ્રોડક્ટસ કું.
મહાલક્ષ્મી પૂલ નીચે,
મહાલક્ષ્મી : મુંબઈ-૧૧
ઑફિસ : દલાલ સ્ટ્રીટ : મુંબઈ-૧

જો હું વડાપ્રધાન હોઉં તો

જ્યારે મારી કલ્પનામાં 'જો હું વડાપ્રધાન હોઉં તો ?' એ વિચાર આવે છે ત્યારે મારી આંખ સમક્ષ ગાંધીજી, જવાહરલાલ, વલ્લભભાઈ જેવા મહાન પુરુષો ખડા થાય છે.

કોઈ વખતે અમારી શાળાના શિક્ષક સાહેબોને બોલતો સાંભળું છું, તેમનું બહુમાન થતું જોઉં છું—ત્યારે મને શિક્ષક થવું ગમે છે...પણ ના ના....મને તેથી વધુ તો 'વડાપ્રધાન' શબ્દ વધારે પસંદ પડે છે. આહા ! પહેલાના જમાનાના વડાપ્રધાનોનો દબદબો અને માન જોઈ આજ મારી આંખો હર્ષાશ્રુથી ઉભરાઈ આવે છે. આજે તેઓના પવિત્ર ચરણોમાં મારું શિર નમી જાય છે. ગાંધીજી તથા સરદાર પટેલ જેવા મહાન પુરુષોએ અનેક શિષ્યો પેદા કર્યા તે સરદારશ્રીના માતૃભૂમિ ગુજરાતનો હું બાળક શું વડાપ્રધાન નહિ બનું ?

હું વડાપ્રધાન થવા ચાહું છું. વડાપ્રધાન થવા માટે મારામાં પહેલાં લાયકાત હોવી જોઈએ, તે મારે જોવું જોઈએ. સૌથી પ્રથમ ત્યાગભાવના છે. દેશનું પાલન હું કરી શકીશ ? જે વડાપ્રધાન બને તેનામાં સેવા કરવાની ભાવના ન હોય તો આ સ્થાનને તે યોગ્ય નથી. તેણે ખુશામતથી દૂર રહેવું જોઈએ.

જેઓ લોકોએ દેશનું અથવા રાષ્ટ્રનું સુકાન, ધન અને ભવિષ્ય સોંપ્યું છે તેઓ ગાંધીજી, જવાહરલાલ જેવા હોવા જોઈએ કે જેઓ લાખ્ખ તનીન પ્રાચી સંસ્કૃતિને પાછી લાવી શકે, જો કોઈ પણ રીતે દેશને આબાદ બનાવવા હું પ્રયત્ન કરીશ...પણ ક્યારે....?....જ્યારે હું વડાપ્રધાન બનું ત્યારે...

સ્ટેનલેસ સ્ટીલનાં વાસણોને બફ કરવા માટે
'જેકાસ્ટ' ના ફાઈબર પોલિશિંગ બ્રસ વાપરો
વ્યાપારી પૂછપરછ માટે મળો અગર લખો :—

બ્રા ના વ ના ર


જે કા સ્ટ બ્રા શ વે ર

શ્રી લક્ષ્મી વૂલન મિલ્સ એસ્ટેટ

હેન્સ રોડ,

મહાલક્ષ્મી : મુંબઈ-૧૧

ટે. ફો. નં. ૪૦૬૨૩



સૌંદર્ય
પ્રસાધનોમાં
અગ્રસ્થાને

હિમોગ્લોબીન
અને ગ્લાયકર્ડ

— સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ —
૩૦ ચી. પ્રધાન રોડ, ચોપાટી સર્કલ, મુંબઈ ૭

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ ટ્રિપ્લિકેન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
શાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સર્કલ, મુંબઈ-૭
શાંખ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગ્રાંટરોડ, મુંબઈ-૭



નવા પ્રવૃત્તિ ચુંબકીય
આવરણ
સ્વીકારવા માટે

પરીક્ષણ પૂર્વક શોધેલ
૧૮ ઔષધીયુક્ત
વનસ્પતિના અર્કમાંથી,
બનાવી

"લિકો ચુંબકંતી"

બાવડર અગર પેસ્ટ આપને પસંદગી પ્રમાણે વાપરો


લિકો ચુંબકીય લેબોરેટરીઝ
ઝવેરી અહમદ બિલ્ડિંગ, બી બી, ઘાટકોપર

મુદ્રક અને પ્રકાશક : નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દક્ષિણામૂર્તિ, ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ દ્વારા સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૩ : જૂન, ૧૯૫૯



આદિવાસી બાળકો

"ગળામાં ગલોલ લટકાવીને આ બાળકો વનમાં ફરતાં હોય છે. તેઓ પંખીઓ મારે છે ને ત્યાં જ ઘાસ કાટકીઓ સળગાવીને તે શેકે છે અને ખાય છે. કંદમૂળો શોધવાં, ખાવા જેવા નાના-મોટાં ફળ ભેગાં કરવા અથવા કોઈ ખાવા જેવો પાલો મેળવી ખાવો એ જ તેમના રસના કામો છે. પેટ શાંત થાય એટલે બધા વૃક્ષ નીચે ભેગા થઈ તેની છાયામાં રમવું નાચવું કૂદવું અને આનંદ કરવો. એમાં જ તેમને સમાવાન છે. નિશાળમાં શા માટે બેસવું તે તેમની સમજણ આવતું નથી. એટલા સમયમાં ઘણું બાવાનું મેળવી શકાય એમ તેમને લાગે છે."

વિમલ સાવે

સંસ્થાપકો :

સ્વ. ગિજુભાઈ બધેકા

શ્રી તારાબેન મોડક

તંત્રી :

શેષ નામલે

☆

સંપાદકમંડળ

જાકુબારીબેન પટેલ — હરાલતાબેન બાળવી

હરમસાદ લાહ — રમેશભાઈ કોઠારી

જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ


વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦

છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : સરસ્વતી પ્રેસ : ભાવનગર

ASP/LIC-440

કદાચ પત્ની વિરોધ કરે!



એક વાર એક વીમા એજન્ટની સમજાવટથી મહેશ રૂ. ૫૦૦૦ ની એક પૉલિસી લેવા તૈયાર થયો પણ ત્યાં તેને કંઇ વિચાર આવતાં એજન્ટને જણાવ્યું, 'મારી પત્ની જોડે વાત કરી જોઇશ. ઇંદુ જો હા પાડે તો મારી કંઇ ના નથી.'

પણ ઇંદિરાના મનમાં તો વીમા વિષે એવું તો વહેમનું ભૂત ભરાયેલું કે કેમે કરી માને જ નહિ. એજન્ટે તો બધી જ આશા છોડી દીધી. થોડા દિવસ પછી જ્યારે મહેશે વીમા એજન્ટને ફોન કરી પ્રપોઝલ ભરી કામ પૂરું કરવા જણાવ્યું, ત્યારે એજન્ટની નવાઇનો તો પાર ન રહ્યો. એણે તો પૂછ્યું ય ખરું કે, 'તમારાં પત્ની ના પાડે છે તેનું શું...' પણ એજન્ટને બોલતો અટકાવી મહેશે કહ્યું કે, 'એને પૂછવાની કોઈ જરૂર નથી.'

પાંચ વર્ષ બાદ મહેશનું એકાએક મૃત્યુ થયું અને ઇંદિરા નિરાધાર બની. દોસ્તીને દાવે વીમા એજન્ટ જ્યારે ઇંદિરાને ઘેર પહોંચ્યો ત્યારે તો તે સ્તબ્ધ જ બની ગઈ. તેણે તો સ્વપ્ને ય કલ્પ્યું ન હતું પછી એજન્ટની વાત તેના માનવામાં જ ક્યાંથી આવે? તેના પતિની પૉલિસીના ૫૦૦૦ રૂપિયામાંથી તેણે ચોક સીવવાનું મશીન ખરીધું અને સીવણ-વર્ગ શરુ કરી પગભર બની.....

હજી અઠવાડિયા પર જ તેની દિકરીનાં લગ્ન ગયાં તેણે વીમા એજન્ટને ખાસ કંકોત્રી આપી બોલાવ્યો અને લગ્નની ધમાલ વચ્ચે તેની પાસે જઇ ઇંદિરાએ ધીરેથી કહ્યું, 'પતિની હયાતિમાં સ્ત્રી વીમાનો વિરોધ કરે છે પણ વીમાની ઉપયોગિતા પતિના ગયા બાદ કુટુંબનો નિર્વાહ કરતી વખતે સમજાય છે.'

નિલકંઠ વ્યાખ્યાનમાલા

નિલકંઠ ઈન્સ્યોરન્સ, કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

શિક્ષણ – પત્રિકા

અનુક્રમ

બાલશિક્ષણ અને સંઘ સમાચાર	૨
તંત્રીની નોંધ	૪
આદિવાસીઓની કેળવણીનો હેતુ	૫
પૂર્વ પ્રાથમિકમાંથી પ્રાથમિક તરફ	૧૦
સંશોધનની દિશા	૧૩
બા. બા. શિ. કેન્દ્રનો ચાલુ પ્રવૃત્તિનો પરિચય	૧૮
આંગણવાડી	૨૦
ભોનાર પાડા ઉપરનો સફાઈ શિબિર	૨૪
કુરણ શાળા	૨૬
શરૂઆતની પચીસ છોકરીઓ અને પચીસ છોકરાઓ	૨૭
શાળામાં પૂરક ઉદ્યોગો	૩૧
મહાત્મા ગાંધી આદિવાસી જનતા વિદ્યાલય કોસબાડ	૩૫
મારા અનુભવ	૩૭

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

બીજી બાલઅધ્યાપન ચર્ચા પરિષદ : જુલાઈ ૧૯૫૯ દિનાંક ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ના રોજ દાદર મુંબઈમાં આવેલા શિશુવિહારના નવા મકાનમાં બાલઅધ્યાપન મંદિરોના મુખ્યાધ્યાપકો અને અધ્યાપકોની બીજી ચર્ચા પરિષદ યોજવામાં આવી છે. ગયા વર્ષની જેમ આ પરિષદમાં પૂર્વ પ્રાથમિક પ્રાશિક્ષણ સંસ્થાઓ તરફથી અને અધ્યાપકો તરફથી જે કોઈ પ્રશ્નો રજૂ કરવામાં આવે તેના પર ચર્ચા ચલાવવામાં આવશે. ગયા વર્ષથી બાલઅધ્યાપન સંસ્થાઓમાં નવો પ્રશિક્ષણ ક્રમ દાખલ થયો છે. તેને ચલાવવામાં અધ્યાપન સંસ્થાઓને જે કંઈ અનુભવો થયા તેની આપ-લે થાય તેમ જ પરીક્ષા અંગે જે કંઈ મુશ્કેલીઓ જણાઈ હશે તે સંબંધમાં યોગ્ય એવા સૂચનો સરકાર તરફ સંસ્થાઓ તરફથી જાય એ જરૂરનું છે. આ પરિષદમાં ભાગ લેનાર મુખ્યાધ્યાપકો અને અધ્યાપકો પોતાનાં નામો જુલાઈની ૧૦ સુધીમાં મંત્રી, નૂ. બા. શિ. સંઘ ૧૧૮ હિંદુ કોલોની દાદર મુંબઈ ૧૪ના સરનામે જણાવે. પરિષદનું કામ દરરોજ ૧૧ થી ૫ સામાન્ય રીતે ચાલશે. પરિષદ માટે અહીં બહારગામથી આવનાર જે કોઈ ભાઈ બહેનની મુંબઈમાં ઉતારા માટે સગવડ ના હોય એવા સભ્યોની જમવા રહેવાની ૪ દિવસની યથા શક્ય સગવડ રૂ. ૧૦ લઈને કરવામાં આવશે. મુંબઈ રાજ્ય બધી બાલઅધ્યાપન સંસ્થાઓ આ પરિષદને યશસ્વી બનાવવા સર્વ પ્રકારની મદદ કરે એવી વિનતિ કરવામાં આવે છે.

પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષાનું કેન્દ્ર વાર પરિણામ

કેન્દ્રનું નામ	બેઠા	ગેરહાજર	પાસ થયા	પાસનું ટકાવારી પ્રમાણ
મુંબઈ	૧૭૬	૪	૧૪૫	૮૨.૩%
કોસબાડ	૧૬	૧	૧૩	૮૧.૨%
પૂના	૪૪	૦	૩૭	૮૪.૦%
સોલાપૂર	૨૬	૦	૨૦	૭૬.૦%
નડિયાદ	૨૭	૧	૧૨	૪૪.૦%
અમદાવાદ	૭૧	૪	૨૯	૪૦.૮%
સાંગલી	૩૬	૦	૩૪	૯૪.૪%
સુરેન્દ્રનગર	૧૬	૨	૧૨	૫૫.૦%
ભાવનગર	૨૦	૦	૧૭	૮૫.૦%
નાગપૂર	૧૪૨		૧૧૨	૮૫.૦%

મુંબઈ રાજ્યની પૂર્વપ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષામાં ગુણાનુક્રમથી પહેલાં ૧૦ વિદ્યાર્થી

કેન્દ્રનું નામ	વિદ્યાર્થીનું નામ	૮૦૦ મેળવેલા ગુણ	ટકાવારી
મુંબઈ	ઠાકૂર માલતી શ્રીપાદ	૬૮૪	૭૬·૦ %
મુંબઈ	ગોસલિયા લક્ષ્મી શાંતિલાલ	૬૪૨	૭૧·૩%
નાગપૂર	આથવલે માલિની નારાયણ	૬૨૬	૬૯·૫%
મુંબઈ	ગાંધી તરુણિકા રમેશચંદ્ર	૬૧૨	૬૮·૦%
પૂના	ભુસ્કુટે વિજયપ્રભા વાસુદેવ	૬૧૦	૬૭·૭%
પૂના	કેલકર શાલિની વિષ્ણુ	૬૦૫	૬૭·૨%
મુંબઈ	ખોડે ઈન્દુમતી કિહનકાંત	૬૦૩	૬૭·૦%
મુંબઈ	ગાડગિલ સુશીલા અનંત	૬૦૨	૬૬·૮%
નાગપૂર	ભાનુ આશા મધુકર	૬૦૧	૬૬· %
મુંબઈ	ડેરે મીનાક્ષિ શંકર	૬૦૦	૬૬·૬%

નૂતન બાલશિક્ષણ સંઘની પ્રવેશ તથા પ્રાવીણ્ય પરીક્ષા હમણાંનાં કેન્દ્રવાર પરિણામો

પ્રવેશ પરીક્ષા

કેન્દ્રનું નામ	બેઠા	ગેરહાજર	પાસ થયા	પાસનું ટકાવારી પરિણામ
ઈંદોર	૧૪	૦	૯	૬૪·૩%
અમદાવાદ	૨	૦	૧	૫૦·૦%
સુરેન્દ્રનગર	૨	૦	૧	૫૦·૦%
કોસબાડ	૧	૦	૧	૧૦૦·%

પ્રાવીણ્ય પરીક્ષા

ઈંદોર	૩૩	૦	૩૦	૯૦·૧%

નૂ. બા. શિ. સંઘની પરીક્ષાઓમાં પ્રથમ શ્રેણીમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનાં નામો

પરીક્ષા	વિદ્યાર્થીનીનું નામ	૮૦૦માંથી પ્રાપ્ત ગુણ	ટકાવારી
પ્રાવીણ્ય	દેશમુખ સુલભા	૫૨૯	૬૬·૧%
,,	યાવલકર વત્સલા	૫૨૦	૬૫·૦%
,,	દિવે લીલા	૫૦૨	૬૨·૭%
,,	મોઘે બકુલી	૪૯૯	૬૨·૪%
,,	અવસરે કમલ	૪૯૬	૬૨·૦%
,,	જેમ્સ વિક્ટોરિયા	૪૮૯	૬૦·૧%
,,	ડોસ સુધા	૪૮૫	૬૦·૦%

ગુજરાત, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાઓ માન્ય કરેલ
નૂતન બાળશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] જુન ૧૯૫૯ [અંક : ૩

તંત્રીની નોંધ

આદિવાસી બાલશિક્ષણ વિશેષાંક

જુનની તેરમીએ નૂતન બાલશિક્ષણ સંઘના ગ્રામબાલશિક્ષા કેન્દ્રની વિકાસવાડી યોજનાને અમલમાં મૂકતાં પૂરાં બે વર્ષ થાય છે. એ દિવસે ગ્રામ-બાલશિક્ષા કેન્દ્રે થાણા જિલ્લામાં આવેલ બોરડીગામથી એ જ ગામ નજીકના 'કોસબાડ' નામના આદિવાસી ગામમાં સ્થાનાન્તર કરીને પોતાનાં મકાનોમાં વિધિ-યુક્ત પ્રવેશ કર્યો. અને વિકાસવાડી અધ્યાપન મંદિર ચાલુ કર્યું. નૂતન બાલશિક્ષણ સંઘની આ સંસ્થાના જીવનમાં આ દિવસ વૈચારિક ક્રાંતિનો ગણી શકાય. એ દિવસથી સંઘની કેન્દ્રિય સંસ્થાએ સામાન્ય ગ્રામ બાલ કેળવણીમાંથી કેવળ આદિવાસી બાલ કેળવણીના ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે. નવા ક્ષેત્રની નવી પ્રેરણાઓ લઈને આદિવાસી જીવનના ઉત્થાન માટે એ દિવસથી જ વિકાસવાડીના કાર્યનું મંડાણ થયું અને એક રીતે સમગ્ર ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રને નવજીવન પ્રાપ્ત થયું. એ દિવસથી જ નૂતન બાલશિક્ષણ સંઘે સૌથી દલિત સૌથી વધુ પછાત તેમ જ દારિદ્રમાં સૌથી વધુ પંકાએલી પ્રજાની બાલ કેળવણીનો પ્રશ્ન હાથમાં લેવાની હિંમત બતાવીને કેળવણીનું કાર્ય કરનાર ભારતીય સંસ્થાઓ આગળ એક સ્ફૂર્તિદાયક આદર્શ રજૂ કર્યો છે.

પછાત ગ્રામીણ પ્રદેશોમાં કેળવણીની સંસ્થા ચલાવવાનું કાર્ય કેટલું વિકટ હોય છે એની કલ્પના નાગરી સંસ્થાઓને ભાગ્યે જ આવી શકશે. આ પ્રદેશમાં સંસ્થાનું સર્જન તો શ્રીમતી તારાબેન અને અનુબેન જેવા ભેખધારી જ કરી શકશે. અહીંની સંસ્થા સંચાલનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એના પ્રદેશમાં કાર્ય ચલાવવા માટે કાર્યકરો શી રીતે મેળવવા એ પ્રશ્ન, મળે તો એમનો રસ કેમ જાળવી રાખવો એ પ્રશ્ન, બાળકોની ફી તો નહિ પણ સામેથી ખાવા કપડાંની સગવડો આપીએ તો પણ બાળકો અને તેમના વાલીઓ સામાન્ય રીતે કેળવણીમાં રસ લેતા નથી એ પરિ-સ્થિતિ. આવી બધી સંસ્થાઓ માટે સરકારી અનુ-દાનો મળે છે છતાં તે કયા મુદ્દા પર મળશે અને કયા મુદ્દા પર નહિ મળે તે સંબંધમાં સતત ચિંતા રહ્યા કરે. છેલ્લાં બે વર્ષ સંસ્થાએ અનેક પ્રશ્નોનો સામનો કર્યો છે અને પોતાનું માથું ઉંચું રાખ્યું છે.

શિક્ષણ પત્રિકાનો જૂન માસનો અંક સંઘની આ કેન્દ્રિય સંસ્થાની પ્રવૃત્તિ અને તેના પ્રશ્નો–વિચારો કેળવણીરસિક જનતા જાણે એ ઉદ્દેશથી વિશેષાંકના રૂપમાં પ્રકટ કરીએ છીએ. અમારી આ નવી પ્રથામાં શિક્ષણ પત્રિકાનો બીજો અંક છે. એ અંકનું સંપૂર્ણ સાહિત્ય તૈયાર કરવામાં કેન્દ્રના નાના મોટા સર્વ કાર્યકરોએ અમને સુંદર સહકાર આપ્યો છે તે માટે શિક્ષણ પત્રિકા વતી એ બધા કાર્યકરોનો હું ઋણી છું. બધા જ કાર્યકરોના લેખોને હું આ

[અનુસંધાન પાન ૧૭ ઉપર

આદિવાસીઓની કેળવણીનો હેતુ

ગયા ત્રણ વર્ષથી અમે કોસબાડમાં આદિવાસીઓના ગામમાં આવીને વસ્યા છીએ. અને તેમના બાળકોની કેળવણીનું કાર્ય કરીએ છીએ. આપણા દેશમાં ખૂબ સુધરેલા, સાધારણ સુધરેલા, પછાત, ખૂબ જ પછાત તથા સાધારણ પછાત એવા વર્ગો પડે છે. તે મટી જઈને આખો સાધારણરીતે સુધરેલો બહુ જનસમાજ થાય એ જ ઉદ્દેશ મનમાં રાખીને અહીં આવીને આ યોજના હાથ ધરીને કેળવણીનું કાર્ય શરૂ કર્યું હતું. આવા સમાજમાંથી થોડા વધુ સુધરેલા થાય તથા કેટલાક પાછળ પડે એ સ્વાભાવિક છે. પરંતુ તેમાં આજના જેવી પરિસ્થિતિ ન હોવી જોઈએ કે જેમાં કેટલાક હિમાલય જેવડા ઉચ્ચા, તો કોઈક સામાન્ય કક્ષાના તો કેટલાક ખૂબ ઊંડી ઊંડી ખાઈમાં પડેલા હોય. સરકારે પણ હવે ઉચ્ચ, મધ્યમ તથા પછાત એવું વર્ગીકરણ કાઢી નાંખ્યું છે. એટલે જનતાની પરિસ્થિતિમાં ખાસ કંઈ ખાસ ફરક પડ્યો છે એવું નથી પરંતુ શું હોવું જોઈએ એનું ભાન થાય છે.

આજે શિક્ષણક્ષેત્રમાં જે દિશામાં પગલીઓ મંડાતી જાય છે તેના ઉપરથી પછાત વર્ગને આગળ આણવાનો ઘણો પ્રયત્ન જણાય છે ખરો, પણ તે કેમ સાધ્ય થાય તેનો વિચાર દેખાતો નથી. આપણે જે રીતે શીખ્યા અને જે રીતે જીવીએ છીએ તે રીતે બધા પછાત સમાજે રહેવું એવી સર્વ સામાન્ય દિશા દેખાઈ આવે છે. પરંતુ પહેલા એ વિચારવા જેવું છે કે આપણે શીખી-ભણીને જે સ્થિતિએ પહોંચ્યા છીએ તે આદર્શ છે કે? આપણા જીવનની નૈતિક તથા માનવતાની કક્ષા ખરેખર ઊંચી ગઈ છે? આ બાબતનો વિચાર કરવો જોઈએ. બીજું આ પછાત-વર્ગમાં સદીઓથી આગ્રહપૂર્વક પોતાની કૌટુંબિક તથા સામાજિક વ્યવસ્થા છે તેનો વિચ્છેદ કરવાથી તેમનું જીવન ખરેખર સુધરશે કે? આ વિચારવા જેવા પ્રશ્નો છે.

આ લોકોની સુધરેલી સ્થિતિનો અમે આ રીતે વિચાર કરીએ છીએ કે તેમના જીવનમાં જે કઈ વ્યવસ્થા ઋઢ થઈ ગઈ છે તેને જરા પણ ધક્કો પહોંચવો ન જોઈએ. તેમનામાંની સારી ઋઢિઓ, ટેવો, જીવન તરફ જોવાની દૃષ્ટિ તથા જીવનની દૃષ્ટિ બદલવાનો પ્રયત્ન ન થવો જોઈએ; તેમ છતાં એક બીજાના સંગઠનને લીધે ધીમે ધીમે થોડો ઘણો ફેર પડતો જશે એ સ્વાભાવિક ગણવું જોઈએ.

એમની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરનાર સાધનો તેમને પ્રથમ મળવા જોઈએ. તેથી તેમનું જ્ઞાન બુદ્ધિ, હાથપગની શક્તિ, તેમ જ સર્જન-શક્તિનો ઉપયોગ થાય એવાં સાધનો મળે તો તે તેમને ગમશે. કેળવણીની દૃષ્ટિએ એથી આ વર્ગ બીજાઓની સાથે થશે. પણ તેમા કરતા એક મુખ્ય વાત ધ્યાનમાં લેવી જોઈએ તે એ કે: ઉજળિયાતોની જેમ વાલીઓ સરકાર અથવા શ્રીમાન દાતાઓના પૈસા વડે ભણીને તેઓ નોકરીની શોધમાં ન પડે. આજે ગામડાનું જીવન અનેક રીતે સમૃદ્ધ સુંદર અને સુખદ છે તો પણ ભણેલા લોકો શહેરો તરફ મીટ માંડે છે. આ લોકોની જેમ જ જે આવતી કાલે પછાત વર્ગના લોકો પણ એ જ દિશામાં જાય. શું એમ કરવું છે? આ બધી વિગતો વિચારીને એમની કેળવણીની યોજના ઘડવી જોઈએ. હું માનું છું કે ગામડાઓને નંદનવનો બનાવવાની તાકાત એ લોકોમાં છે. એમને તેવાં સાધનો અને તક મળવી જોઈએ.

આ મારા દૂર દૂરના નેહવાઈ વિચારો છે આજે અમે અહીં શું કરીએ છીએ આદિવાસીઓની જેમ જ પરિસ્થિતિની સામે લડી રહ્યાં છીએ. આજે અમારું કામ એટલે આ બાળકો અને શાળા વચ્ચેની જે

કંઈ મુશ્કેલીઓ આવે છે તે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આજ સુધી શી મુશ્કેલીઓ આવી અને તેમાંથી અમે કઈ રીતે માર્ગ કાઢ્યો તેનો કેટલો ઉપયોગ થયો આ બાબતમાં આ અંકમાં લખાઈ ગયું છે. અમે જે કંઇ કરીએ છીએ તે આદિવાસીઓની કેળવણી અંગેનો છેલ્લો જવાબ છે. એમની સર્વ–માન્ય પરિસ્થિતિ સુધરી ગયા પછી અત્યારે જે કંઈ મુશ્કેલીઓ લાગે છે તે ન પણ રહે.

આજે આ વર્ગની સ્થિતિ ખૂબ જ નીચી કક્ષાએ પહોંચી છે. તેનાં અનેક કારણો છે, તે બધાં દૂર કરીને તેમની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે કેટલાએ વર્ષો જશે.

આદિવાસી સમાજની કેટલીક વિશેષતા છે. દા. ત. અસ્પૃશ્ય અને આદિવાસીઓ સરખાવીએ. હિન્દુએ અસ્પૃશ્ય માનેલી જમાતો સાધારણ રીતે ગામમાં જ રહે છે. હિન્દુઓના તહેવારો એ જ અસ્પૃશ્યોના તહેવારો હોય છે. હિન્દુઓનાં પૂજ્ય-સ્થાનો અને શ્રદ્ધાસ્થાનો એ જ એમનાં પૂજ્ય અને શ્રદ્ધાસ્થાનો છે. હિન્દુઓએ આ લોકો ઉપર કરેલા અન્યાયનો પ્રતિકાર કરવા માટે કેટલાક અસ્પૃશ્યો નવબુદ્ધ બન્યા છે. તો પણ સામાન્ય રીતે હિન્દુઓ અને અસ્પૃશ્યોના આચાર વિચારોમાં કંઈક સામ્ય જણાય છે. આદિવાસીઓનું એવું નથી. આ લોકો અસ્પૃશ્યો મનાતા નથી છતાં તે પોતાની વસાહત ગામથી દૂર જ રાખવા પ્રયત્ન કરે છે. તેઓ પોતાના રીતરિવાજો અને ધર્મ આગ્રહથી પાળે છે. ગમે તેવી પરિસ્થિતિમાં હિન્દુ સંપન્ન કુટુંબોમાં પેઢીઓ પછી પેઢીઓ ગુલામોની જેમ રહ્યાં છે તેમ છતાં તેઓ જનસમાજથી દૂર જ રહ્યાં છે. હિન્દુ, મુસલમાન, પારસી એ બધી જમાતો આપણા કરતાં જુદી છે એમ તેઓ માને છે. તેમના દરેક પ્રકારનાં કામો આદિવાટ ગયાં છે તો પણ પોતાનું જીવન તેઓ સ્વતંત્ર રાખે છે. એમના સ્વભાવની પણ કેટલીક વિશેષતાઓ છે. તેઓ સ્વતંત્ર વૃત્તિના છે એ તો આપણે જોયું. કેટલાએ દિવસોના અપવાસ થાય તો પણ તેઓ ભીખ માગતા નથી. ઓછું મળે કે વધુ મળે, પેટ ભરેલું હોય કે ખાલી હોય તેમના આનંદી સ્વભાવમાં ફેર પડતો નથી. તેઓ કદી પોતાનાં દુઃખો બીજાને કહેતા નથી. મશ્કરી વિનોદ કરીને તેઓ હસતે મુખ રહેશે, અને અન્ય સાથે સમાન કક્ષાએ વર્તશે.

આદિવાસીઓની કુટુમ્બ વ્યવસ્થાની કેટલીક વિશેષ બાબતો જાણવા જેવી છે. તેમનામાં સ્ત્રી–પુરુષોમાં એકબીજાની સામે જોવાના દૃષ્ટિકોણમાં વધુ શુદ્ધતા છે. નૃત્ય વગેરેમાં તેમ જ છોકરા–છોકરીઓના એકત્ર થવામાં, રમવા કૂદવામાં અને વર્તનમાં વિશેષ પ્રકારનો સંયમ અને નિયમન દેખાય છે.

આવી કેટલીક સારી બાબતોની સાથોસાથ બીજી એક સારી વાત દેખાય છે. તે એ કે તેમને પોતાના આજના જીવનમાં સમાધાન છે તેથી એવા ખૂબ મુશ્કેલીભર્યા દિવસોમાં પણ તેઓ દુઃખી થઈ રડવા બેસતા નથી. અથવા તો તેમના મન ઉપર કોઈ માઠી અસર દેખાતી નથી. કેટલાંક કહેશે કે આ તેમની સમાધાનવૃત્તિને લીધે જ તેમની પ્રગતિ થઈ નથી. અસંતુષ્ટ માણસો જ પરિસ્થિતિમાં ફેરફાર કરવા માટે મથે છે. એ સાચું છે છતાં વધુ ને વધુ સુખ સાધનો અને સમૃદ્ધિ મળે તો પણ અસંતુષ્ટ જ રહેવું એ પણ માનવી મનની એક વિકૃતાવસ્થા જ છે. એ દૃષ્ટિએ જોતાં આ લોકોમાં દેખાતું સમાધાન વધુ પસંદ કરવા જેવું લાગે છે.

આની સાથોસાથ તેઓમાં અનેક પ્રકારનું પછાતપણું છે. આવતી કાલનો વિચાર કર્યા વગર આજની પરિસ્થિતિમાં જ જીવવું, મોજમજાહ કરવી એ અવિકસિત મનનું લક્ષણ છે. કેળવણી વડે જે કંઈ સાધવું છે એનો વિચાર કરતાં એમ લાગે છે કે એમનામાં જે સારી વસ્તુઓ છે, તેનું રક્ષણ કરવું જ જોઈએ. આપણે સુશિક્ષિતો પાશ્ચાત્ય

લોકોનું આંધળું અનુકરણ કરીને આપણા ગરમ દેશમાં એમનાં જેવાં કપડાં પહેરવાનું જરૂર ન હોય છતાં પગમાં બૂટમોજા પહેરતા થયા. પાશ્ચાત્ય પ્રદેશોની જેમ ઠંડી ન હોવા છતાં દારૂ-અને આસવો પીવા લાગ્યા. આદિવાસીઓએ આપણું જેવું વાંદરા જેવું અનુકરણ ન કરવું અને આજે તેમનામાં જે સ્વતંત્ર વૃત્તિ છે.પોતાના જીવનમાં મસ્ત રહેવાની સંતોષવૃત્તિ છે એવી જ વૃત્તિ તેઓ સુશિક્ષિત થયા પછી પણ રહે એમ આપણે કહીએ; તેમાં આપણને શીખવવા આવનારી વ્યક્તિ શ્રેષ્ઠ અને આપણે પોતે કનિષ્ઠ એ પ્રકારની ભાવના ઉત્પન્ન થાય તે કામનું નથી. આજે તેમને એટલું જ ભાન છે કે આ વ્યક્તિઓ જુદી અને આપણે જુદા. તે માટે વિચારપૂર્વક પ્રયત્નો થવા જોઈએ. અજાણતા આપણા પોતાના રીતરિવાજોને શ્રેષ્ઠ માનીએ છીએ અને તેઓને કનિષ્ઠ ગણીએ છીએ. આ લોકોને રામકૃષ્ણની વાર્તાઓની પણ ખબર નથી. એટલે શું ! કેટલું તે અજ્ઞાન ! એમને ગણપતિ ઉત્સવ અથવા તો સત્યનારાયણ વિષે ખબર નથી. આ કેમ ચલાવી લઈએ ? આવા વિચારો કાર્યકર્તાઓના મનમાં આવે છે. એટલું જ નહિં તો આ બધી બાબતો તેમને શીખવવી જ જોઈએ એમ તેઓ માનવા લાગ્યા છે. એમનામાં આપણા ધાર્મિક ઉત્સવો અને વિદ્યાઓનો કેટલોક પ્રચાર કરે છે. આપણે એમનામાં જઈને ગણપતિનો ઉત્સવ કરવો, રામજન્મ ઉજવવો તે ખ્રિસ્તી લોકો જેમ નાતાલ અથવા ઈસ્ટરનો ઉત્સવ મનાવવા માટે શીખવતા આવ્યા છે તેના જેવું જ છે. આ સંબંધમાં જે કંઈ થવું જોઈએ તે એ કે આપણા ઉત્સવોમાં એમને આમંત્રણ આપીએ ને અને પછી તેઓ તેમાં ભાગ લે અને આપણે પણ એમના ઉત્સવોમાં ભાગ લેતા થઈએ. આપણા સત્યનારાયણના ઉત્સવમાં તેઓ આવે અને એમના નારાયણના ઉત્સવમાં આપણે જઈએ. પચ્ચાસ વર્ષ પહેલાં હિન્દુ મુસ્લિમોમાં એવો વ્યવહાર હતો. મુસ્લિમોના મહોરમમાં હિન્દુઓના છોકરા વાઘ બનીને નાચતા અને હિન્દુઓની દિવાળીમાં મુસલમાનોના ઘરમાં પણ રોશની થતી હતી. એકબીજાના આચાર ધર્મો ઉપર આદર ભાવ રાખીને એકબીજામાં ભળવું એ જ સમાજ સંઘટના માટે ઉપકારક થશે; અને તેમાંથી કનિષ્ઠ શ્રેષ્ઠ એવી ભાવના નિર્માણ થવાને બદલે સહકારની ભાવના સર્જાય છે. એ રીતે આદિવાસીઓ જેવી સ્વતંત્ર અને બીજી જમાતોથી પેઢીઓથી દૂર રહેલી તેમ જ પછાત બનેલી જમાતનો એક પક્ષ અને તેમને મદદનો હાથ આપી તેમનું પછાતપણું દૂર કરી તેમની પ્રગતિના માર્ગ મોકળા કરી આપનાર કાર્યકર્તા અને શિક્ષકોનો બીજો પક્ષ એ બન્નેમાં સમાન ભૂમિકા પર વ્યવહાર થવો જોઈએ.

એના પરથી કેળવણી માટે જે એક ઉદ્દિષ્ટ સ્પષ્ટ થાય છે તે એ કે તેમની સ્વતંત્ર વૃત્તિ કાયમ રાખીને એમનામાં ન્યૂનતાની ભાવના નિર્માણ ન થાય એવી ભાવના ઉત્પન્ન થવી જોઈએ. કેળવણીને લીધે ભણેલા વર્ગના ગુણદોષ જેવા ને તેવા તેમનામાં ન ઊતરે તેમ જ જીવન તરફ જોવાનો એમનો દૃષ્ટિકોણ કાર્યકર્તાઓએ જાણી લેવો જોઈએ. અજ્ઞાનને લીધે તથા જંગલમાં તથા ડુંગરમાં સામાન્ય જનતાથી અળગા રહેવાથી તેમનામાં જે ઊણપો રહી છે તે કેળવણીને લીધે દૂર થવી જોઈએ.

કેળવણીને લીધે સમાજમાં ત્રણ બાબતો થવી જોઈએ. પહેલી બાબત એટલે આજની તેમની આર્થિક સ્થિતિ સુધરે એવા પ્રકારની કેળવણી ઉપર ભાર દેવો જોઈએ. દિવસને છેડે પેટ ભરાય એટલું અન્ન મળવું, ગરમી, ઠંડી, વરસાદ તથા પવનથી એમનું રક્ષણ થાય એવી જગા એટલે–ઘર દરેક કુટુમ્બને મળે તથા શરીર ઢંકાય એટલાં કપડાં મળવાં આ મનુષ્ય જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ. આ માટે તેમની ઊપજ વધે વગેરે બાબતો શાળાદ્વારા તથા ગ્રામસુધારના કાર્યદ્વારા

સૌથી પહેલા થવું જોઈએ. તેમના મુખ્ય ધંધાની કુશળતા કેવી રીતે વધે તે અંગેની શાસ્ત્રીય માહિતી તેમને કેવી રીતે મળે અને તેના દ્વારા એમના ધંધામાં યોગ્ય રીતે ઉત્પાદન કેવી રીતે વધારી શકે એ કેળવણી મળવી જોઈએ. તેની સાથોસાથ મુખ્ય ધંધામાંથી આખા વર્ષની બધી જરૂરિયાતો પૂરી પાડી શકાતી નથી તેથી મુખ્ય ધંધો સંભાળીને કરી શકાય એવા જોડ ધંધાનું પણ શિક્ષણ આપવું આવશ્યક છે. તદ્દન ભૂખ્યા અથવા અડધે પેટ ઠંડીમાં ધ્રુજતા, વરસાદથી ભીંજાએલી અવસ્થામાં, છોકરાંઓને શાળામાં ભણવા આવો, વાંચવા લખવાનું શીખો, સુંદર ચિત્રો કાઢો, નાટકો કરો વગેરે કહેવું એ કેટલું ક્રૂર છે! આ શિક્ષણને લીધે પોતાની પરિસ્થિતિમાં જરાયે ફેર પડતો નથી એ આ લોકોનો અનુભવ સાચો છે. અને તેથી તેઓ શિક્ષકના આગ્રહને આધીન ન થતા પોતાના છોકરાંઓ નિયમિતરીતે શાળામાં મોકલતા નથી એ તેમનું ડહાપણ ગણવું જોઈએ. આવી પરિસ્થિતિમાં શાળામાં લેખન, વાચન, ગણિત વગેરે જે શાળેય શિક્ષણ ચાલે છે તેને દુય્યમ સ્થાન આપીને, તેમની આર્થિક પરિસ્થિતિ સુધારવામાં મદદ થાય એવી કેળવણીને પ્રથમ સ્થાન મળવું જોઈએ. આ પાર પાડવા માટે જે જે પ્રદેશમાં, જે જે મુખ્ય ધંધા અથવા ઉદ્યોગ હોય તેને શાળામાં પહેલું સ્થાન આપવું જોઇએ. અને તેની સાથોસાથ પૂરક ઉદ્યોગ પણ હોવા જોઈએ. શિક્ષણક્રમ આપનારનું લક્ષ ધંધાદારી કેળવણી તથા એક ધંધાની કેળવણી તરફ ખેંચાયું છે. તે છતાં આ ઇન્ડસ્ટ્રીયલ વ્હોકેશનલ મલ્ટી પરપઝ, વગેરે પ્રકારની કેળવણીને પ્રાથમિક શાળાંત અથવા કંઈ નહિ તો સારું વાંચતા લખતા આવડે એટલું પ્રાથમિક શિક્ષણ થવું જરૂરી હોય છે. એટલે પહેલાં શાળેય શિક્ષણ અને પછી ધંધાદારી કેળવણી એવો ક્રમ ચાલુ છે. અન્ય ઠેકાણે આ ક્રમ ઠીક છે પરંતુ પછાત વસ્તીવાળા વિભાગમાં જ્યાં ગરીબી ખૂબ જ છે ત્યાં પહેલા અર્થોત્પાદક કામ તથા પૂરક ઉદ્યોગોની કેળવણી અને તેની સાથોસાથ થોડું થોડું શાળેય શિક્ષણ આ ક્રમ હોવો જોઇએ. પૂરક ઉદ્યોગોની પસંદગી કરતી વખતે શૈક્ષણિક દૃષ્ટિથી જેમાં હસ્તકૌશલ્ય છે, નવનિર્મિતીને સ્થાન છે તથા આર્થિક ઉત્પાદનની દૃષ્ટિથી સારો એવો અવકાશ છે એવા જ ઉદ્યોગોની પસંદગી થાય એ વધુ સારું ગણાશે. પરંતુ આ પસંદગી વખતે પણ પહેલી દૃષ્ટિ બાળકોની ભૂખ ભાગવાની, રક્ષણ સ્થાન મળવાની તથા શરીર ઢાંકવાપૂરતાં કપડાં મળે એ તરફ દૃષ્ટિ હોવી જોઈએ. તેને માટે કેળવણીના માધ્યમ તરીકે પસંદ કરેલા મૂળોદ્યોગ કરતાં પણ આર્થિક ઉત્પાદનની દૃષ્ટિથી વિચાર થવો જોઇએ. ખેતી, વસ્ત્રવિદ્યા તથા લાકડાનું કામ આમાંથી કોઈ પણ ઉદ્યોગ અર્થોત્પાદક થઈ શકશે. તેથી તેને સ્થાન આપવાને વાંધો નથી. કારણ તે ધંધાઓમાં કેળવણીની દૃષ્ટિએ વિશેષ ગુણ છે. પરંતુ તે શક્ય ન હોય તો તે તે ભાગમાં મળે તે ધંધો પસંદ કરીને અર્થોત્પાદનની વ્યવસ્થા થયા પછી જ મૂળોદ્યોગની કેળવણીની દૃષ્ટિએ શરૂઆત કરવી.

બીજી બાબત એટલે કેળવણી લેનારને જગત તરફ જોવાની સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય તથા સૃષ્ટિમાંની ઉત્પત્તિ તથા નાશ પાછળનાં વૈજ્ઞાનિક કારણો સમજવા એ કેળવણીનો મુખ્ય વિષય તથા મુખ્ય ધોરણ હોવું જોઈએ. સૃષ્ટિમાંના સજીવ અને નિર્જીવ ઘટકોમાંથી માનવજીવનને ઉપકારક તથા અપકારક કયા કયા છે એની પણ સંપૂર્ણ માહિતી થવી જોઈએ. આમ થાય તો જ ધર્મને લીધે ઝાડ થએલી અશાસ્ત્રીય કલ્પના તથા અજ્ઞાત તત્વોની બીક ભાંગી જશે. આનો અર્થ એમ થાય કે લેખન વાચન ઉપર વધારે ભાર આપવા કરતાં વૈજ્ઞાનિક શિક્ષણ ઉપર ભાર આપવો વધુ જરૂરી છે. આ શિક્ષણ પ્રત્યક્ષ પ્રયોગદ્વારા થવું આવશ્યક છે. આના દ્વારા જ ભૂગોળની માહિતી તથા આપણા સિવાય અન્ય માનવ

જીવનની માહિતી મેળવવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકાશે તથા આ જિજ્ઞાસા સારાં સાધનો તથા પદ્ધતિદ્વારા તૃપ્ત થાય તો તે વધારે ને વધારે વધશે. અને આ ચાલુ હોય ત્યારે જ વાંચવાની ભૂખ વધવા લાગશે અને તેને લીધે બાળકનું મન વાચન-લેખન તરફ પોતાની મેળે વધે ત્યાં સુધી તેના વાતાવરણમાં અક્ષરના આકાર તથા શબ્દ, સચિત્ર પુસ્તકો, સમાચાર પત્રો વગેરે ઘણા પ્રમાણમાં તેમની આંખ આગળથી પસાર થતા રહેવા જોઈએ. એક બાજુથી વાચન-લેખનની છાપ પડતી જશે તથા બીજી બાજુ તે શીખવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય ત્યારે લેખન-વાંચનની શરૂઆત કરવાથી બાળકોને તે શીખતા વાર લાગશે નહિ.

ત્રીજી મહત્ત્વની બાબત એટલે આ વ્યક્તિને પોતે પોતાના દેશના નાગરિક છે એનું ભાન કરાવવું જોઈએ. આપણી આજુબાજુ જે બીજી વ્યક્તિઓ શીખેલી દેખાય છે, ધનવાન દેખાય છે અને જેમની રહેણીકરણી, વિચાર તથા સંસ્કૃતિ આપણા કરતાં ખૂબ જુદી છે, જેમનાથી આપણે ખૂબ દૂર રહ્યા છીએ, તે જે દેશના નાગરિક છે તે જ દેશના આપણે પણ છીએ આ ભાવના તેમનામાં ઉત્પન્ન થવી જોઈએ. આજે જે સુશિક્ષિત તથા શહેરી જનતા તથા પછાત ગ્રામીણ જનતામાં બધી જ બાબતમાં જે, અફાટ અંતર પડયું છે તે ઓછું થવું જોઈએ હજી સુધી શહેરની જે કોઈ વ્યકિત ગ્રામીણ વિભાગમાં જાય છે તે પછી તે સમાજ સેવક હોય કે સરકારી સેવક હોય તેઓ કેટલું એ પોતાપણું બતાવે તો પણ આ વન્ય જાતિને એ વ્યકિતઓ પારકી જ લાગે છે. પહેલીવાર તો આ વ્યકિતઓ ફકત આપણું ભલું કરવા જ આવી હશે એવું તેઓ માની જ શકતા નથી. સરકારનો પગાર બહોળો છે તેથી તેઓ અહીં આપણી આસપાસ રહેવાનો ડોળ કરે છે પણ તેને લીધે આપણું કંઈ હિત થવાનું છે એવો વિશ્વાસ એમનામાં જાગ્રત થતો નથી. કારણ કે આ વ્યકિતઓના કાર્યક્રમમાંના શાળેય શિક્ષણ સમાજશિક્ષણ કે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમનાં સિનેમા, તેમનાં વ્યાખ્યાનો વગેરે કોઈ પણ બાબતોમાંથી તેમનો જે તાત્કાલિક ભૂખનો પ્રશ્ન છે તેનો ઉકેલ આવતો ન હોવાથી સમાજ કલ્યાણ અથવા કેળવણીની યોજના વિષે અથવા કાર્યકર્તાઓ માટે કંઈ પણ આદર અથવા પ્રેમ ઉત્પન્ન થતો નથી. પરંતુ સૌથી પહેલા તેમની અન્ન, વસ્ત્ર તથા રક્ષણની પ્રાથમિક ભૂખ ભાંગવાથી તેમની આજુબાજુની સૃષ્ટિ માની તેમના જીવનને નિકટતાથી સ્પર્શતી અદ્‌ભૂત બાબતો એમને સમજાતી થશે તથા એને વધુ સમજી લેવાની ઇચ્છા ઉત્પન્ન થાય તો આ જિજ્ઞાસા તૃપ્ત કરનારા માટે તેમને પોતાપણું લાગે એ સ્વાભાવિક છે. ત્યારે જ સમાજ શિક્ષણ અને સમાજ કલ્યાણના કાર્યકર્તાઓ તથા પોતાના છોકરાંઓના ગુરુજીઓની વાતો તેમને ગમવા લાગે છે અને તેઓ પોતાની મેળે એમની વાતો સાંભળવા નિકટ આવતા થશે. આ રીતે નિકટ આવ્યા પછી કેટલીક બાબતમાં તેમનામાં અને કાર્યકર્તાઓમાં અથવા શહેરી માણસોમાં જુદાપણું હોવા છતાં ઘણી બાબતમાં સરખાપણું પણ છે એમ એમના ધ્યાનમાં આવશે. મુખ્યત્વે મનુષ્યના સંબંધે કુટુંબમાં તથા સમાજમાં સુખદુઃખ આનંદના પ્રસંગો તથા ભાવના બધા માનવપ્રાણીમાં સરખા જ છે, એ લક્ષમાં આવે છે ત્યારે એકબીજાના જીવનમાં સમભાગી થવાથી એકબીજા વચ્ચેનું અંતર ઓછું થતું જશે. તે જ પ્રમાણે આપણે બધાં એક જ દેશના રહેવાસીઓ છીએ એ ભાવના ઉત્પન્ન થવા માટે કલ્પનાશકિતનો ખૂબ જ વિકાસ થવો ઘટે છે. આપણે જોઈએ છીએ કે ખૂબ જ સુશિક્ષિત તથા સુધરેલા લોકોમાં પણ પોતાના પ્રાંતના લોકો વિષે જેટલું પોતાપણું લાગે છે તેટલું જ આપણા દેશના અન્ય પ્રાંતના લોકો વિષે લાગતું નથી. અન્ય પ્રાંતના લોકોનું તથા આપણું હિત કેટલું એકબીજા સાથે સંકળાએલું છે એ બુદ્ધિથી સમજવા છતાં ભાવનાથી એકબીજા વચ્ચેની જુદાઈ જ વધારે ભાસે છે,

એને લીધે પ્રાંતીયતા તથા જાતીયતા તરફ મન વળે છે. સુશિક્ષિતોની જો આ સ્થિતિ હોય તો અશિક્ષિત લોકોમાં દેશ માટેનો પ્રેમ, અભિમાન, તથા એકતાની ભાવના નિર્માણ થવા માટે ખૂબ સમય લાગશે એમાં શંકા નથી. એને માટે આંતરપ્રાંતીય સંઘટનાની ચળવળ વધુ વિકસતી જશે તેમ તેમ આ ભાવનાના બીજ વિકસે એ ખૂબ આવશ્યક છે.

ટૂંકમાં કેળવણીનો ઉદ્દેશ કહેવો તથા વિચારવો જેટલો સહેલો લાગે છે તેટલો તે પ્રાપ્ત કરવો સહેલો નથી આ વાત ખરી છે,

— તારાબેન મોડક

o

પૂર્વ પ્રાથમિકમાંથી પ્રાથમિક તરફ

પછાત વિભાગમાં બાલશિક્ષણનો પ્રચાર કરતાં કરતાં અમને અનેક જાતના અનુભવ મળ્યા. તેમાં એક અનુભવ એ કે આ બાજુના તદ્દન પછાત વર્ગોનાં બાળકો આપણા કેન્દ્રીય બાલમંદિરમાં આવવા અચકાતાં. તેથી અમે તેમનાં આંગણાંમાં જઈને બાલવાડીઓ ચલાવવા લાગ્યા. આ રીતે આંગણ બાલવાડીનો એક નવો પ્રકાર શરૂ થયો. એ ચલાવવામાં કાર્યકર્તાઓ અને શિક્ષકો ગ્રામીણ જનતાના વધારે પરિચયમાં આવ્યા. આપણા બાલમંદિરમાં ગામમાંથી બાળકો આવે ત્યારે બાળકોના માબાપો સાથે થોડો જ સંબંધ આવે છે. પણ જ્યારે વસ્તીના આંગણામાં તેમના ઝુંપડાની બાજુમાં જ બાલવાડીનું કામ ચાલે ત્યારે ઘરના નાનાં મોટાં બધાં જ આ શું ચાલે છે? એ જોવાના કુતૂહલથી આજુબાજુમાં ભેગા થાય છે. તેથી સ્વાભાવિક રીતે એમના જીવન સાથેનો આપણો પરિચય વધે છે. અમારું પણ એમ જ બન્યું. અમે અને અમારા અધ્યાપનના વિદ્યાર્થીઓ જેમ જેમ તેમના આંગણામાં જવા લાગ્યા તેમ તેમ તેમની પરિસ્થિતિ વધારે ને વધારે નજીકથી જોવા મળી તેથી અમારા મન ઉપર એક વાતની ઘણી જ ઊંડી અસર થઈ. તે વખતે અમને જાણવા મળ્યું કે આ પછાત વસ્તીના ગરીબ જનતાનાં બાળકોને શાળામાં જઈને પાંચ કલાક ભણવું એ અશકય જ છે, મોટા ભાગનાં બાળકો નિશાળે જતાં જ નથી અને જે જાય છે તે પણ કલાક દોઢ કલાક જ શાળામાં ગાળી શકે છે. અમે જેમ જેમ વધારે અંદર ઉતરતાં ગયા અને માહિતી મેળવતા ગયા. તેમ તેમ આ બાળકોના શિક્ષણની પરિસ્થિતિ ઘણી જ ચોંકાવનારી લાગી. એક બાજુથી આપણી સરકાર ચાર ધોરણનું પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરતી હતી, નાનામાં નાના પાંચસો વસ્તીના ગામમાં પણ નિશાળો ખોલતી હતી અને પ્રાથમિક શિક્ષણ માટે કરોડો રૂપિયા મંજૂર કરતી હતી; જ્યારે પ્રત્યક્ષ પછાત વિભાગની શાળાઓમાં ભણતા બાળકોની સ્થિતિ ઉપર કહી તેમ હતી. તે ઉપરથી અમે એ પ્રશ્નનો ઊંડો અભ્યાસ કરવા પ્રેરાયા તેથી જ એકલું બાલશિક્ષણનું કામ કરવાના હેતુથી સ્થપાએલા ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્રના કાર્યનું ક્ષેત્ર વિસ્તાર પામ્યું અમે એકલા પૂર્વ પ્રાથમિક ક્ષેત્રમાં હતાં તેમાંથી પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ કર્યો. એટલે અમારું ક્ષેત્ર પૂર્વ–પ્રાથમિક સાથે પ્રાથમિક શિક્ષણનું પણ થયું.

શિક્ષણના ક્ષેત્રમાંથી ગ્રામસુધારના ક્ષેત્રમાં

પછાત વિભાગના પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં વધારે ઊંડાં ઊતરીને પ્રયોગો કરીને કામ કરવાની દૃષ્ટિએ અમને બોરડી કરતાં કોસબાડનું ક્ષેત્ર વધારે

સારું લાગ્યું. કેમકે બોરડીમાં બ્રાહ્મણવાણિયાથી માંડીને બધી કોમના લોકો રહે છે. પછાત વિભાગના આદિવાસીઓ દૂર દૂર વાડીઓમાં ઝૂંપડાં કરીને રહે છે. એટલે એક સાથે પછાત વર્ગના જ છોકરાઓ મેળવવા મુશ્કેલ પડતું. જ્યારે કોસમાડ એ આદિવાસીઓનું જ ગામ હોઈ અમે અમારું કેન્દ્ર બે વર્ષ પહેલાં કોસમાડમાં ફેરવ્યું. મુંબઈથી બોરડી આવ્યા અને જેમ જેમ કામ કરવા લાગ્યા તેમ તેમ પૂર્વ પ્રાથમિકમાંથી અમે વિશાળ ક્ષેત્રમાં ખેંચાયા તેમજ કોસમાડ આવ્યા ત્યારે અમારા વિચારોમાં બીજું એક પરિવર્તન થયું. બોરડીમાં કામ કરતા હતા ત્યારે જ આ પ્રકારના પરિવર્તનની ઝાંખી તો અમને થઈ જ હતી તે અહીં આવીને વધારે તીવ્ર થઈ. અમને એ ખ્યાલ સ્પષ્ટતાથી આવ્યો કે નિશાળમાં બેસીને બાળકોને એકલું ભણાવવા બેસીએ તે અહી ન ચાલે. એને માટે આ લોકોના જીવનમાં વધારે ઊતરવું જોઈએ. તેમના કુટુંબજીવનની જે રચના છે તેમાં ઘણાં સારાં તત્વો છે. ઘણાં બદલવા જેવાં છે. તેમની પરિસ્થિતિ ખાસ કરીને આર્થિક પરિસ્થિતિ ઘણો સુધારો માગે છે. આપણું શિક્ષણકાર્ય તેમની રહેણીકરણી સાથે ગુંથાઈ ન જાય અને તેમના કૂટ પ્રશ્નોનો ઉકેલ લાવવાનું પણ આપણે માથે ન લઈએ ત્યાં સુધી એકલું શિક્ષણનું કાર્ય થઈ જ ન શકે. શિક્ષણમાં જે સફળતા ઈચ્છીએ છીએ તે મળવી અશક્ય છે. આ અનુભવોથી અમારામાં એ પરિવર્તન થયું કે અમારું કાર્ય એકલું નિશાળની ચાર ભીતની અંદરનું, તેમ જ ભણવાના વિષયો અને પુસ્તકોમાં સમાયેલું રહ્યું નથી પણ આખા ગામડાનો સુધાર એનો પણ સમાવેશ અમુક અંશે અમારા કાર્યમાં થયો. એને જ હું અમારી દૃષ્ટિમાં થએલું બીજું પરિવર્તન ગણું છું. આથી અમારું કાર્યક્ષેત્ર વધારે વિસ્તૃત બન્યું. ગામની આખી વસ્તીમાં ભળવું, સાજા માંદા હોય ત્યારે મદદ કરવી, તેમના સુખદુઃખના પ્રસંગોમાં સમભાગી થવું, અક્ષરજ્ઞાન, સમાજશિક્ષણ વગેરે અનેક રીતે તેમનું અજ્ઞાન દૂર કરવું વગેરે થવું જોઈએ. ટૂંકમાં અમારા ને તેમની વચ્ચેનાં અંતર દૂર થાય ત્યારે જ તેમના બાળકોના શિક્ષણનો પ્રશ્ન ઉકેલવામાં તેમનો સહકાર મળે.

કેન્દ્રમાં ગ્રામ સેવિકા વિદ્યાલય અને સમાજ કલ્યાણ વિસ્તાર યોજના

ઉપરના મુજબ અમે અનુભવથી જાણ્યું કે એકલું બાલ શિક્ષણનું કામ ગ્રામ વિભાગમાં ઉપયોગી નીવડશે નહી તેથી અમારો કાર્યપ્રદેશ અમે પારણાઘર, બાલવાડી અને પ્રાથમિક શાળા એમ ત્રણેનો સમાવેશ કર્યો. તેમ જ આગળ જતાં જ્યારે એમ જણાયું કે નિશાળમાં આવનાર બાળકોના માબાપોનો સંપર્ક વધારવો જરૂરી છે ત્યારે અમે કોસમાડના અમારા કામમાં દવાખાનું, રાત્રિશાળા, મહિલામંડળ, અંબર ચરખા વર્ગ, શિવણ વર્ગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે બાબતો વધારી અને અમને એવો અનુભવ થયો કે આ બધી પ્રવૃત્તિઓ એકબીજાને પોષક એવી જ છે. તે વખતે અમારે ત્યાં પહેલેથી શરૂ કરેલું ગ્રામ બાળ અધ્યાપન મંદિર ચાલતું હતું પણ તેમાં કસ્તુરબા ટ્રસ્ટ તરફથી ગ્રામસેવિકા તરીકે બાળવાડીનું શિક્ષણ લેવા આવનારી વિદ્યાર્થીનીઓ અનેક કારણોને લીધે આવતી બંધ થઈ હતી. તેથી અમે સરકારી કોર્સ ચાલુ કર્યો હતો. એમાં ભણવા આવનાર ભાઈ બહેનોની દૃષ્ટિ મોટે ભાગે શહેરમાં ચાલતા બાલમંદિરોમાં નોકરી મેળવવાની હતી. ઉપરાંત સરકારી કોર્સની રચના પણ મોટે ભાગે શહેરોને અનુકૂળ વધારે થાય એવી હતી. જ્યારે સેન્ટ્રલ-કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ તરફથી ચાલતા ગ્રામસેવિકા વિદ્યાલયનો કોર્સ અને ધ્યેય અત્યારે અમે ઉપાડેલા કામને વધારે મળતા હતા. અમે જે જાતનો ગ્રામ સંકલ્પ ચાહતા હતા તે બધું એમના કોર્સમાં સમાવિષ્ટ છે જ ઉપરાંત ગામડામાં બાલવાડીઓ ચલાવવાનો પણ છે. તેથી જ અહીં આવ્યા પછી ગ્રામ

બાલ અધ્યાપનને બદલે ગ્રામસેવિકાનો વર્ગ અહીં ચલાવવા મળે તો તે અમારી અત્યારની પ્રવૃત્તિઓમાં વધારે બંધ બેસતો થાય એમ અમોને લાગ્યું તેથી અમે તેવી માગણી કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ પાસે કરી. અને ગયે વર્ષે એ વર્ગ અમને મળ્યો; ને અમારે ત્યાં ગ્રામસેવિકા વિદ્યાલય શરૂ થયું. તે વખતે અમારે ત્યાં ગ્રામ બાલ અધ્યાપન મંદિરનો વર્ગ પણ ચાલતો હતો પણ હવે આ વિદ્યાલય શરૂ થવાથી તેને ચાલુ રાખવાની જરૂર ન રહી તેથી જુન ૧૯૫૯ થી એ વિભાગ બંધ કરવામાં આવ્યો.

અહીં અમારી સંસ્થામાં ગ્રામસેવિકાઓ તાલીમ પામે, બાલવાડીઓ અને આંગણ બાલવાડીઓ ચલાવતાં શીખે, ઉપરાંત ગ્રામસુધારની દૃષ્ટિએ બીજા વિષયો પણ શીખે અને વસ્તીમાં જઈ પ્રત્યક્ષ કામ કરે તો પણ તેમનું અધ્યયન પૂરું થયા પછી તો તેઓ બીજે તેમની જ્યાં નિમણૂક થાય ત્યાં ચાલ્યાં જાય. અમારે તો અમારી આસપાસ એ કામ સતત ચાલુ રહે તો જ તેમાં કંઈક દૃશ્ય પરિણામ આવી શકે એમ લાગ્યું. તેથી અમે સમાજ કલ્યાણ વિસ્તાર યોજના પણ આ બાજુ આવે તેમ ઇચ્છતા હતા અને તે માટે બે સાલથી પ્રયત્નો કરતા હતા. પણ થાણા જિલ્લાની વિસ્તાર યોજના બોરીવલીમાં શરૂ થઈ ગઈ હતી તેથી અમને આપવા માટે એમની પાસે યોજના ન હતી. પણ બોરીવલીનો સમાવેશ બૃહદ મુંબઈમાં થવાથી થાણા જિલ્લાની એ યોજના પણ ખાલી પડી તેથી ચાલુ સાલથી એ પણ અમને મળી છે. તેથી અમે જ્યાં કેન્દ્ર કરીને બેઠા છીએ અને જ્યાં અમારી સીધી દેખરેખ નીચે ચાલે છે ત્યા અમુક પ્રકારનાં કામો ચાલી શકે છે. પણ જ્યાં રોજબરોજની દેખરેખ ન હોય ત્યાં પોતાની હિંમત-ઉકલ મથી ગ્રામસેવિકાઓ કેવું કામ કરી શકે છે અને મુસ્કેલીઓનો સામનો કેવો કરી શકે છે તે અમને જોવા મળશે. તેમજ વિકાસવાડી યોજના એટલે પછાત વિભાગના પ્રાથમિક શાળાના જે સુધારા અને ફેરફાર જે અમે અહી કરીએ એનો પટલાથ આજુબાજુના ગામડાની શાળામાં પણ પડવો જોઈએ. એ ઉદ્દેશથી જ અમે અહી વિકાસવાડી યોજનામાં બેઝિક ટ્રેનિંગ કોલેજ પણ શરૂ કરી છે. એટલે અહીથી ટ્રેઇન્ડ થઈને બહાર નીકળેલા વિદ્યાર્થીઓ મારફત બીજા ગામડામાં કેવા ફેરફારો કરી શકાય તો પણ અમે નજીકથી જોઈ શકીશું. કેમકે આ વિસ્તાર યોજનાને લીધે અમારી આજુબાજુનાં બીજાં નાનાં મોટાં પચીસેક ગામોના સંપર્કમાં આવીશું તેથી કલ્યાણ કામોની સાથે પ્રાથમિક શાળાનું કામકાજ જોવાની પણ અમને તક મળશે.

આ પ્રમાણે હવે અમે જે વિસ્તૃત ક્ષેત્રમાં પગ માંડ્યા છે. તે કામો સંપૂર્ણ રીતે કરવા માટે અમને જોઈતી બધી સગવડ મળી છે. ગ્રામ બાળશિક્ષા કેન્દ્રનો મૂળ ઉદ્દેશ શિક્ષણનો છે, તેથી અમારા સામાજિક અને ગ્રામસુધારણાનાં કામો એ અમે લીધેલી વિકાસવાડી યોજના (એટલે પછાત વિભાગના બાળકોના શિક્ષણનો પ્રશ્ન) ના ઉકલમાં મદદ કરતા પૂરક કામો જ રહેશે.

સંશોધનની દિશા

અમારે ત્યાંના કુ. વિમલતાઈ સાવે ૧૯૫૬ ના જુનથી કોસંબાડમાં વિકાસવાડી યોજનાનું કામ કરે છે. એમની પાસે શરૂઆતમાં ખાસ કરીને બાળ-વાડીનું કામ હતું. પણ હમણાં તેઓ પ્રાથમિક શાળામાં કામ કરે છે. ગયા ત્રણ વર્ષમાં એમનો આ પછાત વિભાગનાં બાળકોના શિક્ષણ સંબધી અનુભવ તેમણે ટૂંકમાં લખ્યો છે તે આ પ્રમાણે:—

" આ બાળકોની સ્થિતિ ખૂબ જ ગરીબાઈની છે. એમનાં શરીર ઉપર પૂરતાં કપડાં પણ હોતાં નથી. ફાટલાં તૂટલાં અને ગંદા કપડાં શરીરે લટકતા હોય અને તેઓ આમતેમ જંગલમાં ભટકતાં હોય. સાબુ કે સીકેકાય તેઓ જાણતા જ નથી. ઘણે ભાગે નહાવાનું પણ તેમને મળતું નથી કારણ આ બાજુમાં પાણીની ખૂબ જ મુશ્કેલી છે માત્ર ચોમાસામાં જ્યારે વહેળા વહેતા હોય ત્યારે તેમને ભરપુર ડૂબકી મારવાનું અને નહાવાનું મળે છે. બાકી બીજે વખતે તો આમતેમ ભટકીને કૂવો કે નાનું ઝરણું શોધીને જેમતેમ તરસ છિપાવવી એવી તેમની સ્થિતિ હોય છે.

શાળામાં જઈને શું કામ શીખવું જોઈએ તે તેમને સમજાતું જ નથી. માટે તો થોડું ઘણું કામ કરીને પૈસો કમાવાનું મહત્ત્વ તેઓ સમજે છે, કેમ કે પૈસાથી પેટ ભરી શકાય છે, એ તેઓ જાણે છે. જીવવાનાં સાધનો મેળવવા માટે શરીર ઘસી નાખવું એ તેઓ જાણે છે. શિક્ષણ લઈને જ્ઞાન સંપાદન કરવાનું કોઈ કહે તો તેમને લાગે છે કે એવી બાબતમાં વખત નકામો જાય તે તેટલો જ વખત આપણે આમતેમ ભટકીએ તોયે થોડું કે બાવાનું શોધી શકીએ. ગળામાં ગલોલ લટકાવીને આ છોકરાઓ જંગલમાં ફરે છે. પક્ષી મારે છે અને ત્યાંને ત્યાં જ પાન કે ઝાંખરા સળગાવીને તેમાં તેને શેકીને ખાય જાય છે. કંદમૂળ શોધવા કાચાં ખજૂરાં કે એવાં ફળો ભેગાં કરવાં કે બાવા જેવાં પાંદડાં કે ફૂલો ભેગાં કરી બાઈ જવાં એ તેમનાં મનગમતાં કામો છે. આવું કંઈક પેટમાં નાખ્યા પછી પેટ કાંઈક શાંત થાય એટલે બધાં મળીને કોઈ ઝાડની છાયામાં રમે છે, નાચે કૂદે છે અને મનમાને તેમ ગમતજમત કરે છે એમાં જ તેમનો જીવનનો ખરો આનંદ અને સમાધાન લાભે છે.

પણ અમે તો તેમને કહીએ છીએ કે નિશાળે ચાલો અને લખતાં વાંચતાં શીખો, વિદ્યાભ્યાસ કરી જ્ઞાન મેળવો. એવું કાંઈ કરવાની તમને શરૂઆતથી ટેવ ન હોવાથી તેમનું લક્ષ અભ્યાસમાં ચોંટતું જ નથી. એક જગ્યાએ શાંતિથી બેસીને ભણાવેલું ગ્રહણ કરવું કે તેના ઉપર વિચાર કરીને પચાવવું એવું તેમને ફાવતું જ નથી.



૮૮, સી. નાગૂ સયાજી વાડી,
ન્યૂ પ્રભાદેવી રોડ, મુંબઈ ૧૩.

અમારી શાળામાં છોકરાઓને અડધો વખત એટલે ત્રણ ચાર કલાક શાળા હોય છે અને અડધો વખત કામ આપીએ છીએ. કામ માટે તેમને પૈસા પણ મળે છે હાલ તુરત ડાંગરના પૂળામાંથી કવર બનાવવાનું કામ અત્યારે ચાલુ છે. પહેલાં લખતા વાંચવાનું અભ્યાસનું કામ પૂરું થયા પછી આ કામ માટે છૂટા કરીએ છીએ. પણ છોકરાઓનું ધ્યાન અભ્યાસમાં હોતું જ નથી. ક્યારે અહીંથી છૂટીએ અને બહાર દોડી જઈએ એમ થાય છે. શાળા છૂટવાના વખતની તેઓ અધીરાઈથી પ્રતિક્ષા કરતા હોય છે ને આખો વખત ઘડિયાળ સામે જોયા કરે છે. જેમને ઘડિયાળ જોતાં આવડતું નથી તેઓ સૂરજના તડકા ઉપરથી કહ્યા કરે છે કે બહેન હવે શાળાનો વખત પૂરો થયો અમોને છોડોને. જે પ્રમાણે પાંજરામાં પૂરાએલા પક્ષીઓ છૂટવા માટે જેમ ફાંફાં મારે છે તેમ આ છોકરાઓ કરે છે. ખાસ કામ ન હોય તો પણ કયારે ઓરડામાંથી બહાર નીકળીએ અને છૂટથી ભટકયા કરીએ એમ તેમને થાય છે. આ કારણસર તેમને કેટલું યે ભણાવીએ તો પણ તેમનું મન એકાગ્ર થતું નથી અને બધું ભૂલી જાય છે. વારંવાર પુનરાવર્તન કરાવીએ તો પણ ચાર અક્ષરો પણ તેમનાં મગજમાં ટકીને રહેવા મુશ્કેલ છે.

તેમનાં માબાપોને પણ એમ જ લાગે છે નિશાળમાં શું કામ નકામો વખત ગુમાવો છો, કવરો કરવા જન્મે એમ કહેવા વાળાં જ માબાપો હોય છે. જો કે થોડાંએક એવાં પણ હોય છે કે રોજ નિયમિતતાથી બાળકોને નિશાળે મોકલે છે. એમને ભણવું જોઈએ અને હોશિયાર થવું જોઈએ એમ તેમને લાગે છે. આવાં બાળકોને રોજ તેડવા જવું પડતું નથી. મને તો એમ લાગે છે કે શાળામાં ઘણાં બધાં કામો જ કાઢવાં જોઈએ. એમનું જો કાંઈ શિક્ષણ થશે તો તે કોઈ કૃતિ મારફત જ થશે. કામો કાઢીએ તો તેમાં એમનો ઉત્સાહ દેખાય છે.”

અમારા વિમલતાઈનો જે અનુભવ છે તે તદ્દન સાચો છે તેના ઉપર ઊંડો વિચાર કરીને પછાત વિભાગની શાળાઓના શિક્ષણમાં આમૂલાગ્ર ફેરફાર કરવો આવશ્યક લાગે છે.

શરૂઆતમાં વિમલતાઈએ પાંચ–સાત વાકયોમાં તેમની પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. તેમાં મુખ્યતઃ આ લોકોનું પરાકાષ્ટાનું દારિદ્ર દેખાઈ આવે છે. આપણા મધ્યમ સુશિક્ષિત વર્ગમાં જન્યાં ઉંમરનાં પચીસ પચીસ વર્ષ ઉદરભરણનો વિચાર સરખોય કર્યા વગર છોકરાઓ શિક્ષણ લેવામાં ગાળી શકે છે ત્યારે આ વિભાગના છોકરાઓને તેમની ત્રણ–ચાર વર્ષની ઉમરેથી જ ખાવાનું શોધવા ફરવું પડે છે. તેઓ થોડા મોટા થાય એટલે તો ઢોર ચરાવવા જવું, ઘર માટે જરૂરી વસ્તુઓ જેવી કે છાણ, લાંકડાં, પાંદડાં જંગલમાંથી ભેગાં કરી લાવવાં અને નાનાં ભાંડુને સાચવવાં વગેરે ઘરકામોની જવાબદારી ઉઠાવવી પડે છે. આ તો થયું બાલવાડીનાં બાળકો સંબંધી. એના કરતાં જરા મોટા એટલે છ–સાત વર્ષનાં બાળકોને રીતસર કમાવવા જ જવું પડે છે. બે–ચાર આના કે જે મળે તે કમાવવા માટે તેમને ઈંટની ભઠ્ઠી પર, ખેતરોમાં, સ્ટેશનો પર કે કારખાનામાં ફરીને પૈસા મળે એવું કામ શોધવું પડે છે. અને તે ન જ મળે તો જંગલમાં ફરીને પક્ષી, સસલાં, કરચલાં, માછલાં પકડી લાવવાં તેમ જ ખાવા જેવાં પાંદડાં કે ફળો ભેગાં કરી ઘરમાં મળતા અધૂરા ખોરાકને પૂરક અન્ન મેળવવું પડે છે. આ જ સ્થિતિ બદલવાનું કામ શાળા મારફત થઈ શકશે નહિ તે માટે રાષ્ટ્રીય યોજના જ જોઈએ તે દૃષ્ટિએ આપણા રાષ્ટ્રમાં ઘણો વિચાર ચાલી રહ્યો છે અને યોજનાઓ પણ ઘડાય છે. તે બધું આ લોકો સુધી પહોંચીને તેમની પરિસ્થિતિમાં ફેરફાર થાય ત્યારે થાય.

આજે આપણી આગળ શાળાની દૃષ્ટિએ શું કરી શકીશું એ પ્રશ્ન મુખ્ય છે. વિમલતાઈએ એના ઉપર થોડો પ્રકાશ નાખ્યો છે. 'આ છોકરાઓના સ્વાભાવિક જીવનનું તેમણે જે ચિત્ર દોર્યું

છે તે ઘણું આકર્ષક છે. છૂટથી જંગલમાં ફરવું પક્ષીનો શિકાર કરવો, ફળપાન ભેગું કરીને ખાવું અને પછી ઝાડ નીચે શિતળ છાયામાં છૂટથી રમવું ફરવું અને મનમાને તેવી રમતગમત કરવી એવાં તેમનાં સ્વૈર જીવન ઉપર એકાદ ગ્રામીણ જીવનનાં વર્ણનો કરવાનો શોખ ધરાવનાર કવિ સુંદર કાવ્યો રચી શકે. પરંતુ ખરું જોતાં તેમના અત્યંત દારિદ્ર-ભર્યા જીવનની એ તો ક્રૂર મશ્કરી જ થશે.

એમની જંગલમાં રખડવાની ટેવથી શું થાય છે. શાળાની ચાર ભીંતની અંદર પાટી-પેન અને વાચન ગણિતના વાતાવરણમાં જીવવું વિમલતાઇ કહે છે તેમ તેમને પાંજરામાં પૂર્યા જેવું લાગે છે. તેથી શાળામાં હોય ત્યાં સુધી ભણવામાં ચિત્ત પૂરવાને બદલે ભણવામાં રસ પડવાને બદલે શાળા કયારે છૂટે એ તરફ લાગી રહે છે. એનો અર્થ એ કે નિસર્ગના સાનિધ્યમાં સ્વાભાવિક મોકળું જીવન અને તેમનાં શાળેય જીવન એમાં મોટું અંતર પડે છે. તેમજ શાળાના શિક્ષણનો આગ્રહ જેમ જેમ વધે છે તેમ તેમ આ અંતર પણ વધતું જાય છે. અને તેની સાથે જ આ વન્ય બાળકોને, શાળા સંબંધીનો તિરસ્કાર અને અણગમો પણ વધે છે. આ એક સ્વાભાવિક પરિણામ પછાત વિભાગમાં શિક્ષણનું કાર્ય કરવાવાળાઓએ ધ્યાનમાં રાખવા જેવો મહત્ત્વનો મુદ્દો છે. અને એ અંતર જે રીતે અને જેટલું ઓછું કરી શકાય તેટલું કેમ કરી શકાય તે શોધવું એ સંશોધનનું એક મોટો અને પહેલો વિષય હોઈ શકે છે.

વિમલતાઈએ બીજો પણ એક મહત્ત્વનો મુદ્દો તેમના નાના લેખમાં ઉપસ્થિત કર્યો છે. તેઓ કહે છે કે ઘણાખરા માબાપોને અને છોકરાઓને શાળામાં ગએલો વખત નકામો ગયા જેવો લાગે છે જ્યારે કવરોનું કામ ઉપયોગી લાગે છે. એમ કેમ? એનો જવાબ તદ્દન સહેલો છે. કવરોના કે એવા જ બીજા કામમાં ગએલા દિવસને અંતે તેમના હાથમાં ત્રણ ચાર આના કે તેથી યે વધારે પૈસા આવે છે. અને પૈસા એ આપણી ભૂખ ભાંગવાનું સાધન છે એ વાત તો નાનાં બાળકો પણ જાણે છે. એટલે જે કૃતિથી ભૂખ ભાંગવાનું સાધન હાથમાં આવી શકે છે તે કામ કરવાને બદલે પેટમાં ભૂખ હોય છતાં કાળી પાટી ઉપર ધોળા લીસોટા કરવા કે ધોળા કાગળ ઉપરના કાળા અક્ષરો ઉકેલવાનો પ્રયત્ન કરવો તેમને નિરર્થક અને વખત નકામો ગુમાવવા જેવો લાગે તેમાં શી નવાઈ! જેમની આગળ પેટમાં ભૂખ જણાય તે પહેલાં જ દૂધના પ્યાલાઓ આવે છે અને દૂધ


સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપે



777 પરફ્યુમ્ડ કેસ્ટર ઓઇલ | સર્વશ્રેષ્ઠ સુગંધીત | કામીનીઆ પરફ્યુમ્ડ કોકોનટ ઓઇલ

- ☆ વાળને કાળા ચમકદાર બનાવે છે.
- ☆ વાળને ખરતા અટકાવે છે.
- ☆ મગજને ઠંડક આપે છે.
- ☆ વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.

આજે જ વાપરી ખાત્રી કરો.



એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કંપની

૧૯૨, ખેતવાડી મેઈન રોડ, મુંબઈ-૪

ભાવતું નથી માટે તેમાં ક્રોકો; ઓવલ્ટીન કે એસેન્સ નાખીને આકર્ષક બનાવવામાં આવે છે. જમવામાં પણ ખાવાના અનેક જાતના પ્રકારો કરીને અન્નને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે તેમની જેમ આ છોકરાઓને જ્ઞાનની ભૂખ ન હોવા છતાં અને તેવી ભૂખ લાગવા જેવી તેમની પરિસ્થિતિ ન હોવા છતાં તેમની પાસે જો જ્ઞાનાર્જનના સાધનો મૂકવાં હોય તો તે પણ ક્રોકો, ઓવલ્ટીન જેવાં સાધનોથી વધારે આકર્ષક બનાવવાં જોઈએ. અને તો પણ ભૂખ ન હોવાને લીધે તેઓ મોઢાં ફેરવે અને નિશાળમાંથી કયારે છૂટીશું તેની રાહ જોયા કરે તે સ્વાભાવિક છે.

પ્રશ્ન એ છે કે આ ભૂખ કેમ જાગૃત થાય ? અન્નની ભૂખ હોવી એ જેમ સ્વાભાવિક છે તેમ જ જ્ઞાનની ભૂખ હોવી એ પણ મનુષ્ય માટે સ્વાભાવિક છે. એમ છતાં કેટલાંકને અન્નની ભૂંખ હોતી નથી તો એમ શા માટે બને છે અને તેના પર શા ઉપાયો કે ઉપચાર કરવા એ શોધવાનું કામ વૈદકીય અને આરોગ્ય-શાસ્ત્રના સંશોધનનું ક્ષેત્ર છે. તેમજ કેટલાએક છોકરાઓને જ્ઞાનની ભૂખ કેમ નથી અને તેના ઉપર ઉપાયો શોધવા એ શિક્ષણશાસ્ત્રીઓના સંશોધનનું ક્ષેત્ર બનવું જોઈએ.

અત્યાર સુધી રાજ્યની બધી શાળાઓનો નમૂનો એક જ પ્રકારનો છે અને શિક્ષણનાં સાધનો પણ એક જ પ્રકારનાં વપરાય છે. તેમાંયે કોઈ જગાએ નવાં અને સારાં સાધનોનો ઉપયોગ થતો હોય તો તે શહેરોની શ્રીમંતોની શાળામાં થાય છે. પછાત વિભાગમાં તો એક કાળું પાટિયું અને ચાક એટલાં જ સાધનો પૂરતાં ગણાય છે. આ કારણસર આ બાળકોને જ્ઞાનની ભૂખ શા માટે હોતી નથી અને તે સ્વાભાવિક રીતે કેવી પરિસ્થિતિમાં ઉત્પન્ન થઈ શકે તેમ જ તેને કેમ પોષી શકાય ? આ બધી બાબતો તરફ કોઈનું ધ્યાન ગએલું દેખાતું નથી. અમારા વિમલ-તાઈ જેવા જ પછાત વિભાગની શાળામાં કામ કરનારા બધા શિક્ષકોનો એક જ જાતનો અનુભવ હશે કે, છોકરાઓને નિશાળમાં આવવું ગમતું નથી અને આવે જ તો કયારે છૂટીશું એમ ઉતાવળ થતી હશે.

વિમલતાઈની બીજી એક ફરિયાદ છે કે બાળકો એકાગ્ર થઈને કંઈ શીખતાં નથી. તેથી ગમે તેટલાં પુનરાવર્તનો કરો તો પણ તેમના ધ્યાનમાં ભણાવેલી વાતો રહેતી નથી એટલે કે તેઓ બધું ભૂલી જાય છે. આ અનુભવ પણ એવી શાળાઓમાં સર્વસામાન્ય છે. આ કારણસર પછાત વિભાગમાં કામ કરનારા

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટો ઉ-તેજન આપો.



શિક્ષકોને ભણાવવામાં ઉત્સાહ આવતો નથી. અને હોય તો ટકતો નથી. અને ગામડાંની શાળાઓ કોઈ દિવસ સુધરતી જ નથી.

આ બાબતમાં પણ કારણ મીમાંસા કરીને મૂળ સુધી જવું જોઈએ. આ છોકરાઓ એકાગ્ર થઈ શકતા નથી એવું જે શિક્ષકોનું કહેવું છે તેમને પૂછવું જોઇએ કે આ બાળકો કોઈપણ બાબતમાં એકાગ્ર થતાં જ નથી કે? આ બાળકોમાં ભળીને કામ કરવાવાળા શિક્ષકો તરત કહેશે કે જે બાબતમાં તેમને રસ છે તેમાં આ બાળકો કલાકોના કલાકો ખૂંચી જાય છે. એક ગલોલની જ વાત લઈએ તો ગલોલ તૈયાર કરવાથી માંડીને નિશાન તાકવાનું શીખવા સુધીની ઘણી બાબતો સાધ્ય કરી લે છે તે સાધ્ય કરવા માટે તેઓ ગમે તેટલો પરિશ્રમ કરવા તૈયાર હોય છે. તેમ જ પૂર્ણ એકાગ્ર થયા વગર નિસાન તાકવાનું પણ સાધ્ય થાય ખરું? આપણે જાણીએ છીએ કે ધનુર્-વિદ્યામાં કોણ પ્રાવિણ્ય મેળવી શકશે તેની પાંડવ કૌરવની પરીક્ષા દ્રૌણાચાર્યે તેમની એકાગ્ર થવાની શક્તિનું માપ લઈને જ કરી હતી. એકલા અર્જુનને જ નિસાન તાકવાના પક્ષીની આંખ દેખાઈ; જ્યારે બીજા બધાઓને ઝાડ આકાશ બીજી અનેક વસ્તુઓ દેખાતી હતી. તે ઉપરથી એમ કહી શકાય અને એ વાત શાસ્ત્રસિદ્ધ પણ છે કે જેમાં રસ હોય તેમાં જ બાળકોનું લક્ષ એકાગ્ર થઈ શકે છે. એનો અર્થ એ કે આ બાળકોનો રસપ્રદેશ અને શાળામાં અપાતું શિક્ષણ એની વચ્ચે મોટો ભેદ છે. આ પ્રશ્ન પણ ઊંડું સંશોધન માગે છે.

વિમલતાઈ એ છેલ્લે છેલ્લે એક વાત ધ્વનિત કરી છે અને તે પણ ધ્યાનમાં લેવા જેવી છે. એમનો અનુભવ છે કે જેમાં કાંઈ કૃતિ છે એવાં કામો કરીએ તો બાળકોને એમાં ઉત્સાહ આવે છે. આ વાત વિદ્વાનોના ધ્યાનમાં પણ આવેલી છે અને તેથી જ આપણા દેશમાં મૂલોદ્યોગ શિક્ષણ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. પણ આ. મૂલોદ્યોગ પદ્ધતિ પછાત વિભાગમાં બધમેસતી આવે તે સંબંધી સંશોધન કરવા માટે પણ ઘણો જ અવકાશ છે. આપણા દેશના સંશોધનપ્રિય વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓનું ધ્યાન જો આ તરફ વળે તો તેમને ઘણા રસિક અનુભવો મળશે અને અત્યાર સુધી વિદ્વાનોની નજરથી દૂર રહેલા આ ક્ષેત્રમાં વિહાર કરવા માટે ઘણો જ અવકાશ છે તેમ એમને દેખાશે.

તા. ૩૦.

○

તંત્રીની નોંધ.

વિશેષાંકમાં સમાવી ન શકયો તે માટે મને ખેદ થાય છે. જે કંઈ સાહિત્ય આ અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે તે આ ક્ષેત્રમાં કાર્ય કરનાર અને દલિત વર્ગોની બાલ કેળવણીમાં રસ લેનાર સૌ કોઈને ઉદ્બોધક લાગશે એ વિશે શંકા નથી આ અંકનું લખાણ વાંચતાં વાચકોના મનમાં અનેક વિચારો સર્જાશે–કેટલાક વિચારો પર વાચકો પોતાનું ચિંતન ચલાવશે એવા વાચકોમાંથી જો કોઈ ભાઈ બહેન

[અનુસધાન પાન ૪ થી ચાલુ]

આ સંબંધમાં લખાણ કરે અને તંત્રી પર મોકલે તો પત્રિકા તેને યોગ્ય આવકાર આપશે.

છેવટે આ સંસ્થાની નવરચનામાં જે સર્વ નાના મોટા કાર્યકરોએ જે નિષ્ઠાથી ભાગ લીધો અને જેઓ અત્યારે પણ લઈ રહ્યા છે તે સર્વને શિક્ષણ પત્રિકા પોતાની ભાવભીની અંજલિ અર્પણ કરે છે અને એમના પ્રયત્નોને વધાવી લે છે.

ના.

○

ગ્રા. બા. શિ. કેન્દ્રનો ચાલુ પ્રવૃત્તિનો પરિચય

પહેલાં બાર વર્ષ સુધી બોરડીમાં ચાલતું ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર બોરડીથી જુન ૧૯૫૭માં કોસબાડ ટેકરી પર લાવવામાં આવ્યું. આ બે વર્ષમાં કેન્દ્રે પોતાના કાર્યનો ઠીક ઠીક વિસ્તાર કર્યો છે. અહીં ચાલવાવાળા વિભાગો થોડાં ફરીને જોઈ લઈએ.

(૧) વિકાસવાડી યોજના પશ્ચાત વિભાગના બાળકોના શિક્ષણ પરત્વે પ્રયોગો કરી તે સરસ રીતે ક્રમ ચાલી શકે તેની યોજના ઘડવા માટે અમે એક રૂપરેખા દોરી અને તે ભારત સરકાર તરફ મોકલવામાં આવી. તેને દ્વિતીય પંચવાર્ષિક યોજનામાં મંજૂર કરવામાં આવી. આ યોજનામાં ચાલતા વિભાગો :–

(અ) વિકાસવાડી અધ્યાપન મંદિર એટલે બેસિક ટ્રેનિંગ કૉલેજ–પુરુષો માટેની બેસિક ટ્રેનિંગ કૉલેજ.

(આ) વિકાસવાડી એટલે હાલમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિકશાળા, બાલવાડી અને પારણાઘર. આ થઈ અહીંની મુખ્ય સંસ્થાઓ.

આ યોજનાને પોષક તરીકે ચાલનારા બીજા વિભાગો :—

(અ) વિ. વા. અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય.

(આ) પ્રાથમિક શાળાના ઉપલા ધોરણનાં બાળકો માટે છાત્રાલય.

(ઇ) પ્રાથમિક શાળાના બાળકો માટે રાત્રિશાળા.

(ઈ) કુરણ શાળા.

(ઉ) આંગણ બાલવાડીઓ

(ઊ) વૈદકીય મદદ

(એ) પ્રાથમિક શાળાના છોકરાઓ માટે ઔદ્યોગિક વર્ગ

(ઐ) બાળકો, વિદ્યાર્થી અને ગ્રામસેવિકા માટે ખેતીવાડી.

વિકાસવાડી યોજનાના કામનું મૂલ્યમાંપન કરવા માટે અનુભવી અને વિદ્વાન લોકોની એક મૂલ્યાંકન સમિતિ પણ નીમાઈ છે આ સમિતિ ઉપર મુંબઈ સરકાર તરફથી એક સભ્ય નીમાયા છે.

(ઓ) સંશોધન કાર્ય ચાલુ વર્ષમાં પ્રાયોગિક દૃષ્ટિએ પરીક્ષણ નિરીક્ષણ કરીને તેમ જ બાળકોના બૌધ્યાંકો લઈને અને તેના યોગ્ય આંકડાઓ ભેગા કરી તે ઉપરથી શિક્ષણ વિષયક સુધારા નક્કી કરવાની દૃષ્ટિએ એક સંશોધન કાર્ય શરૂ કરવાનું નક્કી થયું છે.

આ ઉપરાંત આ પશ્ચાત વિભાગના શિક્ષણ કાર્યને પોષક એવી બીજી સંસ્થાઓ પણ આની સાથે જોડાએલી છે.

(૧) ગ્રામસેવિકા વિદ્યાલય.

(૨) સમાજ કલ્યાણ વિસ્તાર યોજના.

ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર તરફથી બીજી કેટલીએક આ શિક્ષણકાર્યને પોષક સંસ્થાઓ ચાલે છે.

(૧) પ્રકાશન વિભાગ : આ સંસ્થા તરફથી નીચેનાં પુસ્તકો તૈયાર થયાં છે. માબાપો માટે આપણું ઘર, 'બાલહઠ', 'બાલવિકાસ અને શિસ્ત અને બિચારાં બાળકો.' શિક્ષકો માટે 'બાલવાડી કેમ ચલાવશો.' બાલવાડી કશી ચાલવાવી.

ગ્રામીણ શિક્ષણ અંગે : विकासाच्या मार्गावर (મરાઠી) विकास के मार्ग पर. (હિન્દી)

(૨) વસ્તુ ભંડાર : સંસ્થાના રહેવાસીઓને માટે રોજબરોજ ઉપયોગી વસ્તુઓનું વેચાણ કેન્દ્ર.

(૩) દૂધ વિભાગ : આ રીતે ગ્રામીણ શિક્ષણને પોષક અને આવશ્યક કામો અહીં ચાલે છે. અને જરૂર જણાય તે પ્રમાણે તેની સંખ્યા વધે પણ ખરી.

આર્થિક વ્યવસ્થા વિ. વા. યોજનામાં (મકાન વગેરે) કાયમી ખર્ચ માટે ભારત સરકાર તરફથી ૬૬% મદદ મળી છે. બીજા ૩૪% દાનશૂર અને શિક્ષણ માટે ધગશ ધરાવવાવાળા દાતાઓ તરફથી મેળવી લેવાના છે. એ યોજના લગભગ સાડા ત્રણ લાખની હોઈ સવાથી દોઢ લાખ લોકો પાસેથી મેળવવાના રહે.

ચાલુ ખર્ચ માટે વિકાસવાડી યોજનાની સંસ્થાઓથી ૬૦% ગ્રાંટ ભારત સરકાર તરફથી મળે છે. બીજી મુંબઈ સરકાર તરફથી મળે અને થોડી ઘણી રકમ ફંડફાળો કરીને મેળવવી પડે.

ગ્રામસેવિકા વિદ્યાલય અને સમાજ કલ્યાણ વિસ્તાર યોજના ચાલે છે તેમાં ગ્રામસેવિકા વિદ્યાલયનો ખર્ચ બોર્ડ તરફથી મળે છે અને વિસ્તાર યોજના માટેનો પણ મોટો ભાગ એમના તરફથી જ મળે છે. એમાં ગામ તરફથી અથવા જિલ્લા તરફથી જમીન મકાન, અનાજ અને શ્રમદાન વગેરેના રૂપમાં મદદ મેળવવી એવી અપેક્ષા રહે છે.

અનેક ઉદાર લોકોએ જે આર્થિક મદદ કરી છે તેનો મનઃપૂર્વક આભાર વ્યક્ત કરીને અલ્પ પરિચય પૂરો કરું છું.

અનુતાઈ



આંગણવાડી

" અભ્યાસક્રમમાં આંગણવાડીનું કામ વધારવાથી વિદ્યાર્થીઓને નુકસાન થશે. આમેય એમને સમય ઘણો ઓછો હોય છે, તેમાં આ વધારાનું કામ કરવાનું કહેવાથી એમને અભ્યાસ કરવાનો સમય જ નહીં મળે." આવી મતલબનો વિચાર ભાવનગરમાં ૧૯૫૭ ના ડિસેમ્બરમાં થયેલા સંઘીઓના સંમેલનમાં કેટલાક લોકોએ વ્યક્ત કર્યો હતો. ૧૯૫૮ ના ડિસેમ્બરથી ૧૯૫૯ ના માર્ચ આખર સુધી આંગણવાડીઓ ગ્રામ બાળ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ ચલાવી તેના અનુભવ આથી તદ્દન જુદી જ વાત રજૂ કરે છે. એ વિદ્યાર્થીઓ આ ઉપરનું વાક્ય વાંચશે ત્યારે આશ્ચર્ય પામશે. " શું આંગણવાડી ચલાવવાના અનુભવથી નુકસાન થાય એવા વિચાર કરનારા ય લોકો છે ? "

કોસબાડ ટેકરીની આસપાસ સાત ફળિયા (પાડા) મળીને કોસબાડ ગામ થાય છે. તેમાંના ત્રણ ફળિયામાં આ સાલ આંગણવાડીઓ ચલાવી. ભૌનારપાડો, ઘટાલપાડો, દળવીપાડો, દરેક ફળિયામાં ૧૭, ૧૮ કુટુંબની વસ્તિ છે. તેમાં સહેજેય ૨૫, ૩૦ બાળકો મળી રહે. ડિસેમ્બરની પહેલીએ આંગણવાડીઓ ચલાવવા તમારે જવાનું છે એવું સૂચન અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને કર્યું, ત્યારે "આંગણવાડી" શબ્દ જ પહેલીવાર સાંભળનાર વિદ્યાર્થીઓ હશે. તેમને ત્યાં જઈ શું કરવું એના સામાન્ય સૂચનો કર્યા અને થોડા સાધનો–ડોલ, દોરડું, મંજીરા, તેલ, કાંસકો, આરસી વગેરે આપી 'જાઓ' કહી દીધું.

" અમે સરસ જગ્યા શોધી કાઢી છે " "અમે તો લીંપી કાઢયું " " અમે સુશોભન-માટે એટલેાય તૈયાર કર્યો " એમ અહેવાલ પહેલે દિવસે આવ્યા. અને " આ જગ્યા તમે લીપેા છેા ત્યાં તેા બાળકેા આવી જ કેવી રીતે શકશે ? કેટલેા તડકેા અહીં પડે છે;" એમ ભૂલેા બતાવવા માંડી.: વળી ઘાટલા પાડા જેવે ઠેકાણેથી ફરિયાદ આવી. " અમે સુશોભન માટે કરેલેા ઓટલેા બાળકેાએ રાત્રે તોડી નાંખ્યેા"...આવા અનુભવેા વિદ્યાર્થીઓના અને અમારા શરૂઆતના હતા. તે વખતે આંગણવાડીનું સ્થળ, તેની સ્વચ્છતા વગેરે સિવાયના વિચારેા હજી શરૂ થયા નહેાતા. એક, બે અઠવાડિયા લીંપવું, જગ્યા તૈયાર કરવી, સુશેાભન સારું કરવું એવાં કામેામાં ગયા. પણ એ બધું ય બધેય લૂખું થવા માંડયું. " બાળકેા આવતા નથી ! અમે એમની પાસે જઈએ એટલે બાળકેા નાસી જાય છે. એ લેાકેાની રમવાની જગ્યા જુદી છે. બાળકેા બેાર બાવામાંથી જ પરવારતા નથી." એમ વિદ્યાર્થીઓને દેખાવા લાગ્યું કે જગ્યા કરતાં બાળકેા ત્યાં 'આંગણવાડી'માં આવે એ મહત્ત્વનું છે.

" બાળકેા જ્યાં રમતા હેાય ત્યાં જ તમે જાઓ. તમે નક્કી કરેલી જગ્યાએ બાળકેા નહીં આવે તેા ચાલશે. લીપવા ગુંપવાનું મેલેા પડતું. પહેલા બાળકેાને જીતી લેા. એ જે રમતા હેાય તે રમેા. બેાર બાવા અને પાડવા લાગેા. ગમે તે રીતે બાળકેાનેા પ્રેમ પહેલા સંપાદન કરેા." એ શી રીતે થાય તે કરી બતાવવાનેા પણ પ્રયત્ન કર્યો. આટલા સૂચનેા એમને કર્યા અને તે પૂરતા થઈ રહ્યા. ૧૫/૨૦ દિવસમાં બાળકેાની અને વિદ્યાર્થીઓની મૈત્રી થઈ ચૂકી. બાળકેા આવવા લાગ્યા. કાંઇક કામેા શરૂ થયા. હાથ પગ ધેાવા, માથું ઓળવું, નખ કાપવા, માટીકામ કરવું, હેાડીઓ બનાવવી, રમવું, ગીતેા ગાવા એમ એક પછી એક કામેા શરૂ થવા માંડયા.

સૌ પહેલાં આંગણવાડીઓમાં રમવાનું શરૂ થયું. ઘાટાલપાડાના વિદ્યાર્થીઓની ફરિયાદ આવી કે " બાળકેા રેાજ ' લંગડી ' રમવાનું કહે છે, શું કરીએ ? ગીતેા નહી, સ્વચ્છતા નહી, કાંઈ નહીં બસ લંગડી જ લંગડી ! શું કરીએ ?" તેમને એમ સૂચવ્યું

કે, એમાં શું થયું રોજ લંગડી જ રમો. એવી જ કૂદવાની બીજી રમતો – જેમકે બે જણ લંગડી કરતા કરતા સામસામા આવે ને એકબીજાને પાડે –એવી રમતો રમો. પણ એ રમતા રમતા બાળકોને ટેવો પાડો. બે પક્ષ રીતસરના થાય; એક જ જણ એક વખતે પકડવા જાય, એકવાર પકડાઈએ એટલે બાજુ પર બેસી જવાનું, આવી વાતો બાળકો આગળ રજૂ કરીને એમની જ મનગમતી રમત દ્વારા એમને જીતીને એમની પાસે વ્યવસ્થા, સરળતા, નિયમપાલન વગેરેની વાતો રજૂ કરો.

બાળકો હળવે હળવે આવા પ્રયત્નોથી જીતાઈ ગયાં. પછી આંગણવાડીના સ્થળના પ્રશ્નો ઊભા થયા. પહેલાં જે જગ્યા વિદ્યાર્થીઓએ નક્કી કરી, લીપી ગૂપી તૈયાર કરી તે બાળકોએ ના પસંદ કરી. હવે બાળકોની રમવાની જગ્યાએ બે બાલવાડીઓ ચાલવા લાંગી. ફરી લીપ્યું, ફરી ઓટલાઓ બનાવ્યા. હવે બાળકો નુકસાન કરતા ન હતા. હવે તો બાળકો ઓટલાઓ સાચવવા લાગ્યા.

જાન્યુઆરીની આખરે અને ફેબ્રુઆરીની શરૂઆતમાં ગેરહાજરીનું મોજું આવ્યું. "બાળકો આવતા નથી" આવી ફરિયાદ રોજ રોજ વિદ્યાર્થીઓ લાવતા; એમને સૂચવ્યું કે "ઘેર ઘેર જાઓ. વાલીઓને મળો. એક પણ દિવસ તમે ગેરહાજર ન રહેશો. રોજ રોજ–રવિવારે પણ જાઓ. બાળકોને અને વાલીઓને તમે રોજ આવો છો, સંપર્ક રાખો છો, એમ લાગવા દેજો.

આ મુશ્કેલી પણ પાર કરી ગયા. રોજ ચારથી પાંચ કલાક આંગણવાડીનું કામ ચાલવા માંડયું. ત્યાં વિદ્યાર્થીઓના બાળકો ઉપર પાઠો લેવાવા લાગ્યા. "પ્રયોજન'નો પાઠ આંગણવાડીમાં તો થઈ જ ન શકે !" એક વિદ્યાર્થીનીએ કહ્યું. એક પ્રયોગ તો કરી જુઓ. ભોનારપાડાના ભુપૃષ્ટનું જ "પ્રયોજન" કરીને ? એમ સૂચવ્યું. એક અઠવાડિયું હા–ના ની આનાકાનીઓ કરી છેવટે એ બહેને નક્કી કરી કહ્યું "હું આજે પ્રયોગરૂપે કરીશ પણ કોઈએ જોવા નહીં આવવાનું. બાળકો સહકાર આપશે તો ફરીથી લઈને પાઠ તરીકે બતાવીશ." એ બહેન આંગણવાડીમાંથી સાંજે પાછા આવી કહેવા લાગ્યા "શું સુંદર કામ થયું ! આજે જો મારો પાઠ ગણાયો હોત તો ગમે તેવો જોનાર અમને શેરો આપત. મને શું ખબર કે બાળકો આટલું સરસ કામ કરશે ? દરેક બાળકે પોતાની ઝૂંપડી તો શું પણ ત્યાંથી જતો રસ્તોય બરોબર બનાવ્યો. અને પાછું પોતાના જ ઘર પાસેના ઝાડની ડાળીઓ લાવી લાવીને ખોસી. આ કણુસનું ઝાડ, અહી જુઓ– આંબલી. જુઓ એમને આંબલી પણ આવી છે. પ્રતિકરૂપે કશું નહીં, પણ પ્રત્યક્ષ એ જ ઝાડની ડાંખળી લાવવાનો બાળકોએ આગ્રહ રાખ્યો. આમ પાઠ અને તેમાંય અઘરા ગણાતા પાઠો યશસ્વી રીતે થવા માંડયા.

ફેબ્રુઆરી મહિનામાં બધીય આંગણવાડીઓમાં બાળકોનું કામ, વિદ્યાર્થીઓના પાઠ એ બધાયનું સ્વરૂપ અનેરું થયું. દળી પાડામાં બોરના ઝાડ તળે જ આંગણવાડી ચાલતી. ત્યાં પાંચ–છ બાળકો ઝાડ પર ચઢી બોર ખાવા લાગ્યા હતા. ત્યાં એક બહેને સંગીતનો પાઠ શરૂ કર્યો. અને નોંધવાની વાત તો એ કે બાળકો એમાં સહર્ષ જોડાયા અને પાઠ સરસ થયો. કાયમના ભૂખ્યા બાળકો સંગીતમાં જોડાયેલા રહ્યા. પ્રવાસ માટે પણ બાળકો હોંસે હોંસે આવવા લાગ્યા. સુશોભન માટે ફૂલોય આવવા લાગ્યાં. એવી કેટલીય સાંજ હશે જ્યારે એ બાળકોની રમતો, ગીતો વગેરે છોડીને સંસ્થાની ટેકરીએ પાછા ફરવાનું કોઈ પણ વિદ્યાર્થીને ગમતું નહી. બાળકોને 'નમસ્તે' કહી છૂટા પડવું પણ ગમતું નહી. એવા અનેકાનેક પ્રસંગો બન્યા કે જ્યારે આ મેલાં ઘેલાં બાળકોને પ્રેમથી સ્વચ્છ કરતી, રમાડતી, અપનાવતી વિદ્યાર્થીનીઓને જોઈને મારું હૈયું ભરાઈ આવતું !

આંગણવાડી

" અભ્યાસક્રમમાં આંગણવાડીનું કામ વધારવાથી વિદ્યાર્થીઓને નુકસાન થશે. આમેય એમને સમય ઘણો ઓછો હોય છે, તેમાં આ વધારાનું કામ કરવાનું કહેવાથી એમને અભ્યાસ કરવાનો સમય જ નહીં મળે." આવી મતલબનો વિચાર ભાવનગરમાં ૧૯૫૭ ના ડિસેમ્બરમાં થયેલા સંધીઓના સંમેલનમાં કેટલાક લોકોએ વ્યક્ત કર્યો હતો. ૧૯૫૮ ના ડિસેમ્બરથી ૧૯૫૯ ના માર્ચ આખર સુધી આંગણવાડીઓ ગ્રામ બાળ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ ચલાવી તેના અનુભવ આથી તદ્દન જુદી જ વાત રજૂ કરે છે. એ વિદ્યાર્થીઓ આ ઉપરનું વાક્ય વાંચશે ત્યારે આશ્ચર્ય પામશે. " શું આંગણવાડી ચલાવવાના અનુભવથી નુકસાન થાય એવા વિચાર કરનારા ય લોકો છે ? "

કોસબાડ ટેકરીની આસપાસ સાત ફળિયા (પાડા) મળીને કોસબાડ ગામ થાય છે. તેમાંના ત્રણ ફળિયામાં આ સાલ આંગણવાડીઓ ચલાવી. ભૌનારપાડો, ઘટાલપાડો, દળવીપાડો, દરેક ફળિયામાં ૧૭, ૧૮ કુટુંબની વસ્તિ છે. તેમાં સહેજેય ૨૫ ૩૦ બાળકો મળી રહે. ડિસેમ્બરની પહેલીએ આંગણવાડીઓ ચલાવવા તમારે જવાનું છે એવું સૂચન અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને કર્યું, ત્યારે "આંગણવાડી" શબ્દ જ પહેલીવાર સાંભળનાર વિદ્યાર્થીઓ હશે. તેમને ત્યાં જઈ શું કરવું એના સામાન્ય સૂચનો કર્યા અને થોડા સાધનો–ડોલ, દોરડું, મંજીરા, તેલ, કાંસકો, આરસી વગેરે આપી 'જાઓ' કહી દીધું.

" અમે સરસ જગ્યા શોધી કાઢી છે " "અમે તો લીંપી કાઢયું " " અમે સુશોભન માટે એટલેાય તૈયાર કર્યો " એમ અહેવાલ પહેલે દિવસે આવ્યા. અને " આ જગ્યા તમે લીપેા છેા ત્યાં તો બાળકો આવી જ કેવી રીતે શકશે ? કેટલો તડકો અહીં પડે છે;" એમ ભૂલેા બતાવવા માંડી.: વળી ઘાટલા પાડા જેવે ઠેકાણેથી ફરિયાદ આવી. " અમે સુશોભન માટે કરેલો ઓટલો બાળકોએ રાત્રે તોડી નાંખ્યેા"...આવા અનુભવો વિદ્યાર્થીઓના અને અમારા શરૂઆતના હતા. તે વખતે આંગણવાડીનું સ્થળ, તેની સ્વચ્છતા વગેરે સિવાયના વિચારો હજી શરૂ થયા નહેાતા. એક, બે અઠવાડિયા લીંપવું, જગ્યા તૈયાર કરવી, સુશોભન સારું કરવું એવાં કામોમાં ગયા. પણ એ બધુંય બધેય લૂખું થવા માંડયું. " બાળકો આવતા નથી ! અમે એમની પાસે જઈએ એટલે બાળકો નાસી જાય છે. એ લોકોની રમવાની જગ્યા જુદી છે. બાળકો બોર ખાવામાંથી જ પરવારતા નથી," એમ વિદ્યાર્થીઓને દેખાવા લાગ્યું કે જગ્યા કરતાં બાળકો ત્યાં 'આંગણવાડી'માં આવે એ મહત્ત્વનું છે.

" બાળકો જ્યાં રમતા હોય ત્યાં જ તમે જાઓ. તમે નક્કી કરેલી જગ્યાએ બાળકો નહી આવે તો ચાલશે. લીપવા ગુંપવાનું મેલેા પડતું. પહેરા બાળકોને જીતી લેા. એ જે રમતા હોય તે રમેા. બોર ખાવા અને પાડવા લાગેા. ગમે તે રીતે બાળકોનેા પ્રેમ પહેલા સંપાદન કરેા." એ શી રીતે થાય તે કરી બતાવવાનેા પણ પ્રયત્ન કર્યો. આટલા સૂચનો એમને કર્યા અને તે પૂરતા થઈ રહ્યા. ૧૫/૨૦ દિવસમાં બાળકોની અને વિદ્યાર્થીઓની મૈત્રી થઈ ચૂકી. બાળકો આવવા લાગ્યા. કાંઇક કામો શરૂ થયા. હાથ પગ ધોવા, માથું ઓળવું, નખ કાપવા, માટીકામ કરવું, હોડીઓ બનાવવી, રમવું, ગીતો ગાવા એમ એક પછી એક કામો શરૂ થવા માંડયા.

સૌ પહેલાં આંગણવાડીઓમાં રમવાનું શરૂ થયું. ઘાટાલપાડાના વિદ્યાર્થીઓની ફરિયાદ આવી કે " બાળકો રોજ ' લંગડી ' રમવાનું કહે છે, શું કરીએ ? ગીતો નહીં, સ્વચ્છતા નહી, કાંઈ નહીં બસ લંગડી જ લંગડી ! શું કરીએ ?" તેમને એમ સૂચવ્યું

કે, એમાં શું થયું રોજ લંગડી જ રમો. એવી જ કૂદવાની બીજી રમતો – જેમકે બે જણ લંગડી કરતા કરતા સામસામા આવે ને એકબીજાને પાડે –એવી રમતો રમો. પણ એ રમતા રમતા બાળકોને ટેવો પાડો. બે પક્ષ રીતસરના થાય; એક જ જણ એક વખતે પકડવા જાય, એકવાર પકડાઈએ એટલે બાજુ પર બેસી જવાનું, આવી વાતો બાળકો આગળ રજૂ કરીને એમની જ મનગમતી રમત દ્વારા એમને જીતીને એમની પાસે વ્યવસ્થા, સરળતા, નિયમપાલન વગેરેની વાતો રજૂ કરો.

બાળકો હળવે હળવે આવા પ્રયત્નોથી જીતાઈ ગયા. પછી આંગણવાડીના સ્થળનાં પ્રશ્નો ઊભા થયા. પહેલાં જે જગ્યા વિદ્યાર્થીઓએ નક્કી કરી, લીપી ગૂપી તૈયાર કરી તે બાળકોએ ના પસંદ કરી. હવે બાળકોની રમવાની જગ્યાએ બે બાલવાડીઓ ચાલવા લાગી: ફરી લીપ્યું, ફરી ઓટલાઓ બનાવ્યા. હવે બાળકો નુકસાન કરતા ન હતા. હવે તો બાળકો ઓટલાઓ સાચવવા લાગ્યા.

જાન્યુઆરીની આખરે અને ફેબ્રુઆરીની શરૂઆતમાં ગેરહાજરીનું મોજું આવ્યું. "બાળકો આવતા નથી" આવી ફરિયાદ રોજ રોજ વિદ્યાર્થીઓ લાવતા, એમને સૂચવ્યું કે "ઘેર ઘેર જાઓ. વાલીઓને મળો. એક પણ દિવસ તમે ગેરહાજર ન રહેશો. રોજ રોજ–રવિવારે પણ જાઓ. બાળકોને અને વાલીઓને તમે રોજ આવો છો, સંપર્ક રાખો છો, એમ લાગવા દેજો.

આ મુશ્કેલી પણ પાર કરી ગયા. રોજ ચારથી પાંચ કલાક આંગણવાડીનું કામ ચાલવા માંડ્યું. ત્યાં વિદ્યાર્થીઓના બાળકો ઉપર પાઠો લેવાવા લાગ્યા. "પ્રયોજન"નો પાઠ આંગણવાડીમાં તો થઈ જ ન શકે!" એક વિદ્યાર્થીનીએ કહ્યું. એક પ્રયોગ તો કરી જુઓ. ભૌનારપાડાના ભુપૃષ્ટનું જ "પ્રયોજન" કરોને? એમ સૂચવ્યું. એક અઠવાડિયું હા–ના ની આનાકાનીઓ કરી છેવટે એ બહેને નક્કી કરી કહ્યું "હું આજે પ્રયોગરૂપે કરીશ પણ કોઈએ જોવા નહીં આવવાનું. બાળકો સહકાર આપશે તો ફરીથી લઈને પાઠ તરીકે બતાવીશ." એ બહેન આંગણવાડીમાંથી સાંજે પાછા આવી કહેવા લાગ્યા "શું સુંદર કામ થયું! આજે જો મારો પાઠ ગણાયો હોત તો ગમે તેવો જોનાર અ+ શેરો આપત. મને શું ખબર કે બાળકો આટલું સરસ કામ કરશે? દરેક બાળકે પોતાની ઝૂંપડી તો શું પણ ત્યાંથી જતો રસ્તોય બરોબર બનાવ્યો. અને પાછું પોતાના જ ઘર પાસેના ઝાડની ડાળીઓ લાવી લાવીને બેસી. આ ફણસનું ઝાડ, અહી જુઓ આંબલી. જુઓ એમને આંબલી પણ આવી છે. પ્રતિકરૂપે કશું નહીં, પણ પ્રત્યક્ષ એ જ ઝાડની ડાંખળી લાવવાનો બાળકોએ આગ્રહ રાખ્યો. આમ પાઠ અને તેમાંય અઘરા ગણાતા પાઠો યશસ્વી રીતે થવા માંડ્યા.

ફેબ્રુઆરી મહિનામાં બધીય આંગણવાડીઓમાં બાળકોનું કામ, વિદ્યાર્થીઓના પાઠ એ બધાયનું સ્વરૂપ અનેરું થયું. દળતી પાડામાં બોરના ઝાડ તળે જ આંગણવાડી ચાલતી. ત્યાં પાંચ–છ બાળકો ઝાડ પર ચઢી બોર ખાવા લાગ્યા હતા. ત્યાં એક બહેને સંગીતનો પાઠ શરૂ કર્યો. અને નોંધવાની વાત તો એ કે બાળકો એમાં સહર્ષ જોડાયા અને પાઠ સરસ થયો. કાયમના ભૂખ્યા બાળકો સંગીતમાં જોડાયેલા રહ્યા. પ્રવાસ માટે પણ બાળકો હોંસે હોંસે આવવા લાગ્યા. સુશોભન માટે ફૂલોય આવવા લાગ્યાં. એવી કેટલીય સાંજ હશે જ્યારે એ બાળકોની રમતો, ગીતો વગેરે છોડીને સંસ્થાની ટેકરીએ પાછા ફરવાનું કોઈ પણ વિદ્યાર્થીને ગમતું નહી. બાળકોને 'નમસ્તે' કહી છૂટા પડવું પણ ગમતું નહી. એવા અનેકાનેક પ્રસંગો બન્યા કે જ્યારે આ મેલાં ઘેલાં બાળકોને પ્રેમથી સ્વચ્છ કરતી, રમાડતી, અપનાવતી વિદ્યાર્થીનીઓને જોઈને મારું હૈયું ભરાઈ આવતું!

છેવટે પરીક્ષા આવી. વાર્ષિક પરીક્ષાના પાઠ "આંગણવાડી"માં થવાના છે એ વાત પહેલેથી કહેવાતી હતી. એટલે તે માટે તો પૂરેપૂરી તૈયારી હતી. પણ 'સંચાલન' અંગે મુંઝવણ થવા માંડી. સંચાલનો તો ટેકરી પરની કેન્દ્રીય બાલવાડીમાં લેવાનું કર્યું હતું. ત્યાં બાળકો આવતા જ ન હતા. એક દિવસ ૮ વિદ્યાર્થીનીઓ, ૧૦ ગ્રામસેવિકાઓ અને બે શિક્ષિકાઓએ સવારના ત્રણ કલાક બાળકોને ટેકરી લઈ આવવાના અનેક પ્રયત્નો કર્યા ત્યારે એક બાળક તે ય બાજુની સંસ્થાના કાર્યકર્તાનું આવ્યું. વ્યવસ્થાપિકા બહેને મને પૂછ્યું "શું આ કેન્દ્રીય બાલવાડીમાં જ સંચાલનો થાય એવો તમારો આગ્રહ છે?" એવો કોઈ આગ્રહ મારે તો કદી નહોતો જ. પણ આટલા મોટા સંચાલનો આંગણવાડીમાં કરી શકાશે? એમ જરા શંકા હતી. પણ વિદ્યાર્થીઓનું ત્યારસુધીનું જે કામ થયું હતું તેનાથી હિંમત આવી હતી. "આંગણવાડીમાં સંચાલનો લેવાનો પ્રયોગ કરી જોઈએ." દસેક દિવસ માંડ પરીક્ષાના હતા અને આ ફેરફાર કરવાનો આવ્યો. બાલવાડીના શૈક્ષણિક (?) સાધનો ત્યાં (આંગણવાડીમાં) મૂકી, બાળકોને રમાડવાનું, સંચાલન કરવાનું, પ્રગતિ કરવાનું કામ સોંપાયું. અને આ વિદ્યાર્થીનીઓ કેટલી તૈયાર થઈ હતી તેનો ત્યારે જ ખ્યાલ આવ્યો. કહેતાની સાથે કબાટો ઉઘાડ્યા ને સાધનો ઉપાડ્યા. એક દિવસમાં ત્રણેય આંગણવાડીઓ સાધનો સહિતની 'બાલવાડી' બનાવી દીધી. ફરી લીંપ્યું ને ગુંપ્યું. વિભાગવાર ગોઠવણીઓ યોજી. આ રંગબેરંગી સાધનો જોઈ બાળકો બેહદ્દી જશે. સાધનો ખરાબ થશે. ખોવાશે. બાળકો ઘેર લઈ જશે. એવી દહેશતો મનમાં ને મનમાં જ રહી. અને ત્રણેય બાલવાડીમાં ઉત્તમ કામ થતું જોઈને આનંદાશ્રુ આવી ગયા. મનમાં વિચાર આવ્યો. "આ વિદ્યાર્થીઓને કોઈ પણ કામ અઘરું લાગતું જ નથી!"

પાઠો અને સંચાલનો પરીક્ષકે જોયા અને મૂલવ્યા. એમાંના બે રજૂ કરી દેવાની ઇચ્છા છે.

'ઈંટો પાડવાનો' પાઠ એક વિદ્યાર્થીનીએ પરીક્ષા વખતે લીધો. ત્યારે પરીક્ષકે સહેજ સૂચવ્યું કે "તમારે ત્યાં એકેય સંગીતનો પાઠ જોવા ન મળ્યો!" આ વિચારનો શો જવાબ વાળવો એવી મને મુંઝવણ થઈ. કારણ પરિસ્થિતિ તો એવી હતી કે બારમાંથી આઠ વિદ્યાર્થીઓએ એવી લેખી માંગણી કરી હતી કે અમને સંગીતનો પાઠ લેવા દો. અને તેથી તે કોઈનેય ના આપ્યો. પણ પરીક્ષકનું આવું આવાહન કેમ જતું કરાય? "ઈંટો પાડવાનું" તમારું કામ અમે જોઈ લીધું જરા બાળકોનું સંગીત જુઓ. એમ મેં તરત પેલી વિદ્યાર્થીનીને કહ્યું.

"હટ્ ઘોડા હટ્–બાજારાची वाट...થી શરૂ થયું. સંગીતમાં બાળકો જોતજોતામાં જોડાઈ ગયા." "दोन लहान उंदीर वीणायला वसले" એ ગીત તો બાળકોએ જ લગભગ આખુંય ગાયું. ત્રીજું ગીત થયું. ચોથું ગીત થયું. પરીક્ષક જોતા જ રહ્યા. એ પાઠમાં–સંગીતમાં એટલી સ્વાભાવિકતા હતી, એટલો વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ હતો, એટલો રંગ ચઢેલો હતો કે "અદ્‌ભૂત" એમ શબ્દ સહેજેય આપણા મોંમાંથી સરી પડે.

બીજો પાઠ–ધાટાળ પાડે નાટકનો પાઠ હતો. "એક હોતી મ્હાતારી"નું અભિનય ગીતનાટક થયું. પરીક્ષક કહે "આમાં શું? બાળકોને કાંઈ બોલવાપણું વિશેષ છે જ નહી અને કામ કરવાનું ય કેટલું બોધું છે?" મેં કહ્યું, "હજી બીજું નાટક છે તે જુઓ." બીજું નાટક "દલ્લા તરવાડી"નું થયું. આ બબોલ બબુધ, લાગતા આદિવાસી બાળકોમાંનો એક થયો દલો તરવાડી, બે થયા ભાજીવાલા ને એક થયો વાડીવાળો. બહેન થયા દલાની મા. બાળકોએ તો રંગ રાખી દીધો, અભિનયથી અને તૂટક તૂટક વાકયોથી આખુંય નાટક ભજવી દીધું. પરીક્ષક ધરાઈ જ ગયા.

પરીક્ષકને એમ કહેવાની અમારે જરૂર રહી જ નહોતી કે પાંચ છ દિવસની ટૂંકી નોટીસમાં આંગણવા

વાડીમાં સંચાલનો લેવાના શરૂ કર્યા છે અને પરીક્ષા દરમિયાન કશી પણ મુશ્કેલી આવી નહીં.


આ છે એક અનુભવ. વિદ્યાર્થીઓના પાઠો સુંદર નહીં ઉપરના બે તો ઉત્તમ કોટીના થયા. સંચાલનોની સ્વાભાવિકતા અદ્‌ભૂત હતી. બાળકોનો સહકાર મેળવવાની કાંઈ મૂંઝવણ હોઈ શકે એવું વિદ્યાર્થીનીઓને લાગતું જ નહોતું. ફક્ત પાઠ સંચાલનો સારા થવાની દૃષ્ટિએ જ આંગણવાડીના કામ પ્રત્યે જોઈએ તો તેમાં સંપૂર્ણ તૈયાર થવાની એમને તક મળી. પણ એ આંગણવાડીઓ ચલાવતાં બાલીઓ સાથે જે સંબંધ આવ્યો, આંગણવાડીઓ ચલાવતા જે કામની અડચણો આવી, ધાટાળ પાડે એકરાત્રે હિંચકાનું દોરડું ચોરાઈ ગયું. જોકે એ દોરડું વિદ્યાર્થીનીઓની સમજાવટના પ્રયત્નથી ફળિયાના લોકોએ જ પાછું મેળવી આપ્યું અને થાંભલાઓ રોપી હિંચકો બાંધી આપ્યો. ભૌનાર પાડે પરીક્ષાના આઠ જ દિવસ પહેલાં બે મોટા આંબલીના ઝાડ પાડી, આંગણવાડીની બધીય જગ્યા ત્યાંના લોકોએ મેદાન મેદાન કરી નાખી. આ અને આવા અનુભવોએ વિદ્યાર્થીનીઓને ઘડ્યા અને કહેવા લાગ્યા "અમે ગમે ત્યાં આ આંગણવાડી ચલાવવાનું કામ તો કરી જ શકીશું."

વિદ્યાર્થીઓએ આંગણવાડી દ્વારા બાળકોનો પ્રેમ સંપાદન કર્યો. વાલીઓનો સહકાર મેળવ્યો. ગમે તેવી મુશ્કેલીઓ આવી તોય કામ કર્યું અને ચપટી વગાડતા બાલવૃંદાવન તૈયાર કર્યું એ ફક્ત અભ્યાસક્રમની દૃષ્ટિએ જોતાંય આવશ્યક એવું કામ થયું. પણ એથીય અદકું, એથીય અભિમાનથી કહેવા જેવું તો એમનામાં નિષ્ઠાનું બી રોપવાનું થયું. બાલશિક્ષણના એ લોકો આવતીકાલના કાર્યકર્તાઓ છે અને સંઘના હાથપગ થવાના છે, એવી શ્રદ્ધાનું બી રોપાયું એ ઘણી મોટી સફળતા છે. અભ્યાસક્રમની આવશ્યકતાઓ એની આગળ ઠીંગુજીઓની વાતો લાગે છે. "આંગણવાડી દ્વારાં જ બાલ-શિક્ષણનો પ્રચાર" એમ કહેવાને લાલચ થઈ આવે છે કારણ એ આંગણવાડીમાં નિષ્ઠાવંત બાલશિક્ષકો તૈયાર થતા દેખાયા.

— જ્યોતિભાઈ

તા. ૨૯-૫-૫૯

આદિવાસીમાં કાર્યની દૃષ્ટિએ ગ્રા. બા. શિ. કેન્દ્રના અહેવાલમાં "હથિયારના વાંકે" મથાળા હેઠળ આમાંની કેટલીક વાતો આવી છે ખરી, પણ આ લેખ અધ્યાપન 'મંદિરના' અભ્યાસક્રમની દૃષ્ટિએ લખાયો છે. જુલાઈમાં ચર્ચા પરિષદમાં Refer કરવાની ઇચ્છા છે.



દત્તાત્રેય કૃષ્ણ સાંડુ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.
ફેક્ટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઇ ૩૮

સ્થાનિક શાખાઓ
ઠાકુરદ્વાર, પરેલ, દાદર અને કાલબાદેવી.

ભોનાર પાડા ઉપરનો સફાઈ શિબિર

સન ૧૯૫૮ ના ડિસેમ્બર માસમાં ભોનાર પાડા ઉપર શ્રી કૃષ્ણદાસ શહાએ (મુંબઈ રાજ્યના સફાઈ સલાહકાર) એક સફાઈ શિબિર લીધો. આ શિબિર ગ્રામસેવિકા વિદ્યાલય સર્વોદય કેન્દ્ર અને વિકાસવાડો ટ્રેનિંગ કોલેજ આ લોકો માટે હતો. એમાં ગ્રામ-સેવકોએ મદદ તરીકે ભાગ લીધો હતો. પાડા ઉપરની સફાઈ કરવી, કંપોસ્ટ ખાડા, મૂતરડીઓ, બાલશૌચ ઘર, ગોબુરી સંડાસ, મગન ચૂલા આની પ્રત્યક્ષ માહિતી આ સમયે વિદ્યાર્થીઓને આપવામાં આવી. તે સમયે શિબિરના ૧૦ દિવસમાં આદિવાસી લોકો માટેના માહિતી અનુભવ અહીંયા લેખિકાએ રજૂ કર્યા છે.

સફાઈ શિબિરનું ઉદ્‌ઘાટન થયું. પાડા ઉપરના લોકોને તેની ફિકર ન હતી. છોકરાં વગેરે આજુ-બાજુએ ઊભા રહીને બધો કાર્યક્રમ જોતાં હતાં. પરંતુ મોટા માણસો આંગળીએ ગણી શકીએ એટલાં જ હતાં. તે પણ મોટા કાર્યકર્તાઓના વજનથી (દબાણથી) આવેલા. બપોર પછી કામની શરૂઆત કરી. સફાઈનું કામ અમે શીખતાં હતાં અને માધ્યમ તરીકે આ ગિરીજનોના પાડાનો ઉપયોગ કર્યો હતો. કોસબાડના મુખ્ય કાર્યકર્તાને પાડા ઉપરની બેત્રણ છોકરીઓને બોલાવીને શિબિરમાં ભાગ લેવા પ્રવૃત્ત કરી હતી. બીજે દિવસે સવારે બેત્રણ છોકરીઓ આવી. અમારી સાથે તેમણે કામ કર્યું. અમને ખૂબ જ આનંદ થયો. એક પાડા ઉપરની બેત્રણ છોકરીઓ પણ આ કામ શીખી. આ ઓછું કહેવાય. એક દિવસમાં સફાઈનું જેટલું મહત્વ સમજાવી શકાય તેટલું સમજાવી દેવાનો પ્રયત્ન કર્યો. તે જ દિવસના સંધ્યાકાળના અહેવાલમાં આ વાતનો રસભર્યો ઉલ્લેખ પણ અમે કર્યો. બીજે દિવસે આખો દિવસ રાહ જોવા છતાં આ ગિરીજન બહેનો આવી નહીં. અમે ઘેર જઈને તપાસ કરી.

"જાનકી, વંશી ક્યાં ગયાં રે! આજે કામ કરવા નહીં આવ્યાં તે?

"મળ્યાણ બજાર કરવા ગયાં હશે!" ક્યાં ગયાં છે તે ખબર નથી એમ જણાયું.

"કાલ સવારથી તેમને મોકલો હાં?"

"હા! કેમ નહિ મોકલીએ?"

અમે આગળ જવા લાગ્યાં મને પાછળથી બોલા-વીને લક્ષ્મીની બાએ પૂછી જોયું.

"તેમને મજૂરી શું આપશો?"

તે જ ક્ષણે મારા મનોરથો તૂટી પડ્યા.

: ૨ :

શિબિરમાં સફાઈના અનેક કાર્યક્રમ હોય છે. તેમાં ઘર લીપવું અને તેની ઉપર ચિત્રો દોરવાં. આ પણ એક કાર્યક્રમ હતો. એક જગ્યાએ આવું જ ઘર લીંપવાનું કામ ચાલુ હતું. ઘરવાળી પ્રથમ ઘરને હાથ જ લગાડવા દેતી ન હતી. તે કહે:

"અમે તો હવે બીજું ઘર બાંધશું! તું શા માટે લીપે છે?" આ વાક્ય એ વારંવાર બોલ્યા જ કરતી હતી. અમે સમજાણ પાડવાનો ઘણો જ પ્રયત્ન કર્યો પણ તે ન સમજી. આખરે તેનું ન સાંભળતાં અમે ઘર લીંપવાની શરૂઆત કરી જ. લીંપતાં લીંપતાં ઘરની એક ભીંત જરાપણ લીપવા દેતી ન હતી. હાથમાંની છાણમાટી તે લઈ લેવા લાગી. છોકરીઓ બહુ ગુસ્સે થઈ. તેણે પણ આખરે ક્રોધથી કહ્યું:

"ખજુરીના પાનથી ભીત ભરેલી છે. લીંપવા જશો તો હાથમાં કાંટા પેસી જાય એમ!" લીંપતાં હાથ કપાઈ ન જાય એટલે તેમ કરતી હતી. પણ તેવું ન સમજવાથી વિના કારણ કલાક ગેરસમજણમાં ગયો.

: ૩ :

સફાઈ શિબિરમાં બધા વિદ્યાર્થીઓ આપણા નિમેલા ટુકડીમાં રસથી કામ કરતા હતા. આપણું કામ સારું થાય; જલદી થાય, શિબિર સંચાલકની શાબાશી મેળવવી, આવ્યાગયાની કીર્તિ સાંભળવી, આ ઇચ્છા દરેકના મનમાં હતી. સફાઈનું કામ જોરમાં ચાલતું હતુ. ઘરઘરના લોકો અમારી નિષ્ઠાનો અંદાજ લેતાં હતાં. શરૂઆતમાં પુષ્કળ વિરોધ તેઓએ કર્યો પણ અમારા અડગ હલ્લાને લીધે તેમને હાર ખાવી પડી. તેથી ઘરણાર અને છોકરાં અમને સોંપીને મોટાં માણસો ખેતરમાં કામ કરવા જવા લાગ્યાં. સંચાલક રોજ સવારે ફરીને દરેક ઘરના કામની નોંધ લેતાં હતાં.

દસ દિવસ પછી બધાનો સંદેશો લઈને શિબિરની પૂર્ણાહુતિ કરી. પછીથી કોઈ કોઈવાર જઈને કામ કયાં સુધી થયું છે એ અમે જોતાં હતાં અને સફાઈના મહત્વ વિશે સમજાવવાનો પ્રયત્ન કરતાં હતાં. આ બધાનું તેમના મન ઉપર શું પરિણામ આવ્યું તેનો તાગ લેતા હતા "રોજ માસ્તર તમારી હાજરી પૂરે છે અને સરકાર તમને પૈસા આપે છે" પણ અમારે તેનો શો ઉપયોગ? બીજા પાડા ઉપરના લોકો અમને હસે છે.

: ૪ :

દસ દિવસ સફાઈ શિબિર થયો. પૂર્ણાહૂતિ થઈ. અમે પ્રમાણપત્ર લીધાં. મોટા મોટા કાર્યકર્તાઓ અમારું કૌતુક કર્યું. "તમે અમારે ગામ ઘણી સુંદર વ્યવસ્થા કરી. અમે તેનો ઉપયોગ કરીશું. તાળિયોનો મોટો અવાજ થયો કારણ પાટિલે ભાષણ કર્યું.

શિબિરનો ઉત્સવ પૂરો થયો પણ સંચાલકે આપેલો સાફસૂરીનો આનંદ પૂરો થયો ન હતો. બે ત્રણ દિવસે પાડા ઉપર ગઈ. ફરીથી જ્યાં ત્યાં પાંદડાં પડવાની શરૂઆત થઈ હતી. ગામની સ્ત્રીઓની અને અમારી ૧૦ દિવસમાં બહુ જ ઓળખાણ થઈ હતી. તેમણે પૂછ્યું. "હવે કયારે આવશો? તમે રાત્રે જે ઢોંગ કરતાં હતા તે દસ દિવસ અમને સારુ લાગતુ હતું. અત્યારે સારુ નથી લાગતું."

અમે એકબીજાની સામે જોયું. બધાના ચહેરા ઉપર એક જ ભાવ–દસ દિવસના ઘણા કાર્યક્રમમાંથી રાત્રિનો સાંસ્કૃતિક કાર્યક્રમ મનોરંજનની દૃષ્ટિએ તેમને ધ્યાનમાં રહ્યો હતો. અને સફાઈ સંસ્કાર શિબિર પૂરો થયો તેની સાથે જ પૂર્ણાહૂતિ થઈ.

: ૫ :

શિબિર પૂર્ણ થયે બે મહિના થયા. કોઈક કોઈક વાર જઈને બનાવેલાં સંડાસ, મોરી વગેરેની વપરાશ કરવા વિષે તેમને કહેતાં હતાં પણ જેમ જેમ દિવસ જવા લાગ્યા. તેમ તેમ સર્વ કાંઈ ભાગવા લાગ્યાં.

એક દિવસ એકાએક શિબિર સંચાલક આવ્યા. તેમને પાડા ઉપરનાં કામ કેટલાં હાજર છે એ જ જોવાં હતાં. મને ઘણું ખરાબ લાગ્યું. કારણ તેમને બતાવવા જેવું પાડા ઉપર કંઈજ હાજર રહ્યું ન હતું. હું બીતી બીતી તેમને પાડા ઉપર લઈને ગઈ. મારું ધ્યાન તેમના મુખ તરફ હતું. તેમને બધું નાશ થએલું જોઈને શું લાગ્યું? પણ તેમના ચહેરા ઉપર જરા પણ નિરાશા દેખાઈ નહીં: એટલું જ નહી પણ તે કહેવા લાગ્યા. "તાઈ, જોવો, બે ઘર વાસણ સાફ કરવાની જગ્યા વાપરે છે, આપણે જો ઘણી વખત આવીને તેમને કહીએ, શીખવીએ, રીપેર કરી આપીએ તો બીજા કેટલાક લોકે પણ વાપરવા લાગશે." તેમણે એક ઘરની બાઈને પૂછી જોયું. "કેમ બહેન મૂતરડી વગેરે તમે વાપરો છોને?" હા કેમ ન વાપરીએ? પણ બીજા લોકો હસે છે તે!"

આવો સુધારો નજીક નજીકના બે ચાર ગામમાં થશે ત્યારે જે કારણ એક જ પાડા ઉપર લોકો સુધર્યાં તેથી બીજા લોકો તેમને હસે છે. કોઈ પણ નવો તરીકો સુધરેલો સમાજ પણ સ્વીકારી લેવા એકદમ કયાં તૈયાર થાય છે?

મને લાગતું હતું. વાવેલું બી તદ્દન નકામું ગયું નહીં.

— શકુંતાઈ લિમયે

કુરણ શાળા

સન ૧૯૫૮ની ઑગસ્ટ પછી વાવણીની રંજાઓ પૂરી થઈ અને કુરણ વાડીની શરૂઆત થઈ. આ સમયે વરસાદ કમી થયો હતો. જ્યાં ત્યાં લીલુંછમ દૃશ્ય જોવા મળતું હતું. આ સમયે સવાર સાંજ આદિવાસીનાં બાળકો (૪ વર્ષથી ૧૦–૧૨ વર્ષની ઉંમરનાં) આપણાં ઢોર લઈ ને ચરાવવા માટે ટેકરીએ ટેકરીએ જતાં હતાં. આ મોસમમાં અહીંનાં બાળકોનું આ મુખ્ય કામ હોય છે. આ સમયે તેમને શાળાની યાદ જ હોતી નથી. અને ઢોર ચરાવવા એ જ તેમના જીવનનું મુખ્ય કામ હોવાથી અમારાથી તેમને ' શાળામાં ચાલો ' એમ આગ્રહ કરવો તે પણ યોગ્ય ન હતું. તમે કહેશો. " ઢોરોને ચરવા છોડી મૂકવાં અને બાળકોએ શાળામાં આવવું. " પણ જ્યાં ત્યાં ખેતરમાં ડાંગરની ખેતી પથરાએલી હોય છે અને શેઢાઓ ઉપર ભાજીપાલો, કઠોળ ધાન્ય વાવેલાં હોય છે. આ સમયે ઢોરોનો બંદોબસ્ત થવો જ જોઈએ. બીજાના ખેતરોમાં ઢોર પેસે કે ૫૦) રૂા. દંડ થાય છે. એટલે જ ઢોરોને સંભાળવાનું કામ ઘરના છોકરાંઓનું હોય છે, આ સમયે તેમને શાળામાં કેવી રીતે લાવવાં ? તેમને શાળામાં લાવવાનાં નહિ પણ આપણે જ તેમના ટોળામાં જવાનું અને રમતગમત કરીને રહેવું અને જંગલની મેળવાય તેટલી સામાન્ય જ્ઞાનની દૃષ્ટિ તેમને આપવી એવું સંસ્થાએ નક્કી કર્યું. એ જ કુરણ શાળા.

જુદા જુદા પાડા ઉપરના છોકરા છોકરીઓ આપણાં ઢોર લઈ ને ટેકરી ઉપર આવે છે. અમે સર્વ પાડા ઉપરનાં છોકરા–છોકરીઓને એકત્ર કરીને રમતો, વાતો, ગીતો ગાવા લાગ્યાં. પણ અલગ અલગ પાડા ઉપરનાં બાળકોને જુદાં જુદાં લેવાં જોઈતાં હતાં. છોકરીઓનો જ આમાં વધારે વિરોધ હતો. દોડીને નાસી જવું. નહિ તો ઢોરને અંગે એક બીજાની સાથે લડતાં. આવી રીતે કરતાં તેથી બીજાં નાનાં છોકરાંને તેમનું માનવું પડતું અને તેઓ પણ જતાં રહેતાં. એટલે વારા કરીને એક દિવસ પડતો મૂકીને એકેક પાડા ઉપરનાં છોકરાંઓની પાસે અમે જવા લાગ્યાં.

એક બે દિવસ અમે માત્ર આ બાજુએ ફરવા આવ્યાં છીએ એ બહાને ત્યાં જઈ તેમનું અવલોકન કર્યું. તો નીચે આપેલી વાતો નીકળી આવી.

છોકરાંઓ વારાફરતી ઢોર ઉપર ધ્યાન આપતાં. ઢોરને સંભાળવાનો એકનો જ વારો અને બાકીનાને રમવાનું, રમત ફક્ત એક જ. તે એટલે પાટા પાડીને તળાવડી બાંધીને ઘર બાંધવાની રમત જ બહુ રમતાં.

ત્રીજા દિવસથી અમે તેમાં ભાગ લેવા લાગ્યાં. શરૂઆતમાં બે ત્રણ દિવસ તેમની જ રમત અમે રમવા લાગ્યા. પછી ધીમે ધીમે અમે તેમને ઘણી નવી રમતો, બાલરમતો રમી બતાવી. વાર્તાઓ કહી સંભળાવી ગીતો ગાઈ સંભળાવ્યાં. તેમને આ બધું ગમ્યું. આ જોઈને અમારો ઉત્સાહ વધ્યો. તેમના લગ્ન સમયની વાતો હૃદય ખોલીને કરતાં હતાં. શાળામાં ન બોલનારાં છોકરાં કુરણ શાળામાં કેટલાં બોલતાં હોય છે ! લગ્ન, બન્ના, દાગીના, ભાજીપાલો, ખેતી, તાડી, દારૂ વગેરે બાબતો ઉપરથી ઘણી વાતચીતો કરી. રોજ ૧થી ૧૦૦ સુધીના આંક બોલવા. વાર તિથિ કહેતાં તેવી જ રીતે પક્ષીઓની ઓળખાણ કરી આપી. કેટલી નવીન ઓળખાણ અમે પણ તેમની પાસેથી મેળવી.

ડાંગર ખેતરોમાંથી કપાઈ ને ઝૂડી ઝાપટી ઘેર લઈ ગયા, ઘાસ કપાઈ ગયું અને ખેતરો ભેલાઈ ગયાં. ત્યારે ઢોરની પાછળ ચરાવવા જવાની ગરજ પૂરી થઈ. આવી રીતે અમારી કુરણ શાળા પણ પૂરી થઈ. આમ ચાર મહિના સુધી અમારી આ શાળા ચાલી.

આ કુરણ શાળા ઉપરથી અમને જાણવા મળ્યુ કે છોકરાંઓ શરૂઆતમાં અમને જોઈને શરમાતાં હતાં. ફક્ત હસીને નાસી જતાં પણ ધીમે ધીમે તેઓ અમારા આવવાની રાહ જોવા લાગ્યાં. અને આનંદથી શીખવા લાગ્યાં. તેમનું હસવું પણ ઓછું થઈ ગયું. અને શીખવાની નહિ પરંતુ નવીન નવીન જાણવાની તેમને હોંશ થવા લાગી.

શાલિની પાટીલ
અને
હિંમતગર ગા.

શરૂઆતની પચીસ છોકરીઓ અને પચીસ છોકરાઓ

સન ૧૯૫૬ ના ઓગસ્ટમાં જ્યારે અમારી રાત્રિશાળા પ્રથમ જ શરૂ થઈ તે વખતે નાની મોટી પચીસત્રીસ આદિવાસી છોકરીઓ મારી પાસે સૂવા આવવા લાગી. આગળ આખા વરસ સુધી આ છોકરીઓ દિવસની શાળામાં અનિયમિત રીતે પણ રાત્રિશાળામાં હાજર રહેતી હતી. આજે જોઈએ તો આમાંની રાત્રિશાળામાં એક પણ છોકરી આવતી નથી. દિવસની શાળામાં કોઈક કોઈક આવે છે. અમને સ્વાભાવિક રીતે પ્રશ્ન પડ્યો કે આ પચીસ છોકરીઓનું શું થયું ?

આ છોકરીઓની ઉંમરના પ્રમાણમાં ત્રણ ટુકડીઓ પડતી હતી :

(૧) ૧૩ થી ૧૫ વર્ષની છોકરીઓ–૧૧
(૨) ૯ થી ૧૨ ,, ,, ૧૦
(૩) ૬ થી ૯ ,, ,, ૫

પહેલી ટુકડી :–આ છોકરીઓ મોટી હોવાથી વાડીમાં રીતસર કામે જતી અને રોજના દસબાર આના કમાતી. એ ઉપરાંત વચલા વખતમાં કોઈના વાસણ–પાણી કે કપડાં ધોવાનું કામ કરી બે આના ત્રણ આના કમાંતી. અહિંયાં બાલવાડી એટલે એક નવી જ વાત શરૂ થએલી. આખું વાતાવરણ જ નવું હતું. એટલે તેમને જ્યારે ફુરસદ મળે ત્યારે તેઓ દોડીને બાલવાડીમાં આવતી. રાત્રે હોંશેથી ગીતો ગાતી અને વાર્તા સાંભળતી અને બાલવાડીમાં જ સૂવાનો આગ્રહ રાખતી. એક તો તેમના ઝૂંપડામાં વરસાદમાં સૂવાની સૂકી જગા ન હતી. બીજું સમુદાયમાં રહીને રમતગમત કરવાની તેમને ખૂબ મજા પડતી. રાત્રિશાળામાં અમે તેમને અક્ષર શીખવવાના પ્રયત્ન કરતા પણ તેમને ગીતો, રમતો, વાર્તાઓ વગેરેમાં વધારે મજા પડતી. મુંબઈ જોવા જવાના પ્રવાસની તૈયારી તેમણે ખૂબ હોંશથી કરી. પોતાનાં પોલકાં સીવ્યાં અને પોતાની કમાણીમાંથી પ્રવાસ માટે થોડા ઘણા પૈસા પણ બચાવ્યા. આસ્તે આસ્તે આ જીવનની નવીનતા ચાલી ગઈ એની સાથે આ છોકરીઓનો ઉત્સાહ પણ ઓસરી ગયો.

એનાં બીજાં પણ થોડાં કારણો હતાં :

(૧) અમારે ત્યાં પુરુષોની ટ્રેનિંગ કોલેજ નીકળી તેથી સંસ્થામાં પુરુષોની વસ્તી વધી. તેથી છોકરીઓ ગભરાણી અને આવતી ઓછી થઈ. એમના માબાપોને પણ છોકરીઓ મોકલવી ઠીક નહીં લાગ્યું હોય. એ બાબતમાં તેમને ઘેર જઈને પૂછીએ તો કોઈએ સ્પષ્ટ રીતે કબૂલ કર્યું નહિ. અંદરનાં કારણો કહી બતાવવાનો આ લોકોનો સ્વભાવ જ નથી. પણ પ્રાથમિક શાળામાં માસ્તર શીખવતા હોય છે એટલે આ પહેલાં છોકરીઓ નિશાળમાં જતી નથી આ એક કારણ હોય તેમ જણાય છે.

(૨) અમારે અહીં વિદ્યાર્થી અને શિક્ષકની ગદી જણાઈ તે હિસાબે રહેવાની જગ્યા પણ ઓછી હતી. એટલે નક્કી એવું એક સ્થળ આ છોકરીઓને સુવા માટે આપવું શક્ય ન હતું. વારંવાર જગ્યા બદલવી પડતી હતી.

(૩) આ છોકરીઓની નવું શીખવાની મર્યાદા આટલી હશે. આ ટુકડીમાંથી ગંગુ નામની ચાલાક છોકરીને હાથમાં લીધી હતી. તેણે ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. અને અત્યારે અંબર ચરખા વર્ગની ટ્રેનિંગ લેવા માટે કૈનાડ ગઈ છે.

ટુકડી નં. ૨ :– આ ટુકડીની છોકરીઓ દિવસની શાળામાં નિયમિત આવતી હતી. ચાલાક પણ હતી. બે વર્ષ સુધી તેઓ શાળામાં વચમાં વચમાં આવતી. પણ, એમ થાય કે થોડો થોડો વખત ઘરે રહેવાથી પહેલાં શીખેલું ભૂલી જતી, તેથી શિક્ષણની પ્રગતિ

બહુ જ ધીમી ગતિએ થતી હતી. તોપણ તેમનું સામાન્ય જ્ઞાન ઘણું સારી રીતે વધતું હતું. આ છોકરીઓ રાત્રિશાળામાં ઘણા દિવસ સુધી નિયમિત આવતી પણ દરેકને પોતાના વ્યક્તિગત કારણને લીધે શાળા છોડવી પડી. દરેકને શી શી અડચણ આવી તે જાણવાથી તેમના સામાન્ય જીવન ઉપર ઘણો પ્રકાશ પડે છે તેથી તે નીચે આપ્યા છે.

ચંચળ : સૌથી હોશિયાર છોકરી છે. પણ ઘરે અતિશય કામ હોવાથી વાડીમાં આઠ કલાક કામ કર્યા પછીથી વચલા વખતમાં ઘરનું કામ કરે છે. આખા દિવસના એટલા બધા કામ પછી રાત્રે એને ઉંઘ આવવી સ્વાભાવિક હતું. હવે તેનાં લગ્ન થયાં છે.

સુંદર : ઉંમર ૧૨ વર્ષ. ઘરની અતિશય ગરીબી. તેની મોટી બહેન ગુલાબનાં લગ્ન પછી આ નાનકડી છોકરીની કમાઈ ઉપર પાંચ જણના કુટુંબનું ભરણ-પોષણ ચાલે છે. કારણ એના બાપ માંદા છે. આ કારણસર આ છોકરીને કામ શોધવા દોડવું પડે છે. કોમ ન મળે તે દિવસે ભૂખે પેટે આમ તેમ ભટકવું પડે છે. આ જ તેનો મુખ્ય ઉદ્યોગ છે. તેના અક્ષર બહુ જ સારા છે. સૂતર સરસ કાઢે છે. ચિત્રો સરસ કાઢે છે. તેને અમારી વાડીમાં કામ આપી જોયું પણ તેની ઉંમરના પ્રમાણમાં જે મજૂરી મળે છે તેટલી તેના ઘરની ગરજ સરવા માટે પૂરતી નથી તેથી તે જુદું જુદું કામ શોધ્યા જ કરે છે. તેથી જ તે રાત્રે કે દિવસે શાળામાં આવી શકતી નથી.

શકુ : સુંદરની જેવી જ આની પરિસ્થિતિ છે. ફેર એટલો જ કે શકુને વેર તેના માબાપો બંને કમાનારા છે પણ બાપ વ્યસની હોવાથી તેમને ત્યાં મુશ્કેલી જણાય છે. શકુ જે કામ કરે છે તે જોઈને આપણું મન છક થઈ જાય છે. છોકરી બહુ જ જિજ્ઞાસુ છે. પણ એના કામમાંથી તેનું માથું ઊંચું થઈ શકતું જ નથી. એનું પણ હમણાં જ લગ્ન થયું.

મધુ : એની પણ ઘરની ગરીબી એવી જ–કામ શોધવાની પાછળ જવું પડે છે, સ્વભાવે જરા સ્વચ્છંદી છે. કોઈ કોઈ વાર પણ નિશાળ કોઈને યાદ આવતી હોય તો તે મધુને જ. પણ ઘણી અસ્થિર અને અનિયમિત હોવાથી ભણવામાં આગળ વધી નહીં. તેનું પાકાંતર સારું છે. લખવામાં જરા કાચી એણે હજી સુધી શાળા તદ્દન છોડી નથી.

શેવંતી : ઘરની ગરીબાઈને લીધે ઢોરની પાછળ ઢોર ચરાવવા જવું. છાણવાસીદું કરવું વગેરે કામમાં આખો વખત હોય છે. બુદ્ધિમંદ અને આળસુ છે, એથી શિક્ષણમાં કંઈ જ પ્રગતિ થઈ નહિ. પાંચ છ મહિના પહેલાં તેનો બાપ ગુજરી ગયો એટલે હવે તો તેણે નિશાળ સાવ છોડી દીધી છે.

યશવંતી : એનું બધું સારું છે. શાળા દૂર પડે છે એટલે શાળામાં આવતી નથી પણ તેનો બાપ તેને ઘરે ભણાવે છે. બાપ ભણેલો છે.

લક્ષ્મી : આ એક છોકરી એવી છે કે એની સાથેની બીજી છોકરીઓ આવતી નથી તેથી એને એકલું આવવું શરમ લાગે છે. તેથી તેણે શાળા છોડી. ઘરની અડચણ બિલકુલ નથી તે જ પ્રમાણે એની શિક્ષણમાં પ્રગતિ પણ સારી હતી. આ રીતે બધી છોકરીઓ એક યા બીજા કારણસર ઘરે રહી તો પણ તેમને સાધારણ વાંચતાં આવડે છે. તેમ જ સાદા સરવાળા બાદબાકી પણ કરી શકે છે.

ટુકડી નં. ૩ :–આ છોકરીઓ ઉમરે નાની છતાં શા માટે શાળામાં આવતી નથી ? એ એક કૂટ પ્રશ્ન છે ? આ છોકરીઓ ઘણું કરીને ઢોર ચારવા જાય છે. ઘરનું પાણી ભરે છે અને નાનાં ભાંડરડાને સંભાળે છે. તેમને શાળામાં એક જગ્યાએ બેસવાનું ગમતું નથી. આખો વખત ઝૂંપડાની બહાર ધૂળમાં રમવું ગમે છે પણ બાલવાડીમાં જે ખુલ્લી હવામાં કોમો હોય છે તે ગમતાં નથી. ઝૂંપડાની કે રસ્તાની બાજુમાં ધૂળમાં રમ્યા કરવું એ જ ગમે છે. આ છોકરીઓ

હજી શાળામાં આવે છે. પણ શિક્ષણ વિષયક પ્રગતિમાં તો ભીડું જ છે એમ કહીએ તો ચાલે.

એકદર રીતે આ બધી છોકરીઓ સામે જોતાં એક વિચાર સ્ફૂરે છે કે શાળાના શિક્ષણની દરેકની અમુક વ્યૈક્તિક હદ હશે અને તેઓ ત્યાં વટાવી ગઈ હશે. તેથી તેમને શાળામાં ચાલતો અભ્યાસ હવે ભારરૂપ લાગતો હશે. તેમને માટે રસોઈ, સીવણ, બાલસાંગોપન વગેરે યોજીને અભ્યાસક્રમ ઘડવામાં આવે તો તેમને રસ પડશે. અને તેઓ રાત્રે કે દિવસે વખત મેળવીને પહેલાંની જેમ ઉત્સાહ અને હોંશથી અમારી પાસે આવવાનો સંભવ લાગે છે. ટૂંકમાં એમ માની શકીએ કે તેઓ હવે સમાજશિક્ષણની કક્ષામાં ગયા છે. આવતે વર્ષે એ દિશામાં પ્રયત્ન કરી જોવાનું નક્કી કર્યું છે.

આ છોકરીઓથી પણ આગળ આવેલા પચીસ છોકરાઓનું શું થયુ ? એ પ્રશ્ન પણ સ્વાભાવિક ઊઠે છે.

"હુ રાતનો આવીશ એમ કહીને એકલો જ આવવા લાગ્યો તે જયવંત. ત્યારે પછી અધારુ થતાં પહેલાં એટલા ઉપર આવીને બેસવાવાળો વસંત, રામા ને શંકર. આ બધા આજ પણ પહેલા દિવસની જેમ જ મારી આંખ આગળ તરવરે છે.

આ છોકરાઓની પણ ઉમર પ્રમાણે ટુકડીઓ હતી.

૧૪	થી	૧૮	વર્ષની ઉમરના છોકરાઓ	૧૦
૧૦	થી	૧૪	,, ,,	૧૪
૯	થી	૧૦	,, ,,	૪

પહેલી ટુકડીમાંના છોકરાઓ હવે મોટા થયા છે. એમને ગૃહસ્થ કહી શકાય. આખા દિવસનું કામ અને રૂપિયો રોજ હવે તેમને મળે છે. થાક લાગે એવું મહેનતવાળું એમનું કામ હોય છે. ઘણાખરાનાં લગ્ન પણ થયાં છે. એમને હવે રાત્રિશાળામાં આવવાની હોંશ રહી નથી. પણ આ ટુકડીમાંથી પણ વસંત હજી રાત્રિ શાળામાં આવે છે. એણે ત્રીજી પાસ કરી છે. મોરીવલીના કોરા કેન્દ્રમાં જઈ તેલઘાણીનું કામ એ શીખી આવ્યો છે.

નવશા પણ તેવો જ. પાંચમું ધોરણ પાસ કરીને તે કુટીમાં ગયો છે. અત્યંત નિયમિત અને સારો હોંશિયાર છે. રામા ઉંબરસાડા અને રામા દૌડા એ બને અમારી સંસ્થામાં સિપાઈનાં કામ કરે છે. તેમાંથી રામા ઉંબરસાડાએ પોતાનું વાંચન ચાલુ રાખ્યું છે. પરીક્ષા આપવાનો માત્ર કંટાળો છે. તે કહે છે—મને બધું વાંચતાં આવડે છે, પત્ર લખી શકું છુ, પછી આથી વધારે શું ભણવાનુ હોય ? એ જ ઉમરની બીજી ટુકડી એ વરસથી રાત્રિશાળામાં આવે છે. અહીથી બે માઈલ દૂર એવા ગામડામાંથી પણ આવે છે. એ ટુકડીના ઘણાખરા છોકરાઓ રાત્રિશાળામાં ચાલુ છે. તેમની શરૂઆત અક્ષરોમાંથી થએલી તે મોટેભાગે ત્રીજી સુધી થઈ છે. નિયમિત આવવું, સ્વચ્છ રહેવું, રાત્રિરંજન કાર્યક્રમ તથા પ્રવાસ એવા કાર્યક્રમો થયા છે. એમનુ એક તરુણ વિકાસ મંડળ શરૂ કર્યું છે. આ મંડળે આપેલા વિધિનિષેધ પાળવાના હોય છે.

(૧) આગળ અભ્યાસ કરવો.

(૨) પોતાના નાના ભાંડરડાને શાળામાં લાવવા.

(૩) દારૂ પીવો નહીં.

(૪) પાનાં રમવાં નહીં. (જુગાર)

દર સોમવારે આ લોકોને કંઈ વિશેષ વાર્તા અને માહિતી કહેવાનો રિવાજ રાખ્યો છે.

બીજી ટુકડીના છોકરાઓમાંથી ઘણા છોકરાઓ રાત્રિશાળામાં અગર તો દિવસની શાળામાં આવે છે. તેઓ ચાર છ આના મેળવવા માટે કામ શોધવા જતા હતા તેથી નિશાળે અનિયમિત રીતે આવતા. આ ટુકડીમાંથી જેમણે શાળા છોડી તેમનાં કારણો પણ વિચારવા જેવાં છે.

કાન્તુ:—ગરીબ, સ્વચ્છ અને હોશિયાર છોકરો. ખૂબ ઝીણું અને સરસ કાંતે છે, સુંદર લખતો. એને

સાવકી મા હતી પણ ઘરમાં દાદીમા પણ હતી તે એને સાચવતી. થોડા દિવસ પછી દાદીમા ગુજરી ગયાં અને છોકરો તદ્દન એકલવાયો થયો. એની સાવકી મા સ્વભાવે સારી હતી પણ ઘરમાં કામ જ ઘણું હતું: ભાંડરડાને રાખવા, બળદ સાચવવા, પાણી લાવવું એ બધું એને માથે અને સાથે સાથે હંમેશ દાદીમા યાદ આવે અમે તેને ઘણા આશ્વાસન આપ્યાં પણ તે તદ્દન મૂંગો અને અંદરનું દુઃખ એને પીડતું હતું. એટલે જરા પણ છુટથી બોલે ચાલે નહીં તેમ જ રમે પણ નહીં. તેમાં પણ આગળ જતાં તેની સાવકી મા પણ મરી ગઈ. હવે તો આખુંયે ઘરજ એને ચલાવવાનું રહ્યું. આખરે અમારે કાંતુની આશા છોડી દેવી પડી.

મધુ : ઘરમાં ખૂબ ગરીબાઈ એટલે ખાવા પીવાનું પૂરતું મળે નહીં, ભૂખે પેટે પુષ્કળ કામ કરવું પડે એટલે એણે શાળા છોડી દીધી. સ્વભાવે થોડો સ્વચ્છંદી અને આળસુ પણ ખરો.

અન્નતા : ઘરની ઘરીબાઈ પણ છે જ, પણ અત્યંત હઠીલો સ્વભાવ. શાળામાં અનિયમિત આવે છે, વચ્ચે ઘણાં દિવસ ગેરહાજર રહે એટલે અભ્યાસમાં પાછળ રહી જાય. પછી નિશાળમાં આવવાની શરમ લાગે. સૂતર સારું કાંતે છે. સારાં ચિત્ર કાઢે છે. અક્ષર પણ સરસ છે અમે તને ખેંચી ખેંચીને ચોથા ધોરણ સુધી લાવ્યા છીએ પણ હવે તેની ભણવાની હદ આવી ગઈ હોય એમ લાગે છે. બીજા એક બે ઘરના કામને લીધે અને કમાવવા જવું પડે તેથી મોટેભાગે ઘરે જ રહે છે. તો પણ આ ટુકડીના ઘણાંખરા શાળામાં ચાલુ જ છે.

ત્રીજી ટુકડી :—નાના છોકરાઓની છે. એમાંના લગભગ બધાં જ છોકરાઓ નિયમિત આવે છે પણ તેમને અહીં સંસ્થામાં ગ્રામ કવર કે વાડીમાં કામ આપવું પડે છે. એ બંધ કરીએ તો કારખાનમાં કે ખેતરોમાં કામ શોધવા ચાલ્યા જાય છે. એમાંના શંકર નામના એક છોકરાને ઘરનાં ઢોર ચરાવવા બે વાર જવું પડે છે. ઉપરાંત ખેતરના કામમાં પણ જાય છે. એટલી નાની ઉંમરે મોટા માણસની જેમ કામ કરવું પડે છે તેથી બિચારો શાળામાં આવી શકતો નથી.

ચોથી ટુકડી :—ચારથી આઠ વર્ષની ઉમરના છોકરાઓની નવી બની છે. આ ઉમરે તેઓ ખૂબ જ સ્વચ્છંદી રહે છે. નાના છોકરાઓને રાખવા અને ઢોર ચરાવવાં એ બે કામ તેમની પાસે હોય છે. પણ એ કામો કરતાં કરતાં એ છોકરાઓ આખો વખત ધૂળમાં રમવું, ભાવા જેવાં રાન ફળો શોધવા, ગલોલથી પક્ષી મારવાં એ કામો અને રમતો ચાલે છે. તેથી ચાર ભીતની અંદર નિશાળમાં આવી બેસવું તેમને ગમતું નથી. આ છોકરાઓમાં એકાગ્રતા આવે અને શાળેય શિક્ષણમાં તેમને રસ ઉત્પન્ન થાય એટલા માટે શાળેય શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવાના પ્રયોગો ચાલે છે.

એકંદરે છોકરીઓ કરતાં છોકરાઓ ઘણા જ ચાલુ રહ્યા છે. સંસ્કાર ગ્રહણમાં પણ તેઓ છોકરીઓ કરતાં આગળ જ છે.

શરૂમાં દિલ ઉપર કાળા ડાગલાં, માથા ઉપર ધૂળ ભર્યા અને ગુંચ વળેલા વાળના ગોટા અને ભાવના શૂન્ય ચહેરાઓ દેખાતા હતા. તે દૃશ્ય હવે ઓસરી ગયું છે. સ્વચ્છ ઠીકઠીક પોષાક, સારી રીતે સંભાળ રાખેલા વાળ અને અને જિજ્ઞાસા વૃત્તિથી આજુ-બાજુનું જગ જોવાની ઇચ્છા ચહેરા ઉપર અને આંખમાં ચમકતી હોય એવું દૃશ્ય આજે દેખાય છે. આ અમારા કુમાર વિકાસ મંડળના થોડાએક સભાસદ હમણાં જ શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.

શાળામાં પૂરક ઉદ્યોગો

પછાત વિભાગમમાં છોકરાઓ નિશાળમાં આવે એમ આપણે ઇચ્છતા હોઈએ તો તેમને નિશાળની સાથે કંઈકે ઉદ્યોગ આપવો જોઈએ. તે ઉદ્યોગ એવો કે જેમાંથી બાળકોને તે બહાર કમાય છે તે પ્રમાણે રોજના ચારપાંચ આના મળી શકે. એમ થાય તો જ તેમના કુટુંબનો આર્થિક વ્યવસ્થાને ધક્કો પહોંચાડ્યા વગર તેમના છોકરા થોડા કલાક પણ નિશાળમાં ગાળી શકે એ દૃષ્ટિએ કયો ઉદ્યોગ આપી શકાય એની અમે શોધ કરીએ છીએ એ બાબતમાં અત્યાર સુધી જે અનુભવ આવ્યો તેની નોંધ આગળ આપી છે.

આ સંબંધમાં એક વાત સ્પષ્ટ કરવી જોઈએ કે અમે આ બધા પૂરક ઉદ્યોગો વિશે અનુભવ લઈએ છીએ તે મુલોદ્યોગ શિક્ષણમાં મૂલોદ્યોગોને શૈક્ષિણિક માધ્યમ તરીકે સ્થાન છે તે દૃષ્ટિએ અમે આ ઉદ્યોગો વિશે વિચાર કરતા નથી. આ ઉદ્યોગોને તો પછાત વિભાગમાં દારિદ્રથી પીડાતા લોકોના છોકરાઓના શિક્ષણમાં જે આર્થિક મુશ્કેલી ઉભી છે તેને દૂર કરવાની દૃષ્ટિએ આ ઉદ્યોગો શાળામાં દાખલ કરવાનું વિચારીએ છીએ. તેનું અર્થોત્પાદનમાં માત્ર પૂરક ઉદ્યોગ તરીકે સ્થાન છે.

ઉદ્યોગો શોધતી વખતે યોગ્ય ઉદ્યોગ કોને સમજવો એ સંબંધમાં થોડીએક કસોટી રાખી છે.

પહેલી કસોટી એ કે તે તે બાજુનાં બાળકો જે જાતનું કામ કરતાં આવ્યાં છે તેને મળતાં કામો હોય. બીજી કસોટી એ કે એ ઉદ્યોગ માટે જોઈતી વસ્તુઓ આસપાસના જંગલમાંથી હુંગરોમાંથી, ખેતરોમાંથી મળી આવે એવી હોવી જોઈએ. ત્રીજી કસોટી એ કે ઉદ્યોગમાં બાળકો ખમી શકે એ જ પ્રકારનો શ્રમ હોય. ચોથી કસોટી એ કે એ કામ તેમના હંમેશના હરવા ફરવાની અને શ્રમ ઉઠાવવાની ટેવોને આડખીલી રૂપ ન થાય. પાંચમી કસોટી એ કે બાળકોને તે કામ કરતાં કંટાળો ઉપજે એવું ન હોય. તેમને એ મૂકીને જવાની ઇચ્છા થાય, અને શિક્ષકોને તેમને પરાણે બેસાડવું પડે એવો વખત ન આવવો જોઈએ. છઠ્ઠી કસોટી એ કે બાળકોને તેમાંથી રોજના ઓછામાં ઓછા ત્રણચાર આના સહેજે મળી શકે. અને સાતમી એ કે તેમના શ્રમથી તૈયાર થતી વસ્તુઓ ખપાવવાને માટે બજાર શોધવું ન પડે. તેમજ ઉત્પાદનનો ખર્ચ એટલો બધો ન હોવો જોઈએ કે માલ ખપાવ્યા પછી પણ ઉત્પાદનનો ખર્ચ માથે પડે. ઉત્પાદનના ખર્ચમાં ઉત્પાદન માટે જોઈતો કાચો માલ અને ઉત્પાદનની મજૂરી એ બન્નેનો સમાવેશ થાય.

અમે વિકાસવાડીમાં નીચે આપ્યા પ્રમાણે ઉદ્યોગ અને કામોનો અનુભવ લીધો છે. (૧) છોકરાઓને આપવા જેવું કામ એટલે ખેતરોમાં અથવા મકાનોની આજુબાજુમાં મજૂરી કરવી. (૧) માટી ઉંચકીને લઈ જઈ ખાડા પૂરવા અથવા ઓટલા તૈયાર કરવા. (૨) ખેતરની જમીનમાં મજૂરોએ ખોદી કાઢેલાં ઝાડનાં મૂળિયાના ઢગલા કરવા અને જમીન સરખી કરવી. (૩) મોટાઓએ રસ્તો બનાવ્યો હોય તેના પર માટી પાથરવી (૪) ભાજીપાલાની વાડી કરવી.

આ બાબતમાં અમને સર્વ સામાન્ય અનુભવ એવો થયો છે કે આ કામો બાળકો ખૂબ જ હોંશથી કરે છે અને તેમાં તેમને ખૂબ મજા પડે છે. કંટાળો કે થાક તેઓ જાણતા નથી. એટલે બેમાં બાળવાડીનાં બાળકો ચાર પાંચ વર્ષનાં બાળકો પણ આવવા પ્રયત્ન કરે છે અને જો તેમને ન લઈએ તો નિરાશ થાય છે. કૂદતાં, દોડતાં, રમતાં, હસતાં ગીતો ગાતાં આવાં કામો ચાલે છે. તે દૃશ્ય જોવામાં બહુ સારૂં લાગે છે અને વિચાર કરીએ તો તેમના ભાવિ જીવનમાં જે જાતનું બેઠતલપણું અને શારીરિક મહેનત કરવાની ટેવ તેમને પડવી

જોઈએ તે દૃષ્ટિએ આ કામો તેમને બરાબર મારૂક આવે તેમ હોય છે. ઉપરાંત આપણાં માબાપો ને મોટાં ભાઈબહેનો કરે છે તે જ જાતનું કામ આપણે પણ કરીએ છીએ તેનો પણ આનંદ તેમને હોય છે. એમાં કામ આપનારાઓની દૃષ્ટિએ આર્થિક મુશ્કેલી દેખાય છે. શાળાનાં બધાં બાળકોને પૂરું પડે એટલું બધું કામ બારે માસે કયાંથી કાઢવું ? અમારે ત્યાં મકાનો ચણાતાં હતાં, તેમજ ખેતીની નવી લીધેલી જમીન સરખી કરવી હતી ત્યારે બાળકોને યોગ્ય એવાં કામો પણ નીકળી શકતાં હતાં અને તે કામો ઉપર ખર્ચ પણ કરવો જ હતો.

શાકભાજીની વાડી સંબંધીનો અમારો પ્રયોગ ખોટમાં આવ્યો. પરંતુ આ પ્રયોગ સતત અને વ્યવસ્થાથી કરવામાં આવે તો સફળ થવો જ જોઈએ એમ લાગે છે. આ કામ ઉપર વિશેષ ભાર દેવાવો જોઈએ કારણ તેમાં બીજો પણ એક મોટો લાભ છે. શારીરિક મહેનતની સાથે એ કામમાં શિક્ષણનું માધ્યમ થવાનો ઘણો જ મોટો ગુણ છે. જીવજગત અને વનસ્પતિ જગતમાં જે અદ્‌ભૂત ગૂઢ તત્ત્વો રહેલાં છે તે જેમ જેમ સમજવા લાગીએ તેમ તેમ જ્ઞાન મેળવવાનો આનંદ વધતો જાય છે અને બાળકોમાં જ્ઞાનપિપાસા જાગ્રત થાય છે. એ દૃષ્ટિએ યોગ્ય શિક્ષક અને યોગ્ય વ્યવસ્થા થવાની જરૂર છે. શરૂઆતમાં થનારો થોડો ખરચ પણ એમાંથી નીકળી શકે એવું એ કામ દેખાય છે. થોડો જ માલ નીકળે તો એ થોડો હોવાથી કયાં વેચવા જઈએ એમ કહીને ઘરમાં જ વાપરવામાં આવે છે તેથી જ આ કામ અનેક દૃષ્ટિએ લાભદાયક હોવા છતાં તેની કિંમત પૈસામાં નીકળતી નથી અને તેથી જ એ ખોટ દેખાઈ છે. એ માટે કેટલા પ્રમાણમાં કઈ જાતનું શાક થવું જોઈએ એ બાબતમાં વધારે પ્રયત્ન કરીને આંકડા કાઢવા જોઈએ. એટલે આગળ જતાં એ નુકસાનીમાં નહી રહે.

માટી ઊંચકવી કે ખેતીની જમીન તૈયાર કરવી, આ કામો તો સરસ છે; પણ શાળા પાસે આવાં કામો હોતાં નથી બાળકોને આપવા ખાતર આવાં કામો ઉપજાવવામા આવે તો તેનો ખર્ચ શાળાને વધારે પડતો થાય. તેમજ આવાં કામો જ્યાં ચાલતાં હોય ત્યાં બીજાના ખેતરોમાં મોકલીએ તો ખેડૂતો બાળકો તરફ મજૂર તરીકે જુએ અને મજૂરીના દર પ્રમાણે એમને રોજી ચૂકવે. આમાં વધારે રોજી મેળવવા માટે બાળકોને વધારે પડતા શ્રમ કરવાની પણ બીક રહે છે. ઉપરાંત બીજાઓને ત્યાં પણ બાર મહિના પૂરા પડે એવાં કામો હોતાં નથી. તેથી મોટા મજૂરોને પણ બેકાર રહેવું પડે છે. ત્યારે બાળકોને તો કામ કયાંથી જ મળે !

આ વન્ય જાતિના અને ડુંગરા પાસે રહેવાવાળા બાળકોને જંગલમાં અને ડુંગરા ઉપર ફરીને લોકોપયોગી કેટલીક વસ્તુઓ ત્યાંથી લાવીને ગામમાં જઈને વેચવાનું કામ છોકરાઓ કરી શકે એમ હોય છે. એમા :—

(૧) લાકડાં લાવવાં :– અહીનાં છોકરાઓને કામ નહિ હોય ત્યારે મોટાઓ જેમ જંગલમાં જઈને લાકડાંઓ વીણી લાવવાનું કામ કરે છે. ઘણા લોકો લાકડાંના ભારા બાંધીને લાવે છે અને કોઈ કોઈ તો ગાડી ભરીને પણ વેચવા લાવે છે. પરંતુ એ કામનો કાયમી ધંધો થઈ શકતો નથી કેમ કે જંગલના કાયદાઓને લીધે લાયસન્સ મેળવ્યા સિવાય સારી જાતનો કાટો લઈ જવાની કોઈને રજા હોતી નથી. પૈસા ભરીને લાયસન્સ લેવા જેટલી સંપત્તિ–સ્થિતિ હોતી નથી. તેમજ મોટા પ્રમાણમાં આવું કામ તેમનાથી થઈ શકતું નથી. થોડાં જણને લાકડાં કાપવાનું અને ગાડી ભરીને શહેરોમાં લઈ જવાનું કામ મળે છે પણ સામાન્ય રીતે આદિવાસી લોકો અને એમનાં છોકરાંઓ પોતાના ઘર પૂરતાં જંગલમાં જઈને ભેગા કરી લાવે છે. ત્યાં તેમાં સુકાઈ ગએલાં બાંટવાં કે નીચે પડેલાં સૂકાં લાકડાં ખુલ્લી રીતે લઈને ઘરે ભરી રાખી શકે છે પરંતુ ભારા કે ગાડી ભરીને

લાકડાં એમને ચોરીને જ લાવવાં પડે છે. લાયસન્સ લઈને જંગલ કાપવું વગેરે મોટા ધંધાઓ છે અને તે સોસાયટી કરીને અથવા મોટા કોન્ટ્રાક્ટરે કરવા જેવો મોટો ધંધો છે. એટલે શાળા તરફથી લાકડાં વીણી લાવવાનું કામ થઈ શકે તેમ નથી. માટે તે બંધ કર્યું છે.

(૨) જંગલમાં જઈને પતરાળાં માટે પાંદડાં ભેગા કરી લાવવાનું કામ અહીં શરૂ કર્યું હતું. તેમાંથી પતરાળાં તૈયાર થયાં છે. એ કામ છોકરાઓને રોજી આપીને ચલાવવા જેવું થશે એમ લાગે છે. તે સંબંધીની વ્યવસ્થા હજી બરાબર થઈ નથી પરંતુ તે કામ મોટા પાયા ઉપર લેવા જેવું દેખાય છે. ઉનાળાના ચાર મહિનામાં પુષ્કળ પ્રમાણમાં પાંદડાં લાવી શકાય અને સૂકવીને બાંધીને રાખી શકાય અને વરસાદ એટલે કે ચોમાસામાં અને શિયાળામાં પતરાળાં તૈયાર કરી શકાય. આ કામમાં જંગલ અને ડુંગરામાં ફરવાની તેમની ટેવ ચાલુ રહેશે તેમજ પતરાળાં માટે બજાર શોધવા બહુ અઘરું નહિ પડે. તેની વ્યવસ્થા બરાબર થાય તો એ કામ બધી શાળામાં આપી શકાય એવું દેખાય છે.

(૩) ફ્રાનસ માટે દીવેટ તૈયાર કરવી તેમ ડાંગરના ફોતરામાંથી દંતમંજન બનાવવું, વગેરે નાનાં કામો કરી જોયાં છે. પરંતુ એ બનાવેલો બધો માલ વેચાઈ જાય તો પણ તેમાંથી છોકરાઓને રોજના ચાર આના આપવા જેટલા પૈસા પણ ઊપજતા ન હતા. ઉપરાંત આવો માલ વધારે પ્રમાણમાં બનાવવામાં આવે તો તે વેચવા માટે નીકળવું પડે. બજારમાં પ્રતિષ્ઠા પામેલા મોટા પાયા ઉપર કારખાનામાં તૈયાર થતા માંકડ છાપ જેવા ઘણા દંતમંજનો હોય છે. તેની સાથે અમારા દંતમંજને હરીફાઈમાં ઊતરવું અઘરું હતું. એટલે આ બે કામ ઉપર બહુ ભાર આપ્યો નહિ.

(૪) ડાંગરના પૂળામાંથી પેકીંગ ઢાંકણાં બનાવવાં. આ પ્રદેશ ડાંગર ખેતીનો હોઈ આ બાજુ ચોમાસા પછી ડાંગરના પૂળા ઘણા મળે છે, તેમાંથી દવાઓ કે સ્પીરીટ જેવી દવાની અને સ્પીરીટની બાટલીઓના પાર્સલ કરતી વખતે પેકીંગ માટેનાં ઢાંકણાંની, દવાનાં કારખાનાં વાળાઓને જરૂર હોય છે. આ ઢાંકણાં બનાવવાનો ઉદ્યોગ શાળાના છોકરાઓને બહુ જ સારી રીતે ફાવે એમ હોય છે. સૂતળીથી માપ પ્રમાણે વણીને ઢાંકણાં બનાવવાનું શરૂઆતનું કામ છોકરાઓ ઝટપટ કરે છે. પછીનું પ્રેસમાં નાખીને બરોબર કાપવાને માટે એક મોટો માણસ રાખવો પડે છે આને માટે પ્રેસિંગ મશીન છરાઓ વગેરે ત્રણસોચારસો રૂપિયાનાં સાધનો વસાવીએ એટલે કામ ચાલુ થાય છે. ચાર કલાક સવારે શાળા કરીને બપોરે ચાર કલાક આ કામ છોકરાઓ સહેલાઈથી કરી શકે છે. એમાંથી છોકરાઓને આપવાની રોજી મળી શકે છે. અને શાળાને કરવો પડતો બીજો ખર્ચ પણ નીકળી આવે છે. આ કામમાં એકબે ખામીઓ જણાય છે. પહેલી વાત તો એ કે એ કામ ઓરડીમાં બેસીને કરવાનું છે, તેથી છોકરાઓને ખુલ્લી હવામાં હરવા ફરવાનો લાભ મળતો નથી, અને લાંબા વખત સુધી આવાં કામ કર્યા કરે તો ચાલવાની ટેવ પણ ઓછી થઈ જવાનો પૂરો સંભવ રહે છે. તેથી ખુલ્લી હવામાં થતો વ્યાયામ તેમને મળતો નથી. સાથે સાથે જંગલમાં અને ડુંગરામાં ફરવાથી જે સૃષ્ટિ પરિચય અને નિસર્ગની નજીકતા તેમને મળે છે, તે પણ આ કામમાંથી મળતાં નથી. એ ઉપરાંત આ કામમાં આંગળાં વાપરવાનું કૌશલ્ય મળતું નથી. કાંતવામાં જે કસબ છે, ગતિ છે અને સુંદર નિર્મીતિનો આનંદ છે તેવું કશું હોતું નથી. તેથી શિક્ષણની દૃષ્ટિએ ખાસ કાંઈ જ લાભ મળતો નથી. એક જ પ્રકારની કૃતિ વારંવાર કર્યા કરવી પડે છે.

આ કવર્સ માટે કારખાનાના કાયમી ઓર્ડર્સ મળ્યા કરે તો આર્થિક ઉત્પાદનની દૃષ્ટિએ એ સારું છે. પણ ઓર્ડર્સ મેળવવા માટે ઘણો પ્રયત્ન કરવો પડે છે. એટલે આ ઉદ્યોગ શરૂ કરતી વખતે તેની મર્યાદાઓ પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

(૫) પેટી ચરખો અને અંબર ચરખો એ બંને બેઠા બેઠા કરવાના જ ઉદ્યોગ છે. એ વાત ધ્યાનમાં લઈને એના ઉપર અમે પૂરક ઉદ્યોગ તરીકે બહુ ભાર આપ્યો નથી. કપાસ પીંજીને પૂણીઓ બનાવવી કાંતવું અને વણવું ત્યાં સુધીનાં કામોને શિક્ષણના એક અંગ તરીકે શાળામાં એ ચાલે છે. એ ઉપરાંત સ્વાવલંબનની દૃષ્ટિએ પોતાને જોઈતાં કપડાં માટે રોજ અર્ધો કલાક કાંતવાનું અમે રાખ્યું છે. પરંતુ જો રોજની કમાણી માટે પણ એ ઉપરાંત બાળકોને બેસાડીએ તો તેમને એ કામનો કંટાળો આવી જવાનો સંભવ હોય છે. અને મૂલોદ્યોગ તરીકે શાળામાં ચાલતા કામમાંથી તેમને શિક્ષણ વિષયક લાભ જે મળવો જોઈએ તે મળશે નહિ. ઉપરાંત ઓરડામાં ને ઓરડામાં જ એક જ જાતના ઉદ્યોગમાં કલાકોના કલાકો રહેવાથી તેમના શરીર વિકાસમાં પણ હાનિ પહોંચે.

અંબર ચરખાનો પ્રયોગ થોડા દિવસ અમે કર્યો. બાળકોને તૈયાર પૂણી આપી તો પણ તેઓ અર્ધા-પોણા કલાક કરતાં વધારે કાંતી શકતા નહતા. તેથી તેમની રોજી નીકળવી અઘરું પડયું. અમારે ત્યાં ચોમાસામાં ઘણા મોટી ઉમરના માણસો બેકાર બેસે છે. તેમને માટે જ અમે અંબર ચરખાનો વર્ગ શરૂ કર્યો હતો. અને પછી ચરખા ઉપર કાંતવા દેવાની સગવડ કરી આપી હતી. પણ બેકાર મજૂરોને પણ ચરખો ચલાવવો અઘરો પડયો અને તેમાંથી આઠદસ આના જેટલું સૂતર પણ રોજનું નીકળ્યું નહિ. લાંબા સમય સુધી તેમણે તે કામ ચાલુ રાખ્યું હોત તો તેમને શ્રમ પણ ઓછો લાગત અને ફાવવાથી ઉત્પાદન પણ વધુ થયું હોત, પણ ખુલ્લી હવામાં હરીફરીને કામ કરવાની ટેવવાળા આ લોકોને આ કામ ઉપર મહેનત લેવાનું પસંદ પડયું નહિ. અમારી પાસે અહીં શિક્ષણ વિષયક કામો હોવાથી અમે પણ તેની પાછળ પડી શકયા નહિ. હવે સમાજકલ્યાણ બોર્ડની વિસ્તાર યોજના અહીં અમારે ત્યાં શરૂ થાય છે. તેમાં મોટી ઉમરની સ્ત્રીઓ માટે એ કામ શરૂ થાય ત્યારે વધારે અનુભવ મેળવી શકાશે.

(૬) ઉપરની બધી વાતોનો વિચાર કરતાં અમને એમ લાગ્યું કે આ બાજુમાં લાકડું પુષ્કળ છે એટલે સુથારી કામ અને સંઘેડીઆ કામ જો છોકરાઓને શીખવવામાં આવે તો તેમના શિક્ષણના કાળમાં પણ થોડું ઘણું ઉત્પાદન થાય ઉપરાંત તેમને ભવિષ્યના જીવનમાં ખેતીની સાથે કરવા જેવો આ યોગ્ય ધંધો થશે. આ બાજુમાં સુથારોને ઘણું કામ મળે છે. પોતાના ઝૂંપડામાં સાદા ફરનીચર કે ગાડી ગાડાં બનાવવા જેવાં કામો પણ એ કરી શકે છે. સહકારી પાયા ઉપર આ લોકો પાંચ દસ કુટુંબો મળીને નાના નાના કારખાના કાઢી શકે. અને આમ બને તો જ તેમને જોઈતી આર્થિક મદદ મળી શકે. એ દૃષ્ટિએ અમે સરકારના કુટિર ઉદ્યોગના ખાતા તરફ શાળાઓની સાથે બાળકો માટે સુથારી વર્ગ શરૂ કરવા વિશે પત્ર-વહેવાર કર્યો તેમાં મુંબઈ સરકારની મંજૂરી પણ મળી છે. આ વિચારને ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી પણ પુષ્ટિ મળી છે. થોડા જ વખતમાં શાળાના અંગ તરીકે આ વર્ગ શરૂ થાય ત્યારે પછાત વિભાગના બાળકોના શિક્ષણનો પ્રશ્ન સફળતાથી ઉકેલાશે એમ અમને લાગે છે. આ સંબંધીનો પ્રત્યક્ષ અનુભવ હજી લેવાનો છે.

આનંદવનમાં નવસંસ્થાનું સર્જન

મહાત્મા ગાંધી આદિવાસી જનતા વિદ્યાલય, કોસબાડ

આ વિદ્યાલય ગ્રામ બાલશિક્ષા કેન્દ્રને અડીને કોસબાડમાં ગોખલે એજ્યુકેશન સોસાયટી તરફથી જુન માસથી શરૂ થનાર છે. આ બાંજુના મોટા ભાગના આદિવાસીઓની ઉપજીવિકાનું મુખ્ય સાધન ખેતી છે. પણ તેમના અજ્ઞાન ગરીબાઈ અને રૂઢિ-ચુસ્તતાને લીધે તેમની જુનવાણી ખેતી પદ્ધતિને તેઓ વળગી રહે છે. જમીનમાં યોગ્ય ખાતર નાખવું, સારું બીયાવું વાપરવું તેમજ બીજી આધુનિક અને સુધરેલી ખેતી કરવાની પદ્ધતિ વાપરવી, સારાં સાધનો વાપરવાં વગેરે બાબતમાં અહીના કૃષિ વિદ્યાલય તરફથી માર્ગદર્શન કરવાના થોડા પ્રયત્નો થયા છે. પરંતુ અનેક કારણોને લીધે હજુ તેઓ પોતાની ખેતીમાં એનું અવલંબન કરી શકતા નથી. તેથી તેમની પોતાની કરેલી ખેતીમાંથી એકર દીઠ સરાસરી ઊપજ બહુ જ ઓછી થાય છે. આદિવાસીઓ ખેડે છે તે જમીનમાં જો શાસ્ત્ર શુદ્ધ પદ્ધતિએ ખેતી કરવામાં આવે તો તેમનું ઉત્પાદન વધશે અને તેમની સ્થિતિ સુધરશે એટલું જ નહીં પણ રાષ્ટ્રની સંપત્તિમાં પણ વધારો થશે. આપણા રાજ્યમાં હવે સુધારેલા ગણોતધારાને લીધે અત્યાર સુધી આદિવાસીઓ જે એમના શાહુકારની જમીન ખેડતા હતા તેના તેઓ માલિક બન્યા છે. હવે તેમણે પોતાનું અલ્પ સંતોષીપણું છોડીને પોતાની જમીનમાંથી વધારેમાં વધારે ઉત્પાદન કરવાની મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ. એ ખરું છે કે તેમના હાથમાં આજે જે જમીન છે, તે બહુ સારી નથી. તેને પણ સારી સ્થિતિમાં લાવવા માટે શું કરવું ? તેનું શિક્ષણ તેમને મળે તો એ જમીનમાંથી પણ ઉત્પાદન વધારી શકાય.

માત્ર ખેતી વડે જ આદિવાસીઓની સંપૂર્ણ આર્થિક ઉન્નતિ થશે નહીં, તે માટે ખેતીની સાથે કરી શકાય એવા ઉદ્યોગો પણ હોવા જોઈએ. ખેતીમાં કામ ન હોય ત્યારે આદિવાસીઓને બાલી બેસવું પડે છે. આ રીતે નકામી જવાવાળી શક્તિને જો યોગ્ય કામ મળે તો તેમાંથી જીવનની જરૂરિયાતો પૂરી પાડવાની વસ્તુઓ ઉપજાવી શકે અને આ રીતે પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકે. એમ બને ત્યારે ભારતની નવરચનામાં આદિવાસી ખેડૂતોને મહત્ત્વનું સ્થાન મળશે. તે માટે જમીન સંબંધીના સુધારાનું સ્વરૂપ અને ઉદ્દેશો તેમના ધ્યાનમાં બરાબર આવવા જોઈએ.

આપણે ગ્રામજીવન સુખી અને સમૃદ્ધ બનાવવા માગીએ છીએ. આદિવાસીઓ–ડુંગરાઓની બાજુમાં જંગલમાં અને બીણોમાં રહે છે. ત્યાં તેમને અનેક પ્રકારની મુશ્કેલીભરી પરિસ્થિતિનો મુકાબલો કરવો પડે છે. આવી મુશ્કેલીઓને કેમ દૂર કરવી એનું જ્ઞાન અને સામર્થ્ય તેમણે પ્રાપ્ત કરી લેવું જોઈએ માટે આદિવાસી ખેડૂતોને સુધરેલી ખેતી, જંગલ સંવર્ધન, પશુપાલન, તેમજ ખેતીની સાથે કરી શકાય તેવા બીજા ધંધાઓ તથા ગ્રામોદ્યોગો વગેરેનું યોગ્ય શિક્ષણ મળે તો તેઓ સારા ખેડૂતો બનશે. એટલું જ નહી પણ તેમના જીવનનો સર્વ રીતે વિકાસ સાધવા માટે જે પ્રયત્નો ચાલી રહ્યા છે તેમાં તેઓ સારી રીતે સહકાર આપી શકશે. આ બધી વસ્તુઓ ધ્યાનમાં લઈને અને એ જ ઉદ્દેશથી અહીના આદિવાસી જનતા વિદ્યાલયની યોજના ઘડાઇ છે. આજે આદિવાસી ખેડૂત સરકાર તરફથી ચાલતી જુદી જુદી શૈક્ષણિક અને સામાન્ય વિકાસ યોજનાનો જોઈએ તેટલો લાભ લઇ શકતો નથી. તેમને એ બાબતમાં

યોગ્ય માર્ગદર્શન મળવું જોઈએ. પોતાના કર્તવ્યની જાણ થાય તેમજ પોતાનામાં રહેલી સુપ્ત શક્તિઓનું ભાન કરાવવાનો પ્રયત્ન અલ્પકાળના શિબિરો મારફત કરવામાં આવ્યો છે અને તેના થોડાં થોડાં પરિણામો પણ જોવામાં આવ્યાં. તેથી જ આ વિદ્યાલયની મારફત આ પ્રયત્નોને સ્થાયી સ્વરૂપ આપવાનું નક્કી થયું.

સંસ્થાના ઉદ્દેશો :—

(૧) આદિવાસી જુવાનોને સારા ખેડૂતો નાગરિક અને સમાજસેવક થવા માટે યોગ્ય શિક્ષણ આપવું.

(૨) આદિવાસી ખેડૂતોની માલિકીની જમીનમાં સારાં સાધનો અને શાસ્ત્રીય પદ્ધતિ વાપરીને પ્રત્યક્ષ જ્ઞાન આપવું અને જમીનની નીપજ વધારવાનું શિક્ષણ આપવું.

(૩) ખેતીની સાથે થઈ શકે એવા ધંધાઓ અને ગ્રામોદ્યોગોનું પ્રાત્યક્ષિક શિક્ષણ આપવું.

(૪) નાગરિકનું કર્તવ્ય, દેશની ઘટના અને રાજ્યકારભાર વગેરેની માહિતી આપવી.

(૫) આદિવાસીના અને ભારતના વિકાસ માટે જે જે યોજનાઓ ઘડાય ને અમલમાં આવે તેની પૂરતી માહિતી આપીને તેમને બરાબર અમલમાં લાવવા માટે સંઘટનાઓ ઊભી કરવાનું શિક્ષણ આપવું.

(૬) પોતાના બધાય આર્થિક વ્યવહાર હોશિયારીથી, પ્રમાણિકપણાથી તેમજ સહકારી પદ્ધતિથી ચલાવવાનું શિક્ષણ આપવું.

(૭) વિદ્યાલયમાંથી શિક્ષણ લઈને બહાર નીકળવાવાળાને જરૂરી માર્ગદર્શન કરવું.

(૮) ગ્રામદાની કાર્યકર્તાઓને શિક્ષણ આપવું અને તેમને માર્ગદર્શન કરવું

શિક્ષણ સમય એક વર્ષનો રહેશે. બધી ઋતુમાં થનારી ખેતી સારા પ્રકારથી કેવી રીતે થાય તેનું શિક્ષણ પ્રત્યક્ષ આપવામાં આવશે. વરસાદ વગરના શિયાળુ પાક, વાડીમાંના પાક, ફળછોડ જંગલ સંવર્ધન, પશુ સંવર્ધન સાથેના વ્યવસાય, ગ્રામોદ્યોગ વગેરેનું પ્રત્યક્ષ કામમાંથી શિક્ષણ આપવામાં આવશે. આદિવાસીની વસ્તીમાંની કુદરતી અડચણો ધ્યાનમાં લઈને તે દૂર કરવાનું જ્ઞાન તેમને આપવામાં આવશે. આજુબાજુના આદિવાસી ખેડૂતોનાં ખેતરોમાં જઈને તથા વિદ્યાલયના સ્વતંત્ર ખેતરોમાં આ બધાં કામો કરવામાં આવશે. જ્યાં સારી ખેતીવાડી હશે તેવાં સ્થળોએ વિદ્યાલયના શિષ્યોને પ્રવાસ માટે લઈ જવામાં આવશે.

શિક્ષણ લેતાં સમયે જ્ઞાન સંપાદન સાથે થોડા પ્રમાણમાં અર્થ સંપાદન પણ તેમને કરતાં આવડે તેવી યોજના વિદ્યાલયના કાર્યક્રમમાં રાખવાની યોજના થશે. દર વર્ષે ૪૦ આદિવાસી ખેડૂતોને દાખલ કરવામાં આવશે. ઉમરની મર્યાદા ૨૦ થી ૪૦ રાખવામાં આવી છે. તેમજ તેઓને લખવા વાંચવાનું થોડું જ્ઞાન હોવું જોઈએ. શિક્ષણ ચાલુ હશે ત્યારે દરેક ખેડૂતને દર મહિને ૩૦ રૂપિયા શિષ્યવૃત્તિ અને વર્ષમાં બે જોડ ગણવેશ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

જયંત શા. પાટીલ

મારા અનુભવ

મારી નિમણૂક ગયા વર્ષે અહીં કોસમ્બાડના ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્રમાં ધોડિયાધરમાં થઈ. અહી આવતાં બાળકો તથા તેમનાં માતાપિતાને માંદા હોય તો દવાપાણી આપવાનું પણ કામ મારે કરવાનું હતું. એમાં મને જે થોડા અનુભવો મળ્યા તે ટૂંકમાં નીચે આપું છું.

(૧) શરૂ શરૂમાં અહીંનાં ઝૂંપડાંમાં રહેનારા આદિવાસીઓની ઓળખાણ કરી લેવા માટે હું તેમને ત્યાં જવા લાગી. હું તેમની ઝૂંપડીના બારણા આગળ જઉં અને તપાસ કરું તો અંદરથી કોઈનો કંઈ પણ જવાબ આવે નહીં મને એમ લાગે કે ઘરમાં કોઈ હશે જ નહી પણ દસ પંદર દિવસ પછી થોડો જુદો અનુભવ થવા લાગ્યો. હું બારણા આગળ જઈને પૂછું કે કોઈ ઘરમાં છે કે તો કોઈ કંઈ બોલે નહિ પણ વાંસો ફેરવીને પાછી ફરું કે ઝૂંપડામાંથી ઝીણો અવાજ સંભળાયઃ "મને તાવ આવ્યો છે, છોકરાને કરમ થયો છે" વગેરે. એમ કરતાં કરતાં આસ્તે આસ્તે એમની ઓળખાણ થવા લાગી અને એમનાં મોંઢાં દેખાવા લાગ્યાં

(૨) આ લોકોને તાવ આવે એટલે તેઓ એમ માને છે કે કોઈ ભૂત વળગ્યું છે. આ શંકાથી તેઓ દવાપાણી બિલકુલ કરતાં નથી. તેમના મંત્રતંત્ર કરવાંવાળા ભગત હોય છે, તેમને બોલાવીને ભૂતને ભગાડવાના પ્રયત્નો કરે છે. સોપારી જેવા કોઈ પદાર્થ ચીંથરામાં બાંધીને હાથમાં, પગમાં, ગળામાં અને કમરે એમ મંત્રેલા પદાર્થ બાંધે છે. કોઈ કોઈ ચમાર પાસેથી બીલાડાની માળા કરાવીને બાળકોના ગળામાં બાંધે છે. એક દોઢ ઈંચને અંતરે ચામડાનાં દોરામાં ભરાવેલાં હોય છે. એ માળા ગળામાં તાણીને બાંધેલી હોય છે. અને છોકરાં તે કાઢી શકતાં નથી.

કોઈ વાર તાવવાળા માણસને દવા કરાવવા મારી પાસે લઈને આવે તો તાવવાળા માણસના ગળામાં મોર પીંછાના લાંબા દાંડીમાંથી તાંતણો કાઢીને તેના ગળામાં બાંધીને લઈ આવે છે. "આ શું કામ બાંધ્યો ? એમ પૂછીએ તો કહે છે કે રસ્તામાં આવતાં એને ભૂત ન વળગે એટલા માટે બાંધ્યું છે.

(૩) છોકરાઓ બરાબર રીતે દવા નથી લેતાં માટે હું તેમને ખોળામાં લઈને તેમના મોઢામાં દવા રેડું છું એમ આઠ નવ વર્ષના છોકરાઓને પણ ખોળામાં લઈને ચમચીથી દવા પાવી પડે. એમનાં માબાપો કહે છે કે તારે હાથે તું એના મોઢામાં નાખ તો જ ગુણ આવશે. આઠ નવ વર્ષના છોકરાઓનું તો ઠીક, પણ ઘરડાં માણસો પણ પોતાને હાથે દવા પીતા નથી. નીચે બેસીને મોઢું ખોલે છે એટલે મારે એમનાં મોઢામાં દવા રેડવી પડે છે. આની પાછળ એની કલ્પના એ હોય છે કે મારા હાથમાં કંઈ ગુણ છે તેનો લાભ એમને મળે.

(૪) આ લોક સુવાવડીને બહુ હેરાન કરે છે. અને તેઓ એમ સજ્જડ રીતે માને છે કે તેમની જ સુવાવડની આ રીત બરાબર છે. અમારે ત્યાં કામ કરનાર એક બાઈને સુવાવડ આવે તેમ હતી. સુવાવડનો વખત પાસે આવ્યો એટલે હું તેને ઘેર સાંજ સવાર આંટો મારી આવતી, એમની સુવાવડ કરવાની રીત મારે જોવી હતી. એટલે મેં તેને કહી રાખેલું કે તારા પેટમાં દુઃખવા આવે કે તું મને બોલાવવા મોકલજે, અડધી રાત હોય તો પણ મોકલજે; આવવા માટે હું તારી પાસેથી પૈસો લેવાની નથી. તેણે પણ નક્કી કહ્યું હતું કે હું બોલાવવા મોકલીશ. આ બાઈ છેલ્લે સુધી કામ ઉપર આવતી હતી અને કોઈ દિવસ થાકેલી દેખાતી નહતી એટલે એનો સુવાવડનો વખત પાસે આવ્યો છે કે કેમ તે જણાતું ન હતું.

મેં રોજ સવાર સાંજ તેને ઘરે જવાનું ચાલુ રાખ્યું. એની સાથે ઘણી વાતો કરતી હતી. સુવાવડ આવ્યા પછીથી શું ખાવ છો પીવો છો ? અને મેં તેને કહ્યું કે અમારામાં મેથીના લાડુ ખવરાવે છે તેમ હું તને કરી આપીશ. એ પણ ઘણી સારી રીતે વાત કરતી એ ઉપરથી મને લાગ્યું કે એ મને બોલાવશે પરંતુ અનુભવ તદ્દન જુદો થયો.

એક દિવસ રોજની જેમ સવારે તેને ત્યાં ગઈ તો દાયણ પણ બેઠી હતી. રાતથી જ તેને પેટમાં દુઃખતું હતું. મેં ત્યાં રોકાવાનો મારો વિચાર જણાવ્યો ત્યારે તે કહેવા લાગી કે " ના ના હજુ તો ઘણી વાર છે. તું બાર વાગે આવજે. મેં તેને તપાસી જોઈ તો અડધાએક કલાકમાં સુવાવડ આવશે એમ લાગ્યું. હું ઘરે આવીને જરૂરનો સામાન લઈને ફરી એને ત્યાં ગઈ. ત્યાં મારા ધારવા પ્રમાણે અડધા કલાકની અંદરજ તેની સુવાવડ આવી પણ તેઓ મારી મદદ લેવા ઇચ્છતા ન હતા, એ મેં જાણ્યું. એ શું કરે છે તે જોયા કર્યું. સુવાવડીનું પેટ એટલા બધા જોરથી એ દાયણ દબાવવા લાગી કે હું ગભરાઈ ગઈ. એમને એમ ન કરવા માટે ઘણું સમજાવ્યું પણ એમને પોતાની પદ્ધતિ જ બરાબર લાગતી હતી. તેથી તેમણે મારું જરાય માન્યું નહીં.

એમનામાં એ માન્યતા કેટલી સજ્જડ છે તે મને એક છોકરીની વાતચીત ઉપરથી જણાયું. અમારી સંસ્થામાંની એક અધ્યાપિકાને સુવાવડ આવી હતી. સુવાવડ માટે તે મુંબઈ ગયાં હતાં. ત્યાંથી તે પાછાં આવ્યાં ત્યારે તેમને ત્યાં કામ કરવાવાળીની સાતઆઠ વર્ષની છોકરી એમની સાથે મોટી અનુભવી બાઈની જેમ વાતચીત કરતી હતી. એ કહે તું મુંબઈ શું કામ ગઈ ? અહીંની દાયણ બહુ સરસ સુવાવડ કરે છે. આ રમાબાઈ તો પેટ દબાવવાની ના પાડે છે પણ પેટ દબાવ્યા વગર બાળક કેમ જન્મે કે બાળક કેમ આવે ! એક નાની નવહસ વર્ષની છોકરીને આવી બાબતમાં શી ખબર પડે ! પણ જે મોટી બાઈઓ બોલતી હશે તે શબ્દો તેના મોંઢામાંથી નીકળ્યા. તે દિવસથી હું સમજી ગઈ કે આ લોકોના વિચારો અને આચારો બદલવા બહુ જ આકરા છે.

મને એક મોટી નવાઈ લાગી કે એ બાઈને સુવાવડ આવતી હતી ત્યારે એક નાનો એવો પડદો પણ રાખ્યો ન હતો. નાનાં છોકરાંઓ આજુબાજુમાં ફરતા હતા અને ત્યાં શું ચાલે છે તે જોતાં હતાં અને તેમને કોઈ પણ અટકાવતું ન હતું.


(૫) એ લોકોને ત્યાં કાપણી પછીના મહિનાઓમાં જ્યારે ભાત (ડાંગર) હોય છે ત્યારે બધા જ ભરપૂર ખાય છે. એ તો ઠીક પણ મને એ નવાઈ લાગી કે સાતઆઠ મહિનાના અર્ભકોને પણ મોટાઓની જેમ ભરપૂર ભાત ખવડાવે છે. તે વખતે તેઓ બાળકોને ઘોડિયાઘરમાં મોકલતાં નથી. અહીંતો બાળકની ઉંમરના પ્રમાણમાં ભાતની થોડી કાંજી જ અપાય છે. તેની તેમને કિંમત હોતી નથી. હમણાં છોકરો બાલવાડીમાં કેમ નથી આવતો એમ પૂછીએ તો કહે : " અમારે ત્યાં ભાત છે. અમે છોકરાઓને ખવડાવીએ છીએ. તમે કાંઈ બીજું ગળ્યું ગળ્યું ખવડાવવાના હોતો મોકલીએ " જાણે કે ભાતની કાંજીને માટે જ ઘોડિયાઘરમાં મોકલવાના હોય !

બાળકોને દાંત ન આવ્યા હોય ત્યારે જ સીંગદાણા, શેકેલા ચણા અને જાડા જાડા ભાખરીના કટકા ખાવા આપે છે. આવું બધું બાળકોને પચતું નથી તો પણ આવું ન ખવડાવવું જોઈએ એમ કહીએ તો પણ આ વાત તેમને ગળે ઊતરતી નથી.

વર્ષ દોઢ વર્ષના બાળકો ઘોડિયાઘરમાં આવે કે એટલા બધા રોવે છે કે તેમના હાથમાં કાંઈ ખાવાનું આપીએ તો જ અટકે. અહીંના બાળકોને દિવસે પોતાની માને ધાવવાની ટેવ દેખાઈ આવે

જીવન ધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ"નં ૩૦૨



ઝાડા, ઉલ્ટી, શરદી, શુળ, ખાસી, અમુંઝણ, માથાનો દુ ખાવો, દાંત-દાઢની પીડા, ઈ દરદો માટે ઉપયોગી.

બધા જાણીતા દવાવાળાને ત્યા મળશે

જે. એન. શેઠના

જીવનધારા ઓફીસ, નડીઆદ.



નવપ્રવર્તિ યુગના
આવકાર
સ્વીકારવા માટે

પરીશ્રમ પૂર્વક શોધેલ
ક્યાં પછી ૧૮ ઔષધીયુક્ત
વનસ્પતિના અર્ક માંથી,
બનાવી

"વિકો વજ્રદંતી"

પાવડર અગર પેસ્ટ આપને પસંદગી પ્રમાણે વાપરો

વિકો લેબોરેટરીજ
બોમ્બે અમદાવાદ ઇસ્ટ કોસ્ટ મુબઈ પુના

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી

☆ દિલરંજન ☆
સેન્ટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો:

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિભુવન, ચોપાટી સીફેસ, મુંબઈ-૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગ્રાંટરોડ, મુંબઈ-૭.



સૌંદર્ય
પ્રસાધનોમાં
અગ્રસ્થાને

રેમી

રેમી
ફેસ પાવડર

—સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ—
વી. વ્યાસ. વી. કોન્ડ કું., મુંબઈ ૬


છે તેથી તે માથી છૂટું પડતું નથી એટલે મા જ્યારે કામ ઉપર જાય ત્યારે ભાખરીનો ટુકડો બાળકના હાથમાં આપીને જાય છે. એ ટુકડો ચૂસતો ચૂસતો ધાવવાની ટેવ ભૂલી જાય છે. વેદકીય શાસ્ત્ર પ્રમાણે આ જાતની ટેવ સારી ગણાતી નથી. પણ અહીંયાં તો બધે આ જ રીત દેખાય છે.

(૬) અહીંની મુખ્ય મુશ્કેલી પાણીની અને બાવાની હોય છે. ખૂબ દૂરથી તેમને પાણી લાવવું પડે છે તેથી બાળકોને કેટલાય દિવસ સુધી નવરાવતા નથી. છતાં પણ બાળક છ માસનું થાય ત્યાં સુધી સવાર સાંજ તેમને નવરાવે છે. ત્યાર પછી નહાવાનું નામ જ નહીં. શરીર પર કપડાં નહીં, માથામાં જુઓ હોય. બાળને તેલ નહિ એવી સ્થિતિમાં તેઓ ઘોડિયા-ઘરમાં આવે છે. અમે તેમના માથામાં તેલ નાખીએ છીએ, જુઓ કાઢીએ છીએ, છતાં તેમના વાળ બરછટ હોય છે.

અન્નની બાબતમાં પણ તેમને બાર મહિના પુરું બાવાનું હોતું નથી. જ્યારે ઘરમાંનો ભાત ખૂટે ત્યારે આ બધાં છોકરાંઓનું એક જ કામ હોય છે. સવા-રથી સાંજ સુધી કેડે નાના ભાંડરડાને તેડી આમ તેમ ફેરવવાનું અને બાવાનું શોધવાનું. ઝાડનાં કુમળાં પાંદડાં, ફૂલ, કાચાં ફળો કોઈવાર શેકીને તો કોઈવાર કાચાં જ પોતે બાવાનાં અને નાનાં ભાઈબહેનને બવડાવવાનાં. આખો દિવસ આમ ચાલ્યા કરે છે તેથી આ છોકરાઓ બાલવાડીમાં કે ઘોડિયાઘરમાં આવવા ખુશી હોતાં નથી.

— રમાતાઈ પંડિત

(શ્રી રમાબાઈ પંડિતે બાલવાડીનું તથા દાઈનું પ્રશિક્ષણ લીધેલું છે. એમને દવાપાણી આપવાનો અનુભવ પુષ્કળ છે. તેઓ બંતથી કામ કરે છે. તેમના અનુભવો ઉપર આપ્યા છે.)



મુદ્રક અને પ્રકાશક : નરેન્દ્ર બિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

સૂરત બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૪ : જુલાઈ, ૧૯૫૯



શરૂઆતના વિકાસનું રક્ષણ

જીવનની શરૂઆતના વિકાસને રક્ષણ આપવું એ હવે કેવળ 'માનવતા'નો પ્રશ્ન રહ્યો નથી. જીવનની શરૂઆતના વિકાસનું રક્ષણ એટલે મનુષ્યના માનસિક અને સામાજિક આરોગ્યનું રક્ષણ છે. વ્યક્તિ અને સમાજના પ્રચલિત અનેક રોગોનું મૂળ જીવનની શરૂઆતના કુવિકાસમાં મળી આવ્યા છે. તે જ રોગો આજની વ્યક્તિઓમાં અને સમાજમાં પરંપરિત થયા છે.


સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : સરસ્વતી પ્રેસ : ભાવનગર


હરણી
કેશ કલ્પમ્
કેલિને કેલ
વાપરનું કુદરતી છે
વાળને શ્યામ
કરવા માટે
અથવા તો કેશ
કેશ-પ્રસાધન તરીકે
Lorna
સોલ એજન્ટસ:
એસ. ચોમા. ખંભાતવાલા
અમદાવાદ-૧.
એજન્ટ:
સી. જશોતભાઈ કું.
મુંબઈ-૨
MPS

SISTA S-SG-72-GUJ

સહેજ *ટીનોપાલ વાપરવાથી



કપડાં સાવ સફેદ બને છે



*"ટીનોપાલ" જે. આર. ગાઇગી, એસ. એ., બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે

વાર: સુહૃદ ગાયગી ગ્રાયવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા—સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ· સુહૃદ ગાયગી ટ્રેડીંગ ગ્રાયવેટ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૬૮૫,

શિક્ષણ-પત્રિકા

સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન આળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ

જુલાઈ : ૧૯૫૯

અનુક્રમ પૃષ્ઠ


સંપાદકીય	૨
નૂતન બાલ શિક્ષણ અને સંઘ સમાચાર કેવા છે અને કોણ છે	૫
આ બાળમંદિરનાં બાળકો !	૬
ક્ષોભ પ્રક્ષોભ	૧૦
ક્રીડાંગણ વિષેની રાષ્ટ્રિય નીતિ ઘડવાની અગત્ય	૧૨
ગાડી ગાડી	૧૪
ક્યાં હતી આ દેડકાંની સેના ?	૧૬
રમીએ તાળી તાળી	૧૭

સંપાદકીય

અધ્યાપનચર્ચા પરિષદ સફળ બની

જુલાઈ દિનાંક ૧૭, ૧૮, ૧૯-ને ૨૦ ને દિવસે નૂતન બાલ શિક્ષણ સંઘના આશરા હેઠળ શિશુવિહાર દાદરમાં મુંબઈ રાજ્યના બાલ અધ્યાપન સંસ્થાના અધ્યાપકોની બીજી ચર્ચા પરિષદ ભરવાનું જાહેર થયું છે. મુંબઈ રાજ્યમાં સરકારી એક તથા તેર-ચૌદ સાર્વજનિક મળીને પંદર બાલ અધ્યાપન સંસ્થા છે. મુંબઈ રાજ્યના શિક્ષણખાતાએ પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણનો જે નવો અભ્યાસક્રમ ગયા વર્ષથી શરૂ કર્યો છે. એ બધી સંસ્થામાં હવે શરૂ થયો હોવાથી આ બધી સંસ્થાઓમાં તેના શિક્ષણક્રમની દૃષ્ટિથી એકસૂત્રતા આવી છે.

બધી સંસ્થામાં અભ્યાસક્રમ એક જ પ્રકારનો હોવાથી તે જ પ્રમાણે અભ્યાસક્રમની પરીક્ષા પદ્ધતિ પણ એકજ પ્રકારની હોવાથી સ્વાભાવિક રીતે આ સંસ્થામાંની શિક્ષણ પ્રશિક્ષણ કાર્યની પદ્ધતિ એક જ પ્રકારની થતી જશે એમાં શંકા નથી અ ભ્યાસક્રમને લીધે સંસ્થાઓના કાર્યમાં એકસૂત્રતા લાવવામાં સારી ચાલના મળી છે. એમ સ્વીકારીને પણ આ સંસ્થાઓમાં એકસૂત્રતા લાવવાનો યશ આ સંસ્થા પૂર્વ-પ્રાથમિક શિક્ષણ-પ્રશિક્ષણના કાર્યની કેટલે સુધી પ્રગતિ સાધી શકે છે એના ઉપર જ વધારે આધાર રાખે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ. બધી સંસ્થાની કાર્યપદ્ધતિ એક સરખી થાય તો પણ તેમાં ઉત્તરોત્તર વધુ કાર્યક્ષમતા આવવી જોઈએ. પૂર્વ-પ્રાથમિક શિક્ષણનું સ્વરૂપ તેને લીધે વધુ ને વધુ વાસ્તવિક અને ઉદ્દેશ પાર પાડનારું બનવું જોઈએ.



મુંબઈના શિક્ષણ ખાતાએ બાલ અધ્યાપન સંસ્થાને નવો અભ્યાસક્રમ ચલાવવાનો કહીને આ બાબતમાં પોતાનું કર્તવ્ય પૂરું થયું છે એવી કલ્પના કરી લીધેલી જણાય છે. કારણ આ અભ્યાસક્રમ સંસ્થાને ચલાવવાનો કહ્યા પછી અધ્યાપન સંસ્થા તરફથી માંગણી કર્યા પછી પણ અધિકૃત ચર્ચા પરિષદની માંગણી તે જ પ્રમાણે પૂર્વ–પ્રાથમિક શિક્ષકો માટે સરકાર વર્ગની માંગણી નાણાને અભાવે સ્વીકારી ન શકાય એમ જણાવવામાં આવ્યું છે. પરંતુ આની સાથે જ સરકારે પ્રાથમિક શિક્ષણ માટે જે એક સમિતિ નિમી છે. તે જ સમિતિને પૂર્વ–પ્રાથમિક શિક્ષણના સંચાલનનું કાર્ય સોંપીને આ સમિતિએ મધ્યવર્તી પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સમિતિનું કાર્ય પણ કરવું એવી વ્યવસ્થા કર્યાનું સાંભળ્યું છે. આ મધ્યવર્તી પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સમિતિ હવે આ ક્ષેત્રમાંની શિક્ષણ પ્રશિક્ષણની પરીક્ષા અંગેના પ્રશ્નો વિષે વિચારશે.

કારણ આ સમિતિ પૂર્વ–પ્રાથમિક શિક્ષણ–પ્રશિક્ષણની દૃષ્ટિથી જે કાંઈ બાબતો સૂચવે તેનો કંઈક અંશે વિચાર સરકારે કરવો જ પડશે આ દૃષ્ટિથી આ સમયે જે બાલ અધ્યાપન ચર્ચા પરિષદ યોજવામાં આવે છે તેને પૂર્વ–પ્રાથમિક શિક્ષણ–પ્રશિક્ષણના પ્રશ્નોનું સરવૈયું કાઢીને તે અંગે શું કરવું જોઈએ એ અંગેના સૂચનો તૈયાર કરવા અને તે આ સમિતિને મોકલવા એવું અમને લાગે છે. તે દૃષ્ટિથી ચર્ચા પરિષદે કયા પ્રશ્ન અંગે પોતાના રચનાત્મક સૂચનો કરવા એની ચર્ચા અહિ કરીએ છીએ.

બાલ અધ્યાપન સંસ્થાની સામે અનેક પ્રકારના પ્રશ્નો છે. તે બધા પ્રશ્નોમાં પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું નિશ્ચિત સ્વરૂપ કયું આ શિક્ષણનો નિશ્ચિત ઉદ્દેશ કયાં હોવાં જોઈએ. આ ઉદ્દેશો પાર પાડવાની દૃષ્ટિથી પૂર્વ–પ્રાથમિક સંસ્થાનો કાર્યક્રમ અને સાધન યોજના કેવી હેવી જોઈએ આ પ્રશ્ન આ સમયે ખાસ અગત્યનો સમજવો જોઈએ. આપણે ત્યાંના પૂર્વ–પ્રાથમિક શિક્ષણને અદ્યતન્ સ્વરૂપ આપવું હોય તો એ સ્વરૂપ કેવું હોવું જોઈએ આપણે ત્યાંની પૂર્વ પ્રાથમિક વયના બાળકોની આજની જરૂરિયાત શું છે, તેના પ્રશ્નો શું છે, વાલીઓના શિક્ષણ વિષયક અપેક્ષાઓ શી શી છે આપણે એમને કેવી રીતે માર્ગદર્શન કરવું જોઈએ. બાળકના વિકાસમાં વાલીઓની સાથે સાથ પૂર્વ–પ્રાથમિક સંસ્થાએ કઈ જવાબદારી લેવી વગેરે પ્રશ્નોના ઉત્તરો શોધવાનો પ્રયત્ન પરિષદે કરવો જોઈએ.

બાલ અધ્યાપન સંસ્થામાં પૂર્વ–પ્રાથમિક શિક્ષણનું જે કંઈ સ્વરૂપ ઘડાશે તેનો જ પ્રચાર તે સંસ્થામાના પ્રશિક્ષિત શિક્ષકો કરતા હોવાથી આ સસ્થાનો પૂર્વ-પ્રાથમિક અભ્યાસ શાળામાંની (practical school) કાર્યપદ્ધતિ એ પહેલા મહત્વની ગણાય. શાળામાંનો કાર્યક્રમ અને સાધનાં યોજના (Programme and Provisions) આ અંગે જે કંઈ વૈચારિક સ્પષ્ટતા થશે તે પૂર્વ–પ્રાથમિક શિક્ષણની પ્રગતિને ઉપકાર નિવડશે એવું અમને લાગશે.

પૂર્વ–પ્રાથમિક શિક્ષણની કાર્યપદ્ધતિ અને સ્વરૂપની સાથોસાથ બીજો અગત્યનો પ્રશ્ન પુંર્વ–પ્રાથમિક શિક્ષક અંગેનો છે. પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમમાં ફેરફેાર થવાથી ૧૯૫૮ સુધી પ્રશિક્ષિત થએલા શિક્ષકો અને એનો પછીના શિક્ષકની કાર્યપદ્ધતિમાં અને સાધનસામગ્રી અંગેના વિચારમાં ફરક પડેલો છે. પૂર્વ–પ્રાથમિક સંસ્થા હાલ જે રગશિયા પદ્ધતિથી ચાલે છે, એના જ બીબામાં જો નવા શિક્ષકે કામ કરવાનું હોય તો પછી સુધારેલ અભ્યાસક્રમનો ઉદ્દેશ નકામો કરવા જેવો લાગશે તેથી જૂના શિક્ષકો નવા શિક્ષકોની સાથે લાવવાની દૃષ્ટિથી કંઈક કાર્યક્રમ યોજવાની જરૂર છે.

પૂર્વ–પ્રાથમિક શિક્ષકનું જ્ઞાન તથા કાર્યપદ્ધતિ અદ્યાવત્ કરવાની સાથે આજ આ શિક્ષકોને કામ

મળવાની કંઈક વ્યવસ્થા થવી જોઈએ પૂર્વ-પ્રાથમિક શિક્ષકોની નોકરીનું કોઈ પણ પ્રકારનું ધોરણ રહ્યું નથી. સરકારે તેમના શિક્ષણની જવાબદારીમાં થોડો ભાગ લીધો છે. પણ તેમને કામ મેળવી આપવાની દૃષ્ટિથી યોગ્ય વ્યવસ્થા કરેલી જણાતી નથી. આ પહેલા શિક્ષકોને પ્રાથમિક શાળાની શરૂઆતના વર્ગમાં કામ મળતું હતું તે પણ હવે સરકારે બંધ કરી દીધું છે.

પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સંસ્થાને મદદ આપવાનું સરકારી ધોરણ એટલું અવાસ્તવિક છે કે તે સર્વ-સામાન્ય શાળા માટે હોય કે ન હોય એ સરખું જ છે. આ ધોરણે પૂર્વ-પ્રાથમિક શાળાને શહેરમાં કે ગામડામાં પૂરતું પ્રોત્સાહન મળતું નથી. આને લીધે પૂર્વ-પ્રાથમિક શિક્ષકોની બેકારી વધતી જાય છે. આ બેકારીનું પરિણામ અધ્યાપન સંસ્થા ઉપર જણાય છે. જો આમ જ ચાલુ રહે તો પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા એક પછી એક બંધ થવા માંડશે. બાલ અધ્યાપન ચર્ચા પરિષદે આ બાબતનો યોગ્ય ઠરાવ કરીને તે સમિતિને પાઠવવો જોઈએ. પૂર્વ-પ્રાથમિક શિક્ષકોની પરિસ્થિતિની તપાસ કરીને એ સંબંધી યોગ્ય ઉપાય કરવાનો પ્રબંધ થાય એ જોવું જોઈએ.

બાલ અધ્યાપન ચર્ચા પરિષદ એ મુખ્યત્વે બાલ અધ્યાપન વિષયક પ્રશ્નોની ચર્ચા કરવા માટે યોજવાની છે તે પ્રમાણે તે વિષયોની ચર્ચા પરિષદમાં થાય પરંતુ એ તાંત્રિક ચર્ચા સાથે પૂર્વ-પ્રાથમિક શિક્ષકના ક્ષેત્રમાંના મુખ્ય પ્રશ્નો સામે દુર્લક્ષ નહીં રખાય. કોઈ કોઈ વખત અહેવાલની ઝીણી ઝીણી બાબતો કરવામાં મુખ્ય વાત રહી જાય છે. એવું આ ચર્ચા પરિષદમાં ન થાય એ માટે પરિષદમાં કાળજી લેવાવી જોઈએ.

છેલ્લે આ પરિષદ ઉત્તરોત્તર અધિકાધિક કાર્યક્ષમ બને અને એનાથી પૂર્વ-પ્રાથમિક શિક્ષકો પ્રગતિને સારી ગતિ મળે એવી ઇચ્છા પ્રગટ કરીને બાલ અધ્યાપન ચર્ચા પરિષદે આ બાબતનો યોગ્ય અહીં વિરમું છું.

(અનુસંધાન પાન ૫ નું સામેણ)

પોતાનો રજીસ્ટર નંબર જણાવીને પોસ્ટકાર્ડ લખે. **દરેક માસના દિનાંક ૨૦ થી ૩૦ સુધીમાં આવેલી ફરિયાદો જ ધ્યાનમાં લેવામાં આવશે.** મહિના બે મહિના પછી કેટલાંક ગ્રાહકો ફરિયાદ કરે છે અને અંકની માગણી કરે છે તે વ્યાજબી ગણાશે નહિ. અંક નિયમિત રીતે દર મહિનાની ૧૫ મીએ પોસ્ટમાં પડે છે અને ૨૦ મી સુધીમાં ભારતના કોઈ પણ ખૂણામાં પહોંચવો જ જોઈએ. બીજું શિક્ષણ પત્રિકાના **શુભેચ્છા સિવાયના બધા ગ્રાહકોના લવાજમો સીધા ભાવનગર કાર્યાલય પર જ મોકલવા.** તે અંગે પૂછપરછ કરવી હોય તો તે ત્યાં જ કરવી. ગ્રાહકો પત્રિકાની વ્યવસ્થા જાળવવામાં મદદ કરે એવી અપેક્ષા રાખીએ છીએ.

— તંત્રી

સ્વાતંત્ર્ય દિનનો આવતા માસનો શિક્ષણ પત્રિકાનો અંક :

દર વર્ષની જેમ સ્વાતંત્ર્ય દિનના નિમિત્તે શિક્ષણ પત્રિકા વિશેષ અંકના રૂપમાં પ્રકટ થાય છે. આવતા માસનો અંક ' પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ વિશેષાંક ' તરીકે દિનાંક ૧૫ ઑગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવશે. આ અંક બાલઅધ્યાપન સંસ્થાઓના ચાલુ વિદ્યાર્થીઓને ઉપયોગી હશે. આ અંકની નકલો જે વિદ્યાર્થીઓને જોઈતી હશે તેઓ પોતાની સંસ્થા દ્વારા અમને જણાવે તો જોઈએ તેટલી નકલો સંસ્થા પર મોકલી શકાશે. બાલઅધ્યાપનના ચાલુ વિદ્યાર્થીઓને શિક્ષણ પત્રિકા રૂ. ૩ માં આખું વર્ષ મળશે. જે વિદ્યાર્થીઓ આ રીતે ગ્રાહકો થયા છે તેઓને પત્રિકાનો અંક ચાલુ અંકની જેમ જ મળી જશે. ગ્રાહકો નથી એવા વિદ્યાર્થીઓ માટે છૂટક અંકનું મૂલ્ય ૫૦ નયા પૈસા હશે.

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] જુલાઈ ૧૯૫૯ [અંક : ૪

નૂતન બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

મુંબઈ : દિનાંક ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ ના બનેલી છે અને તેનું મુખ્ય કાર્ય પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓની પરીક્ષાઓની વ્યવસ્થા કરવા પૂરતું જ મર્યાદિત છે.

આજ મુંબઈ રાજ્યના બાલ અધ્યાપન મંદિરોના અધ્યાપકોની ચર્ચા પરિષદ યોજવામાં આવી છે. આ પરિષદમાં પહેલે દિવસે રાજ્યના કેળવણી-ખાતાના ઉપનિયામક ડૉ. શ્રી. ડી. વી. ચિકરમને તથા કન્યાશાળાઓના નિરીક્ષક બહેન શ્રી. મિલેકિકર પરિષદમાં આવેલા બધાં અધ્યાપકોને તેમ જ મુખ્યા-ધ્યાપકોને મળશે. રાજ્યે હમણા નીમેલી કેન્દ્રીય પૂર્વપ્રાથમિક શિક્ષણ સમિતિના ડૉ. ચિકરમને તથા શ્રીમતી સૌ. મિલેકિકર અનુક્રમે પ્રમુખ તથા મંત્રી છે. પરિષદમાં ચર્ચવા માટે જે કેટલાક વિષયો સૂચ-વવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે : (૧) પૂર્વ-પ્રાથમિક શાળાનો શિક્ષણક્રમ, (૨) પૂર્વ–પ્રાથમિક શાળાના પાઠોનું સ્વરૂપ તથા તેના પ્રશિક્ષણની વ્યવસ્થા, (૩) વ્યક્તિગત તથા વર્ગના અવલોકન તેમનો વિકાસ, (૪) પૂર્વ–પ્રાથમિક શાળાનું સમયપત્રક, (૫) પૂર્વ–પ્રાથમિક સંસ્થાઓમાંના હસ્તવ્યવસાયની મર્યાદા, (૬) સામાજિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમનો વિકાસ, (૭) મૌખિક પરીક્ષાઓનું તંત્ર તથા મૂલ્યાંકન, (૮) ૧૯૫૯ પરીક્ષાનો અનુભવ, (૯) પૂર્વ–પ્રાથમિક શિક્ષકો માટેના સંસ્કાર વર્ગનો શિક્ષણક્રમ, (૧૦) પરિભાષાનો પ્રશ્ન, (૧૧) કાર્યાલય પોથીની યોજના, (૧૨) બાળમાનસશાસ્ત્રનું અધ્યાપન શી રીતે થવું જોઈએ. (૧૩) પુસ્તકાલયનો ઉપયોગ, (૧૪) પ્રશિક્ષણ શાળાનું સમયપત્રક.

મુંબઈ : કેન્દ્રીય પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સમિતિ એ પ્રાથમિક શિક્ષણ સમિતિના જ કેટલાક સભ્યોની

કોલ્હાપૂર : રાજ્યના કેળવણીખાતાના મુખ્ય નિયામક શ્રી. પવારના હસ્તે અહીંની વારાણની વિદ્યાપીઠ સંસ્થાના ઉપક્રમે શરૂ થતાં બાલઅધ્યાપન મંદિરનું ઉદ્‌ઘાટન સમારંભપૂર્વક કરવામાં આવ્યું. પહેલા છ વર્ષે સંસ્થામાં એક વર્ષીય શિક્ષણક્રમના બે વર્ગો કાઢવા પડ્યા છે.

નવમી શિષ્ટવાંચન પરીક્ષા : વડોદરાવિભાગ પુસ્તકાલય મંડળ તરફથી શિષ્ટવાંચનના પ્રચાર માટે લેવાનારી ૯મી શિષ્ટવાંચન પરીક્ષા દિનાંક ૨૬ સપ્ટેંબર ૫૯ ને વાર રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. કેન્દ્ર ખોલવા તથા શિષ્ટવાંચન પરીક્ષાના નિયમો અને પરીક્ષાની જાહેરાત માટે લખો : વડોદરા વિભાગ પુસ્તકાલય સેંટ્રલ લાયબ્રેરી, વડોદરા.

શ્રી મીઠાપૂર બાલમંદિર તથા બાલવાડી ચલા-વવા ટ્રેડ અનુભવી શિક્ષક તથા શિક્ષિકાઓ જોઈએ છે. પગાર, અનુભવ તથા પ્રમાણપત્ર સાથે સંચાલક મીઠાપુર બાળમંદિર મીઠાપુર ઓખામંડળ–સૌરાષ્ટ્રના સરનામે લખો.

ગુજરાતી શિક્ષણ પત્રિકા અંગે અગત્યનું :

જે કોઈ જૂના અથવા નવા ગ્રાહકને ગુજરાતી પત્રિકા દર મહિનાના દિનાંક ૨૦ સુધી ન મળે તે તરત જ **વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા, સરસ્વતી પ્રેસ, દાણાપીઠ : ભાવનગર**ના સરનામે તરત જ

(અનુસંધાન પાન ૪

વાલી વિભાગ

કેવાં છે અને કોણ છે આ બાળમંદિરનાં બાળકો ?

કોણ છો તમે ? અધ્યાપન મંદિરનાં વિદ્યાર્થીઓ ! તમને બાળમંદિરમાંના અને અધ્યાપન મંદિરનાં બાળકોમાં કામ કરવાનું છે કેમ ! એટલે બાળકોનો પરિચય તમારે કરી લેવો જોઈએ. આ બાળકોને પોતાની ભાવનાઓ હોય છે. તેમને પોતાના વિચારો હોય છે અને તે પ્રમાણે તેઓ વર્તે છે. આ બાળકોનો તમારે અભ્યાસ કરવાનો છે. તમારા અભ્યાસની દૃષ્ટિથી એક સારી વાત એટલે આ બાળકોને જે કંઈ લાગે તે પ્રમાણે સાધારણ રીતે તેઓ સીધેસીધું કરતા હોય છે, જે મનમાં આવે તે સંકોચ વગર બોલી દે છે. મોટી વ્યક્તિઓનું મન જેમ પડદાની પાછળ સંતાઈ શકે છે તેવી રીતે આ બાળકોને પોતાના મનમાં જે લાગે તે સંતાડતા આવડતું નથી. એટલું ખરું કે તેમનો અનુભવ તમારા જેટલો બહુવિધ હોતો નથી. એ મર્યાદિત હોય છે. એમનાં કામમાં તમે વિઘ્ન ઊભું કરો તો તેઓ રડશે અથવા ગુસ્સે થશે અને કદાચ તમને શિક્ષા કરશે. એક જ પ્રકારની પરિસ્થિતિમાં એક બાળક રડે છે અને બીજું બાળક ગુસ્સે શા માટે થાય છે ? એનો તમારે વિચાર કરવો પડશે. ઘરની મોટી વ્યક્તિઓના વર્તનથી નાનાં બાળકોના વર્તનનું સ્વરૂપ ઘડાય છે. તમારું બોલવું, તમારું વર્તન અને તમારી પાસે આવવાનું તેમને ન ગમે તો તેઓ સંકોચ વગર કહેશે, " તમે બહુ બરાબ છો. " " તમે ગાંડા છો. " " તમે અહીંથી જતા રહો, " તેઓ આવું શા માટે કહે છે તે સમજવું બહુ અઘરું નથી. તેમને સમજી લેવાનો માત્ર આપણો પ્રયત્ન હોવો જોઈએ.

આ બાળકોનું મન હજી વધુ એ બાબતને લીધે સમજવું સહેલું છે. તેમનું વર્તન ઝડપથી બદલાતું હોય છે. ક્ષણમાં રડશે અને તરત તેઓ ભૂલી જઈને તેઓ હસવા લાગશે. મનમાં આવે એટલે તરત બોલી દે અને તરત ભૂલી જશે. તેમના મનમાં કંઈ જ લાંબો સમય સુધી ઘર કરી બેસતું નથી. જુદી જુદી પરિસ્થિતિમાં તેમનું વર્તન જુદું જુદું હોય છે. તમે પોતાના વર્તનમાં ફેરફાર કરીને તેનો કેવો જુદો જુદો અનુભવ આવે છે તે અજમાવીને જુઓ. એમાંથી તેઓની સાથે કેવી રીતે વર્તવું એનો સારો એવો પાઠ તમને મળશે.

અને આ તેમનામાંની ભિન્નતા !

તેમનો અનુભવ મર્યાદિત હોવા છતાં જેટલી વ્યક્તિ તેટલી તેમની ભિન્ન પ્રકૃતિ. એક જણ બીજા જેવો નથી આમ કેમ હશે ? આપણે બાળમંદિરના થોડાંક બાળકોની ઓળખાણ કરી લઈએ.


વિભાની વાત :

આ જુઓ સામેથી વિભા આવે છે. શું તંદુરસ્ત શરીર છે એનું ! એના શરીરની વૃદ્ધિ સારી થએલી લાગે છે. બધી બાબતમાં એ સ્વતંત્ર છે એનું કામ કશે અટકતું નથી. એને જે કરવું હોય તે પોતાની બુદ્ધિથી એ પાર પાડે છે. કેટલી યે પ્રવૃત્તિમાં એને રસ છે. બધી પ્રવૃત્તિમાં એનું લક્ષ હોય છે.

વિભાના ઘરનું વાતાવરણ તેને બધી રીતે પોષક છે, એ શાળામાં કેમ આવે છે તે જ જુઓને ! શાળામાં આવીને તરત એ કામે લાગે છે. કામમાં વળગેલી જ હોય છે. શાળામાં પહોંચતાં પહેલાં જ શાળામાં શું કામ કરવું એ એને નક્કી કરેલું હોય છે. શાળામાં આવીને હસતે મોંએ એ શિક્ષકને જાણે કે નમન કરે છે. તેને મોટી વ્યક્તિઓ

ગમે છે. તેઓ શું કહે તે એને સાંભળવું ગમે છે. તેમ છતાં તેનો મોટા ભાગનો સમય પોતાના મિત્રો સાથે રમવામાં પસાર થાય છે. એને સંગીતનો સૌથી વધારે શોખ છે. તેવી જ રીતે વાર્તા સાંભળવી પણ ખૂબ ગમે છે. અને એન કેમ વાર્તા કહે છે, કેવી રીતે કહે છે; એ ધ્યાનપૂર્વક જુએ છે, ને સાંભળે છે. કદીક વચમાં એ પ્રશ્નો પૂછે છે, કેટલીક વાર્તાઓમાં પોતાનો અભિપ્રાય પણ વ્યક્ત કરે છે. તેમાં એની કલ્પનાશક્તિનો અને બુદ્ધિનો ચમકારો દેખાઈ આવે છે, આજુબાજુની વ્યક્તિઓ જે કંઈ બોલે છે તે એને ઝટ લઈ ને સમજાય જાય છે. તેના બોલવામાં તર્કશુદ્ધ કાર્યકારણ સંબંધ દેખાય છે. એક વાર એના હાથમાં ક્રેપ પેપરનો એક કટકો આવ્યો એને જ્યારે એણે તાણીને જોયો ત્યારે તે બોલી, "રબ્બર જેવો લાગે છે કેમ ખરું ને ?" એના ઘરના સંબંધમાં મીઠાશ હોવાનું દેખાય છે. બા માટે, બાપુજી માટે અને ભાંડુઓ માટે કંઈક યોજના ઘડતી દેખાય છે. "અને હવે આ મારે માટે ?" એમ પોતાની પણ બરાબર કાળજી લેતી જણાય છે. તેને શાળાની મોટી વ્યક્તિઓ અને પોતા ઉપર વિશ્વાસ છે તેના પિતા તેના તરફ ધ્યાન રાખે છે. તેના પિતા એક વેપારી છે. કામધંધાની ધમાલનું તેમના શાંતપણા ઉપર કોઈ પણ પરિણામ દેખાતું નથી બાળકો કામમાં હોય તો તેમનું પૂરું થાય ત્યાં સુધી તે શાંતિથી વાટ જુએ છે. બાળમંદિરમાં પણ વિભાના બાપુજી આવે છે. ત્યાં શી શી પ્રવૃત્તિઓ ચાલે છે તે ધ્યાનપૂર્વક જુએ છે. તેને લીધે વિભાને ગમે છે.

વિભા ત્રણ વર્ષની જ છે. તેનામાં રહેલું મળતાવડાપણું અને બીજાં સાથે સંયોજન સાધવાની પાત્રતા કંઈ વિશેષ દેખાય છે. "કોઈ આપણી વસ્તુ લઈ લેશે કે ! કોઈ આપણું કામ બગાડી નાંખશે કે" એવી કોઈ જ બીક તેના મનને સ્પર્શતી નથી. પોતા ઉપર કોઈ આક્રમણ કરે છે એવું પણ તેને કદી જ લાગતું નથી. નહિ તો આ વયના બાળકો ઉપર કદી જ કોઈનો વિશ્વાસ બેસતો નથી. તેમના મન ઉપર સતત ચિંતાનો ભાર જણાતો હોય છે. તેને લીધે તેને નડનારો સામાજિક પ્રશ્ન એને સરળ ફરી લીધો છે. થોડા દિવસ ઉપર જ એ ઢીંગલી ઘરના ખૂણામાં ગઈ હતી. ત્યાં વિજય અને વીણા રમતાં હતાં. એને આવતી જોઈને તે બન્ને બોલ્યાં, "નારે અહીં અમારાં ઘરમાં નથી આવવાનું." વિભા અટકી ગઈ. થોડીવાર તેને વિચાર કર્યો અને બોલી, "ઠીક ત્યારે ! હું ત્યાં ખૂણામાં રમીશ. તેણે ત્યાં ગાડી કરવાની રમત લીધી અને ગાડી બનાવવાની શરૂઆત કરી કે વિજય અને વીણા બોલ્યાં, "આપણે આપણા ઘરને તાળું જ મારી દઈએ તો એ કેવી રીતે આવી શકે ?" વિભા શાંતિથી બોલી, "હું કંઈ તમારા ઘરમાં આવીશ નહિ તાળું મારવાની કંઈ જ જરૂર નથી."



થોડો સમય પસાર થયાં પછી વિભાએ પૂછ્યું, " હું તમારા બારણે ટકોરા પાડું એટલે તમે મને અંદર આવવા દેજો.

વીણા બોલી, " હા, બરાબર ! થોડીવાર પછી આવજો. અમે રસોઈ કરી લઈએ. "

થોડી વાર પછી વિભાએ વીણા–વિજયના ઘરને બારણે ટકોરા પાડ્યા. અંદરથી વિજય–અને વીણા બન્ને બોલી ઊઠ્યાં, " આવો, આવો, કોણ છે ? "

વિભાના પોતાના વર્તનમાં પોતે ફેરફાર કરી શકે એવી પાત્રતા છે. તેને બીજાની રમતમાંની જરૂરિયાતો સમજાય છે એક વખત રમતમાં તેણે અનંતને કહ્યું, " તું બાબો થા ને હું તને ફરવા લઈ જઈશ." અનંતને પોતાને નાના થવું અને વિભાનું કહ્યું માનવું ન ગમ્યું તેથી તે બોલ્યો, " હું નથી થવાનો બાબો "

એટલે વિભા બોલી, " ભલે હું થઈશ. મને તું ફરવા લઈ જઈશ ? " આમ કહેતા એના મનનો ઉત્સાહ જરાયે ઓછો થએલો ન જણાયો.

વિભાને કેટલી એ વાતો આવડતી હતી. ચિત્રકામમાં માટીકામમાં એ એકાગ્ર થઈ જતી. એક દિવસ અડધા કલાક સુધી તે માટીનાં નાનાં રમકડાં રંગાતા જોતી બેઠી હતી. રંગ થતી વખતે રંગના જે જુદાં જુદાં મિશ્રણો બનતાં હતાં તે તરફ ઝીણવટથી જોનારી બધાં છોકરાંઓમાં આ એક જ છોકરી હતી. કોઈ એને ખૂબ જ ત્રાસ આપે ત્યારે તે રડતી, અને હાથમાંનું જે રમકડું હોય તે જોરથી પછાડતી. એ કોઈ દિવસ પોતાની ભાવનાઓ દાબી દેવાનો પ્રયત્ન ન કરતી. તેનો ગુસ્સો પણ ગેરવ્યાજબી ન હોય.

વિભાનો દાખલો એટલે બાળકનાં કુટુમ્બનું વાતાવરણ બાળકને અનુકૂળ હોય ત્યારે કેવો વિકાસ થાય તેની કલ્પના આપવા માટે પૂરતો થાય.

બીજી વાત અશોકની છે !

અશોકનો આખો બાંધો જ નાનો અને તેમાં યે તે શરીરે પાતળો છે. વિભાનો અને તેનો રંગ સરખો જ છે પરંતુ વિભામાં જે જોમ અને ઉત્સાહ દેખાય છે તે અશોકમાં દેખાતા નથી. બુદ્ધિમાં એ વિભા કરતાં થોડો વધારે છે પણ પ્રશ્ન સામે આવે કે તેનું વલણ એ ટાળવા તરફ હોય છે. ઘણા દિવસથી એ શાળામાં આવે છે પરંતુ આવતી વખતે એ માનો પાલવ છોડતો નથી. શાળામાં એ લગભગ શિક્ષકની સાથે જ ફરતો દેખાય છે. પોતાની મેળે એ કદી જ સાધન રમવા માટે લેતો નથી. શિક્ષક સૂચવે, કહે ત્યારે લે. સાધનથી રમતો હોય ત્યારે એને આપણી તરફ ધ્યાન રાખવું જોઈએ એવું એને લાગે છે. કોઈકિ વાર એ બીજાં બાળકો સાથે થોડી વાર રમતો દેખાય છે. રેતીના ખાડામાં એ કોઈ કોઈ વાર રમવા ઊતરે છે પરંતુ તેમાં પણ કોઈ વિરોધ કરે એટલે એ પાછો ફરી જાય છે.

મોટી મંડળીના કામમાં પણ અશોકનું ધ્યાન હોય છે. તેનો ખોરાક ખૂબ ઓછો હોય છે. કોઈ એને ખવડાવે તો એ ખાય. એ ચાર વર્ષનો છે પરંતુ એના વર્તનમાં વિભાની મોકળાશ દેખાતી નથી. અશોકને પેટ સાફ આવતું નથી એટલે એની મા સતત કાળજી રાખે છે. કોઈ પણ રોગચાળો ચાલતો હોય, હવામાનમાં ફેરફાર થાય કે અશોક સપડાયો જ છે ! તેના આરોગ્ય માટે એના કુટુમ્બના માણસો વધારે પડતી કાળજી લેતા હોય છે. " બૂબ રમતો નહિ હાં. થાકી જઈશ. " બેન આની તરફ જરા ધ્યાન રાખજો. એને કશું ભાન નથી કે સમજતું નથી. " આવાં સૂચનો શિક્ષિકાબેનને આપીને એની મા શાળામાં મૂકી જાય છે. એના પોષાકમાં પણ પણ માતાની વધારે પડતી કાળજી જણાઈ આવે છે. કપડાના વધારે પડતા લબાચાને લીધે એનાથી મુક્ત હિલચાલ કરી શકાતી નથી.

અશોકના પિતા હમેશ ઉતાવળમાં હોય છે. શાળામાં એની પ્રગતિ જોવાને આવે તો પણ તેઓ સ્વસ્થ હોતા નથી. આવે ત્યારથી સતત સૂચના આપતા હોય છે. " બૂટ કાઢવવાળા કરતો નહિ "

કપડાં ભીનાં નહિ કરવાનાં.” દરેકને નમસ્કાર કરવા તથા નામ કહેવાનો એમનો આગ્રહ પણ એટલો જ.

અશોકને ચિત્રકામની હોંશ જણાય છે એ ખૂબ સમય સુધી આ પ્રવૃત્તિમાં બેસે છે. સીધી લીંટીઓ દોરે છે. જુદા જુદા રંગના લપેટા કરે છે. અન્ય છોકરાઓ એનો તરફ ખાસ ધ્યાન આપતા નથી. એ પણ કોઈની વચમાં પડતો નથી. બાળકના વ્યક્તિત્વમાં બાળકનું જ વ્યક્તિત્વ દેખાવું જોઈએ ખરું ને ? અશોક આવી રીતે કેમ વર્તતો હશે ? એના મન ઉપર ભાવનાત્મક ક્ષોભ ખૂબ હશે કે ? કુટુમ્બમાંની અતિકાળજીના વાતાવરણમાં અશોક તેવી જ કાળજીનો ભાર વહોરતા શીખ્યો હશે કે !

પ્રફુલ્લની વાત :

દડાની જેમ પ્રફુલ્લ હમેશ દોડતો હોય છે. બાલમંદિરમાં તે સતત અહીંથી તહીં દોડતો હોય છે. બાલમંદિરમાં દાખલ થાય કે તેની નજર બધે ફરતી હોય છે અને એકદમ ચાલતી રમતમાં દાખલ થઈ જાય છે. બાલમંદિરમાં થએલા સૂક્ષ્મ ફેરફાર એના ધ્યાનમાં આવે છે. બેનની સાડીનો રંગ તેમણે વેશ-ભૂષામાં કરેલો ફેરફાર તરત પ્રફુલના ધ્યાનમાં આવી જાય છે. બાળકોના જૂથમાં દાખલ થાય કે પ્રફુલ્લના વ્યક્તિત્વને વિશેષ રંગ આવેલો દેખાય છે. તે ઝટ-ઝટ બોલે છે અને બાળકોને પોતાની તરફ ખેંચ-વાનો પ્રયત્ન કરે છે. બીજાં બાળકો એની પાસેથી દૂર થાય છે, કારણ પ્રફુલ્લને બીજાનો વિરોધ સહન થતો નથી. એની ઇચ્છાની વિરુદ્ધ કોઈ બાળક કરે કે ધડ દઈને લગાવી દે. આ છોકરો એટલો બધો ચપળ અને ધમાલીઓ છે કે બેન એના ઉપર નિયં-ત્રણ રાખી શકતા નથી. એ બીજાની વસ્તુઓ ઝૂંટવી લેશે. બીજાં બાળકો જે કંઈ કરતાં હશે એ જ એને કરવું હોય છે. કોઈ હિંચકતું હોય કે પ્રફુલ્લને હિંચકા ખાવાનું મન થઈ જાય છે. કોઈ કોદાળી લે કે એને એ જ કોદાળી લેવાનું મન થાય છે.

પ્રફુલ્લની બુદ્ધિ ચમકદાર છે. પણ કોઈ કોઈ વાર તેની વિચિત્રતાનું બધાને જ આશ્ચર્ય થાય છે. કંઈક બધાંથી જુદું કરીને જ એ બધાનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરે છે. પ્રફુલ્લને ચોપડીઓ ખૂબ જ ગમે છે. તેમાંએ એને કોઈ એમાંની વાર્તાઓ વાંચી સંભળાવે તો વાંચનાર થાકી જાય પરંતુ એ થાકતો નથી અને ચોપડીમાંની વાતો તરફ તેનું પૂરેપૂરું લક્ષ હોય છે. મોટી વ્યક્તિઓની સૂચનાઓ એ તરત સમજે છે. એ સારું નેતૃત્વ પણ કરી શકે છે. પરંતુ એનાથી પોતાની ભાવનાઓ આવરી શકાતી નથી. પોતાનાથી બીજા બાળકને જ્યારે ખરેખર દુઃખ થાય ત્યારે એને પોતાને પણ બરાબ લાગે છે.

પ્રફુલ્લ આમ કેમ વર્તે છે ? પ્રફુલ્લના કુટુમ્બની સતત બદલી થએલી દેખાય છે. નાનપણથી જ પ્રફુલ્લે મોટી વ્યક્તિની જેમ ડાહ્યા થઈને વર્તવું જોઈએ એવો એના માતાપિતાનો આગ્રહ જણાય છે. આ આગ્રહને લીધે પ્રફુલ્લને કેટલી યે વાર માર પડ્યો છે “એને આમ જ બોલવું જોઈએ, આમ જ બેસવું જોઈએ. આમ જ કપડાં પહેરવાં જોઈએ.” એમ સતત સૂચનો મળતાં હોય છે. માતાપિતાની શિસ્તની કલ્પના કડક છે. પ્રફુલ્લને એની ભાવનાઓનો છૂટથી આવિષ્કાર કરવાનો અવકાશ જ મળતો નથી. પ્રફુલ્લ શાળામાં આવી રીતે કેમ વર્તે છે ? એ અંગેની તેના કુટુમ્બની પાશ્વભૂમિમાંથી કંઈક ખુલાસો મળે છે કે ?

આ આવા છે બાળમંદિરનાં બાળકો ! એમ-નામાં આપણે કામ કરવાનું છે. તેમના વર્તનના નિયમો શોધવાના છે. પરંતુ આ કરતી વખતે અપવાદ હોવાનો સંભવ છે એ પણ સ્વીકારવું જોઈએ. આપણે પણ એક વાર બાળક હતા ને ! આપણા વર્તનમાં બાળકની દૃષ્ટિથી ફેરફાર કરવાનું વિચારીએ તો આપણે પણ આપણું નિરીક્ષણ કરવું જોઈએ. અને બાળકોની સાથે કેવી રીતે વર્તવું જોઈએ તે નક્કી કરવું જોઈએ.

(કે. એચ. રીડના લેખના આધારે)

— શે. ના. નાબલે

ક્ષો ભ — પ્ર ક્ષો ભ

બાલપ્રવૃત્તિ સીનેમા જેવી રસિક છે

હું ઘણીવાર લોકોને કહું છું કે મને બાળકોની પ્રવૃત્તિ જોવામાં અને એમની વચ્ચે થતી વાતો સાંભળવામાં સીનેમા જોતો હોઉં એવો આનંદ આવે છે.

આમ કહેતી વખતે મને કદી યે એમ સ્વ-ભાન જોતો હોઉં એવું યાદ નહોતું આવતું.

વળી સીનેમા જોવામાં મને કેવો રસ છે એ પણ સામેના માણસો ભાગ્યે જ કલ્પી શકતા હશે. અલબત્ત સામાન્યતઃ સીનેમા જોવામાં સૌને રસ હોય છે.

પણ ગઈકાલે એવી પ્રવૃત્તિ જોવા મળી કે એ જ વખતે મોંમાંથી વાચા ફૂટી નીકળી:

'હાં...આ...જુઓ આ રહી એવી બાળકની પ્રવૃત્તિ જે અત્યારે મને સીનેમા જેટલો રસ આપી રહી છે!—આને જ હું કહું છું મને સીનેમા જોવા જેટલો રસ પડે છે તે!

સવારે હું ઓસરીમાં ઘળતો હતો. પાસેની બારીમાંથી બહાર બગીચો મને દેખાતો હતો. હમણાં બગીચામાં જ ગાયો બંધાય છે.

એટલામાં રૂપા પોતાનાં કપડાં લઈને બગીચામાં આવી અને ગોપી (ગાય) પાસે પડેલી બાલદી તરફ જોતી ઊભી રહી.

એ કંઈક ગીત ગણગણતી હતી.

એને પોતાને નહાવા માટે એ બાલદી જોઈતી હતી. અને બાલદી તો છેક ગોપીના મોં પાસે પડી હતી!

હવે?

શીંગડાંવાળાં પ્રાણીનો વિશ્વાસ ન કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે! રૂપા પણ એમ વિશ્વાસ કરવા તૈયાર નહોતી. એટલે શીંગડાનો ભોગ થયા વગર પેલી બાલદી કેમ લેવી એના વિચારો એના મનમાં ચાલતા હશે.

એ આમ ફરે તેમ ફરે અને ગીત લલકારતી ઘડી બાલદી સામે તો ઘડી ગોપી સામે જોઈ રહે! હું ઘળતો ઘળતો આ જોયા કરતો હતો.

મને બહુ મજા પડતી હતી!

હવે એ કેવી રીતે બાલદી લે છે, એ જોવાની મજા પડશે એવા ભવિષ્યના આનંદની આગાહીથી હું આનંદ અનુભવી રહ્યો હતો.

અલબત્ત આ ઠેકાણે ભલો શિક્ષક તો તરત ઊઠીને નાની બાળક એવી રૂપાને એની મુશ્કેલીમાંથી દૂર કરવા પોતે બાલદી લઈને રૂપાને આપી દે.

પણ હું એવો 'ભલો' શિક્ષક નથી.

હું તો બાળકના માનસનો પ્રેક્ષક થવામાં આનંદ લેનારો છું. અને એમ જ સીધું બાળકોમાંથી જ માનસશાસ્ત્ર વાંચ્યું છું. પુસ્તકોને હું બીજું સ્થાન ન આપું છું. પુસ્તકોનું કામ—આપણે જે અનુભવ કરીએ તેનો તાળો મેળવવા માટે ગણું છું.

પુસ્તકનાં સત્યોને હું અહીંથી સાક્ષાત્ જગતમાં જ્યારે દેખું છું ત્યારે જ એને સ્વીકારું છું.

આમ એક બાજુ માનસવિદ્યાની મારી ભૂખ મને એમ મદદ કરવા નથી દેતી. જ્યારે બીજી બાજુ હું—શિક્ષક—બાળકનો રસ્તો સહેલોસટ્ટ કરવો કે તકલીફ વગરનો કરવામાં નથી માનતો.

એટલે હું ઊઠ્યો નહીં.

હું મુંગો મુંગો અને રૂપાને ખબર ન પડે એમ જોતો રહ્યો.

રૂપા એમ જ ગણગણતી આગળ વધી પણ ગોપીએ મોં ઊંચું કર્યું એટલે એ પાછી હઠી ગઈ.

રૂપા બહુ મજાની છોકરી છે!

એ તો ગાય સાથે પણ વાતો કરેઃ

'મારે બાલદી જોઈએ છે ગોપી. તું પેલી બાજુ ચાલી જા એટલે હું બાલદી લઈ લઉં.'

પણ ગોપી એનો અર્થ એવો સમજી કે આ છોકરી એને કંઈક ખાવા દેવા આવી છે. એટલે એ તો ઊલટી એના તરફ ફરી!

અને એટલે રૂપાને દોડીને દૂર ચાલ્યું જવું પડ્યું.

ત્યાં આવ્યા સુરેશભાઈ. એ નળ ઉપર પાણી લેવા આવેલા.

'સુરેશભાઈ, પેલી બાલદી લઈ આપોને.' રૂપા બોલી.

'લઈ લોને, લઈ લોને. ગોપી મારતી નથી. નહીં મારે સાચે જ.'

પણ એ ઉત્તેજન પૂરતું નહોતું.

છતાં રૂપાએ એક લાંબું ચક્કર લેવા માંડ્યું. અને પાછળ જઈને એ બાલદીની નજીક પહોંચી. એ લઈ જ લેત.

પણ ત્યાં નિરંજનભાઈ એ આવીને ખેલ બગાડી નાખ્યો!

રૂપા પાછળની બાજુથી ઘણી નજીક પહોંચી ગઈ હતી. છતાં હજુ એ હાથ લાંબો કરતાં અચકાતી હતી.

અને ત્યાં જ નિરંજનભાઈ આવ્યા અને જોતાં જ બોલી ઊઠ્યાઃ

'હા, હા, રૂપાબેન લઈ લો, લઈ લો. ગોપી તો બહુ ભલી છે. એ જરાકે મારતી નથી, લાવો હું લઈ આપું.'

અને એ સીધા ગોપી પાસે ગયા અને ગોપીનું માથું એક હાથથી પકડીને બીજે હાથે બાલદી ઉપાડીને રૂપાને આપી દીધી.

અને પછી એ બે ય હાથે ગોપીનું મોં લઈને એને લાડ કરતા બોલ્યા.

'જુઓ ગોપી તો બહુ જ ભલી છે, એ તો કદી ય કોઈને મારતી નથી – કેમ ગોપી?'

એમ કહેતા એના માથા સાથે પોતાનું માથું ઘસતા લાડ કરવા લાગ્યા,

અને રૂપા બાલદી લઈને રસ્તે પડી!

૨૩–૪–૫૯

હોજ અને માનસશાસ્ત્ર

અહીં મારી ઓફીસ સામે જ હોજ છે.

એ હોજ પણ સાવ નકામો નથી? એ પેણ જ્ઞાનની પરબ માંડી બેઠો છે!

આજ પાંચ વર્ષથી જોતો આવું છું કે બાલકો એ હોજમાં હાલતાં ચાલતાં પથરા. લાકડાં, કચરો વગેરે નાખ્યા જ કરે છે. અરે ઘણા તો થૂંકવાનું પણ એમાં કરે છે!

ચોમાસા સિવાય હોજ ખાલી જ હોય છે. એટલે એ જાણે કચરાની ટાંકી હોય તેમ જ બધાં બાળકો એનો ઉપયોગ કરે છે! – અનેક વખત મના કર્યા છતાં ય!

અને ઘણી વાર તો 'કાકા' ન દેખી જાય એનું ધ્યાન રાખીને પણ કચરો ફેંકાય છે!

આમાં ખાસ તો એક દિવસ કેટલાક મુલાકાતીઓ આવેલા ત્યારે મારું વિશેષ ધ્યાન ખેંચાયું.

એ મુલાકાતીઓમાં થોડા કેળવણીકારો પણ હતા.

એમને મેં આ હોજની વાત કરી અને બાળકો કેવાં એમાં વસ્તુઓ નાખવા 'ઝંખે' છે તેની વાત કરી.

એ વખતે હું અને એ મુલાકાતીઓ હોજ પાસે જ ઊભા ઊભા ફળ ખાઈ રહ્યા હતા. અને હું ખાતાં ખાતાં એ વાત કહી રહ્યો હતો.

એ બધાં બાળકોની એ વિચિત્રતા ઉપર હસતા હતા.

એ વખતે ખરાબ થયેલા હાથ ધોવરાવવા નથ્થુ આવ્યો.

(અનુસંધાન પાનું ૧૨

ક્રીડાંગણ વિષેની રાષ્ટ્રીય નીતિ ઘડવાની અગત્ય

દુનિયાના કોઈપણ દેશમાં રમતગમતના વિકાસનો ઘણો આધાર રમતનાં મેદાનો અને સાધનસામગ્રીની પ્રાપ્યતા પર રહેલો છે. આપણા જેવા વિશાળ દેશ માટે આ પ્રશ્ન ઘણો વિશાળ છે. કારણ કે આપણે લગભગ શૂન્યમાંથી શરૂઆત કરવાની હતી.

કોઈ પણ દેશની કલ્યાણ નીતિનો ઉદ્દેશ, પ્રજાનું કલ્યાણ સાધવા અને વધારવા માટે, જાહેર તેમજ ખાનગી સંસ્થાઓએ પાર પાડવાના ધ્યેયોની રૂપરેખા આલેખવાનો હોવો જોઈએ. આપણી અસંખ્ય સામાજિક જરૂરિયાતો પૈકીની એક જરૂરિયાત, બાળકો અને યુવકો માટે પૂરતી ક્રીડાંગણ પ્રવૃત્તિઓ વિષેની છે. આપણે હવે ખાનગી કાર્યશક્તિ અને સ્વૈચ્છિક પ્રયાસના તબક્કામાંથી, દેશની સામાન્ય નીતિમાં સુસ્પષ્ટપણે સમાવિષ્ટ કરાયેલી ક્રીડાંગણ વિષેની રાષ્ટ્રીય નીતિના તબક્કા સુધી આગળ વધવાનું છે. આવી સુસ્પષ્ટ નીતિ જ યોગ્ય સ્થળે આવેલાં રમતગમતનાં મેદાનો દેશને પૂરાં પાડી શકશે.

ક્રીડાંગણનાં કાર્યો શું અને કલ્યાણ નીતિમાં એમનું સ્થાન શું ? યુવક કલ્યાણ એ એમનું મૂળભૂત કાર્ય છે. બાળક પોતાની સર્જકશક્તિ અને સ્વયંભૂ પ્રવૃત્તિઓ રમતદ્વારા વ્યક્ત કરી શકે એ આવશ્યક છે અને બાળકનાં માનસિક વિકાસનો આ તબક્કો, રમતનાં મેદાનોમાં જ શ્રેષ્ઠ રીતે સાધી શકાય છે. આથી રમવાનાં સ્થળોને સુસજ્જ અને સુઆયોજિત ક્રીડાંગણો બનાવવામાં આવે એ જરૂરી છે. વળી ક્રીડાંગણોને કુટુંબ અને શાળા જીવનના પૂરક તરીકે ગણવાં જોઈએ. તે સામાજિક દૃષ્ટિએ પરિપક્વ નાગરિકો તૈયાર કરવાનો ઉદ્દેશ રાખતી, સામાજિક અને શિક્ષણ પ્રથાના અંગરૂપ બની રહેવાં જોઈએ. કિશોરો-કુમારો માટેની આવશ્યક સેવાની ભૂમિકારૂપ બની રહે એવાં ક્રીડાંગણો માટેનાં સ્થળો પૂરાં પાડવાની કેન્દ્ર સરકારે રાજ્યોને ભલામણ કરવી જોઈએ અને તે માટે તેમને સહાય કરવી જોઈએ.

બાળક જે ઘરમાં ઊછરે છે તેની પર તેના ચારિત્ર્યનો અને સુખનો આધાર રહ્યો છે. રમતનાં મેદાનો, નર્સરી-શાળા, કીંડરગાર્ટન, વગેરેને કૌટુંબિક વર્તુળના પૂરક તરીકે જ ગણવાં જોઈએ. રેતી, ઘાસ, બેઠકો વગેરે વાળી રમતની જગાઓ બાળકોની બને એટલી સમીપ હોવી જોઇએ. એથી મોટી વયનાં બાળકો માટે રમતનાં મેદાનો પણ શકય એટલા નજીકમાં હોવા જોઈએ. ચડવા માટે ઝાડો, હિંચકા, ખોદવા માટે માટી કે રેતી અને સિંચવા માટે પાણી જેવાં સાધનો બાળકોના મનોરંજનનાં બિનખર્ચાળ સાધનો છે. કિશોરો અને કુમારો માટે વધુ વિશાળ ક્રીડાંગણો હોવાં જોઈએ અને એમાં સ્થાનિક પરિસ્થિતિ અનુસાર અનેકવિધ રમતો અને પ્રવૃત્તિઓ માટેની જરૂરી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવી જોઈએ. આવાં ક્રીડાંગણોમાં કુમાર-કુમારીકાઓને સહાય કરી શકે અને દોરવણી આપી શકે એવો ક્રીડાનેતા (પ્લેલીડર) હોય એ આવશ્યક છે. આવા ક્રીડાનેતા વિના બાળકોને અનેકવિધ પ્રવૃત્તિઓમાં રોકવાનું અશકય છે. આવા નેતામાં સંગઠક તેમજ

(પાન ૧૬ નું સાંધણ)

અને-એ બધા જ મુલાકાતીઓએ એમના હાથ બહાર ન ધોતાં અંદર હોજમાં જ ધોયા !

અને હું હસી પડ્યો !

મેં એ લોકોનું ધ્યાન એ તરફ ખેંચ્યું. અને પરિણામે અમે બધાં ફરી હસી પડ્યાં !

છેવટે હું બોલી ઊઠ્યો:

આ માનવ સ્વભાવના અભ્યાસમાંથી જ તો મોન્ટેસોરીએ દક્ષા પેટીની શોધ કરી છે !

— ઓજસ્

શિક્ષક તરીકેનું કાર્ય બજાવી શકે એવા ગુણો હોવા જોઈએ અને સૌથી વિશેષ તો તે ખેલાડી વૃત્તિની સાચી ભાવના અનુસાર વર્તન અને ચારિત્રના ધોરણો સ્થાપી શકે એવો શક્તિમાન હોવો જોઈએ.

વિશાળ ક્રીડા–કાર્યક્રમ પાર પાડવા માટે અનેક જાતનાં ક્રીડાંગણો અને સવલતોની જરૂર રહે છે. ક્રીડાંગણ એ બાળક તેમજ પુખ્તવયની વ્યક્તિ માટે મનોરંજનનું એક મુખ્ય સ્થળ છે અને તેથી તેમાં દોડમાર્ગ (રનિંગ ટ્રેક) ટેનિશ કોર્ટ, વોલી–બોલ અને બાસ્કેટ–બોલનાં મેદાનો, હોકી અને ફુટ–બોલ રમવાનાં મેદાનો, ક્રિકેટ પીચ, કપડાં બદલવાના ખંડ, ફૂવારા, સ્નાનગૃહ વગેરે વ્યવસ્થા હોય એ જરૂરી છે. આવું પ્રત્યેક ક્રીડાંગણ, અંગત જરૂરિયાતની વસ્તુ સિવાયનાં તમામ સાધનોથી સુસજ્જ હોવું જોઈએ. જેમના માબાપ પોતાનાં સંતાનોને જરૂરી અંગત સાધનો પૂરાં પાડી શકે એમ ન હોય તેમને તે પૂરાં પાડવાની કોઈક જોગવાઈ પણ આપણે કરવી જોઈએ. રમતનાં મેદાનોમાં વિવિધ રમતો માટે જરૂરી તમામ સાધનો હોવાં જરૂરી છે.

આપણે આજ સુધી રમતગમતની સાધનસામગ્રી માટે વિદેશની આયાત પર આધાર રાખતા હતા. હવે કેટલાંક સાધનો દેશમાં બનાવવાના પ્રયત્નો થયા છે અને તેમાં કેટલીક પ્રગતિ પણ થઈ છે. ક્રિકેટના બેટ જેવા સાધનના ઉત્પાદનની બાબતમાં હજુ સંતોષકારક કાર્ય થયું નથી. જો આપણે રમતને દેશના પ્રત્યેક ભાગમાં પહોંચાડવી હોય, જો અનેકવિધ રમતોના પ્રત્યેક ખેલાડીને એનાં સાધનો વાજબી ભાવે મળે એમ કરવું હોય તો, રમતનાં સાધનોનું દેશમાં ઉત્પાદન કરવાની બાબતમાં આપણે હજી ઘણો લાંબો પંથ કાપવાનો બાકી રહે છે. સરકારે દેશમાં પ્રાપ્ય ન હોય એવી કાચી સામગ્રીની આયાતની છૂટ આપીને રમતનાં સાધનોના ઉત્પાદનને ઉત્તેજન આપવું જોઈએ.

(અનુસંધાન પાન ૧૮

જીવનધારા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં ૩૦૨



ઝાડા, ઉલ્ટી, શરદી, શુળ, ખાસી, અમુંઝાણ, માથાનો દુખાવો, દાત-દાઢની, પીડા, ઈ દરદો માટે ઉપયોગી.

બધા જાણીતા દવાવાળાને ત્યાં મળશે



જે. એન. શેઠના

જીવનધારા ઓફીસ, નડીઆદ.

પ્રસંગોપાત મુખવાસ માટે વપરાતી

☆ દિલરંજન ☆

સેન્ટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત કરતી સર્વ જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો:

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિભુવન, ચોપાટી ઓફિસ, મુંબઈ–૭

બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.

ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં, શાંઢરોડ, મુંબઈ–૭.

બાળવિભાગ

ગાડી ગાડી

ગાડી ગાડી, હો ગાડી ગાડી,
એક ભતકને રમવું” તું ગાડી ગાડી,
આ તો ભારી ભાઈ વાત ભારી;
કેમ ભતકે બનાવી એ ગાડી ગાડી,
ગાડી ગાડી, હો ભારી ગાડી.
—ગાડી૦

ડગમગ એ ડોલતું ને આખો દિ બોલતું,
ચાંચો એ મારીને માટી એ ખોદતું,
બાગને એ ખૂંદતું ને કચરો એ ફેંદતું
કરડે મધમાખ તો ‘કેંક કેંક’ બોલતું,
રમવાનું શોખીન એ તાનમાં જ ડોલતું,
સાથી મળે તો વળી ભાન સાવ ભૂલતું,
એવા એ ભતકે તો ગાડી કાઢી,
ગાડી ગાડી, હો ભારી ગાડી.
—ગાડી૦

ભતકે તો બારણેથી મરઘો બોલાવીએ,
મરઘાને ગાડીનો ડબ્બો બનાવીએ,
મરઘો ચાલીને વળી કૂતરો લઈ આવ્યો,
કૂતરાને ગાડીનો ગાર્ડ જ બનાવીયો,
કૂતરાએ ટોપીને ઝંડો લગાવીયો,
મારવાની સહી નહિ બિલ્લી લઈ આવ્યો,
બિલ્લીને બચ્ચાં ચાર ગાડી જામી,
ગાડી ગાડી, હો ભારી ગાડી.
—ગાડી૦

ચુક ચુક ચેંક ચેંક ગાડી ચાલી,
ખ્યાઉં ખ્યાઉં ખહાઉ ખહાઉ ગાડી ભાગી,
‘કુક કુક કચેક કચેક’ ગાડી ચાલી,
ડગમગ ડગમગ ગાડી દોડી,
ઝટપટ ઝટપટ એ ગાડી સારી,
બધાં તો જોઈ રહ્યાં ગાડી ન્યારી,
છોકરાંને આવી ગઈ મઝા ભારી,
ગાડી ગાડી, હો ગાડી ભારી.
—ગાડી૦

ગાડી તો ભતકની રસ્તે આવી,
છુક છુક કરતી એ વચ્ચે ચાલી.
સામેથી આવતી’તી મોટર ગાડી,
સાથે એ લાવતી’તી મોટી લારી,
બંને તો ગઈ ત્યાં અટકી ગાડી.
સામેથી દેખતાં નવી ગાડી,
ડગમગ એ ડોલતી ગાડી ચાલી,
ગાડી ગાડી, હો ભારી ગાડી.
—ગાડી૦

ગાડી ગાડી, હો ગાડી ગાડી,
એક ભતકને રમવું” તું ગાડી ગાડી.
—ગાડી૦

રમેશ કોઠારી

ચાંદા મામા આવ !

"તને" રોજ બોલાવું આવ
ચાંદા મામા આવ
તારલીઆને લાવ
ધીમે ધીમે આવ.

કેમ છૂપાયો શાને રીસાયો
મુખડું તો મલકાવ. ચાંદા૦

પુરી બનાવું ખીર પકાવું
ભોજન કરતા જાવ. ચાંદા૦

ચાંદા પોળીને ઘીમાં ઝબોળી
સૌને દેતા જાવ. ચાંદા૦

સૂરજ દાદા ને વર્ષારાણીને
સાથે તેડી લાવ. ચાંદા૦

ખંડુભાઈ પટેલ

નેવલે પાણી

ઓ રે નેવલે પાણી વરસ્યાં
ટપ ટપ ટપ ટપકયાં,
રે નેવલે પાણી વરસ્યાં.

ધીરે ધીરે પાણી ટપકયાં
વર્ષારાણી ખમકયાં,
રે નેવલે પાણી વરસ્યાં.

દૂર દૂર દેશથી આવ્યા
એને દેખી મોરલાં ટહુકયાં
રે નેવલે પાણી વરસ્યાં.

ધીમે ધીમે વાદળાં સરકયાં
મહેકંતા ધરણીમાં હરખ્યાં
રે નેવલે પાણી વરસ્યાં.

બિન્દુ ગજજર

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો



ક્યાં હતી આ દેડકાંની સેના?

પહેલી વર્ષા હેલી આવી!
ધમ ધડાકા કરતી આવી,
જોર શોરમાં દોડતી આવી,
ચારે બાજુ કાદવ કાદવ.
કાદવમાંથી અવાજ આવ્યો
ડ્રાંવ, ડ્રાંવ, ડ્રાંવ, ડ્રાંવ.
દેડકાનું એ તો સૈન્ય!
એક નહિ, બે નહિ!
પાંચ નહિ, પચ્ચીસ નહિ,
સો, દોઢસો, હજાર, બે હજાર.
મોટી સેના બહાર આવી
ડ્રાંવ ડ્રાંવ કરવા લાગી
એ ક....મોટો સેનાપતિ
બાકી બધા નાના સૈનિક.

એક કરે ડ્રાંવ,
બધાં કરે ડ્રાંવ.
એક થાય ચૂપ,
બધાં થાય ચૂપ.

વર્ષા પહેલાં કોઈ નહોતાં!
ક્યાં સંતાઈ ગયાં હતાં?
આજ અહિં ક્યાંથી આવ્યાં?
વરસાદ પછી આવી પહોંચ્યાં.

એકાદ બે સંતાઈ શકે
પરંતુ આટલું મોટું સૈન્ય!
ક્યાં સંતાઈ બેઠું હશે?
ક્યાં છુપાઈ બેઠું હશે?
વર્ષા ઋતુ પૂરી થાય,
કાદવ બધો સૂકાઈ જાય,
દેડકા બધાં સંતાઈ જાય.
પડ્યા પડ્યા ઉંઘવા માંડે,
પાણી વિના તરસ્યા થાય,
ખોરાક વિના ભૂખ્યા થાય,
શ્વાસ એમનો રોકાઈ જાય,
બધા દેડકા બેભાન થાય.
સમજાય નહિ! સુઝે નહિ!
એમનાં શરીરે કાણાં હોય,
કાણાં માંથી હવા લે,
મરવા જેવા થઈને પડે,
વરસાદ આવે કે જાગી ઉઠે.
પાણી પીએ ને શ્વાસ લે,
ડ્રાંવ, ડ્રાંવ, બોલવા લાગે,
ક્રીડા અળસિયા ખાવા લાગે,
આનંદે તરવા લાગે
વરસાદમાં મઝા કરે
ડ્રાંવ, ડ્રાંવ, ગીતો ગાય.

કાશીનાથ ત્રિવેદી

રમીએ તાળી તાળી

આવો મારા બાલુડાં ને,
આવો મારા વ્હાલુડાં.
આનંદ કરીએ ભેળા મળી સહુ,
રમીએ ચોકમાં તાળી તાળી,
ખીલી છે ચાંદની રૂપાળી....
પહેલા 'પરથમ' તો ભેળા મળી,
સહુ ગોળમાં ઊભા રહીએ.
ખંજરી ને મંજરાના તાલ સૂણી સહુએ,
ઉપર ને નીચે તાળી દઈએ.
હાંરે સહુ ઘૂમીએ ગોળમાં લળી લળી,
ખીલી છે ચાંદની રૂપાળી....
પહેલી તાળી તો ઉપર ને નીચે,
બીજી આજુ ને બાજુ.
તાળીની સંગે મનના ઉમંગે,
મધુરૂ વગાડીએ શુ વાજું.
હાંરે મીઠાં ગીતડાં ગાઈએ વાળી વાળી,
ખીલી છે ચાંદની રૂપાળી....
ત્રીજી તાળીએ બેસી જઈએ,
ચોથી જોડીને દઈએ,
પાંચમી તાળીએ ઊભા થઈને,
પગના ઠમકારે ગોળ ફરીએ.
છઠ્ઠી તાળીએ રમઝટ મચાવી,
સહુ ઘૂમીએ નયણાં ઢાળી,
ખીલી છે ચાંદની રૂપાળી....

અનિરૂદ્ધ તન્ના

બાળકોને તાલનું ભાન થાય એને માટે બાળકોને ગરબે રમાડીએ છીએ. ગરબામાં કેવી રીતે તાળી પાડવી એ ગીતના શબ્દો દ્વારા જ બાળકો સમજી શકે છે.

ક્રીડાંગણ વિષે રાષ્ટ્રિય નીતિ ઘડવાની અગત્ય

(પાન ૧૩ નું સાંધણ)

જ્યારે પ્રત્યેક ગામ અને શહેરની, પ્રત્યેક શાળા અને કૉલેજને પોતાનું રમતનું મેદાન અને બાળકો માટેનાં પોતાનાં સાધનો હશે ત્યારે, આપણે આપણાં બાળકો માટે સર્વકાંઈ કરી છૂટ્યા છીએ એમ કહેવા શક્તિમાન બની શકીશું. તમામ જાતની રમતોની સવલતોનો આજે જે અભાવ છે તે સાચે જ ખેદ-જનક છે. આપણે રમતના ક્ષેત્રે યશસ્વી બનવા ઇચ્છીએ છીએ. આપણા દેશની કરોડોની વસતીમાં તે માટે પૂરતો કાચો મસાલો છે. એમને માત્ર એક તક મળવાની જ જરૂર છે.


હું કહીશ કે રમત જેવી આરોગ્યપ્રદ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી મળતા આનંદ ઉપરાંત ચારિત્ર્ય ઘડતર માટેનું સરળ અને સુંદર સાધન ક્રીડાંગણ જેવું બીજું કોઈ નથી. રમતના મેદાનમાં જ્ઞાતિ, જાતિ, વર્ગના ભેદને કોઈ સ્થાન નથી. રમત અને તે કેવી રીતે રમવી એ જ એક માત્ર મુખ્ય વસ્તુ હોય છે.

— રાજકુમારી અમૃતકૌર

" બાળકને જે કાંઈ શીખવીએ તેમાં તેના પોતાના ચિત્ત ઉપર શું અસર થાય છે, સમાજ ઉપર શું અસર થાય છે. અને પ્રકૃતિ ઉપર શું અસર થાય છે તે જાતનો અનુબંધ કરતાં શીખવવાનું છે પણ અનુબંધમાં તે જોવાનું છે કે સૌથી મહત્ત્વનો અનુબંધ બાળક સાથેનો રહેવો જોઈએ. બાળકની ઉંમર કક્ષા વગેરેનો ખ્યાલ કર્યા વગર અનુબંધ કરવા બેસીએ તો તે અનુબંધ ન રહેતાં નાટક બની જાય છે. "

[શ્રી દ. મૂ. બાલ અધ્યાપનમંદિરમાં શ્રી મનુભાઈ પંચોલીએ આપેલ વ્યાખ્યાન-માળામાંથી એક ટૂંક નોંધ ઉપરથી.]

પ્લેટો ૬૬ પેન
સૌ કોઈની
પેન છે
કારણ કે એ
મજબુત છે,
લખવામાં સરળ છે,
તેની નીબ ટકાઉ છે;
શાહી સહેલાઇથી
ઉતરે છે, બનાવટ
વિશ્વસનીય અને
દેખાવ મોહક છે



તરહેતરેહની
પ્લેટો પેન
રૂ ૪ થી
રૂ. ૨૭-૫૦
સુધીની કિમતમાં
મળે છે

PLATO

plato

66

મેહતા બ્રોડકાસ્ટ

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ

ધી બેસ્ટ ફાઉન્ટન પેન ડેપો

પો બો. નં. ૨૪૨૧, મુંબઇ

Shilpi M P. 634 GUJ


ADVERTISEMENT

પોલિસી લેવાની ઘસીને ના પાડનાર યુવાન જતે જ જ્યારે પોલિસી લેવા આવ્યો ત્યારે વીમા એજંટની નવાઇનો પાર ન રહ્યો. જ્યારે તેણે પોતાની પત્નીને નિયમિત પૈસા મળે એવા પ્રકારની પોલિસીની માંગણી કરી ત્યારે તો એજંટથી પૂછ્યા વિના ન રહેવાયુ કે આમ એકાએક વિચાર શાથી બદલાયો.

"હમણાં જ હું દેશમાં જઈ આવ્યો. મારી માને મારા પહેલા બાબાને જોવાની બહુ જ ઇચ્છા હતી તેથી આ વર્ષે અમે સૌ દેશમાં ગયાં હતાં. અમારાં નીકળવાના દિવસે મારી માએ વ્હાલભર્યા આશીષ સાથે મારા બાબાના હાથમાં એક દશની નોટ મૂકી.

"આ દશની નોટ જોઇ મને મારા બાળપણના દિવસો સાંભર્યા અને મારા બાપુની યાદ આવી. બાપુજી ગુજરી ગયા ત્યારે અમે બન્ને ભાઇઓ ખૂબ જ નાના હતા. બાપુજીની પુંજીમાં બે વસ્તુ હતી—એક નાનકડી કાપડની દુકાન અને તેમની જિંદગીના વીમાની પોલિસી. ઘરમાં દુકાન ચલાવી શકે એવું કોઇ ન હોવાથી ન છૂટકે અમારે દુકાન કાઢી નાખવી પડી.

"બાપુજીની વીમાની પોલિસીમાંથી મારી માને છેલ્લાં ૧૪ વર્ષથી દર મહિને રૂ. ૫૦ નુ નિયમિત વેતન મળે છે જે તેને જિંદગી સુધી મળ્યા કરશે. પોલિસીના આ પૈસામાથી મારી માએ અમને ભણાવી મોટા કર્યા અને તેને પ્રતાપે આજે અમે કમાતા થયા હાલ તો મારી મા મારા ભાઇ જોડે રહે છે અને આ પચાસ રૂપિયાના વેતનમાથી ભાઇના ઘરખર્ચમાં પણ મદદ કરે છે. આ પોલિસીને લીધે મારી માને કોઈના ઓરિયાળા થવું નથી પડ્યું. તેણે આપેલી દશની નોટ તો તેના સ્વમાન અને ગોરવનુ પ્રતીક છે. મારી મા પ્રત્યેની ફરજ બજાવવા બાપુજીએ તેમની જિંદગીના વીમાની પોલિસી લીધી અને આમ પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો. હું પણ બાપુની જેમ મારી પત્ની અને બાળક માટે જોગવાઇ કરવા માગુ છુ."



નિરુપદ્રવ સેવિંગ્સ સર્ટિફિકેટ જોડે જોડાવ

મુદ્રક અને પ્રકાશક : નરેન્દ્ર ગિજુભાઈ બધેકા.
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દક્ષિણામૂર્તિ, ભાવનગર


નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૫ : ઓગષ્ટ : ૧૯૫૯

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક
તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા



*
કિરણ
કેમિકલ વર્કસ
ભાવનગર
Regd.
બાપુ
રામને શ્યામ
કરવા માટે
આપણા જો બેઠ
કેરા-બ્રાણિત તરીકે
Lomo
Lomo
સોલ એજન્ટસ:
ઓચ. ઓચ. પંડ્યાલવાલા
અમદા-૩૮૦૧.
એજન્ટ:
શ્રી. નરોત્તમની પ્રા.
મુંબઈ-૨

પુનર્જીવન

'તાબડતોબ તમારું ઑપરેશન કરવું પડશે'

ડાક્તરના આ શબ્દો અમુલખના હૈયામાં બંદુકની ગોળીની જેમ વાગ્યા અને તે બોલી ઉઠ્યો, 'ઑપરેશન નહિ કરાવીએ તો શું થઇ જવાનુ છે!' 'ઑપરેશન કરી આ ગાંઠ નહિ કઢાવ્યો તો તે તમારો જીવ લેશે અને આમ ને આમ તો તમે માંડ એક વર્ષ કાઢી શકશો.' ડાક્તરે અચકાતાં અચકાતાં કહ્યું'

'પણ ઑપરેશન માટે પૈસા ક્યાં?' એમ કહી તે દવાખાનામાંથી નીકળી પડ્યો. દવાખાનામાંથી તો તે બહાર આવ્યો પણ ડાક્તરના શબ્દો હથોડાની જેમ તેના માથામાં વાગવા માંડ્યા. બિચારો નિવૃત્ત થયેલો જીવ! પોતાનું ગણી મદદ કરે એવુ તેનું કોઇ ન હતું.



આમને આમ દિવસો પર દિવસો વીતવા લાગ્યા, ત્યાં એક દિવસે જૂના કાગળીઆ વેગી પોતાની બંધ થયેલી પૉલિસી તેને હાથ લાગી. એક વીમા એજંટને રાજી કરવા વર્ષો પહેલાં તેણે એક પૉલિસી લીધી હતી અને છેલ્લાં કેટલાક વર્ષોથી પ્રીમિયમ ન ભરી શકવાને કારણે તે પૉલિસી ભરપાઇ થઇ ગઇ હતી.

'કદાચ જાણે આ પૉલિસી કંઇ ઉપયોગી થઇ પડે તો!' અને આમ છતાં તેણે તે વિષે તપાસ કરવા નક્કી કર્યું અને વીમા ઑફિસ પર એક પત્ર પણ લખી નાંખ્યો ઑફિસ તરફથી તુરત જ જવાબ મળ્યો કે તેની પૉલિસી ઉપર તેને રૂ. ૯૫૦ નું કરજ મળી શકશે.

આ કરજના પૈસામાંથી તેણે ઑપરેશન કરાવ્યું અને એક મહિનો હૉસ્પિતાલમાં રહ્યો આજે તો તે પુનર્જીવન પ્રાપ્ત કરી હૉસ્પિતાલથી ઘેર આવ્યો છે આ નવજીવન જીવન-વીમાને જ આભારી છેને!

ગોલ્ડ ઈન્શ્યૉરન્સ

કૈ પૅન્શેયન ચૉઇસ ઈક્વિમ

ASP/LIC-83B GUJ

શિક્ષણ-પત્રિકા

સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન માળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ

ઓગષ્ટ : ૧૯૫૯

અનુક્રમ

		પૃષ્ઠ
૧	નૂતન બાળશિક્ષણ અને સંઘ સમાચાર	૨
૨	સંપાદકીય	૩
૩	શૈક્ષણિક વાતાવરણની ભૂમિકા	૪
૪	શાળા સ્વાતંત્ર્યના નિર્માત્રી મદામ મોન્ટેસોરી	૭
૫	પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ	૧૧
૬	જીવનના વ્યાપક ક્ષેત્રમાંથી જ ઈન્દ્રિય કેળવણી થવી જોઈએ	૧૯
૭	બીજી પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ ચર્ચા-પરિષદ	૨૧
૮	આપણી જવાબદારી	૨૪
૯	પ્રશિક્ષણ માટે ઉપયોગી સાહિત્ય	૨૭
૧૦	રવીન્દ્રનાથ ટાગોરના કેળવણી વિષયક વિચારો	૨૮

નૂતન બાલશિક્ષણ અને સંઘસમાચાર

મુંબઈ : સંઘના ઉપક્રમે યોજવામાં આવેલી બીજી બાલ અધ્યાપન ચર્ચા પરિષદ, દિનાંક ૧૮ થી ૨૧ મી જુલાઈ સુધી મુંબઈ ખાતે મળી હતી અને એ પરિષદમાં પ્રશિક્ષિત પૂર્વપ્રાથમિક શિક્ષકોને હાલના પ્રાથમિક શાળાના શરૂઆતના વર્ગોમાં કામ કરવા માટે માન્ય ગણી શકાય તે માટે સંઘ અને મુખ્યાધ્યાપકોનો દૃષ્ટિકોણ સરકાર આગળ રજૂ કરવા માટે એક સમિતિની નિમણૂક કરી છે.

અમદાવાદ : દિનાંક ૧૬ મી ઓગસ્ટના રોજ સંઘના કાર્યાધ્યક્ષ શ્રી જાદવજીભાઈ મોદીના પ્રમુખપદે અમદાવાદના ગુજરાત બાલ અધ્યાપન મંદિરના મકાનમાં સંઘના વ્યવસ્થાપક તથા નિયંત્રણ મંડળોની સભાઓ યોજવામાં આવી છે. આ સભા માટે સંઘના કેટલાક જૂના કાર્યકરોને ખાસ નિમંત્રણથી બોલાવવામાં આવ્યાનું જણાય છે.

રાજનાંદગાંવ : ગુજરાતી સમાજ રાજનાંદગાંવ સંચાલિત બાળમંદિર માટે પૂર્વપ્રાથમિક અને માધ્યમિક ટ્રેંડ શિક્ષકો જોઈએ છે. પગાર અનુક્રમે : રૂા. ૧૦૩ તથા રૂા. ૧૨૫, નિવાસ સાથે નોકરી ઇચ્છનારાઓએ મંત્રીજી સાથે પત્રવ્યવહાર કરવો.

ધુલિયા : અહીંના ગુજરાતી સમાજના બાળ-મંદિર માટે એક પૂર્વપ્રાથમિક શિક્ષકની તાત્કાલિક જરૂર છે. શ્રી ચિમનલાલ એન્ડ સન્સ, શિશુવિહાર સંસ્થાના મંત્રી પર એ સંબંધમાં પત્રવ્યવહાર કરવો.

અમદાવાદ : દિનાંક ૨૫-૭-૫૯ ના દિને અહીની શાળાનું માસિક મિલન અહીના કિલ્લોલ બાળમંદિરમાં અમદાવાદના મેયરના પ્રમુખપદે યોજ-વામાં આવ્યું. ડૉ. શ્રી લીલાબેન શાહે બાલમંદિરની જરૂરિયાત અંગે સુંદર પ્રવચન કર્યું હતું.

લુગાઝી યુગાંડા : યુગાંડા સુગર ફેકટરીની એસ્ટેટ પર આફ્રિકન બાળકો માટે બાળકેળવણીનો સુંદર પ્રબંધ થયો છે. તેનો આંખે નિહાળેલ ખ્યાલ શ્રી પુનમચંદ શાહે 'એક અભિનવ દર્શન' નામના લેખમાં રજુ કર્યો છે તે આવતા અંકમાં પ્રગટ થશે.

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] ઓગષ્ટ : ૧૯૫૯ [અંક : ૫

સંપાદકીય

રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની બારમી વર્ષગાંઠ નિમિત્તે

ભારતીય સ્વાતંત્ર્યની બારમી વર્ષગાઠના પ્રસંગે, જીવન મેળવી શકતા નથી, જે દેશમાં સાત વર્ષ નીચેના શિક્ષણ–પત્રિકા " પૂર્વ–પ્રાથમિક પ્રેશિક્ષણ વિશેષાંક " બાળકોની કોઈ પણ પ્રકારની જવાબદારી સરકાર પ્રકાશિત કરીને ભારતીય લોકોની સ્વતંત્રતા માટે જે લડયા છે, અને જેમના સર્મપણને લીધે આપણે આજે આ મુક્તિના દિવસો જોઈ શકયા છીએ એ સર્વને આપણે વંદન કરીએ છીએ.

બાળકોની સ્વાતંત્ર્ય માટેની લડત એ પણ ભારતીય જનતાની સ્વતંત્રતાની લડતનો એક મહત્ત્વનો ભાગ છે. ભારતીય બાળકને જ્યાં સુધી ગૃહજીવનમાં, શાળાજીવનમાં અને સમાજમાં સ્વાતંત્ર્ય પૂર્ણ રીતે મળી શકતું નથી ત્યાં સુધી ભારતીય સ્વાતંત્ર્યને પૂર્ણતા મળી શક્તિ નથી એવી નૂતન બાલ શિક્ષણ સંઘની અને શિક્ષણ–પત્રિકાની જીવનનિષ્ઠા છે. સંઘનો અને શિક્ષણ–પત્રિકાનો જન્મ આને માટે જ થયો છે.

બાળકનું સ્વાતંત્ર્ય એટલે બાળકના સર્વાંગી વિકાસને પોષાક અને પ્રેરક એવું સ્વાતંત્ર્ય. સ્વાતંત્ર્ય એટલે બાળકોને મનસ્વી બનાવવાની ચળવળ નથી. સ્વાતંત્ર્ય એટલે સ્વયં શાસનની ચળવળ છે. ઘરમાં, શાળામાં અને સમાજમાં આજના આપણા બાળકના વિકાસની દૃષ્ટિથી હજી સુધી આપણે અનુકૂળતા નિર્માણ કરી શકયા નથી. આ અનુકૂળતા નિર્માણ કરતા આવડે તો જ બાળકોની સ્વતંત્રતાને કંઈ અર્થ નિર્માણ થશે. જે દેશમાં અસંખ્ય બાળકોને પૂરતું અન્ન મળતું નથી. જે દેશમાં અસંખ્ય બાળકો અસ્વચ્છ વસ્તીમાં રખડવા–રમવા સિવાય બીજું લઈ શકતી નથી, વાલીઓને એ લેવાની અનુકૂળતા અને પાત્રતા નથી તે દેશનાં બાળકો સુધી રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો પ્રકાશ હજી સુધી પહોંચ્યો નથી એવું જ કહેવું પડશે.

ભારતીય સ્વાતંત્ર્ય દિનને દિવસે હજી પણ પરતંત્રતામાં સબડતા અસંખ્ય બાળકોનું દુઃખ શિક્ષણ પત્રિકા ભૂલી શકતું નથી. ભારતીય સ્વતંત્રતાના પર્વ નિમિત્તે આ મહિનાનો અંક પૂર્વ–પ્રાથમિક વયના બાળકોની કેળવણી કરનારી શિક્ષક તથા વાલીઓની કેળવણી માટે અમે પ્રકાશિત કરીએ છીએ. પૂર્વ–પ્રાથમિક શિક્ષણની અને પ્રશિક્ષણની આપણે અત્યંત અવગણના કરી છે. પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણના પ્રશ્નનું સ્વરૂપ ટૂંકમાં તમારી સમક્ષ રજૂ કરવાનો યથાશક્તિ પ્રયત્ન આ અંકમાં કર્યો છે. ગયે મહિને નૂતન બાલશિક્ષણ સંઘના પ્રયત્નથી મુંબઈ રાજ્યમાંની સોળ પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થામાંના અધ્યાપકોની એક ચર્ચા પરિષદ મુંબઈમાં ભરવામાં આવી હતી આ પરિષદમાં થએલા કાર્યની થોડીક કલ્પના આપવાની દૃષ્ટિથી ટૂંકું લખાણ આ અંકમાં રજુ કર્યું છે. પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણની ઐતિહાસિક રૂપરેખા અમુક એક કાળ સુધીની આપવામાં આવી છે. તે જ પ્રમાણે માદામ મોન્ટેસોરીના શાળેય સ્વાતંત્ર્યનું સ્વરૂપ શું થાય છે એ વિષયનો એક લેખ

યોજવામાં આવ્યો છે. આજની પ્રશિક્ષણ સંસ્થામાં ઇંદ્રિય શિક્ષણના નામે જે સંકુચિતતા આવી છે તેને વ્યાપક સ્વરૂપ પ્રાપ્ત થવું બાળકના સર્વાંગી વિકાસની દૃષ્ટિથી કેટલું જરૂરી છે એ અંગેનો એક લેખ છે. આ ઉપરાંત પ્રશિક્ષણ સંસ્થાઓનો પરિચય અને અન્ય માહિતી યથાશક્તિ આપવામાં આવી છે. આર્થિક મર્યાદાને લીધે પત્રિકાના પાનામાં ઉમેરો કરીને પ્રશિક્ષણના વિષયને બધી બાજુથી અહિં અમારાથી સ્પર્શી શકાયું નથી એ બદલ અમને ક્ષોભ થાય છે.

પત્રિકાના આ અલ્પ પ્રયત્ન વડે બાળકના સ્વાતંત્ર્યનો પ્રશ્ન અંશતઃ જેમની જવાબદારીનો પ્રશ્ન છે તેમને પ્રશ્નનું થોડું ક ભાન થઈ શકે તો પણ પત્રિકા કૃતજ્ઞતા અનુભવશે.

—સંપાદક

શૈક્ષણિક વાતાવરણની ભૂમિકા

આજનું કેળવણીશાસ્ત્ર હવે એ તબક્કે પહોંચ્યું છે કે જ્યારે તેણે કેળવણી કે શિક્ષણક્રમની તમામ પ્રક્રિયાઓને માનસશાસ્ત્રીય ભૂમિકા ઉપર રચવી જોઈએ. માનસશાસ્ત્રને પણ એક વિજ્ઞાન તરીકે આપણે સ્વીકારી શક્યા છીએ. જો એમ હોય તો શિક્ષણની સાચી વૈજ્ઞાનિક ભૂમિકા બાલ્યાવસ્થામાં બાળકોની શક્તિના પ્રવાહોને યથેચ્છ રીતે પ્રગટ થવા દે અને તેનું ઘડતર થાય તે માટે અનુકૂળ વાતાવરણ રચી આપે.

રાજકીય દૃષ્ટિએ જોઈએ તો પણ લોકશાહીને જ આપણે સમગ્ર પ્રજાવિકાસનો પાયો માન્યો છે. તમામ વ્યક્તિઓને પોતાનો વિકાસને માટે અવકાશ મળી રહે તેવી તેમાં કલ્પના રહેલી જ છે. આમ છતાં સામાજિક મર્યાદામાં રહીને એ બને છે. સામાજિક મર્યાદામાં રહીને વ્યક્તિ પોતાની તાલીમને અંતે પોતાનું જીવન અને જીવનનો વ્યવહાર સમાજને અનુરૂપ ગોઠવે છે. સમજણપૂર્વકની એ નિષ્ઠા છે. એમાં એનું વ્યક્તિત્વ હણાતું હોય તેમ તે વ્યક્તિ પોતે પણ સમજી હોવાને લીધે માનતી નથી.

આવી પરિસ્થિતિમાં બાળશિક્ષણના પાયા પણ નંખાવા જોઈએ. પલટાતી દુનિયામાં જેમ ખોરાક ને વાહન વ્યવહારના ખ્યાલોમાં ય ફેરફારો થતા રહે છે તેમ વિચારોમાં ને શિક્ષણમાં ય નવા નવા પ્રવાહો ને સમજણ આવતી રહી છે. દરેક વ્યક્તિ નવી નવી રીતે વિચારતી, ક્રિયા કરતી, યોજના કરતી દેખાય છે. નવા નવા ફેરફારો કરવાનો આપણને અધિકાર છે. આનો અર્થ આપણે વિકસતા રહીએ છીએ અને બદલતા રહીએ છીએ. જેમ મોટેરાની દુનિયા ને વાતાવરણ બદલાય છે તેમ બાળકોની દુનિયા ને વાતાવરણ પણ બદલાતું રહે છે. આ દૃષ્ટિએ શિક્ષણમાં વિચાર કરનાર તરીકે આપણે બાળકોને મદદ કરવા ઇચ્છીએ તો આપણે બદલાતા વાતાવરણને અનુરૂપ બનતા રહેવું જોઈએ. કોઈ પણ સમયે, કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ વિકસિત બની શકતી નથી.


એક કાળ એવો હતો કે જ્યારે બાળક એક પછી એક ઊંચે નંબરે ધોરણો પાસ કરે તેના ઉપર જ આપણે ભાર મૂકતા. તેના પરિણામે હરીફાઇઓ પણ થતી. ત્યારબાદ બૌદ્ધિક વિકાસની સાથે બાળકના શારીરિક વિકાસ અને સાથે સાથે સામાજિક વ્યક્તિ બનવા માટેના પ્રયાસો ઉપર વધુ ઝોક મૂકાવા લાગ્યો. આથી આગળ આવતાં હવે 'ક્રિયા કરતાં શીખવાના' સિદ્ધાન્તે આપણે આવી પહોંચ્યા છીએ. આને કારણે

વધુ સાધનો ને વધુ સ્વાતંત્ર્યની કલ્પના ઉદ્‌ભવી. બાળકોને પોતાને પ્રયોગો કરીને નવી નવી ખોજ કરવાનો મોકો અપાયો. બાળક પોતા માટે જેટલું કંઈ કરે તેટલું તે શીખી શકે તે વાત સમજાઈ. આજે આપણે તેની શારીરિક, બૌદ્ધિક ને સામાજિક બાજુને ઉવેખતા નથી પણ તેની લાગણીવિષયક બાજુ અને સર્જનાત્મક વૃત્તિને વધુ અવકાશ આપવાની સમજણ ધરાવીએ છીએ.

આજની સમજણ – જ્ઞાનને પરિણામે આપણે કેટલીક મોટી મોટી વાતો સર્વ સામાન્ય રીતે સમજી શકીએ તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આપણે અધ્યાપનમંદિરોમાં જુદી જુદી પદ્ધતિએ તાલીમ આપીએ છીએ, છતાં કેટલીક વાતો બધી જ જગ્યાએ ગૃહીત ધરીને ચાલી શકીએ તેવું લાગે છે.

૧. સૌ પ્રથમ એક વાત સમજી શકીએ કે લગભગ બધાં બાળકોનાં વલણો કેટલીક બાબતમાં એક સરખાં હોય છે. ઉંમરની વિશિષ્ટતાઓ તેમાં ભાગ ભજવતી હોય છે. અને આમ હોવા છતાં દરેક વ્યક્તિ બીજી વ્યક્તિ કરતાં કેટલીક રીતે ભિન્ન જ હોય છે. દરેકનો વિકાસ પોતાની અંતર્ગત શક્તિઓના પ્રમાણમાં થાય છે. આ વિકાસ થવાને માટે દરેક કક્ષાએ કેટલીક કેટલીક પ્રાથમિક જરૂરીઆતો અને કેટલીક બાબતમાંના રસો એકબીજાથી ભિન્ન પડે છે અને તે વસ્તુ ધ્યાનમાં લઈને શિક્ષણક્રમ અને શિક્ષણના વાતાવરણની રચના કરવી જોઈએ.

૨. બીજી સમજવા જેવી વસ્તુ એ છે કે બાળકની દરેક ક્રિયા કે પ્રવૃત્તિ કોઈક ચોક્કસ પ્રેરિત હેતુને લઈને થતી હોય છે. એની કોઈ પ્રવૃત્તિ અહેતુક





નથી હોતી. આ ક્રિયા અથવા પ્રવૃત્તિને પરિણામે એ કંઈ ને કંઈ શીખે જ છે. બાહ્ય રીતે જણાતાં નિરર્થક કામો, હલનચલનો કે પ્રવૃત્તિઓ બાળકના ઘડતરમાં ચોક્કસ ભાગ ભજવે છે. એનાં ઘડતરનાં એ નાનાંમોટાં પગથિયાં છે.

ઉ જો આ હકીકત હોય તો પછી શીખવાનું કાર્ય, કાર્ય કરતાં કરતાં જ બની શકે. કોઈ પણ કાર્ય કે કાર્યની સિદ્ધિ કામ કર્યા સિવાય થઈ શકતી નથી. અથવા તો એમ કહીએ કે કંઈ પણ કરતાં શીખવા માટે કરવું જોઈએ.

આટલી વિશાળ દૃષ્ટિએ બાળમંદિરોનું વાતાવરણ રચાવું જોઈએ. આવાં વાતાવરણ અને આવી વિશાળ દૃષ્ટિ એ બાળશિક્ષણનો કે શિક્ષણ સમગ્રનો મોટામાં મોટો સિદ્ધાન્ત માનવો જોઈએ. બાલ્યાવસ્થામાં કે શૈશવકાળમાં મોટેરાની મદદ વગર આ વસ્તુ બની શકતી નથી. મોટેરાથી ઉવેખાઈને કે કોઈ વિકાસને અનુકૂળ વાતાવરણની ગેરહાજરીમાં તેના વિકાસને અવકાશ મળતો નથી. વાતાવરણમાં પોતાપણું લાગવું, પ્રેમની હુંફ મળવી અને સલામતી જણાવી આ પણ મોટી જરૂરીઆતો છે. બાળક ગમે તેવું તોય સમાજના વાતાવરણ વચ્ચે ઊભેલું છે. ચારેબાજુના સામાજિક અને સાંસ્કારિક વાતાવરણો અને વારસાઓ વચ્ચે એ પોતાની મજલ શરૂ કરે છે. એ બધાની સમજણ, સ્વીકાર અને સુમેળ શિક્ષણક્રમમાં અતિ આવશ્યક છે. આવો સુમેળ લાવી શકનાર અને વાતાવરણ ઊભું કરી શકનાર વ્યક્તિ તે અતિ ઉદારદૃષ્ટિવાળો શિક્ષક છે.

આપણે અધ્યાપકો શિક્ષણ પદ્ધતિઓ અને તેની વિગતોનો ગમે તેટલો વિચાર કરીએ પરંતુ આવી કેટલાક મૂળમુદ્દાની વાતો અને દૃષ્ટિ નજરથી વેગળી ન થવા દઈએ તો પરિણામો અત્યંત સુંદર અને સુખદાયી આવવા સંભવ છે. આપણાં બંધનો, આપણા પૂર્વગ્રહો, આપણું પદ્ધતિઓનું જ્ઞાન–અજ્ઞાન બાળકોની સ્વાભાવિક પ્રવૃત્તિઓ, વલણો તથા હેતુઓને મારી ન નાખે, તે જોવું અત્યંત અનિવાર્ય છે. જે શિક્ષકો કે જે અધ્યાપનમંદિરો આવી વિશાળ દૃષ્ટિ સ્વીકારશે તેનો કેળવણીના ક્ષેત્રમાં ઘણો મોટો ફાળો હશે તેવું મારું માનવું છે.

ઘરશાળા
અધ્યાપનમંદિર
ભાવનગર
તા. ૩૧–૧–૫૯

ચંદુલાલ વ. ભટ્ટ

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને પ્રોત્સાહન આપો



શાળા-સ્વાતંત્ર્યના નિર્માત્રી મદામ મોન્ટેસોરી

ભારતીય સ્વાતંત્ર્યોત્સવના મહિનાના છેવટને દિવસે બાળકના શાળા સ્વાતંત્ર્યના ઝંડાધારી સ્વ. મદામ મોન્ટેસોરીનો જન્મદિવસ હોવાથી તે આખા જગતનાં બાળકોનો સ્વાતંત્ર્યદિન તરીકે પાળવાની પ્રથા શરૂ કરવામાં આવે તો શિક્ષણક્ષેત્રમાં તેના દ્વારા નવી સ્ફૂર્તિ મળતી જશે એ વિષે મને શંકા લાગતી નથી. કારણ માદમ મોન્ટેસોરીએ પોતાનું સમગ્ર જીવન બાળકની શાળા-સ્વાતંત્ર્યના એક જ વિચારને અર્પણ કર્યું હતું. "For several years I have...battle for an idea concerning the instruction and education of man which appeared the more just and useful the more deeply I thought up to it."* કેટલાંએ વર્ષો મેં મનુષ્યની શિક્ષણ વિષયક એક કલ્પના માટે લડત ચલાવી છે. જેમ જેમ હું તે બાબતનો વધુ ને વધુ વિચાર કરતી ગઈ છું તેમ તેમ તે લડત મને વધારે ન્યાય અને ઉપયોગી લાગતી ગઈ છે. માદામ મોન્ટેસોરીના મત પ્રમાણે વ્યક્તિની વૈયક્તિક અથવા આંતરિક સ્વાતંત્ર્યની કદર કરીને તેના વિકાસ માટે પ્રયોગસિદ્ધ સાધનો નિશ્ચિત કરવા તથા તેનો ઉપયોગ કરીને બતાવવો એ શિક્ષણશાસ્ત્રનો ઉદ્દેશ હોવો જોઈએ. "Pedagogy determines experimentally the means of development and the method of applying them while respecting the internal or personal liberty of the individual." શિક્ષણનું શાસ્ત્ર બનાવવું હોય તો શાળામાં બાળકના મુક્ત અને સ્વાભાવિક આવિષ્કારને અવકાશ મળવો જ જોઈએ; અને આ અવકાશ કરી આપવા માટે જ તેમને જૂની શાળા વ્યવસ્થા ઉપર પ્રહાર કરીને તે જમીનદોસ્ત કરી તથા બાળકની સ્વતંત્રતાનું રક્ષણ કરનારી શાળા વ્યવસ્થાનો નવો પાયો નાંખી બતાવ્યો: સ્વાતંત્ર્ય એટલે શાળાતંત્રનો પ્રાણ અથવા શિક્ષણતંત્રનો આધાર બનવો જોઈએ; કારણ સ્વાતંત્ર્ય જ વિકાસને પોષક અને પ્રેરક બની શકે છે. આ અંગે તેઓ કહે છે: "Our nutrietion does not depend on the soup we have swallowed nor our wellbeing upon the physical exercises of walking but also upon the liberty with which we do these things."……It is the love of freedom which nourishes and gives a well-being to our life even in the minute acts. If this is said "a man does not live by bread alone" How much greater this needs must be in young children in whom creation is stiu in action."

આપણે જે સૂપ (soup) પીએ છીએ તેના ઉપર અથવા ચાલવા વગેરે જે કસરત આપણે કરીએ છીએ તેના ઉપર જ આપણું પોષણ થતું નથી. પરંતુ જે ભાવનાની છૂટ અનુભવીને આ બાબતો કરીએ છીએ તે ઉપર જ પોષણ અવલંબે છે. સ્વાતંત્ર્યના પ્રેમથી આપણું પોષણ થાય છે તેને લીધે નાની નાની ક્રિયામાં પણ જીવનને સ્વાસ્થ્યનું સમાધાન થાય છે. "મનુષ્ય ફક્ત રોટલા ઉપર જ જીવતો નથી." આ કહેવત મોટેરાંઓને પણ લાગુ પડે છે તો તો બાળકના જીવનમાં જે સમયે નિસર્ગ ખૂબ ક્રિયાશીલ હોય છે તે સમયે સ્વાતંત્ર્યની કેટલી બધી આવશ્યકતા હશે!

શાળા સ્વાતંત્ર્ય અંગે પોતાની કલ્પના રૂસો અને રૂસોનું નેતૃત્વ સ્વીકારેલા શિક્ષણવેત્તા કરતાં કેવી રીતે જુદી છે એનો નિર્દેશ મોન્ટેસોરીના શરૂ-

---

* Montessori Method ગ્રન્થના ત્રીજે પાને.

આતના સાહિત્યમાં ઠેકઠેકાણે જોવા મળે છે. "They (Rousseau and others) often have the same concept of liberty which animates - people in the home of rebellian from slavery or perhapes the conception of social liberty which although it is a mere elevated idea is still restricted " ગુલામગીરીની સામે કરવામાં આવતા બળવા પ્રસંગે જે સ્વાતંત્ર્યની કલ્પના વડે લોકોમાં ચૈતન્ય નિર્માણ થાય છે તે અથવા કદાચિત સામાજિક સ્વાતંત્ર્યની કલ્પના એવા તેઓ હમેશ - અર્થ કરે છે. સ્વાતંત્ર્યની આ કલ્પના ઉચ્ચ પ્રકારની હોય તો પણ તે મર્યાદિત છે." તેઓ જે રીતે 'સ્વાતંત્ર્ય' કહે છે તે એક સાર્વત્રિક અથવા વ્યાપક સ્વરૂપની બાબત છે. "The concept of liberty which must inspire pedagogy is instead universal." એ આપવા લેવાની વાત નથી. આ પ્રકારના સ્વાતંત્ર્યની કલ્પના ૧૯ મી સદીમાં જીવ-વિજ્ઞાન અંગેની શોધ કરાયા પછી આ પ્રકારની સ્વાતંત્ર્યની કલ્પનાનું સ્વરૂપ સ્પષ્ટ દેખાવા લાગ્યું. જીવવિજ્ઞાનમાં જીવોના વિકાસના અભ્યાસમાં તે તે જીવપ્રકારનો અભ્યાસ તે તે જીવના સ્વાભાવિક વાતાવરણમાં કરવામાં આવવા લાગ્યો. તે તે અભ્યાસની રીતથી બાલકના વિકાસના શાળેય વાતાવરણ અને તે યોગ્ય રીતે યોજવા માટે બાળકના સ્વાભાવિક આવિષ્કારોનું નિરિક્ષણ તંત્રનો વિકાસ થવો શકય થયો છે.

જૂના શિક્ષણ શાસ્ત્રને મોંન્ટેસોરી શિક્ષણ વિષયક સ્વાતંત્ર્યની કલ્પના હોવાની શકયતા નથી. એવું ડોકટર મોંટેસોરીનું કહેવું છે. પહેલાની શાળા યોજના જ એવા પ્રકારની હતી કે તેમાં બાળકની સ્વાતંત્ર્યની ભાષા બોલવી એટલે સ્વાતંત્ર્યની તેમાં મશ્કરી કરવા જેવું છે એવું આજે લાગશે. પહેલાની શાળામાંની વ્યકિતની પસંદગી, શિખવાનો વેગ વગેરે બાબતોનો વિચાર ન કરતા સામૂહિક રીતે શિક્ષણનું કાર્ય ચલાવનારી વર્ગપદ્ધતિ, બાળકની હિલચાલ ઉપર નિયંત્રણ મૂકનારી શિસ્તની કલ્પના, તેમને અનુકૂળ થઈ પડે તે દૃષ્ટિથી યોજેલા ભારી આંકડાઓ, સમયનું બંધન નિર્માણ કરનારા સમય-પત્રક, અભ્યાસમાં યાંત્રિકક્રમ રાખીને શિક્ષકે તે કરાવી લેવાની પદ્ધતિ, તે અભ્યાસ વિદ્યાર્થીઓએ કરવો જોઈએ તેથી એમના ઉપર ધાક બેસાડનાર શિક્ષાનું તંત્ર અને લાલચ આપનારી ઈનામ, યોજના એવા અનેક પ્રકારના

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો!



777 પરફ્યુમ્ડ કેસ્ટર ઑઈલ

સર્વશ્રેષ્ઠ સુગંધીત

કામીનીઆ પરફ્યુમ્ડ કોકોનટ ઑઈલ



☆ વાળને કાળા ચમકદાર બનાવે છે.
☆ વાળને ખરતા અટકાવે છે.
☆ મગજને ઠંડક આપે છે
☆ વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.
આજે જ વાપરી ખાત્રી કરો.


એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ્સ કંપની
૧૯૨, ખેતવાડી મેઇન રોડ, મુંબઈ-૪.

નિયંત્રણ ચક્રમાં વ્યક્તિના સ્વાભાવિક આવિષ્કારને કેવી રીતે અવકાશ મળી શકે?

રુસોની સ્વાતંત્ર્ય વિષયક કલ્પનાને અનુલક્ષીને તેઓ કહે છે: "Hither for the liberty of the child has been vaguely discussed. No defined limit has been established between liberty and abandonment we are told "Liberty has its limits" "Libesty must be properly understood" but special method indicating how liberty should be interpreted and what is the initative quid which ought to co–exist with it" had not been determined." અત્યાર સુધી બાળકની સ્વાતંત્ર્ય અંગેની ચર્ચા અસ્પષ્ટ રીતે થઈ છે, સ્વાતંત્ર્ય અને કંઈ પણ ન કરતા છોડી દેવાની વૃત્તિ એ બન્ને વચ્ચેની મર્યાદા સ્પષ્ટ થએલી દેખાતી નથી. આપણને કહેવામાં આવે છે કે "સ્વાતંત્ર્યને મર્યાદા હોય છે. સ્વાતંત્ર્યનો આપણે યોગ્ય અર્થ સમજી લેવો જોઈએ." પરંતુ સ્વાતંત્ર્યનો અર્થ કેવી રીતે કરવો અને તે સમજવા માટે તેની સાથો સાથ જે આંતરિક કસોટીઓ હોય છે તે કઈ છે એ સ્પષ્ટ થયું નથી. રુસોએ પૂર્વ–નિયોજિત અભ્યાસક્રમ કાઢી નાખવાનું સૂચવ્યું. બૌધિક દૃષ્ટિથી સ્વાતંત્ર્ય એટલે વિદ્યાર્થીને પોતાની ગતિથી અને પોતાની ઇચ્છા પ્રમાણે અભ્યાસ કરી શકે એવી શક્યતા નિર્માણ કરવી. નૈતિક દૃષ્ટિથી સ્વાતંત્ર્ય એટલે પોતા માટે પોતે જાતે શિસ્ત આણવી સ્વાતંત્ર્યની મર્યાદા આ રીતે સ્પષ્ટ કરી નથી એવું મૉન્ટેસોરીનું કહેવું છે. પેસ્ટોલોઝીએ તથા ફ્રોબેલે બાળકના સ્વાતંત્ર્યનો જે અર્થ કર્યો છે તે મૉન્ટેસોરીને યોગ્ય લાગતો નથી. તે વિશે લખતા મેડમ કહે છે કે "Those educationist who leave the great question of liberty of the pupil to the good sense of the preparation of Master are very for from solving the problem of liberty." વિદ્યાર્થીના સ્વા-

પ્લેટો ૬૬ પેન
સૌ કોઈની
પેન છે

કારણ કે એ
મજબુત છે,
લખવામાં સરળ છે,
તેની નીબ ટકાઉ છે;
શાહી સહેલાઇથી
ઉતરે છે, બનાવટ
વિશ્વસનીય અને
દેખાવ મોહક છે.



તરહેતરેહની
પ્લેટો પેન
રૂ. ૪ થી
રૂ. ૨૭-૫૦
સુધીની કિંમતમાં
મળે છે

PLATO

plato
66
ઇન્ક્રે પ્રોડક્ટ

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ
ધી બેસ્ટ ફાઉન્ટન પેન કું.
પો. બો. નં. ૨૪૨૧, મુંબઇ

Shilpi M. P. 634 GUJ

તંત્રનો આ મોટો પ્રશ્ન શિક્ષકની સદ્‌બુદ્ધિ ઉપર તૈયારી ઉપર જે શિક્ષણવેત્તા છોડે છે તેઓ પણ આ પ્રશ્નના નિરાકરણથી ખૂબ દૂર છે એવું મને લાગે છે.

આ રીતે રૂસો, પેસ્ટોલોઝી અને ફ્રોએબેલ જે બાળકોની સ્વતંત્રતાના પુરસ્કર્તા માનવામાં આવે છે તેમની સ્વાતંત્ર્ય અંગેની કલ્પના મોન્ટેસોરીને માન્ય નથી, એ તેમનું સાહિત્ય વાંચનારાઓના લક્ષમાં સહેજે આવે એવું છે.

પોતાની કલ્પનાની સ્વતંત્રતાની સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે કે: " To day he who speaks of liberty in the school ought at the same time to exhibit objects–approximating to a scientific apparatus–which will make libesty possible. " આજે જેમને શાલા સ્વાતંત્ર્ય વિષે કંઈ કહેવાનું છે તેમણે તરત જ સાધનો બતાવવા જોઈએ; અને તે સ્વાતંત્ર્ય શક્ય કરી બતાવતા આવડે એવી શાસ્ત્રીયતા સુધી પહોંચે એવા હોવા જોઈએ,

જીવ વિજ્ઞાનમાં જે પ્રમાણે યોગ્ય પ્રકારનો વિકાસ સાધવા માટે જીવને અનુકૂળ એવા પ્રકારના વાતાવરણની રચના કરવી પડે છે તે જ પ્રમાણે શિક્ષણશાસ્ત્રે વિકાસને અનુકૂળ એવાં સાધનો યોજવા જોઇએ. એવા ક્રિયાશીલ અને બાળકોના મન આકર્ષી લે એવા વાતાવરણને લીધે બાળકમાં સ્વયંશિસ્ત નિર્માણ થાય છે અને તેનો પોતાની ગતિ પ્રમાણે મનને પસંદ પડે એવું કામ કરવાની તક મળવાથી તેમના જીવનનો આનંદ વધતો જશે એવી ટૂંકમાં માદામ મોન્ટેસોરીની શાળા સ્વાતંત્ર્યની કલ્પના છે.

— શે. ના. નાઝલે

પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ

(ઐતિહાસિક રૂપરેખા)

પ્રશિક્ષણ એટલે શિક્ષકનું શિક્ષણ. સામાન્ય શિક્ષણ કરતાં શિક્ષકોનું શિક્ષણ કંઈ જુદું હોય છે એવી કલ્પના હાલમાં વિકસી છે, અને તે આપણે પાશ્ચાત્યો પાસેથી મેળવી હશે. ભારતીય શિક્ષણશાસ્ત્રના ઇતિહાસમાં હજી કોઈ ઠેકાણે એનું નામનિશાન મને જડ્યું નથી. કદાચ આપણે ત્યાં શિક્ષકની પાત્રતાની કસોટીઓ જુદા પ્રકારની હોવાનો સંભવ છે. પ્રાચીન ભારતમાં કેળવણીને ધંધાનું સ્વરૂપ પ્રાપ્ત થયું નહોતું. શિક્ષકને વિશેષ પ્રકારનું જીવન એટલે કે વૃત્તિઓ અપનાવવી પડતી હશે. એ વૃત્તિઓ વ્યક્તિમાં કેવી રીતે આવતી હશે એ અંગેની સ્પષ્ટતા શિક્ષણ અંગેના પ્રાચીન ગ્રંથોમાં જડતી નથી. ભારતીય શિક્ષણ સંસ્થા કેળવણી તથા શિક્ષક આ અંગેની ભારતીય કલ્પના પાશ્ચાત્યોની કલ્પના કરતાં જુદી હતી તેને લીધે શિક્ષકની શિક્ષણ અંગેની યોજના ભારતીય શિક્ષણના ઇતિહાસમાં નોંધાએલી ન હોવાનો સંભવ છે.

આજે આપણા દેશમાં પૂર્વ–પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક સંસ્થામાં કાર્ય કરનારા શિક્ષકોને શિક્ષણ આપનારી સામાન્ય અને પદવ્યોત્તર શિક્ષણ સંસ્થાઓ છે. આવી સંસ્થાઓ આ પહેલાં નહોતી. આવા પ્રકારની પહેલી પ્રશિક્ષણ સંસ્થા (Training Institute) પશ્ચિમમાં ઝાગનબાલ્ગ નામના એક ડેનિશ પ્રોટેસ્ટંટ મિનશરીએ મદ્રાસમાં ત્રાંકેબાર (Tramqueber) નામના ગામમાં ૧૭૧૬ માં શરૂ કરી હતી; એવો ઉલ્લેખ As Students History of Educafion in Indiaના શ્રી નુરુલ્લા અને નાઈકના ગ્રંથમાં પાના ૩૬ ઉપર જડી આવે છે. આપણા દેશમાં આ જ પ્રાથમિક પ્રશિક્ષણની પહેલી સંસ્થા ગણાય છે. પૂર્વ–પ્રાથમિક (બાળમંદિર) સ્વતંત્ર સંસ્થાની કલ્પના જ ઈ.સ. ૧૮૯૩૭માં મૂર્ત-સ્વરૂપમાં પ્રગટ થએલી હોવાથી ત્રાંકેબારની સંસ્થામાં પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણનો વિચાર હોવાની શકયતા નથી.

ઈ. સ. ૧૮૧૩ના બ્રિટિશ પાર્લામેન્ટના ચાર્ટર એકટ દ્વારા ભારતના લોકોના શિક્ષણની જવાબદારી અહિંની તત્કાલિન ઈસ્ટ ઇન્ડિયા કંપની ઉપર આવી પડી અને તેની સાથોસાથ ખ્રિસ્તિધર્મના પ્રચારક મંડળને પોતાના ધર્મનો પ્રચાર કરવાની સગવડ પણ આ દેશમાં કરી આપવામાં આવી. પરંતુ ૧૮૧૩ પછીના ૪૦ વર્ષના કાળ દરમિયાન શિક્ષકના શિક્ષણ અંગે કોઈ પ્રકારનો ઉલ્લેખ જણાતો નથી, ૧૮૫૪ સાલના વુડસ્ ઍહેવ લમાં આ શિક્ષણ અંગેનો પહેલો ઉલ્લેખ જડી આવે છે. આગળ ૧૮૮૨ સાલમાં તે સમયના અંગ્રેજી ભારતીય સરકારને ભારતીય શિક્ષણક્ષેત્રનું સિંહાવલોકન કરીને સિફારસ કરવા માટે " હંટર કમિશન " આ નામે જાણીતું એવું કમિશન નિમવામાં આવ્યું. એ કમિશન દ્વારા પ્રશિક્ષણનો પ્રશ્ન ખુદ ઇંગ્લંડમાં પણ ચર્ચાસ્પદ હતો તેથી એનો વિચાર થએલો જણાતો નથી.

પ્રાથમિક પ્રશિક્ષણક્રમમાં જ બાલોદ્યાન પદ્ધતિનો સ્વીકાર


પ્રાથમિક શિક્ષણમાં શરૂઆતના વર્ગનું શિક્ષણ કિંડરગાર્ટન પદ્ધતિથી કરવાથી એ સારી રીતે થઈ શકે છે એની નોંધ Progress of Education નામના ગ્રન્થમાંના નીચેના ઉતારા ઉપરથી મળી આવે છે.


" The course of instruction in a Primary School is simple–of–recent years endonr has been made to render the course less bookish, and more practicle, specially, by the · intro-

duction of K. G. Methods and object lessons..... the experience which has been gained of these methods in Madras and Bombay has enabled these Provinces to effect steady advance in the system; a complete scheme has been prepared for Bengal for the instruction of which teachers are being trained and a manual is being prepared for kindergarten teaching in Punjab." પ્રાથમિક (પ્રશિક્ષણ) શાળાનો અભ્યાસ તદ્દન સહેલો છે; હાલમાં તે શિક્ષણક્રમ વધુ વ્યાવહારિક અને ઓછો પુસ્તકીય બનાવવામાં કિંડરગાર્ટન પદ્ધતિ અને પદાર્થ પાઠોનો વિશેષ ઉપયોગ થયો છે.

મદ્રાસ અને મુંબઈ પ્રદેશમાં આ પદ્ધતિ અંગે જે અનુભવ થયો છે તેના ઉપરથી એક સંપૂર્ણ યોજના બનાવી છે. આ જ યોજના પંજાબમાં દાખલ કરવા માટે શિક્ષકોનું પ્રશિક્ષણ થતું હોય છે. કિંડરગાર્ટન પદ્ધતિનું માર્ગદર્શક પુસ્તક તૈયાર કરવામાં આવે છે. મુંબઈ સરકારે ૧૮૫૫ થી તે ૧૯૫૫ આ સો વર્ષના પોતાના શિક્ષણ વિષયક કાર્યનું સિંહાવલોકન કરનારા A review of Education in Bombay State, નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો છે. તેમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અંગે

આપના ઘરમાં આ સસ્તો અને સુંદર
નેશનલ-એકો રેડિયો વસાવી સુમધુર સંગીતનો લહાવો લો...





નેશનલ-એકોનુ આકર્ષક મોડલ ૭૧૭ આપ વસાવશો તો આપના ઘરમા મધુર સગીતથી આનંદનુ વાતાવરણ સર્જાશે. આ સુદર રેડિયો બે મોડલોમાં મળે છે. એક એસી/ડીસી કરટથી ચાલે છે અને બીજું ડ્રાય બેટરીથી. સુસ્પષ્ટ અવાજવાળો આ સસ્તો રેડિયો એક વર્ષની ગેરંટી ધરાવે છે અને ઘણા વર્ષો સુધી એકધારી ઉત્તમ સેવા આપે છે. આપના નજીકના નેશનલ-એકો ડીલરને ત્યાં વહેલામા વહેલી તકે જઇ એ જુઓ અને સાભળો.

મોડલ ૭૧૭ : સોનેરી રંગના 'ઇન્લે' સાથે પાકા લાલ રંગની પ્લાસ્ટીકની કેબીનેટ. મોડલ યુ-૭૧૭ ૫ વાલ્વ અને ૩ બેન્ડવાળો એસી/ડીસી સેટ. મોડલ બી-૭૧૭ ૪ વાલ્વ અને ૩ બેન્ડવાળો ડ્રાય બેટરી સેટ. ... ... રૂ. ૨૫૦/- સાફી

સ્થાનિક વેરાઓ જુદા

નેશનલ-એકો રેડિયો વધારે સારા છે—
તેઓ 'મૉન્સુનાઇઝ્ડ' હોય છે!

GRA 6857

જનરલ રેડિયો એન્ડ એપ્લાયન્સીઝ પ્રાઇવેટ લીમીટેડ

ઓપેરા હાઉસ, મુંબઈ ૪ • ૩ મદન સ્ટ્રીટ, કલકત્તા • ૧૩ ૧/૧૮ માઉન્ટ રોડ, મદ્રાસ • ૩૬/૭૯ સિલ્વર જ્યુબિલી પાર્ક રોડ, બેંગલોર • નેગચિયાન કોલોની, ચાંદની ચોક, દિલ્હી • રાષ્ટ્રપતિ રોડ, સિકંદ્રાબાદ.

જે કંઈ થોડી ઘણી માહિતી મળે છે તેના ઉપરથી મુંબઈ રાજ્યની પ્રાથમિક શાળાને ૧૮૮૭ થી તે ૧૯૪૭ના કાલખંડમાં એક બાલવર્ગ infant class જોડવાની યોજના હતી. આ વર્ગમાં કિંડરગાર્ટન પદ્ધતિથી શિક્ષકો શીખવી શકે તેથી પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમમાં પદાર્થપાઠ અને કિંડરગાર્ટન પદ્ધતિ આ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો એમ દેખાય છે. મુંબઈ અને મદ્રાસના જ પ્રશિક્ષણક્રમનું અનુકરણ અન્યત્ર થવાને લીધે કિંડરગાર્ટન પદ્ધતિને પ્રાથમિક શિક્ષકોના અભ્યાસ ક્રમમાં જ થોડું જ એવું સ્થાન આપ્યાનું જણાય છે.* આ બાલવર્ગમાં ૪ થી ૫ વર્ષનાં બાળકો દાખલ થતાં હતાં. અને તેમનું શરૂઆતનું શિક્ષણ કિંડરગાર્ટન પદ્ધતિથી કરવાનો થોડોક પ્રયત્ન થએલો જણાય છે.

પૂર્વ–પ્રાથમિક શિક્ષણ અને પ્રશિક્ષણના પુરોગામી કોણ?

અંગ્રેજી રાજ્યવહીવટે પ્રાથમિક શાળામાં જ બાલવર્ગ કાઢીને ૪ થી ૫ વયમર્યાદા સુધીની જ થોડીક પૂર્વ–પ્રાથમિક શિક્ષણની યોજના કરી. તેમ છતાં આપણા દેશમાં ૧૯મી સદીની આખરે મિશનરીઓનો પ્રચાર જેમ જેમ વધવા લાગ્યો તેમ તેમ પૂર્વ–પ્રાથમિક વયનાં બાળકોનો મિશનરીઓની સંસ્થા પૂરતો પણ વિચાર કરવો તેમને જરૂરી લાગ્યો. ખ્રિસ્તીધર્મનો પ્રચાર ભારતમાં આર્થિક રીતે પછાત લોકોમાં વધારેમાં વધારે થતો હતો. આ વર્ગની સ્ત્રીઓ પણ ઉપાર્જનનું કાર્ય કરતી હોવાથી તેમના પૂર્વ–પ્રાથમિક વયનાં બાળકો માટે જ્યાં જ્યાં મિશનરી સંસ્થાઓ હતી ત્યાં સંગોપન સંસ્થા અને પૂર્વ–પ્રાથમિક સંસ્થા શરૂ કરવાનું ધોરણ તેમણે

બાળકોના સર્વાંગી વિકાસ માટે
બાળ–કેળવણીનું
પ્રબોધક સાહિત્ય
શિશુ–કલ્યાણ–કેન્દ્ર
મજુર–કલ્યાણ–કેન્દ્ર
નર્સરી સ્કુલો
પૂર્વ–પ્રાથમિક શાળાઓ
શિશુ–અધ્યાપન–મંદિર
આને સાહિત્યનું
સૂચિપત્ર મગાવો
અથવા રૂબરૂ મુલાકાત લ્યો.
જેચંદ તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બિલ્ડીંગ, ૧ લે માળે,
કેપીટોલ સીનેમાની બાજુમાં,
બોરીબંદર, મુંબઈ–૧




૮૮, સી નાગૂ સયાજી વાડી,
ન્યૂ પ્રભાદેવી રોડ, મુંબઈ–૧૩

સ્વીકાર્યું. ૧૮૮૫ થી ૧૯૦૦ ના કાળ દરમિયાન શરૂઆતમાં તેમની ત્રેણ સંસ્થાઓ હતી તે વધીને ઘણી જ થએલી જાણવા મળે છે. આ સંસ્થાના સંગોપન વિભાગમાં તે અર્ભકોને દાખલ કરી લેવામાં આવતા અને બે વર્ષના બાળકોને કિંડરગાર્ટન સંસ્થામાં દાખલ કરવામાં આવતા. આ રીતે ૨ થી ૬-૬ વર્ષની વયનાં બાળકોનો પ્રશ્ન તેમની સામે ઉગ્રસ્વરૂપમાં હોવાથી તેમણે જ સંસ્થામાં કાર્યકરનારા શિક્ષકો માટે પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા પહેલી શરૂ કરી.

મુંબઈ રાજ્યમાંની પહેલી પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા

૧૯મી સદીની આખરે અમેરિકન મિશનરીઓએ કિંડરગાર્ટન પદ્ધતિનો પ્રચાર મોટા પ્રમાણમાં કરેલો છે. સમાજમાં પરિવર્તન લાવવા માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ જેવું બીજું કોઈ પ્રભાવી સાધન નથી, એવું એમને લાગ્યું હતું. આપણા દેશમાં પણ મિશનરીઓ-એ એવા પ્રકારની અનેક સંસ્થાઓ આ અરસામાં શરૂ કરી હતી. દક્ષિણ મહારાષ્ટ્રમાં સોલાપૂરમાં ૧૯૦૧-૨ માં "ધી અમેરિકન મિશન જો સેક્ટિન કિંડરગાર્ટન સ્કુલ', આ નામથી જે સંસ્થા શરૂ થઈ તે મુંબઈ રાજ્યમાંથી પહેલી પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા છે. આ સંસ્થા બેત્રણ વર્ષ ચાલી અને પછી આગળ ઉપર એ બંધ થઈ ગઈ. પછી ૧૯૨૦-૨૧ માં એ ફરી "મેરી બી. હાર્ડિંગ કિંડરગાર્ટન ટ્રેનિંગ સ્કુલ" નામથી અમેરિકન મિશનરીઓએ શરૂ કરી તે આજે પણ ચાલુ છે. હાલમાં તેનું માર્ગદર્શન મિસ હેમેકર નામના અમેરિકન વિદુષીબેન કરે છે. શરૂઆતમાં આ સંસ્થામાં કિંડરગાર્ટન પદ્ધતિ પ્રમાણે પદાર્થ પાઠ સમૂહ-સંગીત, રમત વાર્તા




૦૦ ભવિષ્યદ્રષ્ટાઓને માટે

કાનજી ગાડાવાળાના જીવનમા એક સમય એવો હતો કે સારા ડૉક્ટરની દવા લેવાને મોટા શહેરમાં જવું પડે. અને સ્વાસ્થ્ય કેન્દ્રોની તો કદી કોઇને કલ્પના પણ કયાંથી હોય ?

રાષ્ટ્ર વિકાસ યોજનાઓએ આજે એ પરિસ્થિતિ પલટાવી દીધી છે. ડૉક્ટર તો આજે કાનજીનો ભાઈબંધ છે. અને સ્વાસ્થ્ય કેન્દ્ર એના ગામ જીવનનુ અંગ બની ગયું છે. એને લીધે કાનજીને રોગ અને ગંદગી સામે રક્ષણ મેળવવાનું આરોગ્ય શિક્ષણ મળે છે. દાખલા તરીકે આરોગ્ય જાળવવાનો અને રોગનો સામનો કરવાની શક્તિનો આધાર સમતોલ આહાર ઉપર કેટલો બધો છે એનું એને જ્ઞાન મળે છે. અલબત્ત આવા આહારમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટસ, ખનિજ દ્રવ્યો, વિટામિન ઉ.ને સ્નિગ્ધ પદાર્થનો સમાવેશ થવો જ જોઇએ. સ્નિગ્ધ પદાર્થોમાથી ઘઉં અથવા ચોખા કરતાં ૨ ૧/૨ ગણી શક્તિ મળે છે અને તેનાથી શરીરને રોગનો સામનો કરવાની શક્તિ મળે છે.

રાંધવા માટેના સ્નિગ્ધ પદાર્થ 'ડાલ્ડા'નો જ આપણે દાખલો લઇએ. 'ડાલ્ડા' છાપ વનસ્પતિ ગામડામાં તેમજ શહેરોમાં વધારે લોકો વાપરે છે. વનસ્પતિજ શુધ્ધ તેલોમાંથી 'ડાલ્ડા' બનાવવામાં આવે છે. 'ડાલ્ડા'મા પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ' ઉમેરવામા આવે છે. આ ઉપરાંત તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી' પણ ઉમેરવામાં આવે છે. ઉત્પાદન દરમિઆન 'ડાલ્ડા'ને હાથ લગાડવામાં આવતો નથી, અને તેનાથી વિવિધ પ્રકારની કેટલી બધી વાનગીઓ રાંધી શકાય છે !

ડાલ્ડા વનસ્પતિ રાંધવા માટેનો સ્નિગ્ધ પદાર્થ હોવા ઉપરાંત ખોરાક સુધ્ધા છે. કાનજી તેમજ દેશભરના એના બાંધવો માટે એ ભરોસાપાત્ર અને પૌષ્ટિક ખોરાક છે.




DL. 475-X52 GJ

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઈ

હસ્તવ્યવસાય, આ જ બાબતોનો સંસ્થાના પ્રશિક્ષણમાં સમાવેશ થતો હતો. પછી ૧૯૪૮માં સરકારે જે પૂર્વ–પ્રાથમિક શિક્ષણનો આ સંસ્થા માટે કિંડરગાર્ટન પદ્ધતિનો ને પર્યાય શિક્ષણક્રમ સૂચવ્યો તે આ સંસ્થાએ સ્વીકાર્યો છે. આ પર્યાય ફક્ત કાર્યપદ્ધતિ પૂરતો જ હોઈ બાકીનો બધો જ અભ્યાસક્રમ અહિંની બીજી પ્રશિક્ષણ સંસ્થા પ્રમાણે જ લેવામાં આવે છે.

મૉન્ટેસોરી ધોરણની પહેલી ભારતી પ્રશિક્ષણ સંસ્થા

મિશનરીઓના પ્રયત્નો વડે ભારતમાં પહેલી કિંડરગાર્ટન પદ્ધતિની શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થા શરૂ થઈ હોવા છતાં મિશનરી સંસ્થાઓનું કાર્ય તેમના પૂરતું જ મર્યાદિત રહેવાથી તેનો પ્રચાર ભારતીય જનતામાં થવા ન પામ્યો. પૂર્વ–પ્રાથમિક શિક્ષણ અંગેની સરકારી ધોરણ નીતિ બાલવર્ગથી આગળ ન જવાથી આજે પણ દેશમાં સરકારી પૂર્વ – પ્રાથમિક શાળાઓનો લગભગ અભાવ છે. એમ કહેવામાં જરાયે વાંધો નથી. તેને લીધે પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા પણ સરકાર તરફથી ખાસ નીકળ્યા નહિ. આ બાબતમાં વદોદરા સંસ્થાનમાં પૂર્વ–પ્રાથમિક શિક્ષણની દૃષ્ટિથી ઉલ્લેખનીય પ્રયત્ન થયાનો જણાય છે. આ સંસ્થાનમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણના પ્રચારની સાથોસાથ કિંડરગાર્ટન પદ્ધતિની પૂર્વ–પ્રાથમિક સંસ્થાનો પ્રચાર પદ્ધતિસરનો કરવામાં આવ્યો હતો. તેને લીધે સૌરાષ્ટ્રમાંના કેટલાએ સંસ્થાનોમાં એની પાસેથી પ્રેરણા મળેલી હોવાનો સંભવ છે. પરંતુ કિંડરગાર્ટન




પદ્ધતિની ચળવળનો શરૂ થએલો આ પ્રવાહ બાજુએ કરીને મોન્ટેસોરી ધોરણની ભારતમાંની પહેલી પ્રશિક્ષણ સંસ્થા શરૂ કરવાનું કામ સૌરાષ્ટ્રમાંના ભાવનગરની શ્રી દક્ષિણામૂર્તિ ભવન સંસ્થાએ કર્યું છે.

ભારતમાં અન્ય પ્રદેશોમાં મોન્ટેસોરી પદ્ધતિની શિક્ષણ સંસ્થાઓ હતી છતાં આ ધોરણના પ્રચાર માટે સાહિત્ય તૈયાર કરીને અખિલ ભારતમાં તેનું પ્રચાર કરવાનું ખૂબ મોટું કાર્ય આ સંસ્થાએ કર્યું છે. દક્ષિણામૂર્તિ ભવન એ એક નૂતન શિક્ષણનો પ્રયોગ કેન્દ્ર હતું. અહીં સમાજોપયોગી માનવીનો વિકાસ શિક્ષણદ્વારા કેવી રીતે થઈ શકે છે આ પ્રશ્નોનો જિજ્ઞાસથી કાર્યકર્તાઓ એકત્ર થયા હતા. "આપણે ઠેઠ પાયાથી કેળવણી લેવી જોઈએ એટલે આપણે આજે બાળમંદિરનો વિચાર કરવા બેઠા છીએ." આ કાર્યકર્તાઓમાં મોન્ટેસોરી સાહિત્યના વાચનથી સ્ફૂર્તિ પ્રાપ્ત કરેલા ગિજુભાઈને જ આ નવી સંસ્થાનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું.

શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન સંસ્થાની સ્થાપના

જાન્યુઆરી ૧૯૨૦ માં શ્રી દક્ષિણામૂર્તિ બાલ-મંદિર શરૂ કરવામાં આવ્યું. અને તે પછી ૧૯૨૫માં વ્યવસ્થિતપણે મોન્ટેસોરી ધોરણનું પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાનું સંચાલન શરૂ થયું. સ્વ ગિજુ-ભાઈએ જે સમયે બાળમંદિર શરૂ કર્યું તે સમયે તેમને પૂર્વ–પ્રાથમિક શિક્ષણ તથા પ્રશિક્ષણનો પૂર્વાનુ-ભવ નહોતો તેમનું મોન્ટેસોરી પદ્ધતિનું પ્રશિક્ષણ થયું નહોતું: મોન્ટેસોરી સાહિત્યની પ્રેરણાથી તેમને



પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો પ્રયોગ કરી જોવાનો નિશ્ચય કર્યો હતો. આ કાર્યનો બાલમંદિરના વિકાસની સાથોસાથ તેમણે પોતાનું અને પોતાના સહકાર્યકર્તાઓનું પ્રશિક્ષણ સ્વયંશિક્ષણની રીત પ્રમાણે કરી લીધું તેમની પ્રતિભાનું તેજ તેમની સંસ્થા ઉપર પ્રસર્યું અને તેને લીધે તેમના આ પ્રયોગની ખ્યાતી દૂર દૂર ફેલાવા માંડી. અનેક શિક્ષણરસિક મંડળો તેમની સંસ્થા જોવા માટે આવવા લાગ્યાં. શરૂઆતમાં આવી વ્યક્તિઓ માટે સ્વ. ગિજુભાઈ સાંજે તથા રાત્રે નવા બાલશિક્ષણ અંગે વ્યાખ્યાનો આપતા. ૧૯૨૫માં વ્યવસ્થિત રીતે તેમણે શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરની સ્થાપના કરી. દક્ષિણામૂર્તિની પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સંસ્થા પ્રમાણે જ આ અધ્યાપન સંસ્થાની ખ્યાતી દૂર દૂર ભારતમાં ફેલાઈ અને આ સંસ્થામાં પંજાબ, બંગાળ યૂ.પી. રાજસ્થાન, મહારાષ્ટ્ર, બ્રહ્મદેશ તથા આફ્રિકાથી પૂર્વ-પ્રાથમિક શિક્ષણની નવી દીક્ષા લેવા માટે અહી વિદ્યાર્થીઓ આવવા લાગ્યા.

ગિજુભાઈની આ પ્રશિક્ષણ સંસ્થામાં ગુજરાતી ચોથી પાસ થએલા વિદ્યાર્થીથી માંડીને બી. એ, એમ. એ. થએલા વિદ્યાર્થીઓ પોતાની શક્તિ પ્રમાણે શીખી જતા. પ્રશિક્ષણ લેનારાની પાત્રતા અંગે એમાં કોઈ પણ નિયમો નહોતા. તે સમયના અભ્યાસક્રમમાં મોન્ટેસોરી સિદ્ધાંત, મોન્ટેસોરી સાધનો, અવલોકન, શિક્ષણ સાહિત્ય, બાલસાહિત્ય, લેખન, વાર્તા, નાટકો, રમતો, પ્રવાસ, સૃષ્ટિનિરીક્ષણ સાહિત્યવાચન, પુસ્તકાલયનો ઉપયોગ, આ બાબતો ઉપર વિશેષ ભાર આપવામાં આવતો હતો. ૧૯૨૫થી ૧૯૩૬ સુધી આ પ્રશિક્ષણ સંસ્થા ગિજુભાઈએ શ્રી દક્ષિણામૂર્તિ ભવનમાં ચલાવી. ત્યાર પછી પાંચ-છ વર્ષ આ સંસ્થા બંધ હતી. તે આગળ ૧૯૫૦ની સાલમાં ફરી શરૂ થઈ. મુંબઈ રાજ્યમાં આગળ ઉપર સૌરાષ્ટ્ર વિલિન થયા પછી સંસ્થામાં હવે મુંબઈ રાજ્યનું પ્રશિક્ષણ તંત્ર સ્વીકાર્યું છે. (અપૂર્ણ)

— શે. ના. નાઝલે

With best compliments of

ARLABS PRIVATE LIMITED

Prop. of

Associated Research Laboratories

PIONEER MANUFACTURERS OF TEXTILE PRINTING DYES AND FINE ORGANICS INDIA

No. 6; 2nd Floor, 'INDIA HOUSE'

P. O. Box. 1442,

Grams: "ARLABS" BOMBAY 1, Phone: 262077/8

જીવનના વ્યાપક ક્ષેત્રમાંથી જ ઇન્દ્રિય કેળવણી થવી જોઈએ.

મનુષ્યના વિકાસમાં ઇન્દ્રિય કેળવણીનું મહત્ત્વ અનેક મહાન શિક્ષણ વેત્તાઓએ પ્રસ્થાપિત કર્યું છે. તેમાંથી કેટલાંકોએ આ કેળવણી કેવી રીતે થવી જોઈએ આ અંગે સિદ્ધાન્તો અને સાધનો પણ સૂચવ્યા છે. રૂસો એ ઇન્દ્રિય કેળવણીના આદ્ય પુરસ્કર્તા મનાય છે. તેમના મત પ્રમાણે કેળવણી દ્વારા મનુષ્યની નૈતિક અને સામાજિક પ્રગતિ સાધ્ય થવી જોઈએ. મનુષ્યની મૂળભૂત પ્રેરણા તેના નૈતિક અને સામાજિક જીવન વિકાસને મૂળમાં જ પોષક હોય છે. સમાજે રૂઢ કરેલી રીતભાતો માનવી મનને વિકૃત બનાવતી હોય છે. મનુષ્યના વર્તનમાં જે બગાડો અથવા દોષ નિર્માણ થાય છે તે સમાજના સંસ્કારો દ્વારા જ થાય છે એવી રૂસોની માન્યતા હતી. તેથી વ્યક્તિને સમાજથી અળગી રાખીને તેના વિકાસની તથા રક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. રૂસોની શિક્ષણ યોજનામાં તેને બાળકની શારીરિક અને જ્ઞાનેન્દ્રિયની કેળવણીને મહત્ત્વ આપ્યું છે. કારણ શરીરના અને જ્ઞાનેન્દ્રિયના વિકાસને લીધે વ્યક્તિ પોતાના વિકાસ માટે સ્વયંનિર્ભર બની શકે છે. શરીરના અને જ્ઞાનેન્દ્રિયના વિકાસને લીધે જ વિકાસનું સાચું સ્વાતંત્ર્ય વ્યક્તિ મેળવી શકે છે. જ્ઞાનેન્દ્રિયના વિકાસ માટે તેમને કુદરતના અનુભવ માંથી આ કેળવણી શિક્ષકે કેવી રીતે આપવી આ અંગે પોતાના 'એમિલ' નામના ગ્રન્થમાં દાખલાઓ આપીને સ્પષ્ટ કર્યું છે. નિસર્ગમાં ફરતી વખતે અનેક પ્રકારના પ્રસંગો આવે છે. જુદી જુદી ઉંચાઈના વૃક્ષો દેખાય છે. જુદી જુદી પહોળાઈના ઝરણાઓ ઓળંગવા પડે છે. અનેક પ્રકારના અવાજો કાને અથડાય છે. આવે વખતે શિક્ષકે આ બાબતો તરફ વિદ્યાર્થીનું ધ્યાન ખેંચીને વૃક્ષની ઊંચાઈ અથવા ઝરણાની પહોળાઈનો અંદાજ કાઢવા સૂચવવું. ટૂંકમાં એટલે ઇન્દ્રિયગોચર એવા અનુભવો તરફ તેમનું લક્ષ ખેંચીને વિવિધ વસ્તુમાંનો ફરક ઓળખવાનું કહીને તેમની નિર્ણયપાત્રતા વધારવાનો પ્રયત્ન કરવો. જ્ઞાનતંત્રમાં આ રીતે સૂક્ષ્મતા આવે એટલે વ્યક્તિ પોતાનો વિકાસ કરી લેવાની દૃષ્ટિથી સ્વાવલંબી બની શકે એવી રૂસોની કલ્પના દેખાય છે.

રૂસો પછી ફ્રોએલ, કિલપેટ્રિક, મોન્ટેસોરી આ શિક્ષણવેત્તાઓએ ઇન્દ્રિય શિક્ષણની પોતપોતાની વિશેષ યોજના રજૂ કરી છે. તેમનો આશય શું છે તે તપાસીએ.

સાદર અભિનંદન

મોડક રબ્બર પ્રોડક્ટસ પ્રાઇવેટ લિમિટેડ

ઊંચા પ્રકારના રબ્બર ગુડઝના બનાવનાર

ગ્રાહકની માંગણી મુજબનું સંતોષકારક કામ કરનાર

ફોન નં. ૬૨૧૩૯] શિવરી, મુંબઈ-૧૫ [ગ્રામ : MODRUB

રૂસો પછી ફ્રોએબેલે બાળકના વિકાસમાં ઇન્દ્રિય કેળવણી યોજના અનિવાર્ય હોવાનું જણાવીને તે કેળવણી કેવી રીતે થાય એની યોજના પણ સૂચવી છે. તેમના મત પ્રમાણે રમત એ જ શિશુના વિકાસનું માધ્યમ છે. તેથી આ ઇન્દ્રિય કેળવણી રમતાં રમતાં તદ્દન સહજ રીતે થઈ શકે છે. આ કેળવણી કરવા માટે ફ્રોએબેલે નાના બાળકોને રમવા માટે ગમે એવા દડાઓના ઉપયોગ કર્યો છે. દડા સાથે રમતાં રમતાં તેનો રંગ, સ્પર્શ, વજન, આકાર, અવાજ વગેરેનું જ્ઞાન શિક્ષિકા અથવા માતા કેવી રીતે આપી શકે એ એમને દડાની અનેક રમતો યોજીને બતાવ્યું છે. પછી બોલની જેમ ભૌમિતિક સાધનોનો ઉમેરો કરીને ઇન્દ્રિય કેળવણીની પૂર્તિ કરી બતાવી છે. રૂસો અને ફ્રોએબેલના ઇન્દ્રિય કેળવણીના તંત્રમાં કોઈ કોઈ બાબતમાં સામ્ય તો કોઈ બાબતમાં ભિન્નતા દેખાય છે. એક જ વસ્તુમાંના ભિન્ન ગોચર ગુણધર્મ તરફ ધ્યાન ખેંચીને તેના દ્વારા ઇન્દ્રિય કેળવણી કરવામાં બન્ને સહમત છે. પરંતુ રૂસો સ્વાભાવિક, નૈસર્ગિક અનુભવો દ્વારા આ કેળવણી કરવી જોઈએ એમ કહે છે જ્યારે ફ્રોએબેલે એને માટે ચોક્કસ પ્રકારના નિશ્ચિત સાધનોની યોજના કરી છે; આ તેમની યોજનામાંની ભિન્નતા છે.

કિલપેટ્રિકે ઇન્દ્રિય કેળવણી માટે પ્રોજેકટસનો ઉપયોગ સૂચવ્યો છે. પ્રોજેકટસમાં મનને આકર્ષી શકે એવા હેતુ મળે છે અને તેને લીધે તેમનામા સૂક્ષ્મ સંવેદનક્ષમતા વધી શકે છે એવો કિલપેટ્રિકનો કહેવાનો આશય છે.

મૉન્ટેસોરીએ સૂચવેલા ઇન્દ્રિય કેળવણી યોજનાનો કિલપેટ્રિકે કડક રીતે વિરોધ કર્યો છે. તેમના વિરોધના મુદ્દાઓ અહિં રજૂ કરવાનું પ્રયોજન નથી. પરંતુ રૂસો ફ્રોએબેલ તથા કિલપેટ્રિકની યોજનામાં કેટલીક બાબતોમાં સામ્ય જણાય છે. આ બધાંએ એક વિશિષ્ટ અનુભવમાંથી જુદી જુદી સંવેદનાનો અનુભવ આપવાનું સૂચવ્યું છે. નિસર્ગના સાનિધ્યમાં સ્વાભાવિક રીતે મળતા અનુભવમાંથી ઇન્દ્રિય કેળવણી થવી જોઈએ એવું રૂસોનું કહેવું ફ્રોએબેલ, કિલપેટ્રિકને માન્ય નથી એમ ન કહી શકાય. પરંતુ તેઓએ આ કેળવણીનો વિચાર વર્ગની ચાર દિવાલમાં રહીને શિક્ષક કેવી રીતે કરાવી શકે એનો જ મુખ્યત્વે વિચાર કર્યો છે.

મૉન્ટેસોરીની ઇન્દ્રિય કેળવણીની યોજના ફ્રોએબેલની જેમ સાધન કેન્દ્રિત છે. તેમનો હેતુ રૂસો પ્રમાણે બાળકને પોતે પોતાના વિકાસ કરી આપવા માટે સ્વાવલંબી બનાવવાનો છે. પરંતુ રૂસો, ફ્રોએબેલ અને કિલપેટ્રિક કરતા મૉન્ટેસોરીની ઇન્દ્રિય કેળવણીનું તંત્ર બૂબ જ જુદા પ્રકારનું છે. તેમાં દરેક પ્રકારની સૂક્ષ્મ સંવેદના માટે જુદા જુદા સ્વયંસુધારક સાધનોની યોજના કરી છે. ઇન્દ્રિય કેળવણી માટે યોજેલા સાધનો એ ફ્રોએબેલનાં સાધનો પ્રમાણે શિશુના પરિચયના જ અથવા અનુભવ કેવી રીતે કરાવી શકાય એનો વિચાર કરીને દરેક સાધનની રચના, રંગરૂપ, સ્વરૂપ નિશ્ચિત કરવામાં આવ્યા છે. તેમાંનો શૈક્ષણીણ હેતુ સાધ્ય કરવાની દૃષ્ટિથી બાળકની પ્રતિક્રિયાને તેમાં માર્ગસૂચન છે. તેથી આ સાધનોને મેડમ મૉન્ટેસોરીએ તે સ્વયંસુધારક છે એવું કહ્યું છે.

ઇન્દ્રિય શિક્ષણની આ વિવિધ યોજનાનું મૂલ્યાંકન માનસશાસ્ત્રના દૃષ્ટિબિન્દુમાંથી થવું જરૂરી છે. ઇન્દ્રિય શિક્ષણ એટલે શું ? તે પૃથકપણે થઈ શકે છે કે ? તે કેવી રીતે થાય છે ? તે કેવી રીતે પ્રભાવિત કરી શકાય ? આ પ્રશ્નોના ઉત્તરો આજનું માનસશાસ્ત્ર આપી શકે તો પછી વિશિષ્ટ સંપ્રદાયનો આગ્રહ શા માટે ?

ગયા કેટલાંએ વર્ષોમાં આપણે ત્યાં મૉન્ટેસોરી પદ્ધતિનો બૂબ જોરમાં પ્રચાર થયો છે તેને લીધે મૉન્ટેસોરીની ઇન્દ્રિય કેળવણીની યોજનાના તંત્રનો પણ આપણે ત્યાં એટલોબધો પ્રચાર થયો છે કે સાધનોના દ્વારા જે થાય તે જ ફક્ત ઇન્દ્રિય કેળવણી એવી ગેરસમજણ બધા શિક્ષકોમાં ફેલાએલી છે.